

બિંદુ
મોરલીધર દોશી

॥ શ્રી યોગેશ્વરો જિયતેત્રામ્ ॥

# બિંદુ

– મોરલીધર જયંતીલાલ દોશી

# બિંદુ


| | | |
|---|---|---|
| પ્રકાશક/મુદ્રક | : | શ્રી બ્રધર્સ<br>૫૫/૫૭, નાનુભાઈ દેસાઈ રોડ,<br>રાજગોપાળ ભુવન<br>મુંબઈ-૪૦૦ ૦૦૪.<br>ફોન : ૨૩૮૬ ૨૭૬૬<br>મો. : ૯૩૨૩ ૮૦૪૦ ૭૪ |
| કલા અને સજાવટ | : | મનસુખ ગઢીયા<br>D-૧૦૧, બ્લોસમ એપાર્ટમેન્ટ,<br>પંચવટી હોટેલની પાછળ,<br>વિશાલ નગર, વસઈ (વેસ્ટ).<br>ફોન : ૯૫૨૫૦ ૩૪૩૫૯૯ |
| મૂલ્ય | : | પ્રેમપુષ્પ |
| તારીખ | : | ૯ જુલાઈ ૨૦૦૧ |
| ડીગીટલ ફોરમેશન | : | ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૨ |

# બિંદુ

કાઠિયાવાડની ધીંગી ધરાના સિહોરના પહાડી પંથના કપોળ કોમના ખમીરવંતા સાચુકલા માણસ એટલે શ્રી મોરલીધર દોશી.

ભણતર ઓછું, પણ જીવનઘડતર સંગીન. સ્વબળે પ્રીંટીંગ પ્રેસનો ધંધો વિકસાવ્યો. નીતિથી કમાયા, રીતિથી જીવનવ્યવહાર સાચવ્યો. પ્રીતિથી લોકોનો પ્રેમ સંપાદન કર્યો. પ્રેસનું નામThree Brothers કેટલું સૂચક ? ત્રણે ભાઈઓને સંપીને ધંધો સંભાળવાનું પ્રેરક!

પૂ. પાંડુરંગ શાસ્ત્રી - દાદાના સ્વાધ્યાયના રંગે રંગાયા. ધર્મના સંસ્કારો અપનાવ્યા જેથી જીવન ઉપર આધ્યાત્મિકતાનો પુટ ચડયો. પુસ્તકોની વાંચનભૂખ – ચિંતન મનન – સ્વાધ્યાય કૃતિભક્તિ, ગીતાનો નિષ્કામ કર્મયોગ અપનાવ્યો, પચાવ્યો, આચરણમાં મૂક્યો. સાહિત્ય, ગઝલ, શાયરીનો શોખ, સંકલન કરે, થોડું મૌલિક ઉમેરે, નોંધ કરે. વાંચન અને આચારમાં એકાત્મકતા.

જીવન જરૂરિયાતો ઓછી, Simple Living-High Thinking. ગેરવ્યવસ્થા જુએ ત્યાં આક્રોશ પણ વ્યક્ત કરી શકે એવી નિર્ભિકતા.

કુશળ ગૃહિણી હીરાબેન સાથે ગૃહસ્થાશ્રમમાં તપ્યા. સંતાનોને ધંધામાં પગભર કરી, જાણે વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી, તેમના માર્ગદર્શક બની રહ્યા. સાક્ષીભાવ કેળવ્યો. જરૂર પડે ત્યાં સલાહસૂચન આપે.

ત્રણે ભાઈઓ પણ શ્રવણ સમા. માતાપિતા ઉપર અપાર પ્રેમ. પિતૃઋણ અદા કરવા તેમના લખાણો, સંકલનોને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાનો નિર્ણય સ્તુત્ય.

પ્રત્યેક દિવાળીએ નૂતનવર્ષાભિનંદનના કાર્ડ દ્વારા ઉચ્ચ જીવનનો સંદેશ પ્રસરાવવો એવી એમની નૂતન પ્રણાલિકા અનુકરણીય.

બિંદુમાંથી વર્તુળ રચાય. એનો આદિ, અંત, અલગ ન પાડી શકાય, ન કળી શકાય. વર્તુળનો પરિઘ જેટલો મોટો તેટલો જીવનકાળ દીર્ઘ.

બિંદુ એટલે શૂન્ય. શૂન્યમાંથી સર્જન અને અંતે શૂન્ય અહં રહિત થઈને શૂન્યમાં સમાવાનું છે. શૂન્ય થવું એ જ અહં રહિત થવાની સાધના.

બિંદુમાં સાગર સમાયેલો છે. બિંદુ બિંદુ થકી જ સાગર બન્યો. બિંદુનું અલગ અસ્તિત્વ જ શી રીતે સંભવે ?

ઈશ્વરદત્ત જીવનને સાર્થક કરી, સામાજિક ઋણ ફેડવાનું છે. પ્રભુચીંધ્યા કર્મો નિષ્કામ ભાવે કરી પ્રભુચરણે સમર્પિત થવાનું છે. ગૃહસ્થાશ્રમધર્મ નિભાવતાં, નિભાવતાં, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેને ચરિતાર્થ કરવાના છે. એ જે કરી શકે તેનું જીવ્યું સાર્થક.

આવું સાર્થક જીવન જીવ્યા શ્રી મોરલીધર દોશી.

રમા [illegible] શાહ



સ્વ. મોરલીધર જયંતીલાલ દોશી

પુસ્તક અધૂરું છે, આપણી ધારણા, વિચારો વિના પુસ્તક માર્ગ પથિક બની શકતું નથી........


નવયુગના વિચારો, માન્યતાઓ, જીવન પર પૂર્ણ આક્રમણ કરી રહેલ છે, યોગ્ય છે યા અયોગ્ય છે તેનો નિર્ણય કરવાનું કામ મુશ્કેલ થઈ ગયું છે.

માણસ માણસ પાસે જાય તે યોગ્ય છે. પણ આજનો માણસ-માણસ પાસે જાય છે તે નિસ્વાર્થ ભાવે જાય છે.......? કંઈક ''હું'' લઈને જતો જોવામાં આવે છે. જ્યારે ધનવાન માણસ પાસે જતાં પોતાનું ગૌરવ સમજવા લાગે છે. જો નિર્ધન પાસે જાય તો તે આપનો મર્મ બરાબર સમજેલો જણાશે.

આજે ભણેલો માણસ, ડીગ્રીધારી માણસ અભણ

નિર્ધન માણસ પાસે જતા પોતાને ''ડીગ્રેડ'' સમજે છે. એક ડોકટર, એક બેરીસ્ટર, એક એન્જીનીયર, એક સી. એ.નું વર્તન અભણ સાથે, આર્થિક પછાત સાથે કેવું હોય છે....? આમાં આપણી પાઠશાળા વિદ્યાપીઠ પણ બાકાત નથી રહી શકતી. તેમનો અહં તેઓ છુપાવી શકતા નથી, આપ જેવા યુગ પુરૂષને મળતા. આપને સંકોચ નથી થતો પણ આ ડીગ્રીધારી આપની આજુબાજુમાં ધુમતા રહીને પોતાનો અંહકાર વધારી રહેલ છે. આપને નમસ્કાર કરવા પણ દુર્લભ બનાવી રહેલા છે.

સહુનું અસ્તિત્વ નિર્મીત છે જ. પણ ખરેખર તો આ કહેવાતા બુધ્ધિધનોને આ પ્રભુ પ્રસાદ વહેંચવાનો આવશ્યક જણાય છે, કે આ શરીર પણ આપણું નથી, આ શરીર પણ પ્રભુ પ્રસાદી જ છે. અહંનો ભાર તેમના મસ્તકમાંથી ઉતરે તો ખરેખર પ્રભુ કાર્યમાં વેગ વધવા સંભવ છે.



સ્મૃતિ ચિત્રો

# સંસ્મરણો



શ્રી મોરલીધરભાઈ

શ્રીમતી હીરાબેન,

પ્રભુતામાં પગલાં

(સાર્થક સહજીવન)







પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી
દાદાજીના પાવન
સાંનિધ્યમાં

આધ્યાત્મની આરાધના







માજી વડા પ્રધાન
શ્રી મોરરાજી દેસાઇને
અભિનંદન

પૂ. મોરારિબાપુને
અભિવંદના

જીથરી ટી. બી.
હોસ્પીટલના ડીન
ડો. એસ. બી. ત્રિવેદીનું
અભિવાદન





'વ્યાપારે વસતે લક્ષ્મી'
સિહોર પ્રિંટિંગ પ્રેસના
ઉદ્‌ઘાટન પ્રસંગે

'સમાજ કલ્યાણ'
શિહોરના નગરજનો સાથે
ગોષ્ઠિ





'ભાનુશંકર યાજ્ઞિક' પુસ્તકના
વિમોચન પ્રસંગે
શ્રી ફકરુદ્દીન ખોરાકીવાળા
દ્વારા સ્વાગત

'અંતરમંથન' કાવ્યસંગ્રહના
પ્રકાશન સમયે
શ્રીમતી રમા તથા હર્ષદ શાહ
દ્વારા સન્માન





પરિવાર સંગે યાત્રા

સિહોરમાં મકાનના
વાસ્તુપૂજન પ્રસંગે
દોશી પરિવાર

I ‘હું’ને ભૂલી જઈએ તો જ ‘તે’ આવી શકે, કારણ કે એક મ્યાનમાં બે તલવાર ‘હું’ અને ‘તું’ સાથે રહી શકતી નથી. આપણે બંનેને સાથે રાખવાની કોશિશ કરીએ છીએ. ‘હું’ને વિદાય આપવાની  કોશિશ કરવી તે એક જાતનું ‘તપ’ છે. પ્રભુ આ તક સહુને આપ એ જ શ્રી યોગેશ્વરને પ્રાર્થના.

● ● ●

હું અને તુંમાં, બીજ અને પથ્થરમાં કોઈ ભારે ફરક નથી. કોઈ વાર પથ્થર અને કાંકચ વધારે ચકચકિત, રંગીન, ખૂબસૂરત, કીમતી હોય છે. પરંતુ બીજ અને કિંમતી કોહીનૂરને વાવી દો, એનું મૂલ્ય અણસમજ ગમે તેટલું આંકે પરંતુ તેમાં ‘જીવન’ નથી, તે ‘નશ્વર’ છે અને બીજ કદરૂપું ભલે દેખાતું હોય, એની કિંમત પણ ન હોય પરંતુ એમાં ‘જીવન’ છુપાયેલું છે. તમે એને વાવી દો. તેમાંથી વિરાટ વૃક્ષ પેદા થશે. એક સામાન્ય બીજમાં સમગ્ર બ્રહ્માંડ સમાઈ શકે છે. જે દિવસે ‘છુંપણું’ તો રહેશે પણ ‘હુંપણું’ નહિ રહે, હું છું એમાંથી ‘હું’ છેદાઈ જશે ત્યારે માત્ર ‘છું’ રહી જશે.

● ● ●

મેં સાંભળ્યું છે કે જો બંધ ઘડિયાળ પણ દીવાલ પર લટકતી રહે તો ચોવીસ કલાકમાં બે વખત સાચો સમય દર્શાવશે. આપણી જિંદગીમાં એવુંયે નથી બનતું કે બે વખત પણ સાચો સમય દર્શાવી શકતા હોઈએ.

● ● ●

ભોગવવા જેવી વસ્તુને ભોગવવા માટે મોહ, માયા પણ ન  થાય એ વૈરાગની છેલ્લી હદ છે. અહંકારની જરા પણ અસર ન રહે એ જ્ઞાનની છેલ્લી હદ છે અને નાશ પામેલી ચિત્તની વૃત્તિઓ ફરી જન્મે નહિ એ ઉપરતિની છેલ્લી હદ છે.

● ● ●

ધરતીમાં ધાવણ છે તેમ ગીતાજીમાં જીવનઘડતરનું અમૃતરૂપી ધાવણ છે, જે જ્ઞાન, વૈરાગ અને કૃતિ-ભક્તિ સાથે સંસારનો સમન્વય બતાવવાવાળી છે.

● ● ●

ગીતા ગુહ્યતમ છે તેમ અંતરથી સર્વાભિમુખે વિશાળ છે. ગીતાનો ગાનાર, ગીતાનો સાંભળનાર અને ગીતાનું આલેખન કરનાર સંસારી અને વ્યાવહારિક હતા. કોઈ સાધુ, સંન્સાસી કે વૈરાગી ન હતા.

***ઘડિયાળ પણ દીવાલ પર લટકતી રહે તો ચોવીસ કલાકમાં બે વખત સાચો સમય દર્શાવશે. આપણી જિંદગીમાં એવુંયે નથી બનતું કે બે વખત પણ સાચો સમય દર્શાવી શકતા હોઈએ.***

ગીતા ગવાયેલી છે, સભર છે, સમરસ છે, જેનો તાગ મેળવવો દુર્લભ છે. જેને જે કંઈ જોઈતું હોય તે તેમાં ડૂબકી મારી પ્રાપ્ત કરી શકે છે, મેળવી શકે છે. છતાં તેમાંથી કંઈ ઓછું થતું નથી. ખૂટતું નથી, પણ દિનપ્રતિદિન વધતું જ જાય છે. આ તેની અલૌકિકતા છે. અદ્‌ભુતતા છે.

ગીતાના ગાનાર ભગવાન શ્રી કૃષ્ણ છે, શ્રોતા એમના પ્રિય સખા અર્જુન છે, સંકલનકર્તા મહર્ષિ શ્રી કૃષ્ણદ્વૈપાયન શ્રી વેદવ્યાસજી છે અને લેખક બુદ્ધિપ્રદાયક શ્રી ગણેશજી છે.

• • •

જેવી રીતે મુખ્ય સ્મૃતિઓ અઢાર છે, તેમ પુરાણો પણ અઢાર છે. ભાગવતના શ્લોકો પણ અઢાર હજાર છે. મહાભારતમાં પર્વ પણ અઢાર છે. કૌરવ પાંડવોની સેના પણ અઢાર અક્ષૌહિણી હતી અને યુદ્ધ પણ અઢાર દિવસ ચાલ્યું હતું. તેવી રીતે ગીતામાં પણ અઢાર અધ્યાય છે.

• • •

લોકમાન્ય તિલકે કર્મયોગને મહત્ત્વ આપ્યું. ગાંધીજીએ અનાસક્તિ યોગ વખાણ્યો. જ્ઞાનેશ્વરે ભક્તિયોગને મહત્ત્વ આપ્યું અને પૂ. દાદાશ્રીએ જીવનયોગ, સાધનાયોગ અને અનન્યયોગ સાથે કૃતિભક્તિ આપી.

• • •

યોગ અને વિયોગ થતો જ રહે, જન્મ થતાંની સાથે જ મૃત્યુ પણ આપણી પાછળ આવી જ રહેલું હોય છે અને એક દિવસ આપણો પરાભવ કરે છે જ. ત્યારે વર્ષો સુધીનો સંભાળેલો સ્નેહ, માયા, મમતા આપણને ગ્રસ્ત કરે છે અને આપણે અસહાય થઈને આ વ્યથાને સહન કરવી જ રહે છે, જેનો ઉપાય હજુ સુધી સૃષ્ટિમાં રાજા રામથી લઈને આજ દિન સુધી કોઈને સાંપડેલો નથી! આ જ એક મોટું આશ્વાસન લઈને આપણું કાર્ય પ્રભુપ્રસાદીમાં પલટાવતા રહીએ. ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે? રાજા રામને કાલની ખબર ન હતી. તે પણ જાનકીજીને બચાવી શક્યા ન હતા તો આપણે તો માનવ છીએ!

• • •

નજર સામે જીવતુંજાગતું જગત, અનુભવથી સભર બનેલું છે. કોઈ તેનો ઈરુકાર

***ગીતાનો ગાનાર, ગીતાનો સાંભળનાર અને ગીતાનું આલેખન કરનાર સંસારી અને વ્યાવહારિક હતા. કોઈ સાધુ, સંન્સાસી કે વૈરાગી ન હતા.***

કરી શકતું નથી. આદ્ય શંકરાચાર્યની દૃષ્ટિથી જગત મિથ્યા છે. કુદરતની માયા છે. આ માયાને સમજીને પાર કરી જવી, હકીકત ઓળખી લેવી એ જગતનું 'સત્ય' છે. ૬૪ કળા અને ૧૪ વિદ્યાનું અંતિમ લક્ષ એ જ સત્ય હોય છે. તેનું પ્રાપ્તિસ્થાન યોગકર્મ, જ્ઞાન, ભક્તિ મનાય છે. છતાં પ્રભુપ્રસાદી પ્રાપ્ત થવી મુશ્કેલ છે.

● ● ●

ધર્મ માધ્યમ છે, કલા ઉત્કંઠા છે, વિદ્યા સમજ છે, સરળતા શ્રેષ્ઠ છે. જ્યાં મન, વિચાર અને ચિત્તથી ઉપર ઊઠવાનું છે. આવી પ્રભુપ્રસાદી આપણને સૌને મળે તેવી પ્રાર્થના.

● ● ●

હે અર્જુન ! જે પુરુષ મનથી ઈન્દ્રિયોને વશમાં કરીને અનાશક્ત થઈ કર્મનું આચરણ કરે છે તે શ્રેષ્ઠ છે.

● ● ●

મનુષ્યના મનમાં વાસના અને કામના છે. તે કામનાનું પરિણામ દુઃખ સિવાય કંઈ જ નથી. એ વાસનાથી ફક્ત વિષાદ અને ફ્રસ્ટ્રેશન સિવાય મળતું નથી. સુખ મળે છે? ના. કાયમ દુઃખ શાંતિ મળે છે? ના. કાયમ અશાંતિ લાગે છે. શાંતિ મળશે, પરંતુ માનવી વધુ ઊંડા બંધનમાં બંધાતો જતો હોય છે. કામના મનુષ્યનું દુઃખ છે. તૃષ્ણા મનુષ્યની પીડા છે.

● ● ●

નિશ્ચિત વાસનાથી ઉપર ઊઠ્યા વગર, વાસનાની પાર થયા વિના કોઈ વ્યક્તિ ક્યારેય આનંદ ઉપલબ્ધ નહીં કરી શકે, પણ આ વાસનાના બે હિસ્સા છે- એક તો વાસનાથી ભરેલું ચિત્ત અને મન છે. બીજું, વાસનાના ઉપયોગમાં આવવાવાળી ઈન્દ્રિયો છે. જે માણસ ઉપરથી ઈન્દ્રિયો પકડમાં આવશે એમ માને છે, એ માણસ ઈન્દ્રિયોની શત્રુતામાં પડી જાય છે.

● ● ●

માણસ ખાલી નથી રહી શકતો, તેને કંઈ ને કંઈ કરવા જોઈએ છે. તે કરવું-કરવુંમાં લાગેલો હોય છે. વ્યવહાર, ધંધો, નોકરી, રેસ, જુગાર, ડ્રગ, પીણું, સેક્સ, ભણતર આ બધાની શોધમાં જ મશગૂલ રહેતાં જીવન પૂરું થઈ જાય છે.

***લોકમાન્ય તિલકે કર્મયોગને મહત્ત્વ આપ્યું. ગાંધીજીએ અનાસક્તિ યોગ વખાણ્યો. જ્ઞાનેશ્વરે ભક્તિયોગને મહત્ત્વ આપ્યું અને પૂ. દાદાશ્રીએ જીવનયોગ, સાધનાયોગ અને અનન્યયોગ સાથે કૃતિભક્તિ આપી.***

એક વખત નેપોલિયન પોતાને ત્યાં એક પુસ્તક શોધી રહ્યો હતો. તેણે પુસ્તક જોયું- ઉપરની અભરાઈ પર હતું - તે ઊંચો થઈને લેવાની કોશિષ કરી રહ્યો હતો. એટલામાં તેનો માણસ આવ્યો. તેણે કહ્યું, 'હું તમારા કરતાં ઊંચો છું, હું ઉતારી આપું!' એટલે તેણે તે પુસ્તક ઉતારીને નેપોલિયનને આપ્યું. નેપોલિયને આભાર માનીને તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, 'ભાઈ! તું મારા કરતાં ઊંચો નથી. મારા કરતાં લાંબો જરૂર છે! શબ્દોનો સમજીને ઉપયોગ કર.'

• • •

સિકંદર દુનિયા જીતીને પોતાના વતન તરફ પાછો આવી રહ્યો હતો. રસ્તામાં બીમાર પડી ગયો. વૈદ- હકીમોએ આશા છોડી દીધી. સિકંદરે વૈદ-હકીમોને કહ્યું, 'વતન પહોંચું, મારી માને મળી શકું તેટલી જ હવે ઈચ્છા રહી છે. ઘર સુધી મારા શ્વાસ ચાલુ રહે. હું અડધું રાજ આપી દેવા તૈયાર છું.' વૈદ- હકીમોએ કહ્યું, 'નામદાર, આખું રાજ્ય આપી દો, પણ શક્ય નથી કે આપના શ્વાસ હવે વધુ વખત ચાલી શકે.'

• • •

દીર્ઘકાળ ધુમાડિયા રહેવા કરતાં ક્ષણભર ભભૂકીને સમાપ્ત થવું શ્રેયસ્કર છે.

• • •

મનુષ્ય આંખ ઉઘાડે છે ત્યારથી આ જગત એક અપાર આશ્ચર્યની જેમ ઊઘડતું જાય છે અને આખરે સદા માટે તે આંખો મીંચી દે ત્યારે કયું નવું આશ્ચર્ય તેની સામે ખૂલતું હશે એ કોઈ કહી શકે એમ નથી. આ જીવનને સમજાવવાના અનેક પ્રયત્નો થાય છે. પણ જીવન કોઈ સમજની ફૂટપટ્ટીમાં સમાતું નથી. જે બની રહેલું છે - બને છે તે ખરેખર સ્વપ્ન છે કે સત્ય તે નક્કી કરી શકતું નથી. બાકી, કાળ નિશ્ચિત છે. તેમાં ફેરફાર અશક્ય છે. ગતિ અવરોધી શકાતી નથી. ઘટના નિશ્ચિત વલણને અનુસરવા નિમિત્ત બનેલી હોય છે. તેનો વિકલ્પ કુદરતને આધીન જ હોય છે.

• • •

નિત બુલંદીએ જ ઊડનારો અલૌકિક એ બાજ
ઊતર્યો નીચે જરા સંસાર દર્શન કાજે
પણ મળ્યો ના જાણભેદુ કોઈ 'નિકાને' એટલે?

**આ જ એક મોટું આશ્વાસન લઈને આપણું કાર્ય પ્રભુપ્રસાદીમાં પલટાવતા રહીએ. ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે?**

જ્યાંથી આવ્યો ત્યાં જ પાછો ચાલ્યો ગયો આજે એ.

● ● ●

અંતર્મુખી ભક્તિ અને બહિર્મુખી ભક્તિ

વાસ્તવિક રીતે અંદરના ઉપદ્રવોને (જેવા કે ક્રોધ, લોભ, મોહ, ઘૃણા) બહાર કાઢવા તેને અંતર્મુખ ભક્તિનું પહેલું પગથિયું કહેવાય.

● ● ●

તેવી જ રીતે બહિર્મુખ ભક્તિમાં બહારના ગુણોને (જેવા કે સરળતા, એકબીજાને અનુકૂળ રહેવું, સત્યાચરણ કરવું, વિવેકને વધારવો) અંદર ઉતારવા તેને બહિર્મુખ ભક્તિનું પહેલું પગથિયું કહેવાય છે.

● ● ●

સામાન્ય રીતે અંતર્મુખી ભક્તિ અને બહિર્મુખી ભક્તિના બંને ગુણો આપણે આચરવા જોઈએ. બંને એકબીજાના પૂરક છે. છતાં તે બંનેમાં વધારે અનુકૂળ, વધારે શ્રેષ્ઠ કઈ ભક્તિના ગુણો કહેવાય તે આપણે જાણવાનું છે.

હું એમ માનું છું કે પહેલાં આપણે બહિર્મુખ ભક્તિને પ્રાધાન્ય આપીએ, કારણ ચોખ્ખું, સરળ અને સ્પષ્ટ છે. પહેલાં આપણે બહારથી એટલે શારીરિક રીતે સ્વચ્છ હોવા જોઈએ. સ્વચ્છ અને નીરોગી શરીર, સુઘડ વસ્ત્ર અને બહારનું પવિત્ર શાંત અને ચોખ્ખું સ્થાન જો આપણને મળશે તો આપણે કંઈક જલદી અને સત્ય વિચારી શકીશું, કંઈક સમજી શકીશું, કારણ કે તે વખતે મનની સ્થિતિ પણ શાંત હશે. આ બધી ક્રિયાઓ બહારથી જ થાય છે. આ બધી બહારની ક્રિયાઓથી આપણે શુદ્ધ થયા હોઈશું તો જ આપણે કંઈક અંદર ઉગાડી શકશું.

● ● ●

ખેતરને પહેલાં ખેડવું જોઈએ, સાફ કરવું જોઈએ અને ઉત્તમ પ્રકારનું ખાતર નાખ્યા પછી જો યથાયોગ્ય બીજ વવાય તો તેનું ઉત્પાદન કંઈ ઓર જ હોય છે.

● ● ●

બહારનો બીજો મુખ્ય વિષય ખોરાક છે :

જેવા ખોરાક અને આહાર હશે તેવા આપણા વિચારો હશે અને જેવા આપણા

***ધર્મ માધ્યમ છે, કલા ઉત્કંઠા છે, વિદ્યા સમજ છે, સરળતા શ્રેષ્ઠ છે. જ્યાં મન, વિચાર અને ચિત્તથી ઉપર ઊઠવાનું છે. આવી પ્રભુપ્રસાદી આપણને સૌને મળે તેવી પ્રાર્થના.***

વિચાર તેવું આપણું વર્તન હશે.

• • •

મારા ખ્યાલ મુજબ બીજી બહારની ક્રિયા આહાર- ખોરાકને ફાળે જાય છે. કેવો ખોરાક, કેટલો ખોરાક લેવો એનો પણ વિવેક હોવો જરૂરી છે.

• • •

આપણી શારીરિક શુદ્ધતા આહાર, સત્ય અને વિવેકને જાગૃત કરશે અને આપણા મન અને હૃદયને શુદ્ધ કરશે.

• • •

એક વખત મન અને હૃદય શુદ્ધ થશે ત્યારે જ આપણને ખ્યાલ આવશે કે પહેલા બહિર્મુખી ભક્તિનું આચરણ કે અંતર્મુખી ભક્તિનું આચરણ શ્રેષ્ઠ છે. કોઈ પણ ભક્તિની અંદર ઈશકૃપા, ગુરુકૃપા, મુખ્ય છે અને એ ક્યારે મળે, જ્યારે વાણી, વર્તન અને વિચાર શુદ્ધ અને નમ્ર થાય, કર્તવ્યનું પાલન થાય ત્યારે જ ઈશકૃપા, ગુરુકૃપા થાય. જો આપણે સમજ્યા વિના- જાણ્યા વિના માળાના મણકા ગણવા બેસી જઈશું તો બાવાના બંને બગડવા બરોબર થશે. માટે આપણે સમસ્ત જીવન બહિર્મુખી ભક્તિના સિદ્ધાંતનું આચરણ કરીશું પછી જ ગુરુપ્રસાદી અંતરનાં દ્વાર ખોલવા પ્રાપ્ત થશે.

• • •

આપણું કહેવાતું મન આપણું નથી. એ આપણને જરૂર સહેલો લાગતો રસ્તો લેવા લોભાવે છે, પણ સહેલો દેખાતો રસ્તો સહેલો નથી પણ સ્વાર્થી આળસુ મન આપણને કર્તવ્યભ્રષ્ટ કરે છે. તો મન કહે તેમ ન કરતાં મહામાનવ કહે તેમ આપણા મનને ઘેરીને સતત પ્રવૃત્તિમાં તદાકાર કરશું પછી જ આંતરપ્રેરણા, ભક્તિ સમજી શકીશું.

• • •

ઘટ ઘટમાં વસી રહેલો છે શ્યામ
સમજમાં ન આવે કે ક્યાં રહેલો શ્યામ
જ્યાં જુઓ ત્યાં 'હું' હું જ નજરમાં આવે
કેમ સમજાય 'અનામી' 'હું' નથી 'તું' જ સર્વમાં છે.

• • •

***હે અર્જુન ! જે પુરુષ મનથી ઈન્દ્રિયોને વશમાં કરીને અનાશક્ત થઈ કર્મનું આચરણ કરે છે તે શ્રેષ્ઠ છે.***

માણસે બનાવેલી જગતની અજાયબી ઘણી છે, પણ કુદરતને માનતી, ભગવાનને માનતી, અલ્લાહ ને કે ઈસુને માનતી માનવજાતે વિચાર કરવાનો છે કે સૃષ્ટિના સર્જનહારની કરેલી અજાયબી માણસ જાણી શકે છે...? જોઈ શકે છે...? જગતભરમાં લાખો - કરોડો માણસ જન્મ પામતા જાય છે, મૃત્યુ પામતા જાય છે, છતાં કોઈના ચહેરા-મહોરા સ્વભાવ, રૂપ, રંગ, કદ, ઊંચાઈ એક બીજાને સરખાં મળેલાં છે...? ચહેરા સરખા નથી, વિચારો, માન્યતાઓ, ઈચ્છાઓ, સમજણ સરખાં નથી. છતાં કહેવાતી માનવજાત સરખી...!

● ● ●

નાત, જાત, ભાત અનોખી, છતાં સહુમાં 'અનામી' એક જ 'હું',
'હું' સમજ્યો નહીં જાણ્યું નહીં. રહી ગયું સહુમાં એક જ 'હું' 'હું'.

● ● ●

પડી ગયેલી નીગઠ ગાંઠ ખરેખર છૂટવી મુશ્કેલ હોય છે તેમ નાતની, જાતની, માન્યતાઓની, કહેવાતા ધર્મોની, પડેલી ગાંઠ છૂટવી મુશ્કેલ હોય છે. જેમાં તમારો વાંક નથી. આને માટે તો વાસ્તવિક સમજની, હૃદયની, હૈયાઉકેલની અને પ્રભુ પર પૂર્ણ વિશ્વાસની આવશ્યકતા છે.

● ● ●

સંખ્યા વધારવાથી કોઈ ધર્મનો ફેલાવો થતો નથી. ઘેટાનાં ટોળાં જ વધે છે. ધર્મ તો પરિશુદ્ધ તત્ત્વ છે. માણસની સાચી માન્યતા વધારવી એ જ બધા ધર્મનું કર્તવ્ય છે. અંતે માણસનું શું છે.... ? એ સમજ ઉત્પન્ન કરે તે ધર્મ છે. પોતાનું મનાતું જે મારું કહેવામાં - સમજવામાં  આવે છે તે બીજાને ઉપયોગમાં આવે તે સપ્રેમ અર્પણ કરવું તે ધર્મ છે.

● ● ●

કુદરતનું ક્રમચક્ર અવિરત ગતિથી ચાલ્યા કરે છે. તેમાં સંજોગો, સમય, સ્નેહ, સંગાથ, યોગ-વિયોગ હંમેશ પ્રમાણે થતાં જ રહે છે, જે તોડ્યા તૂટતા નથી, બાંધ્યા બંધાતા નથી.

● ● ●

આપણાં સપનાંને કીમતી ખજાનાની માફક સંભાળવાં જોઈએ, કારણ કે સપનાં વછૂટી જશે તો જિંદગી સાવ સુક્કી બંજર ભૂમિ જેવી બની રહેશે. સપનાંને ઉંમર,

***દીર્ઘકાળ ધુમાડિયા રહેવા કરતાં ક્ષણભર ભભૂકીને સમાપ્ત થવું શ્રેયસ્કર છે.***

જાતિ, ધર્મ સાથે સંબંધ નથી. સપનું જેટલું ઉત્કર્ષ તેટલી સિદ્ધિ. સપનાંને મજબૂત ઝાલી રાખો. બાકી એક જગાએ પડી રહીને ખાબોચિયા જેમ ગંધાઈ ન જાય. નવું જુઓ, નવું જાણો, કંઈક નવું કરો. એક જગાએ એક જ વાતમાં રહી સડી ન જાઓ, કારણ સપનું મરી જશે તો જીવન પાંખ વગરના પંખી જેવું થઈ જશે.

• • •

આજના કહેવાતા કથાકારો-પુરાણીઓ કહે છે, હેતુ ન હોય છતાં પ્રેક્ટિસ કરો! રમત જાણો કે ન જાણો, બોલ, બેટ, પિચ બગડે કે સુધરે તેની ફિકર કરો નહીં. બોલ નાખે જ જાઓ. આઉટ થવાનો આમાં કોઈ રાહ જ નથી.

• • •

તરવામાં, જીવનમાં અને મૃત્યુમાં સ્વયં જાતે જ જવું પડે છે તેમાં (પ્રોક્સી) બીજો ન ચાલે. બાકી સમર્થને શંકા હોતી નથી. સ્નેહમાં, મૈત્રીમાં શોષણ હોતું નથી. પ્રેમમાં પરવશતા હોતી નથી. મૈત્રીમાં મૂલ્ય અંકિત થતું નથી. ધર્મમાં ઘમંડ હોતો નથી. સત્યમાં બીજો પર્યાય હોતો નથી. જીવન પુરાણું થતું જાય છે. મન હંમેશા ઉમંગી ચેતનયુક્ત યુવાન જ હોય છે. આમાં નિરાશ થવાનું કામ નથી. તેઓ તો મૃત્યુ પામી જ ચૂકેલા હોય છે. ભલે ચહેરા મહોરા હાલતાચાલતા દેખાય, પણ તે બધાં રમકડાં જ છે!

• • •

આમાં તમારો વાંક નથી. નાસ્તિક પણ ભગવાનમાં માનતા હોય છે. પણ ભગવાન કરતાં ધ્યાન બહાર પોતે જાણે પોતાનામાં વધારે સમજ, આવડત હોય છે એમ માનતા હોય છે. બુદ્ધિનો વિપર્યાસ એનું નામ જ અહંકારી સમજ.

• • •

માણસ એટલે અન્ય લોકોનાં આદર અને પ્રશંસાઓ ઝંખનારો જીવ, જે પોતાની જાતને મહાન સમજતો હોય છે, નીતિ-નિયમ, ચારિત્ર્યવાન અને આવી જ રીતે સંસ્કૃતિ, સંસ્કાર, પરાપૂર્વથી ઘરમાં ચાલી રહેલી માન્યતાઓ, રિવાજો, સંબંધો આ બધું બદલાવવા એટલે ઉપરથી ભગવાનને ઉતારવો હજુ શક્ય બને, પણ પુરાણી માન્યતાઓ બદલાવવી-બદલવી ઘણી અઘરી વાત બને છે. અશક્યને શક્ય બનાવવા જેવું છે, કારણ કે તેમના પર જમાનાના થર લાગેલા હોય છે, ડર હોય

***કાળ નિશ્ચિત છે. તેમાં ફેરફાર અશક્ય છે. ગતિ અવરોધી શકાતી નથી. ઘટના નિશ્ચિત વલણને અનુસરવા નિમિત્ત બનેલી હોય છે. તેનો વિકલ્પ કુદરતને આધીન જ હોય છે.***

છે, સંકુચિતતા હોય છે. આ તો તેજીલી, જોમદાર ઔદાર્યની સમર્પિતતાની, સહયોગની વાતો છે.

• • •

નાતજાતના રિવાજ પ્રમાણે અજાણ્યાને અપનાવી શકાય, સર્વસ્વ આપી શકાય, પછી ભલે મન મેલું હોય કે નહિ પણ નાતજાતના રિવાજનું અવમૂલ્યન કરીને ગમતાની સાથે ગુલાલ ન જ ઉડાડાય. આ 'બેહૂદું' બંધન તોડવા માટે કેટલું સ્વબળ જોઈએ....? તેમાં તમને તો શું કહેવાય....? પુરાણું ઘડતર, ગ્રામ્ય જીવન, કહેવાતા ધાર્મિક વિચારો, માન-મોભો- પ્રતિષ્ઠાનાં બંધન તોડવા ખરેખર અશક્ય નહિ તો પણ અઘરું તો પડે જ, પણ હું આપની પાસેથી આપની શક્તિ હોય, ઈચ્છાઓ હોય તેટલી જ અપેક્ષા રાખું છું. વિચાર થઈ શકતો હોય તો વિચારશો, હું પણ આપના કરતા સાંસારિક - વ્યાવહારિક ઝમેલો લઈને બેઠેલો છું. આપની મર્યાદા હોય તેની બહાર જવા નથી ઈચ્છતો. સંયમ તોડવાનો આગ્રહ નથી, પણ વ્યાવહારિક સંબંધ બાંધવાનો આગ્રહ છે. સમયે સમયે કંઈક જાણવું છે, સમજવું છે, જે મૈત્રીમાં પરિણમે છે.

• • •

સમતા ધર્મ છે સમતા અનાસક્તિ છે.
વિષમતા અધર્મ છે : વિષમતા આસક્તિ છે.

• • •

રાગ અને દ્વેષથી 'મન' સમતોલપણું ગુમાવે છે. સુખદ અને દુઃખદ સ્થિતિઓ હોવા છતાંય મન રાગ દ્વેષ વિનાનું રહે ત્યારે જ અનાસક્તિ હાંસલ થાય છે.

• • •

સુખદ સંવેદનથી પ્રફુલ્લિત બનવું અને દુઃખથી ખિન્ન થવું વિષમતા છે. બન્ને રહેવા છતાંય સંતુલિત અને સમરસ રહેવું એ જ સમતા છે. સમતાથી જોવું, રહેવું તેને જ વિશેષ રૂપથી જોવું, પ્રજ્ઞાપૂર્વક જોવું, સમ્યક્ દૃષ્ટિથી જોવું કહેવાય.

• • •

ચિત્તમાં ઉત્પન્ન થતી સુખદ તથા દુઃખદ સંવેદનાઓ પ્રત્યે પૂર્ણ સભાનતાપૂર્વક સમતાનો અભાવ થતો લાગે ત્યારે બહારના જીવનમાં સહજ રીતે સમતા પ્રગટ થવા લાગે છે.

***સ્વચ્છ અને નીરોગી શરીર, સુઘડ વસ્ત્ર અને બહારનું પવિત્ર શાંત અને ચોખ્ખું સ્થાન જો આપણને મળશે તો આપણે કંઈક જલદી અને સત્ય વિચારી શકીશું, કંઈક સમજી શકીશું, કારણ કે તે વખતે મનની સ્થિતિ પણ શાંત હશે.***

આંતરિક સમતા દૃઢ બનાવવાથી જ યોગક્ષેમ પણ દૃઢ અને પુષ્ટ બને છે.

• • •

સરળતા જ ચિત્તની શુદ્ધિ છે. કુટિલતા એ મલિનતા છે. કુટિલતા અનર્થકારિણી છે. શુદ્ધતા સર્વ અર્થ સાધનારી છે.

• • •

તૃષ્ણા-અહંભાવ અને દાર્શનિક કે સાંપ્રદાયિક દૃષ્ટિ ઉદ્‌ભવે ત્યારે સરળતા વિદાય લે છે. જ્યારે કોઈ વસ્તુ, વ્યક્તિ કે સ્થિતિ પ્રત્યે તૃષ્ણા જાગે, આસક્તિ વધે ત્યારે સરળતા ગુમાવી બેસીએ છીએ. પ્રિય પ્રત્યેનું આકર્ષણ જ અપ્રિય પ્રત્યે વિરોધ ઉત્પન્ન કરે છે.

• • •

કુટિલતા કઠોર છે, સરળતા મૃદુ છે. કુટિલતામાં અહંકારીપણું છે, સરળતામાં નિરહંકારીપણું છે.

• • •

'ચિત્તને' રાગ, દ્વેષ, મોહ, ઈર્ષા, માત્સર્ય, દુર્ભાવના, વૈમનસ્ય, ભય, આશંકા મિથ્યા કાલ્પનિક દૃષ્ટિઓ, માન્યતાઓ અને રૂઢિઓની પકડમાંથી મુક્ત કરવું, થવું જોઈએ.

• • •

માનવસેવા એ જ પ્રભુસેવા એમ માનવાવાળા માનવીનો એ એક જાતનો ઢોંગ છે. આંતરમનની જાગૃતિનો અભાવ તેમ જ અહંકારનો ઉપદ્રવ છે.

• • •

પ્રભુસેવામાં જ માનવસેવા આવી જાય છે. સેવકે સેવા ગોતવા જવું એ જ સેવકનું બંધિયારપણું છે. સામે આવે, નજરે ચડી જાય તે કરવું તે જ સેવા છે. સાચી સેવામાં સેવકને પસંદગી કરવાપણું હોતું નથી. પસંદગી પ્રમાણે કરવું એ પોતાનો અહંકાર છે.

• • •

સર્વત્ર સહુમાં પ્રભુ રહેલો જ છે. આને સમજવો, જાણવો અને પછી માનવો એ એક પ્રકારનું 'તપ' છે. પ્રભુસેવાનો પુરસ્કાર છે. આ પુરસ્કાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ('બધું જ') શરીરયાત્રા અધૂરી જ રહી જાય છે.

***જેવા ખોરાક અને આહાર હશે તેવા આપણા વિચારો હશે અને જેવા આપણા વિચાર તેવું આપણું વર્તન હશે.***

યશ, લક્ષ્મી, ઔદાર્ય, જ્ઞાન, વૈરાગ્ય અને આશ્ચર્ય એ છ ગુણો શ્રીકૃષ્ણમાં વાસ કરે છે.

● ● ●

સર્વ સંગનો પરિત્યાગ કર્યો છે, છતાં સહુને જેણે અપનાવ્યો છે તેવા ‘શ્રીકૃષ્ણ’ છે અને તેથી જ એમને ભગવાન કહેવામાં આવે છે.

● ● ●

અષ્ટાંગ - યોગ

યમ - નિયમ - આસન - પ્રાણાયામ - પ્રત્યાહાર - ધ્યાન - ધારણા - સમાધિ જેને જીવનમાં સહજ પ્રાપ્ત થયા છે, જેની પ્રકૃતિ જ અષ્ટાંગ યોગની બની ગઈ છે, એ સમર્થ જ છે. કંઈ મેળવવાનું નથી એને કંઈ ગુમાવવાનું નથી.

● ● ●

માનનીય શ્રી ડૉક્ટરસાહેબ,

વકીલોને આપણો કેસ સુપરત કરતાં તેમને આપણી પૂર્ણ વિગતથી વાકેફ કરવા જોઈએ, જેથી તેમની કાર્યવાહીમાં યોગ્ય રસ્તો લેવાની ખબર પડે. જો કંઈ પણ આપણે છુપાવીએ તો વિપરીત પરિણામ આવવા સંભવ રહે અને વકીલ આપણને દોષ દે. તેવી જ રીતે ડૉક્ટર પાસે પણ આપણે આપણી તબિયતનું કંઈ પણ છુપાવ્યા કે સંકોચ રાખ્યા વગર પૂરું બ્યાન આપવું જોઈએ જેથી દર્દ ઉપર યોગ્ય ઈલાજ સંભવી શકે.....

● ● ●

અમને  ખ્યાલ પણ આવી શકે નહિ તેવી રીતે બધી જ વિગતો વિસ્તારથી પૂછી છેલ્લે સ્વપ્ન વિશે વિસ્તારથી પૂછપરછ કરવાની કોશિશ કરી અને શક્ય તે જવાબ આપેલા, જે પૂરા જવાબ ન હતા, કારણ કે બધાની હાજરીથી મને સંકોચ આવેલો, જેનો ખ્યાલ મને પણ પહેલી વખત આવ્યો. બહારનું તો કોઈ હતું નહીં, છતાં પોતાના હોય તો પણ સંકોચ આવી શકે છે. તેનો મને પ્રથમ અનુભવ થયો. મિત્ર હોય તો શક્ય છે કે સંકોચ ન રહે. જે બની ગયું તે બની ગયું. પછી ઘરે જઈને મેં મારા પોતાના સ્વભાવનું આલેખન કરવાનું શરૂ કર્યું. એ વખતે મારી અંદર ‘તડપન’ શરૂ થઈ. ‘તલસાટે’ માજા મૂકી અને આ બ્યાન આલેખાઈ ગયું જે મારા માટે ઔષધ જ છે.

● ● ●

***કોઈ પણ ભક્તિની અંદર ઈશકૃપા, ગુરુકૃપા, મુખ્ય છે અને એ ક્યારે મળે, જ્યારે વાણી, વર્તન અને વિચાર શુદ્ધ અને નમ્ર થાય***

શક્ય હોય તો મારું સ્વપ્ન પૂરેપૂરું વાંચી યોગ્ય નિદાન કરશો. આપને પણ સ્વપ્ન આવેલાં હશે, આવતાં પણ હશે અને શક્ય છે કે સ્વપ્ન પણ હશે. આ બુકમાં બાકી રહેલાં કોરાં પાનાં પર આપનાં સ્વપ્નો વિશેનો ખ્યાલ આલેખવાની થોડી જહેમત, હિંમત તથા હૃદય ખુલ્લું કરી શકાય તેમ વિશ્વાસ થાય તો આપેલી બુક પરત કરશો. શક્ય છે કે મારા સ્વપ્નમાં પણ કંઈક રાહત થાય, કારણ કે સ્વપ્ન તો માણસમાત્રને આવે જ. પછી કોઈ છુપાવે, કોઈ એકરાર કરે.

● ● ●

જો સ્વપ્ન આલેખી શકવા આપ સહમત કે સ્વતંત્ર ન હો તો મારા સ્વપ્નની નીચે જ્યાં જ્યાં યોગ્ય હોય ત્યાં અંડરલાઈન કરીને મને જાગૃત કરવા મહેરબાની કરશો.

● ● ●

તલસાટ અને તડપનનો જલદી પમરાટ હૃદયમાં ગુંજી રહ્યો છે કે આપ આપનાં સ્વપ્ન આલેખો.

● ● ●

આપણે મળ્યા લગભગ દોઢ માસ થયો તે શું આપણે ખરેખર મળ્યા હતા...? કે ફક્ત સ્વપ્ન હતું....? રાત્રીનું હતું કે દિવસનું.....?

● ● ●

આપણો જન્મ, બચપણ, ભણતર, વગેરે વગેરે શું હતું....? ભુતકાળ માત્ર સ્વપ્ન હોય છે કે વાસ્તવિકતા....? ભવિષ્ય જાણતા નથી અને વર્તમાન પળે પળે સ્વપ્ન બની જાય છે. નદીમાં સ્નાન કરતાં જે પાણી પગને સ્પર્શ કરે છે તે પાણી માથાને સ્પર્શ કરી શકતું નથી, જેમ પેલું મન, વિચારો, પરિભ્રમણ - ગતિ કરી રહ્યાં છે.

● ● ●

સ્વપ્નું સત્ય તો 'મૃત્યુ' જ કરી શકે છે. ત્યારે જે વાસ્તવિકતા હોય છે તેમાં બતાવાય છે કે શું? આખી જિંદગી સ્વપ્ન જ હતું....? પ્રત્યુત્તરની હૃદયપૂર્વકની અપેક્ષા છે. નાના હો કે મોટા ડૉક્ટરો તો જરૂર છો. રોગ જાણ્યા પછી જ નિદાન અને ત્યાર બાદ ઉપચાર હોય તેવું મારું માનવું છે.

● ● ●

***પડી ગયેલી નીગઠ ગાંઠ ખરેખર છૂટવી મુશ્કેલ હોય છે તેમ નાતની, જાતની, માન્યતાઓની, કહેવાતા ધર્મોની, પડેલી ગાંઠ છૂટવી મુશ્કેલ હોય છે.***

પ્રેમ -સમજ-ઔદાર્ય- મુક્ત જીવન આપણને ભેદના દુઃખમાંથી સંપૂર્ણ મિલનના પરમ આનંદમાં લઈ જાય છે. છતાં મિલનની ક્રિયાનો જે આનંદ હોય છે એ ચાલ્યો જતો નથી. આ મિલન આત્મા માટેની મોટામાં મોટી શોધરૂપ બની રહે છે. એટલે સંકોચરહિત પ્રેમ દ્વારા પ્રભુ પાસે જવું એ શક્ય તેટલી મહાનમાં મહાન આધ્યાત્મિક સિદ્ધિ માટેની તૈયારી કરવી એમ બની રહે છે.

• • •

જગતની અંદર દૃષ્ટિમાં આવતી તમામ ચીજ અદૃશ્ય થઈ શકતી નથી, શક્ય છે રૂપાંતર થઈ શક્યું - તેમ જ નવી વસ્તુઓ પણ શક્ય નથી- શક્ય છે કે રૂપાંતર પામીને ઉપલબ્ધિ પામી શકે.

• • •

જન્મથી દરેક ઉપલબ્ધ થતી પળ મૃત્યુ સમીપ લઈ જાય છે. તેમાં કોઈ રુકાવટ શક્ય નથી. જન્મની સાથે આવે છે ફક્ત કર્મનો હિસાબ. વિચારો અને સ્વભાવ - મૃત્યુની સાથે પણ આ જ વસ્તુઓ સાથે આવે છે. છતાં પૃથ્વીલોકની દરેક વસ્તુમાં દિલચસ્પી બચપણથી જ લાગી જાય છે. ઘરમાં, પરિવારમાં, સંબંધોમાં, પૈસામાં, કીર્તિમાં મન રત રહે છે, જે ખરેખર માયા છે, જે સમજવી શક્ય લાગતી નથી તેમ જ અશક્ય પણ નથી.

• • •

જે જે દેખાય છે તે બધું સ્વપ્ન છે અને જે જે અદૃશ્ય છે તે જ સત્ય છે અને જગતમાં આ એક જ 'સત્ય' છે, બાકી બધું અસત્ય છે.

• • •

ઈશ્વરને આપણે જોઈ શકતા નથી તેમ આપણે આપણને પણ જોઈ શકતા નથી. આપણે આપણું પ્રતિબિંબ આયનામાં ફક્ત જોઈ શકીએ છીએ, તેમાં પ્રાણ તો આપણે આપણા જ સીંચવાના હોય છે. આપણે આપણી જાતને ઓળખીએ છીએ, સમજીએ છીએ, કંટ્રોલિંગ કરીએ છીએ, તે જ પ્રમાણે ભગવાનને આપણે ઓળખવો પડે છે, જાણવો પડે છે, સમજવો પડે છે. એટલે જ ભગવાનને સમજી શકાય છે પછી બીજું સમજવાનું - જાણવાનું જગતમાં રહેતું નથી. જગત આખું સમજાઈ જાય છે. ત્યારે જ આપણામાં ભગવાનની પ્રતિષ્ઠા ઉદ્ભવે છે.

• • •

***કુદરતનું ક્રમચક્ર અવિરત ગતિથી ચાલ્યા કરે છે. તેમાં સંજોગો, સમય, સ્નેહ, સંગાથ, યોગ-વિયોગ હંમેશ પ્રમાણે થતાં જ રહે છે, જે તોડ્યા તૂટતા નથી, બાંધ્યા બંધાતા નથી.***

આને માટે છેલ્લે ભગવાનની પરમ કૃપા જ કામ કરે છે. આનો કોઈ મંત્ર નથી, તંત્ર નથી. જીવન ભક્તિમય બનતું જાય તેમ તેમ તેની કૃપા પાંગરતી જાય છે. તેને જોવાની દૃષ્ટિ એટલે જ 'દિવ્ય દૃષ્ટિ'. આ દિવ્ય દૃષ્ટિ પણ તેની કૃપાથી જ મળે છે.

• • •

તેના સિવાય જગતમાં બીજું કંઈ છે જ નહિ તેમ પ્રતિ પળે પાકું થતું જાય, નિશ્ચિત થતું જાય ત્યારે બાકી શું કરવાનું રહે...?

• • •

આપમેળે જ જ્વાળામુખી શાંત થાય છે. રાગ-વિરાગ સમજાતો જાય છે. અહિંસા-હિંસા સમજાતી જાય છે. પાપ -પુણ્ય અટકી જાય છે. રામ-રહીમનો અભેદ થાય છે.

• • •

ભેદોમાંથી અભેદમાં જવા માટેની ધર્મરૂપી સીડી પાકે પાયે ચઢવી જોઈએ. જગતનાં સ્વપ્નોમાંથી વાસ્તવિકતામાં આવવું પડે છે.

• • •

ઘણાં મંદિરોમાં, મસ્જિદોમાં અને ચર્ચમાં લાખો લોકો આપના દીર્ઘાયુષ્યની પ્રાર્થના કરી રહ્યા છે, જેમાં અમારો પણ નાનો એવો સૂર પૂર્ણ આશાથી સભર છે.

• • •

રાજા શાંતનુને ભીષ્મે વરદાન આપ્યું, રાજા યયાતીએ પુત્રો પાસે જુવાની માગી, બાબરે પોતાના પુત્રનું આયુષ્ય માગેલું અને તે સહુની ઈચ્છા પ્રભુએ પૂરી કરી હતી. અમને પૂરો વિશ્વાસ છે કે અમારી ઈચ્છા પણ પ્રભુ પૂરી કરશે જ.

• • •

જે ઈચ્છા આપને પ્રભુ દીર્ઘાયુષ્ય કરે, અમારા આયુષ્યમાંથી અમારું સંપૂર્ણ આયુષ્ય લઈને પણ આપનું આયુષ્ય દિન-પ્રતિદિન વધારતા જાય, આપની શક્તિ વધતી જાય અને પ્રભુમય વ્યક્તિ સુધી વિસ્તરતું જાય એવી અમારી અભ્યર્થના પ્રભુ પ્રેમથી, સ્નેહથી પૂરી કરે.

• • •

પ્રતિ નૂતન વર્ષે પાઠવેલી શુભકામનાઓ

આપણે સ્નેહી, સંબંધી, સાથી, વેપારી અને વ્યાવહારિક તો છીએ જ, પણ

***સમર્થને શંકા હોતી નથી. સ્નેહમાં, મૈત્રીમાં શોષણ હોતું નથી. પ્રેમમાં પરવશતા હોતી નથી. મૈત્રીમાં મૂલ્ય અંકિત થતું નથી. ધર્મમાં ઘમંડ હોતો નથી. સત્યમાં બીજો પર્યાય હોતો નથી.***

આપણા સહુનું એક જ લાલ લોહી બનાવનારના નાતે આજના નૂતન દિને અમે આપને સહૃદયપૂર્વક આત્મીય ભાવ અને પ્રેમથી યાદ કરીએ છીએ.

ઓ માલિક, અમે મનુષ્ય, કૃતજ્ઞી મનુષ્યો છીએ. તારા દિન-રાત થઈ રહેલા ઉપકારોનો બદલો વાળી શકીએ તેટલા સમર્થ નથી. ફૂલ નહિ તો ફૂલની પાંખડીરૂપે અમે ઊઠતાં - જમતાં - સૂતાં ત્રિકાળ તને યાદ કરીએ.

આટલો ઉત્સાહ, પ્રેમભાવ અને એકતા અમારી કૃતજ્ઞતામાં ઊભો કરો. જીવન દિવ્ય, તેજસ્વી અને ઉન્નત કરો એ જ અભ્યર્થનાસહ
......... વંદન .........

● ● ●

દુષ્કાળથી ભૌતિક જીવનમાં વ્યાકુળ થયેલા માનવને પ્રભુ સ્વસ્થ બનાવે અને તે વ્યાકુળતાના નિવારણ માટે પ્રયત્નશીલ રહેલા લોકોને ભગવાન શક્તિ આપે. આ ઉપરાંત એક બહુ મોટો દુકાળ અનેક પેઢીથી અને જન્માંતરથી ચાલી રહ્યો છે અને તે એટલે ભાવ, શ્રદ્ધા, શાંતિ અને અસ્મિતાનો દુકાળ; અને આ દુકાળમાં પણ રાહતકાર્યને માટે ઊભા થવાની જરૂર છે. એ દુકાળની દવા છે ગીતા. તે હાથથાં લઈને ઘરેઘરમાં દીવડાઓ પ્રગટાવવાનું સદ્ભાગ્ય આપશ્રીને મળે એ જ આજના મંગલ દિને અભ્યર્થના.

● ● ●

દીપાવલી આપણને,
ગુણ પ્રકાશ આપે, ભાવ પ્રકાશ આપે,
પ્રેમ પ્રકાશ આપે અને જ્ઞાન પ્રકાશ આપે
એવી ઈચ્છા કરીએ
અને નૂતન વર્ષ આપણી આ ઈચ્છાને
શુભ કરે, પ્રભુ તેમાં શક્તિ આપે
જેનાથી આપણે નિશ્ચિત થઈએ,
અમાપ ઉત્સાહી થઈએ,
આત્મવિશ્વાસ વધારીએ,

***સમતા ધર્મ છે સમતા અનાસક્તિ છે. વિષમતા અધર્મ છે : વિષમતા આસક્તિ છે.***

આત્મવત્ લાગણીવાળા થઈએ,
ભાવવાન, તેજસ્વી અને શાંત થઈએ,
સામર્થ્ય સંપન્ન વાણી બોલીએ,
નિર્ધારયુક્ત થઈએ અને
નિર્ભય બનીએ.

• • •

સાધુ, સજ્જન, રક્ષક, ધર્મસંસ્થાપક અને દૈવી જીવનને સાક્ષાત્કાર કરાવવાવાળું અજોડ તત્ત્વજ્ઞાન માનવોને આપીને આત્યંતિક પ્રેમથી લોકોના હૃદયસિંહાસન ઉપર સ્થાન મેળવીને જગદ્ગુરુ બની રહેલા પ્રભુ શ્રીકૃષ્ણને અનંત પ્રણામ.

તેમના દૈવી જીવનનો અને તત્ત્વજ્ઞાનનો પ્રચાર અને આચાર કરવાની હિંમત અને શક્તિ આપે એ જ અભ્યર્થના.

• • •

આજથી નવું વર્ષ શરૂ થાય છે. આપણા જીવનમાં નવું શું..? તેને માટે સહેજ 'માનવીને' વિચાર થાય તેવું છે. એક વાત ચોક્કસ છે. પૃથ્વી ઉપરની આપણી યાત્રા ક્ષણેક્ષણ ધસમસતા વેગથી ઈશ્વર તરફ પ્રયાણ કરી રહે છે.

ઈશ્વરે આપણને આપેલી 'ઇન્દ્રિયો' આંખ-કાન-નાક- હાથ - પગ- મનનો હિસાબ આપણે તૈયાર કરેલો હશે તો આપણે જરૂરથી ઈશ્વરને જવાબ આપી શકીશું. ફક્ત દાન- પુણ્ય - ધર્મ- ધ્યાન - જપ - તપ તો છે જ, એથી વિશેષ આપણને આપેલા આ માનવદેહનો ઉપયોગ શાને માટે કર્યો...? ઊઠતાં - જમતાં - સૂતાં ત્રિકાળ, સર્જનહારને યાદ કર્યા યાને તેમનું કાર્ય કર્યું.....?

ક્ષેત્ર આપણે છીએ. ક્ષેત્રજ્ઞ 'તું' છે. તેમાં શું વાવવું તેનો અધિકાર તારો છે. આ નવા વર્ષથી પ્રભુ અમારામાં એવા બીજનું આરોપણ કર, જેથી 'હું' તુજમાં આવિષ્કાર પામી શકું!

• • •

પ્રેમ એ જીવન છે. જીવન પ્રેમમાં વ્યક્ત થાય છે. માનવીના મનમાં ઊંડે ઊંડે

***'ચિંતને' રાગ, દ્વેષ, મોહ, ઈર્ષા, માત્સર્ય, દુર્ભાવના, વૈમનસ્ય, ભય, આશંકા મિથ્યા કાલ્પનિક દૃષ્ટિઓ, માન્યતાઓ અને રૂઢિઓની પકડમાંથી મુક્ત કરવું.***

પણ પ્રેમ અહોરાત ઘૂંટાયા કરે છે અને નવાં નવાં રસાયણો ઉત્પન્ન કર્યા કરે છે. જીવનની એક પળ પણ પ્રેમના અસ્તિત્વ વિનાની હોઈ શકતી નથી. હવા વિના માણસ થોડી ક્ષણો પણ જીવી શકે છે, પ્રેમ વિના હૃદયનો એક ધબકાર પણ થઈ શકતો નથી. માનવ મકાન બનાવે છે, ધન કમાય છે, ઉદ્યોગ અને ધંધો કરે છે, આનંદ માણે છે, આંસુ સારે છે. એ બધી જ પ્રવૃત્તિઓ પાછળ પ્રેમની છાયા સતત હાજર જ હોય છે.

આ પ્રેમ એ પ્રભુનો ધોરી પથ છે એટલું જ નહિ પણ પ્રભુનું પ્રતીક છે, તેનું જ અસ્તિત્વ છે. આજના શુભ દિનથી ઊઠતાં- જમતાં- સૂતાં આ પ્રેમના મહાસાગરમાં આપણે ડૂબકી મારવાની કૃતજ્ઞતા પ્રભુ પાસે જ પ્રાર્થીએ.

● ● ●

કાળચક્ર ફરે છે ને નવું વર્ષ આવે છે, જાય છે, આવતું રોકી શકાતું નથી ને જતું પકડી શકાતું નથી.

નવા વર્ષે નવીનતા શાની છે ? નવા રંગાવેલા ઘરની, મોટરની, કપડાંની, વેપારની યા આવકની?

કે પછી નવીન જીવનદષ્ટિની, સત્સંગની, સદ્વાચનની, સત્ શ્રવણ-મનન-નિદિધ્યાસની, દાનની, ત્યાગની, વ્રતની, વિચારની, કાર્યની, ભક્તિની?

આજના શરૂ થતા શુભ દિને જીવનના ચોપડાનાં પાનાં ઊથલાવી તપાસીને અંતરની અનુભૂતિને બહાર લાવવા પ્રયાસ કરીએ.

● ● ●

કર્મ શરૂ થાય છે અને પૂરું થાય છે, આપણે આવીએ છીએ અને નિશ્ચિત જઈએ છીએ, જતાં કે આવતાં કોઈ કોઈને રોકી શકતું નથી.

આપણો અને તમારો સંબંધ સમજીએ છીએ. જે શક્તિથી 'તે' શક્તિ જોડેનો આપણો સંબંધ આજના શરૂ થતા નવા વર્ષના શુભ દિને સમજીએ.

'તે' દીનનો બંધુ છે, ભાવિકનો રંગ છે, જ્ઞાનીનો આત્મીય છે, વાત્સલ્ય દેનાર

***યશ, લક્ષ્મી, ઔદાર્ય, જ્ઞાન, વૈરાગ્ય અને આશ્ચર્ય એ છ ગુણો શ્રીકૃષ્ણમાં વાસ કરે છે.***

માતા છે, કર્મનો સાક્ષી છે, ભક્તનો આનંદ છે, ગૌરવ આપનાર પિતા છે, નિરપેક્ષ પ્રેમી દાદા છે.

આપણું સર્વ ધારણ કરનાર 'તે' છે અને 'તે' આપણામાં જ રહે છે. 'તે' છે એટલે જ આપણું અસ્તિત્વ ટકેલું છે. આ શુભ દિને કૃતજ્ઞતાપૂર્વક આપણે તેટલું તો સ્વીકારીશું જ.

● ● ●

આજના ઉદય થયેલા માંગલ્ય દિને આપણી ચિંત્વનપ્રેરિત ઈચ્છા અને પ્રભુપ્રેરિત શક્તિથી વિચાર કરીએ કે માનવીનું વૈશિષ્ટ્ય શેમાં છે? હું છું તેમાં છે, હું કંઈક થઈ શકીશ તેમાં છે, હું કંઈક કરી શકીશ તેમાં છે, હું કંઈક બની શકીશ તેમાં છે, હું કંઈક બનાવી શકીશ તેમાં છે.
વિશિષ્ટ દૃષ્ટિથી જોતાં, જીવનમાં વ્યાપી રહેલા અંતર્યામીના જગતમાં આપણે આવેલા છીએ, જે નસેનસમાં ભરેલ છે, જે સર્વને વ્યાપીને રહેલ છે, જે જીવનમાં અગ્રાહ્ય છે, જે તેજોમય પરમ પુરુષનું ચિંત્વન કરી તેને અનુભવવા, અભ્યાસયોગ સાધવા દૃઢનિશ્ચયી થઈએ.

● ● ●

આજથી શરૂ થતા શુભ વર્ષે આપણે શું કરીશું? સ્વનું અધ્યયન કરીશું! ગત સાલમાં કરેલાં કર્મોનું ચિંતન કરી આવતા વર્ષનું નિયોજન કરીશું, કારણ કે આપણે અનન્ય ત્યાગ કર્યો, પણ તે સંતોષ માટે નહિ; આપણે તપ કર્યું તે કંઈ મેળવવા માટે, સંયમ માટે નહિ; ઋષિઓએ જે જે કર્યું તે જ આપણે કર્યું છે; પણ તેમને જે ફળ મળ્યું તે આપણને મળ્યું નથી. તેથી જ આજના શુભ દિને ઋષિઓએ કરેલો સંકલ્પ કરીએ,

● ● ●

હે પરમ કૃપાળું પરમાત્મા!
જ્યારથી મેં આ હાથ તારા હાથમાં આપ્યો છે ત્યારથી મારી સામુદ્રિક રેખાઓ ભૂંસાઈ ગઈ છે. જ્યારથી આ મન તારામાં જોડ્યું છે, ત્યારથી સંકલ્પરહિત થયો છું; જ્યારથી બુદ્ધિ તારામાં મૂકી છે ત્યારથી નિર્ણયો, નિશ્ચયો અને વિચારો પણ તું જ કરે છે, છતાં હું મૃત્યુઆધીન, કાળથી જિતાઈ ગયો છું. તેથી હે

***સર્વ સંગનો પરિત્યાગ કર્યો છે, છતાં સહુને જેણે અપનાવ્યો છે તેવા 'શ્રીકૃષ્ણ' છે અને તેથી જ એમને ભગવાન કહેવામાં આવે છે.***

મહાકાળ! તારી અસીમ વ્યાપકતામાં મને ભેળવી દે! મેળવી દે! એકરૂપ કરી દે!

• • •

આજના ઉદય થયેલા માંગલ્ય દિને આપણા ધ્યેયને પંચાયતન જીવન બનાવવાનો પ્રયાસ કરીએ. ભગવાનની પૂજા કર્મથી કરવી હોય તો કર્મ કયા પ્રકારનાં હોય તે જાણવું આવશ્યક છે. કર્મ સ્વાર્થી હોય છે, કર્મ પરમાર્થી હોય છે, કર્મ પરાર્થી હોય છે, કર્મ પરમેશ્વરાર્થી હોય છે, કર્મ ઈશ્વરમય હોય છે. ભગવાનની પૂજા જીવનથી કરવી હોય તો આ સૃષ્ટિ ભગવાને બનાવી છે. *મને ભગવાને બનાવેલો છે. *આ સૃષ્ટિ ભગવાન ચલાવે છે. *મને ભગવાન નિભાવે છે. *હું ભગવાનનો છું *ભગવાન મારા છે. ભગવાનની પૂજા પંચાયતન જીવનથી કરવી હોય તો *વિવેકી જીવનથી પૂજા થાય *કૃતાર્થી જીવનથી પૂજા થાય *પુષ્પ જીવનથી પૂજા થાય *સુંદરોત્તમ જીવનથી પૂજા થાય *પ્રસન્ન જીવનથી પૂજા થાય. *પંચાયતન જીવનથી પૂજાનો પ્રસાદ એટલે ભવ્યતા *ભાવુકતા * આત્મીયતા * સૌમ્યતા *સ્નિગ્ધતા * સ્થિરતા અને વિશેષ જીવનની સુપ્રસન્નતા.

• • •

અહીં કોઈ હિન્દુ નથી કે મુસ્લિમ, કોઈ યુરોપી નથી કે એશિયાઈ, કોઈ પ્રાચીન નથી કે આધુનિક. અહીં છે, કેવળ માનવ અને કેવળ મહા મહિમાય પરમાત્મા.

આ સૃષ્ટિ એ બંનેની મિલનભૂમિ બની રહે એ માટે ચાલો આપણે આપણા જીવનમાં પ્રેમ, કરુણા, વિનમ્રતા અને સચ્ચાઈની એક હરિયાળી બિછાત પાથરીએ, ક્ષમા અને સહિષ્ણુતાના ધૂપદીપ પ્રગટાવીએ, આનંદ અને ઉલ્લાસનાં તોરણ બાંધીએ.

‘જીવંત હોવા’ના આ નિત્ય ચમકારના વિસ્મય સૂરો છેડીએ અને નિષેધ ભક્તિમાં સમર્પિત કરીએ આ અહંકારને, જેથી આપણા જીવનમાં આપણાથી જે છે તેનું સૌંદર્ય ઝળહળી ઊઠે !

• • •

આજના માંગલ્ય સુપ્રભાતે જગતનું વર્ષ બદલાતાં બદલાતાં જીવંત જીવને ઈશારો કરતું જાય છે‘ જીવન કંઈ બદલાણું? જગતમાં જગદીશ તરફ જોવાની દૃષ્ટિ સાંપડી? જીવન ગતિશીલ બન્યું?

***જેની પ્રકૃતિ જ અષ્ટાંગ યોગની બની ગઈ છે, એ સમર્થ જ છે. કંઈ મેળવવાનું નથી એને કંઈ ગુમાવવાનું નથી.***

પ્રેમ -સમજ-ઔદાર્ય-મુક્ત જીવન આપણને ભેદના દુઃખમાંથી સંપૂર્ણ મિલનના પરમ આનંદમાં લઈ જાય છે.

માંગલ્ય પ્રભાતમાં આપણે જગદીશ પાસે જીવન જીવંત બને તેવું માગીએ!!! આપણું જીવન તેજસ્વી બને, ભાવનાશીલ બને, કૃતિશીલ અને ગતિશીલ બને...

• • •

ગત જીવનનો અનુભવ અને વર્તમાનનું કર્તવ્ય મળીને ભવિષ્યનું ભાથું બાંધીએ, જેની ફળશ્રુતિ સ્વાસ્થ્યયુક્ત, તકરારરહિત, અપેક્ષારહિત, નિર્ભયાત્મક, પ્રસન્નતાયુક્ત, દક્ષ અને સૂચિ-જીવનમાં પરિણમે.

• • •

આજના શરૂ થતા માંગલ્ય દિને હું તમને શું આપી શકું? કોઈ કીમતી જરઝવેરાત?.... નહીં નહીં. અંતે તો પથ્થર એ પથ્થર જ છેને?.... તો શું કોઈ સુંદર પુષ્પ આપું?.... તે પણ નહીં! કારણ પુષ્પ તો મારા આપતાં પહેલાં જ કરમાઈ જશે. હું મારા હૃદયનો પ્રેમ આપું છું, કારણ આખાય સંસારમાં પ્રેમ જ એક એવી વસ્તુ છે જે પથ્થર નથી તેમ જ કદી કરમાતો નથી. પ્રેમ માનવહૃદયમાં પરમાત્માની સુગંધ છે, પ્રેમ માનવપ્રાણમાં પરમાત્માનું અવર્ણનીય ગાન છે.

જેના હૃદયમાં પ્રેમ નથી તે દરિદ્ર છે દીન છે. તેમ જ અશક્ત અને અપૂર્ણ છે.... નિરાવલંબન પ્રેમ પ્રભુની -પરમ શક્તિ છે. સંપત્તિ છે. પ્રેમ સિવાય જે બીજી કોઈ સંપત્તિને શોધે છે તેનું જીવન વિકસિત પંથે અવરોધાયેલું રહે છે.... મનુષ્યત્વ પ્રેમથી જ વિકસે છે અને પ્રેમથી જ પાંગરે છે.

જગતમાં નિરાવલંબન પ્રેમ એ જગદીશના અમૂલ્ય સંદેશમાંનો એક અતિ મૂલ્યવાન સંદેશ છે.....

• • •

નૂતન વર્ષની ખુશાલીમાં હું આપને શાનો સંદેશો આપી શકું અને અગણિત સંદેશાઓમાંથી હું આપનો કયો સંદેશો ઝીલી શકું?

વિરોધી અને આસુરી શક્તિના હુમલાથી સંકટમાં આવેલી દૈવી-સાત્ત્વિકવૃત્તિ અને આધ્યાત્મિક જીવનને માટે જગત આજે સંઘર્ષ કરી રહ્યું છે.

***જ*ન્મથી દરેક ઉપલબ્ધ થતી પળ મૃત્યુ સમીપ લઈ જાય છે. તેમાં કોઈ રુકાવટ શક્ય નથી. જન્મની સાથે આવે છે ફક્ત કર્મનો હિસાબ. વિચારો અને સ્વભાવ - મૃત્યુની સાથે પણ આ જ વસ્તુઓ સાથે આવે છે.**

પ્રભો ! પ્રજ્વલિત અગ્નિ જેવો તારો દિવ્ય પ્રકાશ અમારામાં વરસાવ. તારો દિવ્ય પ્રેમ રોમેરોમમાં પ્રવિષ્ટ થવા દે! આ શરીરમાં તારી જ સર્વભૌમ સત્તા ચલાવ અને તારો વૈભવ પૃથ્વી ઉપર અભિવ્યક્ત કરવાને માટે અમને વિક્રમશાળી યોદ્ધા બનાવ. તારા હાથનું એક નમ્ર સાધન બનાવ. આ જ અમારી નૂતન વર્ષની અભિલાષા.

• • •

હે પ્રભુ! આજના નૂતન વર્ષની તારી પ્રસાદી નાની હશે તો પણ તેની મીઠાશ નાની નથી. તેથી મારા સંતોષને સીમા નથી. તારી પ્રસાદીની ભૂખ વધતી જાય છે. દિન-પ્રતિદિન વૃકોદર બનતો જાઉં છું. પ્રભુ, હું અને મારું જીવન જ તારી પ્રસાદી કરી નાખ.

નિશ્ચિત અને અસંદિગ્ધ ધ્યેય નક્કી કરવાનો આ સમય આવ્યો છે. હે પ્રભુ! શુદ્ધ અને દિવ્ય ધ્યેય નક્કી કરી શકું એવી બુદ્ધિ આપો, ધ્યેયસિદ્ધિ માટે શક્તિ આપો અને નવું વર્ષ અમારા સહુના સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠ અને સર્વોત્તમ રહો એ જ આ વર્ષની અભિલાષા.

• • •

મહામાનવના અંતકરણમાંથી વહેતી અમૃતધારાની સુરાવલી આપણા હૃદયમાં નસેનસમાં સમાવિષ્ટ થઈ સત્યની સરિતા આપણા હૃદયમાં ઉદ્ભવે અને સત્યમાં સમાવિષ્ટ થાય.

હિપ્નોટિસ્ટ કહે છે જે લોકો સંમોહનની ઊંડી ખોજ કરે છે તે કહે છે કે કેટલા કોઈ માણસને સંમોહિત હિપ્નોટાઈઝ કરી શકે, પરંતુ આનાથી વધારે ઘેરાઈ ગયેલાની પાસે તેની ઈચ્છાથી વિપરીત કામ નથી કરાવી શકાતું.

બહાર તોફાન ચાલી રહ્યું હોય, આંધી ચડેલી હોય, બરફ પડી રહ્યો હોય, વર્ષા ચાલુ હોય, વિજળી થઈ રહી હોય, તેને ખબર નથી કે તેનું નાનું બચ્ચું આટલી ઘનઘોર રાત્રિમાં સૂઈ રહે છે, પડખાં ફેરવે છે, તે જાગી જાય છે, રાત્રિની ઘેરાઈમાં જરૂર મનનો એક હિસ્સો પહેરો દઈ રહ્યો છે. તોફાનને ન ગણકારતાં

બચ્ચાનો અવાજ તે સાંભળી જાય છે.

• • •

'હું' દર નૂતન વર્ષે આપના મંદિરે આવું છું અને આશીર્વાદ લઈ જાઉં છું. સંતોષ નથી, અંદરની માગ છે. એકાદ વખત તો હૃદય ઠાલવવા થોડી જગ્યા આપો. કરવું ન કરવું તેનો અબાધિત હક્ક તો આપનો જ છે.

જન્મ્યો, નાનાથી મોટો થયો! વૃદ્ધ થયો. બધાય પરછાયો નીરખતો જ રહ્યો. અરે હોંશે - હોંશે બીજાને બતાવતો જ રહ્યો કે આ 'હું' જ છું. બધો જ શારીરિક, માનસિક ફેરફાર, અનુભવતો જોતો જ રહ્યો અને કાળ સરકતો જ રહ્યો, છતાં 'હું' હું જ  રહ્યો, તમારાથી ('તું'થી) આજ સુધી વંચિત જ રહ્યો.

હવે થોડી જગ્યા આપો, ત્રણે કાળ વીસરાય નહીં. હૃદય ઠલવાઈ જાય, તમારાથી ('તું'થી) સભર ભરાઈ જાય. 'હું' 'તુંજમાં' સમર્પિત થઈ જાય અને ત્રિકાળે સાંનિધ્ય હૃદયમાં અંકિત થઈ જાય.

પુસ્તક અધૂરું છે. આપની ધારણા, વિચારો વિના પુસ્તક માર્ગ પથિક બની શકતું નથી..

યુગના વિચારો, માન્યતાઓ નવી નીતિનું પૂર્ણ આક્રમણ કરી રહેલ છે, જે યોગ્ય છે યા અયોગ્ય છે તેનો નિર્ણય કરવાનું કામ મુશ્કેલ થઈ રહ્યું છે.

માણસ માણસ પાસે જાય તે યોગ્ય છે. પણ આજનો માણસ માણસ પાસે જાય છે તે નિઃસ્વાર્થ ભાવે જાય છે.....? કંઈક 'હું' લઈને જતો જોવામાં આવે છે. જ્યારે ધનવાન માણસ નિર્ધન પાસે જતાં પોતાનું ગૌરવ સમજવા લાગશે ત્યારે તો આપનો મર્મ બરાબર સમજાયેલો જણાશે.

આજે ભણેલો માણસ, ડિગ્રીધારી માણસ અભણ નિર્ધન માણસ પાસે જતાં પોતાને 'ડીગ્રેડ' સમજે છે. એક ડોક્ટર, એક બેરિસ્ટર, એક એન્જિનિયર, એક

***પૃથ્વીલોકની દરેક વસ્તુમાં દિલચસ્પી બચપણથી જ લાગી જાય છે. ઘરમાં, પરિવારમાં, સંબંધોમાં, પૈસામાં, કીર્તિમાં મન રત રહે છે, જે ખરેખર માયા છે, જે સમજવી શક્ય લાગતી નથી તેમ જ અશક્ય પણ નથી.***

સી.એ.નું વર્તન અભણ સાથે આર્થિક રીતે પછાત સાથે કેવું હોય છે...? આમાં આપણી પાઠશાળા, વિદ્યાપીઠ બાકાત નથી રહી શકતી. તેમનો અહંમ તેઓ છુપાવી શકતા નથી. આપ જેવા યુગપુરુષને મળતાં આપને સંકોચ નથી થતો, પણ આ ડિગ્રીધારી આપની આજુબાજુમાં ઘૂમતા રહીને પોતાનો અંહકાર વધારી રહ્યા છે. આપને નમસ્કાર કરવા પણ દુર્લભ બનાવી રહેલા છે.

સહુનું અસ્તિત્વ નિર્મિત છે જ, પણ ખરેખર તો આ કહેવાતા બુદ્ધિધનોને આ પ્રભુપ્રસાદ વહેંચવાની આવશ્યકતા જણાય છે કે આ શરીર પણ આપણું નથી. આ શરીર પણ પ્રભુપ્રસાદી જ છે તો આ ભાર તેમના મસ્તકમાંથી ઊતરે તો ખરેખર પ્રભુકાર્યમાં વેગ વધવા સંભવ છે. જે બાકી રહેલું કાર્ય પૂર્ણ કરશો તેવી અભિલાષા છે.

• • •

આજના નૂતન વર્ષના પ્રથમ દિવસે થોડો વિચાર કરીશું... ? આપણે આ જગતમાં આવ્યા ત્યારે સાથે શું લઈને આવ્યા....? આ જગત છોડીને જઈશું ત્યારે સાથે શું લઈને જઈશું.....?

• • •

આપણને મળેલી દરેક વસ્તુ, પ્રભુએ આપણા કર્મ પ્રમાણે આપી છે, જેનો ઉપયોગ ફક્ત વાપરવા પૂરતો જ છે, સાથે લઈ જઈ શકતા નથી, જેથી તે આપણી નથી. આપણે તેના માલિક થઈ શકતા નથી, કારણ કે આપણો માલિક જ તે છે. જેને આપણે આ શુભ દિને ઓળખીએ ઢૂંઢીએ છીએ તે 'હું' છે જ નહિ, જે છે તે સર્વત્ર તે જ છે... જે ઢૂંઢીને નહિ પણ ખરેખર અંદરથી અનુભવીએ. તે જ આપણી ખરી સાર્થકતા છે.

• • •

આજના ઉદય થયેલા માંગલ્ય દિને આપણી ચિંત્વનપ્રેરિત ઈચ્છા અને પ્રભુપ્રેરિત શક્તિથી વિચાર કરીએ કે માનવીનું વૈશિષ્ટ્ય શામાં છે?

જીવનમાં પ્રેમને એક આધ્યાત્મિક મૂલ્ય તરીકે અંગીકાર કરવાની જરૂર છે. માણસ જો પ્રેમ જ મેળવી શકવા સમર્થ ન બને તો તે પરમાત્માને મેળવવા કઈ રીતે સમર્થ બની શકે....?

***જે જે દેખાય છે તે બધું સ્વપ્ન છે અને જે જે અદૃશ્ય છે તે જ સત્ય છે અને જગતમાં આ એક જ 'સત્ય' છે, બાકી બધું અસત્ય છે.***

પ્રેમ સરિતા છે, પરમાત્મા સાગર છે, જો આપણે સરિતા બનવા જ તૈયાર ન હોઈએ અને હાથ જોડીને પ્રભુપ્રાપ્તિ માટે પ્રાર્થનાઓ અને પૂજા-પાઠ કરવામાં જ રોકાઈએ તો સાગર સાથે મિલન અસંભવિત છે. પ્રેમ પ્રથમ, પરમાત્મા અંતિમ-પ્રેમ બીજ છે અને પરમાત્મા વૃક્ષ છે. પ્રેમનું બીજ ફૂટતાં પરમાત્માનું વૃક્ષ પ્રગટ થાય છે.

જીવનમાં પ્રેમ શરૂઆત છે. પરમાત્મા પરમ વિકાસ છે. પ્રેમથી પ્રારંભ પામેલું જીવન પરમાત્માના મુકામે પૂર્ણતા પામે છે. પ્રેમ બીજ બને તો જ પરમાત્મા અંતિમ વૃક્ષની છાયા બની શકે. પ્રેમની ગંગોત્રી થશે તો જ પરમાત્માનો સાગર પ્રાપ્ત થશે. પરમાત્માના અસીમ પ્રકાશની આશા રાખનારે પોતાનું સંપૂર્ણ જીવન પ્રેમના ગીતસંગીતથી સભર કરવું જોઈએ.

પ્રેમના સંબંધમાં પુસ્તકો છે, પરંતુ પુસ્તકોમાં કોણે, ક્યારે પ્રેમને જાણ્યો છે.....?

'સમુદ્રમાં તરવા' વિશેનાં પુસ્તકો કોઈ વાંચી જાય તો તેથી તરવાના પંડિત બની જશે, પરંતુ એક વાતનું ધ્યાન રાખજો કે ભૂલેચૂકે તેને નદીમાં ધક્કો મારી દેતા નહિ, કારણ કે તે તરવાના સંબંધમાં તો જાણે છે, પણ તરવાનું જાણતો નથી.

જે પ્રેમ છે, જે સાર્થક છે, જે સત્ય છે, જે અનુભવ છે, જે ધર્મ છે, જેને જીવી શકાય, એને બતાવવા-શબ્દોમાં કહેવા-સમજવાનો કોઈ પણ ઉપાય નથી. તે જ જીવનનું પરમ રહસ્ય છે, જે ત્રિકાળ સંધ્યાથી ઉપલબ્ધ થવા સંભવ છે.

• • •

દર વર્ષે નવું વર્ષ આવે છે અને જૂનું વર્ષ વિદાય લે છે. આપણે જ્યાંના ત્યાં જ ઊભા છીએ. નથી પાછળનું મૂકતા કે નથી આગળનું અપનાવતા.

પહેલી વાત એ છે કે આપણે કોઈ જીવંત માણસને સંત માનવા કદી તૈયાર

***જગત આખું સમજાઈ જાય છે. ત્યારે જ આપણામાં ભગવાનની પ્રતિષ્ઠા ઉદ્ભવે છે.***

હોતા નથી, કારણ કે તેથી આપણા અહંકારને ભારે ધક્કો લાગે છે. આપણે બે જ કામો કર્યાં છેઃ જીવિત સંતનું અપમાન અને મરેલા સંતનું સન્માન.

બુદ્ધિમાન માણસ પાસે ઉત્તર કદી તૈયાર હોતા નથી. તે પ્રશ્નોનો સાક્ષાત્ સામનો કરે છે. જિંદગી ભારે બેઈમાન છે. જિંદગી બદલાઈ જાય છે. બાળકો બદલાય છે, વહેતા પાણીની ધારા બદલાય છે, ફૂલોના રંગો બદલાય છે, માત્ર મડદાં બદલાતા નથી. પથ્થર તો જ્યાં પડ્યા હોય છે ત્યાં એમ ને એમ પડ્યા રહે છે. તે બિલકુલ બદલાતા નથી.

હિન્દુસ્તાનમાં છેલ્લાં બે હજાર વરસમાં જો કોઈ માણસે જીવનને ગતિ આપી હોય તો તે માણસ ગાંધીજી હતા અને ગતિ આવી હોય તો તેનું એકમાત્ર કારણ એ કે તેમની પાસે તૈયાર ઉત્તર ન હતા.

ભૂલ કરવાની ક્ષમતા એ જીવનનું લક્ષણ છે. સમજવા જેવી વાત છે કે રોજ ભૂલ કરજો. ભૂલથી ડરશો નહીં. હા, એક જ ભૂલ બીજી વખત ન થવા પામે તેનું ધ્યાન રાખજો, કારણ કે બંધાયેલી ભૂલ બંધાયેલો ઉત્તર બની જાય છે, જે જીવનમાં આગળ વધવા માટે રુકાવટ સરજે છે.

આવી જ ભૂલ આપણે સમજવી જોઈએ. જ્યાં પ્રાંતવાદ, ભાષાવાદ નિર્માણ થયા છે ત્યાં પાણીના બટવારા, જમીનના બટવારા અને દેશના પણ બટવારા નિમિત્ત બની જવાની શક્યતા છે. હિન્દુસ્તાનના આમ આદમીના જીવનમાં ઝેરનો ઉપદ્રવ પ્રસરી રહેલો લાગે છે, જે ભાગલાવાદની દિશા ઉપર ઊભો થતો રહ્યો છે, જેમાં આમ આદમીને કોઈ રસ કે જિજ્ઞાસા નથી.

આ દુનિયા દુર્જનોની દુષ્ટતાને લીધે નથી પીડાતી એટલી સજ્જનોની નિષ્ક્રિયતાને લીધે પીડાય છે.

• • •

એક વાત, જગત સત્ય છે. મનુષ્ય જે કંઈ કરે છે - કરી શકે છે તેમાં માત્ર તેની

***જીવન ભક્તિમય બનતું જાય તેમ તેમ તેની કૃપા પાંગરતી જાય છે. તેને જોવાની દૃષ્ટિ એટલે જ 'દિવ્ય દૃષ્ટિ'. આ દિવ્ય દૃષ્ટિ પણ તેની કૃપાથી જ મળે છે.***

બુદ્ધિ, શક્તિ અને સામર્થ્ય નથી હોતાં. ઈશ્વરનો કે કોઈ પરમ તત્ત્વનો તેમાં છૂપો હાથ હોય છે. તેના વિના મનુષ્ય કંઈ કરી શકતો નથી.

આપણે તો આ જગતમાં કંઈક કરી જવા આવ્યા છીએ, પણ આપણે બધું જ આપણી ઈચ્છા મુજબ નથી કરી શકતા, નથી કરતા. કોઈ અદશ્ય તત્ત્વ આપણી પાસે આ સંસારનો ખેલ જેમ કઠપૂતળીવાળો તેના પૂતળાને નચાવે છે તેમ કરાવી રહ્યું છે.

આ માત્ર ખેલ નથી, આ ધર્મ છે, કર્તવ્ય છે. આપણું જગતમાં જે અસ્તિત્વ છે -તેની સાર્થકતા છે, ધન્યતા છે. આપણા ભાગે આવેલું કાર્ય ઈશ્વરની ઈચ્છા પ્રમાણે પૂરું કરવું અને થવાનું હોય તેમ જ થાય છે તેની સંપૂર્ણ શ્રદ્ધા રાખવી.

આપણે તો ઈશ્વરના હાથમાંની પેન્સિલ જેવા છીએ. લખવાનું કામ તો તેઓ કરે છે. પેન્સિલને તેની સાથે કશું લાગતુંવળગતું નથી. પેન્સિલ તો જડ પદાર્થ છે. તેને લખવા માટે ઉપયોગમાં લેનાર ચેતન તત્ત્વ તેનાથી જુદું છે, તે ઈશ્વર છે. આપણે જે કંઈ કરીએ છીએ તે પેન્સિલની જેમ ઈશ્વરના હાથમાં રહીને કરીએ છીએ. લખનાર - લખાવનાર તો કોઈ બીજો જ છે. તો ખોટું ગુમાન શેનું કરવું....? અંદરથી સમજાય (તો) પછીની આ સાચી સમજ ઉદ્ભવે તેવી ઈશ્વરને આ નૂતન દિને પ્રાર્થના.

• • •

નૂતન વર્ષની ખુશાલીમાં હું આપને શું (સંભારણું) આપી શકું ? અને આપની પાસેથી પણ કઈ (નવી) અપેક્ષા રાખી શકું ?
સ્નેહથી નીતરતા, પ્રેમથી સભર ભાવથી ભરપૂર જગદીશના જગતમાં આ જીવ આવેલ છે. તેમાં મારું (કર્તૃત્વ) શું ....? કે જે હું આપવા જેટલું ઔદાર્ય દાખવી શકું ? તેમ જ લેવા જેટલો અધિકાર સેવી શકું ?

નવા વર્ષમાં નવો નિશ્ચય જરૂરી કરી શકું કે હે જગદીશ ! તારા જગતમાં આ જીવને જીવવાનો મહામૂલો અવસર આવેલો છે. તો હું જીવન જીવીશ ! અને

***આ**પમેળે જ જ્વાળામુખી શાંત થાય છે. રાગ-વિરાગ સમજાતો જાય છે. અહિંસા-હિંસા સમજાતી જાય છે. પાપ -પુણ્ય અટકી જાય છે. રામ-રહીમનો અભેદ થાય છે.*

**ઓ** માલિક, અમે મનુષ્ય, કૃતઘ્ની મનુષ્યો છીએ. તારા દિન-રાત થઈ રહેલા ઉપકારોનો બદલો વાળી શકીએ તેટલા સમર્થ નથી. ફૂલ નહિ તો ફૂલની પાંખડીરૂપે અમે ઊઠતાં - જમતાં - સૂતાં ત્રિકાળ તને યાદ કરીએ.

તારા બનવાનો, તારું કામ કરવાનો, તારા થવાનો મોકો અવશ્ય ઉઠાવીશ !

શાયદ તને ઓળખવાની, તને સમજવાની શક્તિ મારી પાસે ઓછી પડતી હશે તો એ શક્તિ પણ હું તારી પાસેથી જ માગીશ. હે પ્રભુ ! તને પામવાની શક્તિ, ઓળખવાની બુદ્ધિ, સમજવાનું મન અને તારા સંબંધનું જ્ઞાન પણ અમને તું જ આપજે.

અમારા હૃદયમાં, મનમાં અને બુદ્ધિમાં ઉભરાયેલાં વિપરીત જ્ઞાનનો ક્ષય કરજે. આ માનવમંદિરમાં પ્રેમના અંકુરોનું બીજારોપણ પણ તું જ કરજે જેથી સુસંસ્કૃત માનવ બનવાના મારા પ્રયત્નમાં હું સફળ થાઉં.

• • •

આજના સુપ્રભાતે આપ સહુ સ્વજનોને યાદ કરીને અમે આનંદ અનુભવીએ છીએ. જેના અસ્તિત્વથી આપણા સહુનાં અસ્તિત્વ ટકી રહ્યાં છે એ જગદીશનો ત્રિકાળ આભાર માનીએ.

‘તું’ છે જેથી ‘હું’ છું. ઈશ્વર પાસે માગીએ કે ‘હું’ કાઢીને ફક્ત ‘તું’ જ રહે સર્વમાં ‘તું’ જ છે, છતાં અમે અમારી અપેક્ષાઓ તથા તારી લીલામય ભરેલી સ્વપ્નમય સૃષ્ટિમાં તુજને ભૂલી ગયા છીએ તે બદલ ક્ષમા માગીએ છીએ. તમારું માનમાંથી અપમાન થયેલું હોય, સ્વમાનભંગ થયેલો હોય-અતિરેકમાં કોઈ અવ્યવહાર થયેલો હોય તો તે ભૂલીને અમને આજના દિવસથી ક્ષમા આપી નવું વર્ષ સહૃદય પ્રેમથી સભર કરશોજી.

• • •

જ્યારે જીવનમાં પ્રીતિ આવે છે ત્યારે બુદ્ધિ વિદાય થઈ જાય છે.

• • •

મારા સિવાય મારું કોઈ જ નથી. આ ભારે ક્રાંતિકારી ઉપલબ્ધિ છે. ભારે સમાજવિરોધી વાત છે, કેમ કે સમાજ એ આધાર પર જીવે છે. બીજા આપણા છે, જ્ઞાતિના લોકો આપણા છે, દેશના લોકો આપણા છે, મારો દેશ, મારી જાતિ, મારો ધર્મ, મારું કુટુંબ, મારાનો આખો ખેલ છે. સમાજ જીવે છે ‘મારાની’

ધારણા પર, એટલા માટે ધર્મ સમાજવિરોધી તત્ત્વ છે. ધર્મ સમાજથી છુટકારો અપાવે છે. બીજાથી છુટકારો અપાવે છે અને ધર્મ કહે છે કે તમારા સિવાય તમારું કોઈ જ નથી. જેમ જેમ આ સ્મરણ સઘન થતું જશે કે ચૈતન્ય જ આત્મા છે, ચૈતન્ય જ હું છું અને બધા પર છે, પરાયા છે, વિજાતીય છે. તેમ તેમ તમારા જીવનમાં ક્રાન્તિનું પહેલું કિરણ પ્રવેશ કરશે.

• • •

ભગવાન દેખાતા નથી !

અહીંથી અમેરિકાનું કોઈ શહેર દેખાતું નથી તેનો અર્થ એ કે ત્યાં ક્યાંય કોઈ શહેર નથી ? તે શહેર જોવા માટે રસ્તો જાણવો જોઈએ. કોઈ જાણકારને પૂછવું જોઈએ. ભગવાનને જોવા માટે, સમજવા માટે સત્ય રસ્તો જાણવો જોઈએ અને તે રસ્તે ચાલવું જોઈએ. આ ચાલવું તે તપ છે અને દર્શન ભક્તિ છે. આને માટે અસ્તિત્વ ઉપર વિશ્વાસ, તેના સામર્થ્ય પર વિશ્વાસ, ન્યાય પર વિશ્વાસ જે થાય છે જે કરે છે, તે તે જ કરે છે અને યોગ્ય જ કરે છે તેવો દૃઢ વિશ્વાસ આવવો જોઈએ.

• • •

હકીકત કદી સ્થિર હોતી નથી. સતત ગતિશીલ હોય છે, મન તેને સ્થિર કરવા કોશિશ કરે છે જેમ કે કોઈ હેતુ કે પૂર્વવિચાર દ્વારા જોતાં જીવન ફેરફાર પામતી ચીજ - મૃત, સ્થિર બની જાય છે આથી જ જોવામાં આવે છે. તે સત્ય નથી હોતું.

• • •

હકીકત સાથે એકરૂપ થવાથી હકીકતને શુદ્ધ સ્વરૂપે જોઈ શકાતી નથી. હું મારા પુત્રને મારું જ સ્વરૂપ સમજું તો પુત્રની સમગ્ર વાસ્તવિક્તાને સમજી શકું.

• • •

આ દેહ દફન થાય, શરીરને જલાવી દે છતાં મન મરે નહીં, મન તો એક જ કહે.

મારું, મારું છોડે નહીં, 'હું-હું' છોડે નહીં, જો મન જાય મહાદેવ પાસે તો ભ્રમ રહે નહીં, પછી મારું જાય ત્યાં તુંહી તુંહી વાણી બજી રહે.

• • •

***દીપાવલી આપણને, ગુણ પ્રકાશ આપે, ભાવ પ્રકાશ આપે, પ્રેમ પ્રકાશ આપે અને જ્ઞાન પ્રકાશ આપે એવી ઈચ્છા કરીએ અને નૂતન વર્ષ આપણી આ ઈચ્છાને શુભ કરે, પ્રભુ તેમાં શક્તિ આપે***

આ દેહના તંબૂરના તાર બધાય બંધાય, સુવ્યવસ્થિત થાય ત્યારે મનમાં એક જ સૂર સધાય, તુંહી તુંહી તું.

• • •

બાકી, માખી બધે જાય ! વિષ્ટા પર પણ જાય અને સુંદર ભોજન પર પણ જાય. એક અગ્નિ પર ન જાય. આ 'મન' માખી જેવું છે. બધેય જાય પણ એક ભગવાનના ચરણ પાસે ન જાય.

• • •

'જે છે' તેને માત્ર જુઓ, શું હોવું જોઈએનો વિચાર સંઘર્ષ કરાવે છે. ઊર્જાનો વ્યય કરાવે છે. જેમ કે શાંતિ હોવી જોઈએનો વિચાર અશાંતિ - સંઘર્ષ લાવે છે અને ઊર્જાનો વ્યય કરાવે છે.

• • •

પોતાના ભૂતકાળને બદલાવવાની ક્ષમતા કોઈનામાં નથી. પણ ભૂતકાળમાં જે નિર્માણ કર્યું એમાંનું ઘણું બદલી શકાય છે. ખોટી દીવાલો તોડી શકાય, નવા મહાલયનું નિર્માણ કરી શકાય.

• • •

આવતી કાલની ચિંતા ન કરતા, કારણ કે સાચા અર્થમાં આવતી કાલ છે જ નહીં. જેમ વીતી ગયેલી ગઈ કાલમાં પાછા જઈ શકાતું નથી, તેમ આવતી કાલમાં પણ પ્રવેશી શકાતું નથી. એ કાલ જ્યારે પણ આવે છે ત્યારે 'આજ' બનીને આવે છે.

• • •

ઠંડીગાર અને નક્કર હકીકત સામે લાય જેવો ગુસ્સો એ કોઈ જવાબ નથી. આપણા આક્રોશમાં ગમે એટલો તાપ હોય તોય હકીકતની નક્કરતા ઓગળવાની નથી. આપણે એની આંટી સુલઝાવવા કોઠાસૂઝ અને તીવ્ર વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો પડે. ગુસ્સો તો આપણને નિર્બળ બનાવે.

• • •

સંસારનાં બધાં સુખ આવાં જ છે - જે ઉંમરની સાથે બદલાઈ જાય છે.

• • •

બુદ્ધિને વશ રાખવાથી સત્ત્વની સિદ્ધિ થાય છે.

***અમાપ ઉત્સાહી થઈએ, આત્મવિશ્વાસ વધારીએ, આત્મવત્ લાગણીવાળા થઈએ, ભાવવાન, તેજસ્વી અને શાંત થઈએ, સામર્થ્ય સંપન્ન વાણી બોલીએ, નિર્ધારયુક્ત થઈએ અને નિર્ભય બનીએ.***

શરીર અને આત્મા બન્ને અલગ અલગ છે અને બન્નેની વચ્ચે મન (અહંકાર) આડો ઊભો છે. શરીર અલગ છે. આત્મા અલગ છે. બન્ને મળીને ચાલે છે. મન ચાતુર્ય બતાવી શરીરને સમજાવે છે કે આ 'તું' છે.

● ● ●

આંખ બીજાને જુએ છે. હાથ બીજાને સ્પર્શે છે. મન બીજાનો વિચાર કરે છે અને આપણે સદા અંધારામાં ઊભા રહી જઈએ છીએ. દીવાનો પ્રકાશ બધા ઉપર પડે છે, માત્ર આપણે બાકાત રહી જઈએ છીએ એટલે આપણે પ્રકાશમાં ચારે તરફ ભૂલા પડીએ છીએ, બધી દિશાઓમાં યાત્રા કરીએ છીએ અને એક વસ્તુ અપરિચિત રહી જાય છે અને તે 'આપણે' સ્વયંને (પોતાને) ન જાણી શક્યા.

● ● ●

ક્વચિત કોઈ આખી સૃષ્ટિને પોતાની માને છે. કોઈ પોતાના દેશને જ પોતાનો માને છે કોઈ પોતાના ગામને કોઈ પોતાની જ્ઞાતિને અને વળી કોઈ પોતાના કુટુંબને જ પોતાનાં માને છે. તો કોઈ પોતાના ઘરને અને સંબંધીને જ પોતાના માને છે - આવૃત્તિ બેની અંતિમ પ્રગતિ સૂચવી જાય છે - જ્યારે પ્રત્યેક જીવમાં, પ્રત્યેક મનુષ્યમાં અને સકળ સૃષ્ટિમાં, તેનાં જ દર્શન પ્રાપ્ત થાય, પ્રત્યેક ચીજ 'હું' છું અને હું પ્રભુનો છું ત્યારે તે પ્રભુ સમીપ પહોંચી જાય છે.

● ● ●

જીવન-સત્યની શોધ બે માર્ગ દ્વારા થઈ શકે છે. એક, જ્ઞાની ક્યારેય કશું ત્યાગતો નથી. જે વ્યર્થ છે, જે નકામું છે તે છૂટી જાય છે. - અજ્ઞાની ત્યાગે છે.

● ● ●

મહાવીરની નગ્નતાથી પણ જે લોકોને ચિંતા નહોતી થઈ એમને પણ મીરાંના નર્તનથી વધુ ચિંતા થઈ તેઓ હેરતમાં પડી ગયા એટલે રાણાએ વિષનો પ્યાલો મોકલ્યો.

● ● ●

જે મન્સૂર માટે થયું, જે જિસસ માટે થયું એ જ સોક્રેટિસ માટે હતું. એ જ મીરાં માટે પણ ઉદ્‌ભવ્યું. જેણે ચીર દ્રોપદીને માટે પૂર્યાં હતાં તેઓ મીરાંનો વિષપ્યાલો પોતે ગટગટાવી ગયા.

***સાધુ, સજ્જન, રક્ષક, ધર્મસંસ્થાપક અને દૈવી જીવનને સાક્ષાત્કાર કરાવવાવાળું અજોડ તત્ત્વજ્ઞાન માનવોને આપીને આત્યંતિક પ્રેમથી લોકોના હૃદયસિંહાસન ઉપર સ્થાન મેળવીને જગદ્‌ગુરુ બની રહેલા પ્રભુ શ્રીકૃષ્ણને અનંત પ્રણામ.***

ઈશ્વરે આપણને આપેલી 'ઇન્દ્રિયો' આંખ-કાન-નાક- હાથ - પગ- મનનો હિસાબ આપણે તૈયાર કરેલો હશે તો આપણે જરૂરથી ઈશ્વરને જવાબ આપી શકીશું.

આ સંસારમાં કોઈ વસ્તુ સ્થિર નથી. ન મિત્રતા, ન પ્રેમ, કોઈ પણ વસ્તુ સ્થિર નથી. સંસારનો સ્વભાવ પ્રતિક્ષણ પરિવર્તન છે. આ એક વહેવું છે. એક વાત શોધવાની ચેષ્ટા કરજો, કઈ કઈ વસ્તુઓ છે જે ખોવાઈ જાય તો તમે દુઃખી થશો .....? તે ખોવાઈ જાય તે પહેલાં તમે તમારી પકડ તેમના ઉપરથી હટાવવી શરૂ કરી દેજો. આ મોહ 'જયનો' ઉપાય છે. પીડા થશે; પરંતુ આ પીડા વેઠવા જેવી છે; આ તપશ્ચર્યા છે.

● ● ●

મોહની શોધ કરો જે વસ્તુઓ વિના તમે રહી ન શકો, તેના વિના રહેવાની ધીરે ધીરે અંદરથી ચેષ્ટા શરૂ કરો, પણ એક એવી સ્થિતિ સર્જજો કે જો એ બધી ખોવાઈ જાય તો પણ તમારી અંદર કોઈ કંપન જાગે.

● ● ●

નવી ભૂલો કરો તો જીવનમાં ગતિ આવે, પ્રૌઢતા આવે.

● ● ●

એક વખત એક મહાત્માએ એક સાધુને પૂછ્યું, સાધુનું લક્ષણ શું....? તે સાધુએ કહ્યું કે રોટલો મળી જાય તો સ્વીકારી લેવો અને ન મળે તો સંતાપ ન માનવો. મહાત્માએ કહ્યું, આ તો કૂતરાનું લક્ષણ છે. એમાં સાધુપણું ક્યાં? કૂતરો પણ આમ જ કરે છે. મળી જાય તો ઠીક - ન મળે તો સંતુષ્ટ છે.

સાધુ નવાઈ પામ્યો અને તેણે કહ્યું કે આપ સાધુની શી વ્યાખ્યા કરો છો ....? મહાત્માએ કહ્યું, મળી જાય તો વહેંચીને ખાય અને ન મળે તો નાચીને પરમાત્માને ધન્યવાદ દે. એ સાધુ છે. એ તેને પકડે, રોકે, રાખે તો તે ગૃહસ્થ જ છે. વહેંચે તો સાધુ છે. પછી ભલે આનંદ હોય, જ્ઞાન હોય, ધ્યાન હોય, જે કંઈ મળી જાય તે વહેંચી આવે.

● ● ●

આત્માને કંઈ પણ વાસના નથી. બધી વાસના શરીરની છે. આત્મા વાસનારહિત છે. એટલા માટે ન તે ચાલી શકે છે, ન ચાલે છે. તમારું શરીર જ ચાલી રહ્યું છે.

● ● ●

જ્યાં સુધી ભિન્ન માનતા રહેશો ત્યાં સુધી તમે ભિન્ન કાયમ રહેશો. ભિન્ન આપણે

છીએ નહિ. આપણી માન્યતાએ જ આપણને સંકીર્ણ કરે છે. આપણી ધારણાએ જ આપણને બાંધ્યા છે. આપણા પોતાના જ ખ્યાલમાં, આપણા ખ્યાલના કારાગૃહમાં જ આપણે કેદ હોઈએ છીએ. અન્યથા ચારે તરફ ખુલ્લું આકાશ છે. ક્યાંય કોઈ દીવાલ નથી.

• • •

આપણે મરીશું તો જ નવાનો જન્મ થશે. આપણી રાખ ઉપર જ નવા જીવનની શરૂઆત થશે.

• • •

બીજની જેમ મરી જવું અને વૃક્ષ જેવું બની જવું. બિન્દુની જેમ ખોવાઈ જવું લહેરની જેમ ખોવાઈ જવું અને સાગર જેવા બની જવું - ડૂબી જવું, ખોવાઈ જવું, મટી જવું - આત્મ-સરોવરમાં પૂરેપૂરા નિમજ્જિત થઈ જવું. પછી આપણે મહાસાગર છીએ, વિરાટ છીએ, પછી આપણી કોઈ સીમા નથી, કોઈ દુઃખ નથી, પીડા નથી. પછી આપણે દીન નથી, દરિદ્ર નથી પછી આપણે સમૃદ્ધસંપન્ન સમ્રાટ છીએ. પરમાત્માની સમગ્ર વિભૂતિ આપણી છે.

• • •

હૃદયનો કોઈ છેડો નથી આપણે જેટલો પ્રેમ કરીએ એટલું જ હૃદય વિશાળતા પામે છે.

• • •

જાગૃતિ : જ્યારે આપણે જાગૃત હોઈએ છીએ ત્યારે બહારનું જગત તો દેખાય છે પણ પોતાનો કોઈ બોધ નથી હોતો. સંસાર તો દેખાય છે પણ આત્માની કોઈ પ્રતીતિ નથી હોતી. આ અર્ધી જાગૃત અવસ્થા છે.

• • •

સ્વપ્ન : બીજી અવસ્થા છે સ્વપ્નની આપણે તો દેખાતા નથી સ્વપ્નમાં. બહારનો સંસાર પણ ખોવાઈ જાય છે. ફક્ત સંસારથી બનેલા પ્રતિબિંબ મનમાં તરતા હોય છે. તે પ્રતિબિંબોને આપણે જાણીએ છીએ. જેમ કોઈ અરીસામાં ચંદ્રને જોતા હોય અથવા નહીં, ઉપર કોઈ આકાશના તારાને જોતો હોય, સવારે જાગીને આપણે વસ્તુઓને સીધી જ જોઈએ છીએ. સ્વપ્નમાં આપણે વસ્તુઓનું પ્રતિબિંબ જોઈએ છીએ, વસ્તુઓ દેખાતી નથી.

***આ પ્રેમ એ પ્રભુનો ઘોરી પથ છે એટલું જ નહિ પણ પ્રભુનું પ્રતીક છે, તેનું જ અસ્તિત્વ છે. આજના શુભ દિનથી ઊઠતાં-જમતાં- સૂતાં આ પ્રેમના મહાસાગરમાં આપણે ડૂબકી મારવાની કૃતજ્ઞતા પ્રભુ પાસે જ પ્રાર્થીએ.***

કાળચક્ર ફરે છે ને નવું વર્ષ આવે છે, જાય છે, આવતું રોકી શકાતું નથી ને જતું પકડી શકાતું નથી.

સુષુપ્તિ : ત્રીજી અવસ્થા છે ‘સુષુપ્તિ’, જેનાથી આપણે પરિચિત છીએ ત્યાં બહારનું જગત પણ ખોવાઈ જાય છે. વસ્તુઓનું જગત પણ અંધારામાં આવી જાય છે. પ્રતિબિંબ પણ નથી દેખાતાં, સ્વપ્નો પણ નથી દેખાતા, ત્યારે આપણે ગહન અંધકારમાં પડી જઈએ છીએ. તેને આપણે ‘સુષુપ્તિ’ કહીએ છીએ. સુષુપ્તિમાં ન તો બહારનું જ્ઞાન રહે છે ન અંદરનું. જાગૃત અવસ્થામાં બહારનું જ્ઞાન રહે છે અને જાગૃત અને સુષુપ્તિની વચ્ચે એક વચલી કડી છે ‘સ્વપ્ન’ જ્યાં બહારનું જ્ઞાન તો નથી હોતું પરંતુ બહારની વસ્તુઓથી બનેલા પ્રતિબિંબ આપણા મસ્તકમાં તરે છે તેનું જ્ઞાન હોય છે.

• • •

શક્ય હોય તો વાંચશો, સમજશો અને યોગ્ય જણાય તે વ્યવહારમાં મૂકશો.

• • •

વધુ ગમે તો તો તમે તમારા આત્મીયજનને પણ પ્રેમ કરી શકો છે.

• • •

એક મૂર્તિકારની વાત મને યાદ આવે છે. એક મૂર્તિકાર એક પથ્થરમાં મૂર્તિ કોતરે છે. કોઈ માણસ એ મૂર્તિ કેવી રીતે બનાવે છે એ જોવા આવ્યો ! પથ્થર છેદાતો જાય છે. છીણી પત્થર કાપતી જાય છે. પછી ધીરે ધીરે મૂર્તિ ઊઘડવા લાગે છે. આખી મૂર્તિ ઊઘડી જાય છે.

• • •

જે જોવા આવ્યો છે એ કહે છે તમે અદ્ભુત કારીગર છો. તમે જેવી મૂર્તિ બનાવી એવી મૂર્તિ મેં કોઈને બનાવતા જોયા નથી.
કારીગર (કલાકાર) કહે છે માફ કરજો, તમે કંઈક ખોટું સમજ્યા. હું મૂર્તિ બનાવતો નથી, માત્ર ઉઘાડું છું. અહીંથી નીકળ્યો હતો. આ પથ્થરમાં મને મૂર્તિ દેખાઈ તો જે બિનજરૂરી પથ્થરના ભાગો હતા એ મેં અલગ કર્યા છે અને મૂર્તિ જે છુપાયેલી હતી તે પ્રગટ થઈ ગઈ છે. હું બનાવનાર નથી, માત્ર ઉઘાડનાર છું. છીણી બિનજરૂરી (પથ્થર) ભાગ અલગ કરે છે.

• • •

કન્ફ્યુસિયસના આશ્રમમાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ હતો. તેમાં એક વિદ્યાર્થીને ગુરુદક્ષિણા આપવાની ચેષ્ટા રૂપે ગુરુપરીક્ષા કરવાની મતિ સૂઝી.

એક હાથમાં જીવંત જીવડું રાખીને ઉપરનો બીજો હાથ તેના હાથમાં મૂકી જીવડું હાથમાં બંધ કરી ગુરુ પાસે જઈ તેણે પૂછ્યું, મારા હાથમાં જીવડું છે. તે મરેલું હશે કે જીવતું તે આપ કહો.
ગુરુ ચાલાક હતા. વિદ્યાર્થીની તર્કવૃત્તિ સમજી ગયા. એટલે ગુરુએ કહ્યું:

ભાઈ! તું જેવો હશે તેવું તારા હાથે થશે તું ભલો હશે તો છોડી દેશે અને ભલો નહીં હોય તો તું તેનો જીવ લેશે. માટે જા, તારે જેવું થવું હોય તેવો થા !

(જેવું કરવું હોય તેવું કર, જેવું થવું હોય તેવો તું થઈ શકે છે. આ ભગવાને મનુષ્યને આપેલી સ્વતંત્રતા છે.)

• • •

નિષ્ફળતા જેવું કશું હોતું નથી. જે કોઈ નિષ્ફળતા જોવા મળે છે તે પ્રયત્નો ન કરવા સાથે સમાજની માન્યતાથી બધી રીતે સર્જાયેલી હોય છે. આપવું - દેવું - લેવું એ તો આત્માનો ખજાનો છે. જેમ જેમ તેનો ઉપયોગ થાય તેમ તેમ દિનપ્રતિદિન ક્ષણ ક્ષણ વધતો જ જાય છે.

• • •

બીજાને બદલવા એ તમારા હાથની વાત નથી. તમારા હાથમાં તો કેવળ પોતાને બદલવાનું છે. તમારા હાથની બહાર ચાલી ગઈ વાત. ભાગ્યને તમે કેવી રીતે બદલશો ...? ભાગ્ય તમારાથી ઉપર છે અને જો વિચારતા હો કે તમારા કપાળમાં (ભાગ્યમાં) વિધાતાએ લખી નાખ્યું છે તે બની રહ્યું છે, તો તમે એક પરતંત્ર યંત્ર બની જશો, તો તમે આત્મવાન નહિ રહો. ભલે ગમે તે આપની માન્યતા હોય - સમાજ, સંબંધી, ધાર્મિક, આધ્યાત્મિકમાં હું શું પગલું ઉપાડું છું....? તો આ વાતોમાં ધાર્મિક - આધ્યાત્મિક બંધન હોતું નથી. સમાજ - સંબંધી તો પોતાની માન્યતા પર જ નિર્ભર હોય છે. બાકી તો જીવનને જોવાની - સમજવાની રીત ઉપર જ બધું નિર્ભર છે.

• • •

અપેક્ષા છે, તમે તમારા દુઃખની કથા કહી હળવા થાઓ, અમે અમારા દુઃખની કથા કહીને. શક્ય છે કે આપને પરેશાન કરીને થોડું હળવાપણું ઉપલબ્ધ થઈ

***'તે'* દીનનો બંધુ છે,**
***ભાવિકનો રંગ છે,***
***જ્ઞાનીનો આત્મીય છે,***
***વાત્સલ્ય દેનાર માતા છે,***
***કર્મનો સાક્ષી છે,***
***ભક્તનો આનંદ છે, ગૌરવ***
***આપનાર પિતા છે,***
***નિરપેક્ષ પ્રેમી દાદા છે.***

જાય. સરવાળે બન્ને બરાબર થઈ જઈએ.

• • •

સહાનુભૂતિ નકલી પ્રેમ છે. આકાંક્ષા તો પ્રેમની હતી, પરંતુ પ્રેમને તો પ્રાપ્ત કરવો પડે છે. આપ શક્ય છે કે આપવામાં અસમર્થ હો તો કેવળ સહાનુભૂતિ આપશો તો કંઈક દુ:ખમાં થોડી સુખની કલ્પના - જાગતા નહિ તો છેવટે સ્વપ્નમાં પણ તૃપ્તિ ઉપલબ્ધ થઈ શકે.

• • •

ભીખ માગનારાને રસ્તા પર જુઓ ! તેણે ખોટા જખમ પોતાના શરીર પર બનાવ્યા હોય છે. તે બધા અસલી નથી. પરંતુ જ્યારે તે ખરેખર જખમી હોય - દુ:ખથી ભરેલો હોય ત્યારે તમારે પણ ‘ના’ કહેવી બહુ મુશ્કેલ હોય છે. ગ્લાનિ થાય છે. દિલ હોય તો ચોટ લાગે છે. આટલા દુ:ખી માણસને ના કેમ પાડવી, તે બોલી નહિ શકો. તમારે નકામી સહાનુભૂતિ બતાવવી જ પડે છે. પછી ભલે તે ખોટી હોય.

• • •

રસ્તો ખબર નથી તોય શું ....?
મંઝિલ નજર નથી તોય શું ....?
ડગમગી જાય જો કદમ તો ....?
ડગમગતાં કદમ પણ ચાલતા ઉપાડજો કદમ.

• • •

સગાંસંબંધી નથી કામનાં તોય શું .....?
મિત્રો કે સંગ જામના નથી તોય શું .....?
પારકાને પોતાના બનાવતાં હૃદય ઉઘાડશો.

• • •

શ્વાસોનાં પાંદડાં જો ખરી જાશે.
જિંદગી હાથમાંથી સરી જાશે.

• • •

હું જો ના હોઈશ કાલે સવારે.
તમને પાગલ યાદ આવી જશે.

***માનવીનું વૈશિષ્ટય શેમાં છે? હું છું તેમાં છે, હું કંઈક થઈ શકીશ તેમાં છે, હું કંઈક કરી શકીશ તેમાં છે, હું કંઈક બની શકીશ તેમાં છે, હું કંઈક બનાવી શકીશ તેમાં છે.***

જેનું મન ખાલી છે, શોધતું નથી, માગતું નથી, પૂછતું નથી તેવા મન પાસે સત્ય આવે છે.

• • •

સત્યના આગમન માટે હૃદય ભરપૂર અને મન ખાલી હોવું જોઈએ.

• • •

અંદરથી શાંત થવામાં આવે તો સત્યદર્શન થઈ શકે, પ્રયત્નો વડે કરવામાં આવેલું શાંત મન મૃત છે. તે સત્યને પામી ન શકે. પણ સમજણ વડે શાંત થયેલું મન સત્ય દર્શન કરી શકે.

• • •

વિચારોનો એટલે ભૂતકાળનો અંત આવતાં મન સંપૂર્ણ શાંત થાય છે. સત્ય ધીમે ધીમે સમજાય એમ નથી. સત્યદર્શન તો ઝબકારમાં થાય છે.

• • •

ભયમુક્તિ સત્યને સત્ય તરીકે, અસત્યને અસત્ય તરીકે સાફ રીતે જોવા માટે અનિવાર્ય છે. સત્ય વિક્ષિપ્ત કરે તેવું હોવાથી વ્યક્તિ સાહસિક, સંઘર્ષ માટે તૈયાર હોવી જોઈએ. તે રાહત કે સલામતી શોધતી ન હોવી જોઈએ. ભયના મૂળમાં કોઈ વિચાર હોય છે. આથી જો વિચાર શાંત થાય તો ભય નષ્ટ થઈ જાય અને સત્યનું દર્શન સ્પષ્ટ થાય.

• • •

સમજણમાંથી, સ્વજ્ઞાનમાંથી આવેલા આત્મવિશ્વાસ સાથે, એકલો ઊભો રહેવા સક્ષમ માનવી સત્ય શોધી શકે છે. જે વ્યક્તિ સમાજની અસરોથી મુક્ત હોય તે સત્ય જાણી શકે. સમાજનાં પાયાગત મૂલ્યો, મહેચ્છા, લોભ, ઈર્ષા, સ્પર્ધા, તુલના, પરિગ્રહ વગેરેથી મુક્ત સ્વતંત્ર રીતે જોતું -વિચારતું મન સત્યદર્શન માટે સક્ષમ હોય છે.

• • •

જ્યારે બુદ્ધિ થાકી જાયે છે ત્યારે હૃદય ખૂલે છે. વિચારપૂર્વક - વાસનાથી - ઈચ્છાથી - અભિપ્રાયથી કે પ્રયોજનથી કરેલાં કર્મ ફળ લાવે છે. કૃત્ય પ્રયોજનરહિત - ધ્યેયરહિત - ફળરહિત - વિચારરહિત શૂન્યમાંથી નીકળેલાં હોય છે.
સંયમ એટલે મધ્યમાં રહેવું, તે સાક્ષીભાવમાં જીવવું.

***ભગવાનની પૂજા કર્મથી કરવી હોય તો કર્મ કયા પ્રકારનાં હોય તે જાણવું આવશ્યક છે. કર્મ સ્વાર્થી હોય છે, કર્મ પરમાર્થી હોય છે, કર્મ પરાર્થી હોય છે, કર્મ પરમેશ્વરાર્થી હોય છે, કર્મ ઈશ્વરમય હોય છે.***

વિજ્ઞાન પદાર્થને બદલે છે. ધર્મ માનવને બદલે છે, જે માનવીને ઇન્સાન બનાવે. માનવીને સ્વયંનો સ્વભાવ સમજવાની પ્રક્રિયા બતાવે તે જ સત્ય છે. તે જ ધર્મ છે.

• • •

તૂ ખુદી સે અપની હૈ બેખબર,
યહી ચીઝ હૈ તેરી બેબસી,
તૂં હી અપને આપસે આસના,
તેરે ઇખ્તિયાર મેં ક્યા નહીં ?

• • •

યહ નઝર કા તેરી કસૂર હૈ,
તૂ હૂઈ કે પર્દે કો દે હટા !
તૂ હૈ બંદા તો મૈં ખુદા સહી,
તૂ મેરે કરીબ તો આ જરા !
મુઝે દેખ, અપને પે કર નઝર,
કોઈ બંદા કોઈ ખુદા નહી !

• • •

યહ ફસૂન-એ-ઈશ્ક-ઓ જમાલ હૈ,
તૂ અગર ના મુઝ સે જુદા !
તૂ મેરે બગૈર ના જી શકે,
મૈં તેરે બગૈર ન રહ શકું !

• • •

તેરા ઇશ્ક અસ્લ-એ-હયાત હૈ, તો બિના-એ-જિસ્ત વફા !
તૂ જો ચાહે કૌન સે દર્દ કી તેરે અપને પાસ દવા નહીં !

• • •

જિસે તૂ ગુના-ઓ-ખતા કહે,
વહ હૈ એક લફ્સ સે પાફક્ત !
તૂ સંભલ ગયા તો ગુના નહીં,
કોઈ ઔર ખતા નહીં !

• • •

***અહીં કોઈ હિન્દુ નથી કે મુસ્લિમ, કોઈ યુરોપી નથી કે એશિયાઈ, કોઈ પ્રાચીન નથી કે આધુનિક. અહીં છે, કેવળ માનવ અને કેવળ મહા મહિમાય પરમાત્મા.***

***આ*** ***સૃષ્ટિ એ બંનેની મિલનભૂમિ બની રહે એ માટે ચાલો આપણે આપણા જીવનમાં પ્રેમ, કરુણા, વિનમ્રતા અને સચ્ચાઈની એક હરિયાળી બિછાત પાથરીએ, ક્ષમા અને સહિષ્ણુતાના ધૂપદીપ પ્રગટાવીએ, આનંદ અને ઉલ્લાસનાં તોરણ બાંધીએ.***

તૂ મેરા હી શોક-એ-તલાશ હૈ,
તૂ હૈ હુશ્ન કા મેરે આયના !
કોઈ ઔર તેરે સિવા નહીં,
કોઈ ઔર મેરે સિવા નહીં !

● ● ●

આ સમસ્ત વિશ્વ તે એકનો જ આવિર્ભાવ છે, આ જે અનંત અનંત સ્વરૂપી છે, આ અનંત જે રૂપો છે તે સર્વની અંદર તે એક જ સમાયેલો છે.

● ● ●

જીવન જંગલ જેવું છે. અહીં બધી ચીજો એકબીજામાં ભળી ગઈ છે. રાત અને દિવસ જોડાયેલાં છે - અંધારું અને અજવાળું અલગ અલગ નથી. તર્ક તોડે છે અને અલગ રસ્તા બનાવે છે. જે જીવનને સમજવા નીકળ્યો છે જાણે કે તમે એક જીવનને નાનકડો બગીચો બનાવી લીધો છે. જિંદગીમાં ચાલવા માટે ભરોસો થઈ જાય છે પોતામાં, અને પોતે જ આ ભરોસો ઊભો કરેલ છે. જે તર્ક જ તોડે છે અને જીવન પાછું જંગલ નિર્માણ કરે છે. જન્મ અને મૃત્યુ અને જીવનની ધારા અવિરત રીતે ચાલી રહી છે. - જેમાં તર્ક કંઈ કામ કરી શકતો નથી. જિંદગી તર્કને માનતી નથી.

● ● ●

તું તારાથી જ અજાણ (તૂ ખુદી સે અપની હૈ બેખબર, યહી ચીઝ હૈ તેરી બેબસી) યોગ્ય કાર્ય કરવા માટે પહેલી જરૂરી વાત છે સ્વયં સાથે પરિચિત થવું, આત્મજ્ઞાન, પોતાનું જ્ઞાન, હું, કોણ, કેવો, શું છું ....?

● ● ●

મંદિર બનાવ્યું, મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી, કૃષ્ણ મૂક્યા, શંકર બેસાડ્યા - મહાવીર લાવ્યા, મસ્જિદ બનાવી - વડીલની સલાહ લીધી. છેવટે હોટેલ બનાવી.

● ● ●

જેનામાં મેળવવાની પાત્રતા હોય એમના માટે જ જ્ઞાન સર્જાયું છે. એટલે જ અપાત્ર કે કુપાત્ર લોકોથી એને છુપાવી રાખવું પડે અને જે એ તૈયાર હોય એમના સુધી જ એ પહોંચે એવી તકેદારી લેવી પડે.

● ● ●

ગધેડો છાપું વાંચે છે. (બંધન અને મુક્તિ) છાપું વાચતાં શીખી ગયો. જ્ઞાની થઈ ગયો. ભાષણ કરતો થઈ ગયો. - (મગજમાં નાખી દે છે) મોઢેથી કાઢી નાખે છે. દિલ્હી પહોંચી ગયો.

● ● ●

પરમાત્માએ દુનિયા બનાવી. જ્યાં સુધી માણસ બનાવ્યો ન હતો ત્યાં સુધી પરમાત્મા દરેક ચીજ બનાવતો જ ગયો. છેવટે તેણે માણસ બનાવ્યો. પછી બનાવવાનું જ બંધ કરી દીધું, કારણ કે ગભરાઈ ગયા પરમાત્મા તે જોખમી સિદ્ધ થયો. તેણે શોધખોળ શરૂ કરી દીધી. એક્સપરિમેન્ટ કરશે - પ્રયોગશાળા કે કોઈ લેબોરેટરીમાં જઈ - ટેસ્ટટ્યૂબમાં નાખી તપાસશે. ઈશ્વરે ગભરાઈને દેવોને પૂછ્યું. દેવોએ ઘણા ઉપાયો બતાવ્યા - પાણીમાં સમુદ્રને તળિયે - હિમાલયની ટોચે ચંદ્ર પર જાઓ - પહોંચી જાઓ.

એક વૃદ્ધ દેવે એક રસ્તો બતાવ્યો - તમે માણસની અંદર જ છુપાઈ જાઓ. ભગવાને આ વાત સ્વીકારી લીધી માણસ ઈશ્વરની બધે જ શોધખોળ કરે છે, પણ પોતે પોતામાં નહિ શોધે.

● ● ●

ધર્મશાળામાં એક શાહુકાર અને ચોરે રાત્રે નિવાસ કર્યો. શાહુકાર બહુ હોશિયાર હતો. જતાં જ ચોરની પથારીમાં જ પોતાનું જોખમ સંતાડી દીધું. ચોર આખી રાત શાહુકારની પથારીમાં શોધતો જ રહ્યો અને શાહુકાર આરામથી રાત્રિભર સૂતો રહ્યો.

● ● ●

'ધર્મ - વિચાર નહિ, ઉપચાર'

● ● ●

મનુષ્ય સાથે મન આવે છે અને મન વિભાજન કરે છે. વિભાજિત વ્યક્તિ શાંત નથી હોઈ શકતી. ખંડ ન કરો, અખંડ રહો. જો તમે સંસારમાં સંબંધમાં મૌન રહી શક્યા તો ધીરે ધીરે આ મૌન તમારી અંદર પણ પ્રવેશ કરી જશે.

● ● ●

સાક્ષી બનો, ન્યાયાધીશ નહિ.

***'જીવંત હોવા'ના આ નિત્ય ચમકારના વિસ્મય સૂરો છેડીએ અને નિષેધ ભક્તિમાં સમર્પિત કરીએ આ અહંકારને, જેથી આપણા જીવનમાં આપણાથી જે છે તેનું સૌંદર્ય ઝળહળી ઊઠે !***

સ્ત્રી અથવા પુરુષ આશ્રય માટે કે તૃપ્તિ માટે લગ્ન નથી કરતાં. આત્મીયતા માટે લગ્ન હોય છે. લગ્ન કરવાં પડે છે. મિત્રતા આપોઆપ જોડાય છે. આત્મીયતા વ્યક્તિના વ્યક્તિ પ્રત્યેના આદરમાંથી જન્મે છે.

● ● ●

ન્યાયથી નેતા, વિનયથી શિષ્ય, શીલથી નારી, શાંતિથી સાધુ, જીવનથી દેહ, સુકૃતથી આત્મા અને ધનથી ગૃહસ્થી રહેવામાં સુગમતા છે.

● ● ●

'જીવ હોય તો જ દેહનું મૂલ્ય છે.'

● ● ●

ઘણાના જીવનમાં પ્રશ્નો થોડા હોય છે. તેના ઉત્તર ભિન્ન ભિન્ન હોય છે. જેથી ગૂંચવાડા પેદા થતા રહે છે અને તે થતા જ રહેવાના, કારણ કે ઉકેલ શક્ય જ નથી, જ્યાં સુધી પોતાનું મન પોતાને સમજાય નહિ.

● ● ●

'પ્રણામનું પરિણામ આશિર્વાદ હોય છે.'

● ● ●

લાલચની કોઈ સીમા નથી. મમતાનો કોઈ અંદાજ નથી. માયાનો કોઈ અંત નથી. લોભનો કોઈ છેડો નથી. સ્વાર્થનો કોઈ અંદાજ નથી. હક્કની કોઈ રેખા નથી.

● ● ●

સત્ય સમજમાં રહેતું છે. સત્ય આચરણમાં રહેતું છે. સત્ય વિકારમાં રહેતું છે. સત્ય સુલેહમાં રહેતું છે. સત્ય સમર્થનમાં રહેતું છે.

● ● ●

તમારા માટેની, ક્ષમા કામના, ચાહના, નિરાશા, આંસુ, આશાનાં સપનાં અને કોઈ પણ ચીજવસ્તુની ઈચ્છા વિદાય થાય, વાસનારહિત મમતા માયા મોહરહિત જીવન બને ત્યારે 'મન' વિદાય લે છે, 'મન' પડી જાય છે પછી મનને રહેવા માટે કોઈ જગા રહેતી નથી.

● ● ●

આ બધી વસ્તુઓએ - વિચારોએ તમારા ઉપર અતિ સંપૂર્ણ ઘેરો ઘાલ્યો છે,

***આ**જના માંગલ્ય*
*સુપ્રભાતે જગતનું વર્ષ*
*બદલાતાં બદલાતાં જીવંત*
*જીવને ઈશારો કરતું જાય*
*છે' જીવન કંઈ બદલાણું?*
*જગતમાં જગદીશ તરફ*
*જોવાની દૃષ્ટિ સાંપડી?*
*જીવન ગતિશીલ બન્યું?*

જેમાંથી છલાંગ મારી બહાર નીકળવું જોઈએ.

• • •

આને ત્યારે જ જોઈ શકાય - સમજી શકાય - અનુભવી શકાય, જ્યારે 'ધ્યાન' પ્રગટ બને, રોજ જુઓ - ફક્ત જુઓ અને જેમ જેમ ધ્યાનથી જોતા રહેશો તેમ તેમ 'મારું' - વિદાય થતું રહેશે, - હુંમાં મારું છે શું ...? એક વખત જાણો બધું વ્યર્થ છે..... જ્યારે બધુ પરિવર્તનશીલ છે તો તમે તેનાથી આસક્ત શી રીતે થઈ શકો....?

• • •

મનમાં શાંતિ, ચિત્તમાં અનાસક્તિ, બુદ્ધિમાં અનાગ્રહિતપણું સ્થિરતા, આંખોમાં નિર્મળતા, હૃદયમાં કરુણા, વૃત્તિમાં સંયમ, વાણીમાં વિનમ્રતા, વર્તનમાં સહિષ્ણુતા, સહભાવ, સમભાવ, સહયોગ, સ્નેહ, સત્યાગ્રહ, સંવેદનશીલતા હશે તો માનવજીવન સાર્થક થશે.

• • •

અભય પ્રાપ્તિનો સચોટ માર્ગ છે શરણાગતિ અને સમર્પિતતા. નમસ્કારથી શરૂઆત કરી શરણાગતિ પર આવવું.

• • •

વિશ્વશક્તિના મૂળ સ્રોત તરફ પોતાની જાતને ઉઘાડવી હોય તો શરણમાં ગયા વિના કોઈ છુટકારો નથી.

• • •

ચિત્તમાં જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી ભય હોય છે. ભય અને અહંકાર એક જ શક્તિનાં નામ છે.

• • •

શરણાગતિનો પહેલો સંબંધ છે આંતરિક ભૂમિતિ સાથે જે તમારી અંદર ચેતનાની આકૃતિ બદલે છે. શરણાગતિને બીજો સંબંધ છે તમારી પ્રકૃતિના સાધારણ નિયમોનું અતિક્રમણ કરવાનો. કોઈ ગહન અર્થમાં શરણે જતાં જ તમે દિવ્ય બની જાઓ છો. સાધારણ કહેવાતા નિયમો, જે આપણાને બાંધી રહ્યા છે, તેનાથી આપણે ઉપર ઊઠીએ છીએ અને શરણાગતિનો ત્રીજો ફાયદો એ છે કે આપણા જીવનના દ્વારને ઈશ્વરની પરમ ઊર્જાના પ્રવેશ માટે ખુલ્લા કરી દે છે.

***ગત જીવનનો અનુભવ અને વર્તમાનનું કર્તવ્ય મળીને ભવિષ્યનું ભાથું બાંધીએ, જેની ફળશ્રુતિ સ્વાસ્થ્યયુક્ત, તકરારરહિત, અપેક્ષારહિત, નિર્ભયાત્મક, પ્રસન્નતાયુક્ત, દક્ષ અને સૂચિ-જીવનમાં પરિણમે.***

ફરી ફરીને યાદમાં રહે કે વિશ્વશક્તિના મૂળ સ્રોત તરફ પોતાની જાતને ઉઘાડવી હોય તો ગયા વિના કોઈ છુટકારો નથી.

● ● ●

યુદ્ધ કરવું કાયરનું કામ છે. દુશ્મનાવટ કરવી દર્દીઓનું કામ છે. દમન કરવું દિવાળિયાઓનું કામ છે. વેર રાખવું એ વિઘ્નને નોતરવાનું કામ છે. બેફામ માનવી ફાની દુનિયામાં બેફામ જીવે છે. જરા જુઓ - નીરખો, પશુઓ પણ ઋતુ પ્રમાણે જીવે છે.

● ● ●

પ્રેમ સર્જવો એ પરમાત્માનું કામ છે. અનેકમાં એક થવું એ ઈશ્વરની ક્રિયા છે. સજ્જનોને સાથ દેવો એ સર્જનહારનું કામ છે. હૃદયથી હૃદય મેળવવું એ હરિનું નામ છે. નિમિત્ત છે અનેક - અનેકમાં ઐક્ય થવું માનવનું કામ છે.

● ● ●

કોઈને મળવા જવાનું હોય. કોઈ મીટિંગમાં જવાનું હોય કે કોઈના પ્રવચનમાં જવાનું હોય ત્યારે બે સાઈડ લગભગ હોય છે. કાં તો કુતુહલવૃત્તિ હોય છે. અગર તો કંઈક જિજ્ઞાસા હોય છે અને જ્યારે જિજ્ઞાસા પ્રખર બને છે ત્યારે પોતાને રસ હોય ત્યાં માનવ પહોંચી જાય છે.

● ● ●

જ્યારે માણસને ભગવાનના બારામાં જાણવાની ઈચ્છા, અભિલાષા, રૂચિ અને પ્રખર જિજ્ઞાસા ઉદ્ભવે છે. ત્યારે તેનામાં સાધારણ રીતે ત્યાગ પ્રવેશ કરે છે.

● ● ●

આ શરીરનો જન્મ થતાં જ - પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મ ઈન્દ્રિય અને એક મન ક્રમબંધ પોતપોતાનું નાટક ચાલુ કરી દે છે.

● ● ●

'મન' - દૃષ્ટિ - વાણી - શ્રવણ - પ્રાણ - અને બુદ્ધિ ને શુદ્ધિ દિનપ્રતિદિન 'શુદ્ધ' સ્વચ્છ કરવાં જોઈએ અને શક્ય તેટલા મનથી, ઈન્દ્રિયોથી વિમુખ થવી જોઈએ.

● ● ●

મન, મગજ, ઈચ્છા, વાસના, હૃદય, વિચાર, ચિત્ત, લાગણી, સુખ, દુઃખ, ઔદાર્ય,

***જગતમાં નિરાવલંબન પ્રેમ એ જગદીશના અમૂલ્ય સંદેશમાંનો એક અતિ મૂલ્યવાન સંદેશ છે.....***

ચતુરાઈ, લોભ, ઈર્ષા, વેર, ક્રોધ, કામ કયા કયા સ્થળે શરીરમાં રહેલાં છે અને ક્યાંથી, ક્યારે ઉપસ્થિત અને શાથી થાય છે અને તેનો લય ક્યારે કેમ થાય છે....? તેનું પ્રત્યેક પળે નિરીક્ષણ કરવાનું હોય છે. તેના તરફ ફક્ત નિરીક્ષણ કરો. તેને હટાવવામાં કે આવકારવાના લફરામાં ન પડો. ફક્ત જોયા કરો, હાલતાંચાલતાં, કામ કરતાં, જમતાં, સૂતાં-જાગતાં પ્રત્યેક પળે તેનું ફક્ત નિરીક્ષણ કરતા રહો, જોતા રહો. મનુષ્યજીવનની પ્રવૃત્તિ જન્મ થતાં જ શરૂ થઈ જાય છે. સામાન્ય રીતે બહિર્મુખી પ્રવૃત્તિ વિશેષ હોય છે. તેમ આંતરપ્રવૃત્તિ કરનાર ઓછી હોય છે.

• • •

આ આંતરિક અવકાશની યાત્રામાં કોઈ ભૌતિક રક્ષાકવચ પહેરવાનું હોતું નથી. પણ પૃથ્વીના જે કંઈ રક્ષાકવચ કુદરતે આપ્યાં હોય તે ઉતારી નાખવાં પડે છે.

• • •

ઇન્દ્રિયો સાથે જોડાયેલું 'મન', મન સાથે જોડાયેલી 'બુદ્ધિ', બુદ્ધિ સાથે જોડાયેલું 'ચિત્ત' અને ચિત્ત સાથે જોડાયેલો અહંકાર 'હું' નો જીવતાં જ પ્રલય કરી નાખવામાં આવે 'તો' પ્રલયથી પર શું છે તેની ઝાંકી થાય.

• • •

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર માનવીને ઘુમાવે છે. ચકર ચકર ફૂદડી ફેરવે છે. જ્યારે આ ચારે તત્ત્વને શાન્ત કરી છેવટે લય કરી માનવી તેના તરફ ફક્ત જોતાં જ શીખી લે 'તો' એ ચારે તત્ત્વો માનવીને સ્વાધીન થઈને માનવીને જ્યારે જ્યાં જરૂરત જણાય ત્યાં ઘુમાવી શકશે.

• • •

જેવી રીતે મૂળિયાં (જડ) દેખાતાં નથી તેવી જ રીતે મનુષ્યની (જીવની) અંદર છુપાયેલો પરમાત્મા આપણને દેખાતો નથી. જ્યાંથી જીવન ફૂટે છે અને વિકસિત થાય છે તે જ દેખાતું નથી.

• • •

શરીર હંમેશાં જૂનાની માગણી કરે છે. મન હંમેશાં નવાની માગણી કરે છે શરીર આદતથી જીવે છે અને તે સદા પુરાણી હોય છે. શરીર નવા માટે એડજસ્ટ થતું નથી. મન નવાની માગણી કરે છે પણ તરત બીજી માગણી ચાલુ થઈ જાય

***પ્રભો ! પ્રજ્વલિત અગ્નિ જેવો તારો દિવ્ય પ્રકાશ અમારામાં વરસાવ. તારો દિવ્ય પ્રેમ રોમેરોમમાં પ્રવિષ્ટ થવા દે!***

છે, તેથી સ્થાયી સુખ નહિ મેળવી શકે.

● ● ●

આત્મના તળ ઉપર કાં તો દુઃખ હોય છે અને કાં તો આનંદ દુઃખ ગયું પછી જે શેષ રહી જાય છે તે આનંદ. તે આનંદની ખોજનું નામ છે ધર્મ. તે ખોજના વિજ્ઞાનનું નામ ધર્મ છે.

● ● ●

જાનવર ન તો ઉદાસ હોય છે કે ન કદી હસે છે. ઉદાસ થવું, બેચેન થવું કે હસવું માણસ સિવાય બીજું કોઈ જીવ જાણતું નથી. કારણ કે તેની પાસે મન છે.

● ● ●

માણસ એક યાત્રા છે પશુથી પરમાત્મા તરફની.

● ● ●

જો આપણે કામ ધ્યાનપૂર્વક કરીએ તો તે ધ્યાન પરમાત્મા તરફ લઈ જનારું બની જાય છે. વાત નિશ્ચિત છે કે ધ્યાનપૂર્વક જીવનની ક્રિયાઓ કરવાથી પરમાત્મા પ્રતિનાં નવાં દ્વારો ખૂલી શકે છે.

● ● ●

આત્મા સુધી પહોંચવા માટેનું સૂત્ર છે વર્તમાનમાં જીવવું - ધ્યાનપૂર્વક કાર્ય કરવું, કારણ કે વર્તમાનની ક્ષણ જ સ્વયંમાં પ્રવેશનું દ્વાર છે.

● ● ●

અજ્ઞાની ત્યાગ કરે છે. જ્ઞાનીથી ત્યાગ થઈ જાય છે. અજ્ઞાનીને ત્યાગનું સ્મરણ થાય છે તથા તેમાં તૃપ્તિ અને પુષ્ટિ થાય છે. પ્રેમ બંધન નથી, પરમ મુક્તિ છે.

● ● ●

જ્ઞાનીને ત્યાગનું સ્મરણ પણ નથી થતું. તેની ખબર પણ નથી રહેતી કે શું તેનાથી છૂટી ગયું તેની સ્મૃતિ અને બુદ્ધિ તો જે મેળવ્યું છે તેના આનંદમાં મગન હોય છે.

● ● ●

ધર્મ તો માર્ગ છે. માર્ગ માત્ર જાણવાથી નહીં, ચાલવાથી પૂરો થાય છે.

● ● ●

સીમાનું બંધન આઝાદીમાં પરિવર્તન કરી શકાતું નથી. સૃષ્ટિના નિયમમાં પણ

***હે પ્રભુ! આજના નૂતન વર્ષની તારી પ્રસાદી નાની હશે તો પણ તેની મીઠાશ નાની નથી. તેથી મારા સંતોષને સીમા નથી. તારી પ્રસાદીની ભૂખ વધતી જાય છે. દિન-પ્રતિદિન વૃકોદર બનતો જાઉં છું. પ્રભુ, હું અને મારું જીવન જ તારી પ્રસાદી કરી નાખ.***

કોઈ ફરક હોતો નથી. સમષ્ટ સૃષ્ટિમાં જીવો ખુલ્લા (નાગા) આવે છે અને ખુલ્લા જ (નાગા) વિદાય થાય છે. આવનારને અટકાવી શકાતું નથી તેમ જ જનારને પણ રોકી શકાતું નથી.

• • •

ધર્મ અને જાતિવાદે માણસ માણસમાં વિભાજન સરજ્યું, ભાષાવાદ અને જ્ઞાતિવાદે દેશનું વિભાજન કર્યું. દેશનેતાઓએ અને ધર્મધુરંધરોએ જાણેઅજાણે સરહદોનું સામ્રાજ્ય રચ્યું. અખંડ પૃથ્વીમાં સ્વતંત્રતાના નામે માણસને ગુલામ બનાવ્યો. અહીંથી ત્યાં જવું કે ત્યાંથી અહીં આવવું અગર અહીંથી ત્યાં મોકલવું કે ત્યાંથી અહીં લાવવું કહેવાતી સ્વતંત્રતા ઉપર કોણે બંધન બાંધ્યું...? સુરક્ષાને નામે સુનિયંત્રિત રીતે સુંવાળી કેદમાં સ્વતંત્રતાને કેદ બનાવી.

• • •

કહેવાતા દેશનેતા, કહેવાતા બની બેઠેલા ધર્મધુરંધરોએ મળી સુયોજિત એક પ્લાન બનાવ્યો. જેમની કૃપાથી જગતનાં તમામ અનિષ્ટો ફૂલ્યાં-ફાલ્યાં જાય છે. દરેક દેશના દેશનેતાઓ, ધર્મધુરંધરો પોતાની ખીચડી પકાવી રહ્યા છે.

• • •

સત્તા અને ધર્માંધતા નીચે, કહેવાતી સ્વતંત્રતાની ઝૂંપડી નીચે શિક્ષિત હોય છતાં લાચારોનાં શબો પર કુરબાનીના નામે કઢી હલાવે રાખે છે.

શું જાગૃત માનવ આનો અંત લાવવા પ્રયત્ન નહીં કરે....?

• • •

જીવન જીવવા જેવું છે. સમજવા જેવું છે. માણવા જેવું છે. ખિલવવા જેવું છે. કાંઈક કરવા જેવું છે. વહેવરાવવા જેવું છે. 'ત્રિકાળ' સંભારીને યાદ કરીને સ્મરણમાં રાખીને પ્રભુની કૃતિ - ભક્તિ કરવા જેવું છે. એકરાર કરી કરાર કરવા જેવું છે. 'શરીર આપણું નથી' સમજમાં ઉતારવા જેવું છે. માની લીધેલા અધિકારો સમર્પિત કરવા જેવા છે. સ્વર્ગ પામવાનું નહિ. નિર્માણ કરવાનું હોય છે.

• • •

જિંદગી પ્યારનું, પ્રેમનું સુસંગીત છે. તેને હરતરહ સે નિભાવવું વહાવવું એ જિંદગીની એક તરાહના છે. તેને નઝારોં સે વહાવવું જોઈએ. ભાવ, કૃતિ-

***મહામાનવના અંતકરણમાંથી વહેતી અમૃતધારાની સુરાવલી આપણા હૃદયમાં નસેનસમાં સમાવિષ્ટ થઈ સત્યની સરિતા આપણા હૃદયમાં ઉદ્‌ભવે અને સત્યમાં સમાવિષ્ટ થાય.***

ભક્તિથી સભર કરી લેવું જોઈએ.

• • •

ઊઠો જાગો અને જુઓ ! ફક્ત જગદિશ્વરને. બીજું કંઈ છે જ નહિ. દેખાય છે તે અંધકાર છે. સ્વપ્નો છે. સરી જતાં પહેલાં જાગૃત થાઓ ! અનંતને અનંતમાં સમાવી લો, 'હું' હટાવી 'તું'ને સમાવી લો, ભરી લો, ઓળખી લો, પોતાને! નિજને સમજી લો.

• • •

મનને ન ગમવા છતાં સ્વીકારવું એ તપ છે. અનાસક્તિમાં આસક્તિ ઊભી કરવી - એ કૌશલ્ય છે. જેને જોઈતું નથી તેને આપવું એ અતિ કૌશલ્ય છે. ઉન્મત્તતા કાઢીને સ્થિરતા અને સહનશીલતા પ્રાપ્ત કરવી એ સુજીવનનું પ્રથમ સોપાન છે.

• • •

ભગવાન બધાયને સુખી રાખવા પ્રયત્નશીલ છે. બંગલા વાળાને અને પટાવાળાને, ભૂખ, તરસ, ઊંઘ સરખી જ, પણ આપણી ઈચ્છાઓ- વાસનાઓની કોઈ સીમા નથી. 'ઈશ્વર સન્મુખ અને ઈશ્વર વિમુખ' આ સંસ્કૃતિ વચ્ચેનું યુદ્ધ છે. દિવ્ય શક્તિ સાથે અદષ્ટ શક્તિનો સાથ અનિવાર્ય છે. પ્રાર્થના વિકસિત જીવ માટે છે અને અર્ચના અર્ધગ્ધતા બતાવે છે.

• • •

જેને ભગવાન સમજાયા નહીં, ઓળખાયા નહિ, જેને ભગવાનનું કામ, કાર્ય સમજાયું નહિ, જેને એક લોહી બનાવવાવાળાની ઓળખાણ સમજ થઈ નહિ, જેને જીવનમાં પોતાનું આગમન કેમ થયું...? શા માટે થયું....? કયા હેતુ માટે થયું....? તે હેતુ સમજાયો નહીં, જેને સાથે શું લઈ આવ્યો છે, અને સાથે શું લઈને જઈ રહ્યો છે તેની સમજ પડી નહીં, જેને પોતાની વૃત્તિ, કૃતિ અને મતિની સમજ પડી નહીં તેનું જીવન કેવું કહેવાય.....?

• • •

ભારતીય સંસ્કૃતિ એ સાધના છે 'તું' સાથે છે, તું નથી તેમાં કાંઈ નથી મનનું મૃત્યુ એ તમારું જીવન છે, મનનું જીવન એ તમારું મૃત્યુ છે.

• • •

***પુસ્તક અધૂરું છે.
આપની ધારણા, વિચારો
વિના પુસ્તક માર્ગ પથિક
બની શકતું નથી..***

**જ્યા**રે ધનવાન માણસ નિર્ધન પાસે જતાં પોતાનું ગૌરવ સમજવા લાગશે ત્યારે તો આપનો મર્મ બરાબર સમજાયેલો જણાશે.

'સુરતથી કુદરતને પહેચાનો' 'બાજે તો ઝાંઝર, ન બજે તો પત્થર' સદૈવ કૃતિ-ભક્તિ કરતાં રહેવું એ ઈશ્વરની સર્વોપરી ભક્તિ છે.

● ● ●

શક્તિ પરમાત્માની કૃપાથી મળે છે. પરમાત્માની કૃપા હૃદયની નિર્મળતામાંથી સાંપડે છે. હૃદયની નિર્મળતાનું અમોઘ સાધન શુભ વિચારો છે. શુભ વિચારો સાત્ત્વિક જીવનથી ઉદ્ભવે છે.

● ● ●

ધર્મ અને અધર્મ તો સહુ સમજે છે, પણ અયોગ ધર્મ યોગ ધર્મ સમજવો મુશ્કેલ છે. ધર્મ અતિ સૂક્ષ્મ છે. મહા અધર્મને રોકવા માટે ક્યારેક દેખીતા અધર્મને આવકારવો પડે છે. જીવનની આ ગૂઢતાને જે પામી શકે છે એ ધર્મને પામી જાય છે. ખરેખર તો ધર્મ જીવન જીવવાની કલા છે. આ ચર્ચાનો વિષય કે બુદ્ધિ વિલાસ કે મનોરંજનની વસ્તુ નથી.

● ● ●

શિક્ષણ અને સંસ્કારમાં ફરક છે. શિક્ષણ આપી શકાય છે. સંસ્કાર જાગૃત થાય છે, સ્વયં શિખવા પડે છે, શિક્ષણ શીખવે છે સારા થવું. સંસ્કારથી સમજાય છે ખરાબ ન થવું. શિક્ષણની ભૂમિ છે પ્રસાર અને સંસ્કારની ભૂમિ છે આચાર. પુસ્તકોમાં વાંચીને પાણીમાં તરતા નથી શિખાતું, પાણીમાં સ્વયં પડવું પડે છે. સાહસ કરવું પડે છે. જોખમ ઉપાડવું પડે છે. વાચનથી પંડિતાઈ જ આવે છે.

● ● ●

બે કેદીઓની કોટડીઓ વચ્ચે દીવાલ પર ટકોરો મારીને વાતવિનિમય થઈ શકે છે. દીવાલ બન્નેને જુદા કરી શકે છે, પણ એ જ દીવાલ વાતવિનિમયનું સાધન થઈ શકે છે. આપણી અને ઈશ્વરની વચ્ચે પણ આવું જ છે. પ્રત્યેક જુદાઈ સેતુ છે.

● ● ●

આપણે આપણા જ બંદીવાન છીએ. આપણાં કામ, ક્રોધ, ઈર્ષા, લોભ ઇત્યાદિ આપણી કુંઠિત વિકૃતિઓ, સતત અભિમાન આપણને સંકડાશનો અનુભવ આપે છે. મુક્ત હોઈએ તો મોકળાશનો અનુભવ આપે છે. દીવાલ રચનારા પણ આપણે જ હોઈએ છીએ. સંસ્કૃતિની પરિભાષામાં કહેવું હોય તો જીવ અને શિવની વચ્ચે એક દીવાલ છે. જો ટકોરો મારીએ તો બન્ને વચ્ચે વાતનો પ્રારંભ

શક્ય છે. આઈસ બ્રેક થાય કોઈક દિવસ દીવાલમાંથી પણ બારી કે દરવાજો રચાય. આ તો દીવાલ છે એમ માનીને કશું કરીએ જ નહિ તો બેઉ જણ પોતપોતાની કોટડીમાં સબડયા કરે છે.

● ● ●

ટકોરામાં દીવાલને ઓગાળવાની તાકાત છે. તમારી તીવ્રતા કેટલી છે તેના પર આધાર છે, દીવાલ અંતરાયે એ હકીકત છે. પણ બન્ને વચ્ચેના અંતરને ભૂંસવાનું કામ અંતરાયને ઓળંગીએ તો થાય.

● ● ●

આપણી અને ઈશ્વરની વચ્ચે એક અંતરપટ છે જીવન અને મરણની વચ્ચે એક ઝાકળ પછેડી છે. મીરાંએ તો શયનખંડની ભાષામાં અપૂર્વ રીતે વાત કરી છે. ‘ઘુંઘટ કા પટ ખોલ રે તોહે પિયા મિલેંગે’.

● ● ●

સંબંધ થયો એટલો વિયોગ આવશે જ. યોગ, સંયોગ અને વિયોગનો અભ્યાસ કરવો જોઈએ. છૂટા થવામાં, છૂટા થતા બુદ્ધિમાંથી સ્થિરતા જવી ન જોઈએ.

● ● ●

બુદ્ધિદોષ સમજવો જોઈએ. વાસના, અજ્ઞાન અને મળવા-મેળવવાની અભિલાષાથી-ભાવનાથી, નિષ્ઠા બુદ્ધિ તણાઈ જાય છે. બુદ્ધિથી સ્વાર્થ સધાય છે. રોટલો મેળવાય છે અને તે જ બુદ્ધિથી જ્ઞાનની પણ ઉપલબ્ધિ થાય છે. અસ્થિરતા બુદ્ધિદોષ છે. બુદ્ધિને સમજવાની સમજણ હોવી જોઈએ. બુદ્ધિ સાથે વાટાઘાટ, ચર્ચાની તૈયારી હોવી જોઈએ. કંડિશન થિંકિંગ ન હોવું જોઈએ. વિચારોમાં આપલે હોય છે. વીમરસી થિંકિંગ થવું જોઈએ, ક્રિએટીવ થિંકિંગ થવું જોઈએ, ક્રિએશન થવું જોઈએ, હેતુ બરાબર ધ્યાનમાં રહેવો જોઈએ, બુદ્ધિનું ‘મેધા’માં રૂપાંતર થવું જોઈએ, અંજામ નિષ્કારણ્ય કાર્યમાં થવો જોઈએ, જ્ઞાનનું પરિણામ સ્વસ્થતા અને પ્રસન્નતાનું ઉદ્ભવસ્થાન છે. વિષમતા જવી જોઈએ, નિર્ભયતા પ્રાપ્ત થવી જોઈએ.

● ● ●

આપણે સમયના કૂવામાં જીવીએ છીએ. બધી ચીજ આવે છે જાય છે. બધી ચીજોનું વિભાગીકરણ થયું છે. કેટલીક ભૂતકાળ બની ગઈ છે. કેટલીક ભવિષ્ય

***આજના નૂતન વર્ષના પ્રથમ દિવસે થોડો વિચાર કરીશું... ? આપણે આ જગતમાં આવ્યા ત્યારે સાથે શું લઈને આવ્યા....? આ જગત છોડીને જઈશું ત્યારે સાથે શું લઈને જઈશું.....?***

છે અને થોડી ક્ષણો વર્તમાનની છે. જે એવી નથી કે ચાલી જાય છે.

● ● ●

વિશેષ ચેતના કાળ નિર્ભર નથી હોતો. માત્ર સૂતેલા લોકો સિવાય કાળ પર કોઈ જ નિર્ભર નથી હોતું. જાગી ગયેલી વ્યક્તિ સમયને અનુકૂળ થાય છે.

● ● ●

જીવન ઉપયોગિતાવાદી નથી. જીવન ખેલ જેવું છે. લીલા જેવું છે. વ્યક્તિનો આત્મા અને વ્યક્તિની ચેતનાનો અર્થ જ એ છે કે વ્યક્તિની ચેતના અંદર પરમ સ્વતંત્ર છે એને કોઈ બાંધતું નથી એને કોઈ બાંધી શકતું નથી. જિંદગી આપણા હાથમાં છે. ન કોઈ સમાજ, ન કોઈ પરિસ્થિતિ, ન કોઈ બહારનું દબાણ આમાં કોઈ ફેરફાર લાવી શકે નહિ.

● ● ●

જ્યાં સુધી આપણી જિંદગીમાં વિના કારણ કંઈ કરવાનો જન્મ નહીં થાય ત્યાં સુધી આપણી જિંદગીમાં ધર્મનો પણ જન્મ નહીં થાય. જે દિવસે આપણી જિંદગીમાં કંઈ અકારણ કરવાનું શરૂ થાય, આપણે વિના કારણે કરીએ, 'અનકંડિશનલ' કોઈ હેતુ ન હોય અને કંઈ કરવાનો આનંદ જ એક માત્ર હેતુ સર્જાઈ જાય છે.

● ● ●

આપણે આપણી જિંદગીને દમનની, 'સપ્રેસન'ની જિંદગી બનાવી દીધી છે. આપણે આપણી જિંદગી ઓછી અને દબાણને આપણે વધારી દીધેલ છે. આપણી જિંદગી ખીલતી નથી, કુંઠિત છે.

● ● ●

આપણે આપણી અંદર ઘણી બધી વૃત્તિઓને અટકાવી રાખી છે. કારાગૃહમાં નાખી છે. ડર અંદર છે. ગભરામણ અંદર છે. શાયદ બહાર નીકળી જાય. સમાજની સન્મુખ થઈ જાય. આપણી નબળાઈ છે આને માટે આપણે જવાબદાર છીએ. આપણે પોતાની સાથે આ દુર્વ્યવહાર કર્યો છે. આપણે આપણી સાથે જ આ અનાચાર કર્યો છે. આપણે આપણા પૂરા વ્યક્તિત્વને કદી નથી જાણ્યું.

● ● ●

જીવન સમસ્ત વિરોધોનો સમાગમ છે. અહીં ઋણ અને ધન વિપરીત નથી. એક

***જીવનમાં પ્રેમને એક આધ્યાત્મિક મૂલ્ય તરીકે અંગીકાર કરવાની જરૂર છે. માણસ જો પ્રેમ જ મેળવી શકવા સમર્થ ન બને તો તે પરમાત્માને મેળવવા કઈ રીતે સમર્થ બની શકે....?***

જ શક્તિના ખેલ છે. શાંતિ અને અશાંતિનો વિપરીત અર્થ છે. શબ્દકોશમાં જોઈશું તો સુખ અને દુઃખ વિરોધી છે. પરંતું જિંદગીમાં જોવા જઈશું તો દેખાશે કે સુખ દુઃખ બની જાય છે. દુઃખ સુખ બની જાય છે. અશાંતિ શાંતિ બની જાય છે. મૃત્યુ જન્મ બની જાય છે. જન્મ મૃત્યુ બની જાય છે. સવાર સાંજ બની જાય છે. દિવસ રાત્રી બની જાય છે. પ્રકાશ અંધકાર બની જાય છે. અંધકાર પ્રકાશ બની જાય છે. જીવનનું પૂરું પ્રતિક એટલે વિરોધાભાસ. જે સવાર છે પ્રભાત છે. જે પ્રકાશ છે એનું જ પ્રતિક એટલે જીવન....! સાંજનું શું થશે ? રાત્રીના અંધકારનું શું થશે.....? પૂર્ણિમાને તો આપ સંભાળી લેશો, અમાસનું શું થશે....? અમૃત તો આપ લઈ લેશો, ઝેરનું શું થશે.....?

● ● ●

'રાધા-કૃષ્ણ છે' કૃષ્ણની 'ધારા' રાધા છે, સમર્પણની રચિતા છે, રાધાએ કૃષ્ણ માટે બધું છોડયું. પણ નામ પાછળ ન જોડયું, નામ આગળ જોડાઈ ગયું. જે બધું સમર્પણ કરે છે તે બધું પ્રાપ્ત કરી લે છે.

● ● ●

વિકાર જવો જોઈએ, જેનો સ્વીકાર નહીં તેમ ધિક્કાર પણ ન હોવો જોઈએ. વિકાર મોહમાં ભીતિથી પ્રવેશ કરે છે.

● ● ●

તરસ એક બાજુ છે. પાણી બીજી બાજુ છે. ભૂખ એક બાજુ છે, ભાખરી બીજી બાજુ છે. આપણે તરસ અને જલનો, ભૂખ અને ભાખરીનો સંબંધ જોડી આપવાનો છે. આપણે આપણી ભીતર સ્વસ્થ રહી આપણી બહાર નીકળવાનું છે અને બીજા સાથે જોડાઈ આપણે આપણી સાથેનો નાતો -સંબંધ નિભાવવાનો છે. આપણે કેવળ આપણા પૂરતા જ હોઈએ તો સ્વાર્થી છીએ. નરસિંહ મહેતાના શબ્દોમાં કહીએ તો જે પીડ પરાઈ જાણે એ વૈષ્ણવજન કહેવાય. વિષ્ણુ ન થઈ શકીએ પણ વૈષ્ણવ તો થઈ શકીએ.....! તો પણ ઘણું-ઘણું છે.

● ● ●

બજારમાં જઈ શાક-ભાજી ખરીદતા આપણે જોઈ તપાસીને લઈએ છીએ. કેરી ખરીદતી વખતે તો જાત, ભાવ, ફળ, સુગંધ, રંગ મોટપ જોઈ પસંદ કરીએ છીએ, પણ પૈસા ઘરમાં લાવતી વખતે આવો કોઈ વિચાર કરતા નથી. પુરાણ

***પ્રેમ સરિતા છે, પરમાત્મા સાગર છે, જો આપણે સરિતા બનવા જ તૈયાર ન હોઈએ અને હાથ જોડીને પ્રભુપ્રાપ્તિ માટે પ્રાર્થનાઓ અને પૂજા-પાઠ કરવામાં જ રોકાઈએ તો સાગર સાથે મિલન અસંભવિત છે.***

કાળના ઘરમાં ઉંબરા હતા. જેનું કોઈ કોઈ જગાએ આજે પણ પૂજન થાય છે, શા માટે.....? ફક્ત લક્ષ્મીજી અંદર આવે તે માટે....? ઉંબર આપણને બહાર જતા પૂછે છે.....? બહારથી અંદર આવતા પૂછે છે શું કરીને આવ્યા.....?

● ● ●

જીવમાત્રના ચહેરા મહોરા રંગ અંગ હાવ-ભાવ -ઉપાંગનું ફલિત - વિચાર, આચાર, વિનિમય, કામના, મહેચ્છા, ઈચ્છા, વાસના અપેક્ષાઓને આધીન હોય છે. તેમ જ તેનું વર્તન, ચહેરો, કપડાં, ખાન, પાન, સ્વભાવ, તેની વૃત્તિની ચાડી ખાય છે. પરિવર્તન સંસારનો નિયમ છે.

● ● ●

પરમ આનંદ શું છે? શરીર જાણે છે દેહસુખ, મન જાણે છે. પ્રસન્નતા - હૃદય જાણે છે હર્ષોલ્લાસ, જ્યારે પ્રેમ બદલામાં કંઈ માગણી નથી. કરતો બસ, આપવામાં તત્પર રહે છે. ત્યારે અપ્રગટ મહિમા પ્રગટ થાય છે. એ છે કરુણા-કરુણા ઉચ્ચતમ ઘટના છે. યોન પાશવિક છે, પ્રેમ માનવીય છે. કરુણા દિવ્ય છે. યોન શારીરિક છે, પ્રેમ માનસિક છે. કરુણા આધ્યાત્મિક છે.

● ● ●

મન એવું કંઈ જ નથી કરી શકતું જેમાં પ્રયાસ ન હોય. તેમ કોઈ પણ ચીજને પ્રયાસરહિત દર્શાવી દો, આખી વાત જ વ્યર્થ દેખાવા લાગે છે.

● ● ●

સંસારમાંથી પસાર થાઓ પરંતુ સંસારનો ભાગ ન બનો. સંસારમાં જીવો પરંતુ સંસારને તમારી ભીતર સક્રિય ન થવા દો.

● ● ●

જગતમાં કોઈ બદમાશ હોય છે....? આ તો આપણા શાણપણની બદમાશી છે. આ સર્વ તો એ પરમ સત્યનો પ્રસાર છે. ઈશ્વરે પોતાના રંજન માટે આ જગતનો ખેલ રચ્યો છે. જગતમાં કોઈ હરામી નથી.

● ● ●

સર્વ ધર્મનું મૂળ એક જ પરમાત્મા છે. બધા પંથો તેને માટે બન્યા છે. પરંતુ પોતાની પ્રેરણાથી પંથને બનાવનાર તે એક ઈશ્વરને અનેક રૂપે રજૂ કરે છે. કેટલાય અલંકારો બનાવો પણ તે બનશે તો એક સોનામાંથી જ.

***પરમાત્માનો સાગર પ્રાપ્ત થશે. પરમાત્માના અસીમ પ્રકાશની આશા રાખનારે પોતાનું સંપૂર્ણ જીવન પ્રેમના ગીતસંગીતથી સભર કરવું જોઈએ.***

ભેદભાવની વૃત્તિવાળા ભલે દુકાનદાર હોય તે રીતે ઉચ્ચ અને નીચનું માપ કાઢયા કરે. સર્વાત્મ દૃષ્ટિમાં સ્થિર થયેલા, પ્રભુના ચરણકમળમાં ઝૂકી ગયેલા એવા સંતોને હું મારું મસ્તક ઝૂકાવું છું. મારો અહંકાર હું આવા ભક્તોના ચરણકમળમાં અર્પણ કરું છું.

• • •

કઠોર વચનો આંતરશુદ્ધતાની નિશાની છે. આત્મપ્રસંશા એ અપ્રાપ્તિની નિશાની છે. નિષ્ઠુરતા એ ઘૃણાનો પુરાવો છે. ભેદભાવ એ અજ્ઞાનગ્રંથીરૂપી કેન્સરનો સૂચક રોગ છે.

• • •

પોતાની જાતે અનુભવ મેળવ્યા વગર કોઈ પણ માણસ ખરો ધાર્મિક થઈ શકતો જ નથી.

• • •

સ્વાનુભવ વગરના ભક્ત કરતાં સ્પષ્ટવાદી નાસ્તિક વધારે સારો.

• • •

જીવનમાં સફળતા માટે મનની એકાગ્રતાની અતિ જરૂરિયાત છે. સંકટ જીવનની ઉન્નતિનું પ્રથમ સોપાન છે.

• • •

જે ફળ અને આપેક્ષારહિત કર્મમાં ચિંતિત રહે છે તે સર્વોત્તમ છે.

• • •

જે પળ આપણે જીવીએ છીએ તે વર્તમાન હોય છે. ભવિષ્ય તો વિચારમાં રહેલું છે. તેથી ભયનું કારણ વિચાર છે. મન એ શરીરની ચોક્કસ પ્રકારની અતિ સૂક્ષ્મ અવસ્થા છે. મન શરીરની ઉપર પોતાની અસર ઊપજાવી શકે છે. તેવી જ રીતે શરીર મન ઉપર પણ અસર ઊપજાવી શકે છે.

• • •

શાસ્ત્રીય રીતે અંતઃકરણના ‘મન’ નામના પેટાવિભાગનું કાર્ય બહારથી આવતા વિચારને વેગ આપવાનું છે. બુદ્ધિ આ વિચારોમાં મન દ્વારા વેગ આપે છે. બુદ્ધિ આ વિચારોમાં મન દ્વારા વેગ મેળવીને સંકલ્પ-વિકલ્પમાંથી નિર્ણય કરે છે. ચિત્ત જ ચિંતન કરે છે, વારંવાર વાગોળે છે. ચિત્તની જ ચારણીમાંથી વૃત્તિઓ

***પ્રેમના સંબંધમાં પુસ્તકો છે, પરંતુ પુસ્તકોમાં કોણે, ક્યારે પ્રેમને જાણ્યો છે.....?***

આંતરમનમાં પ્રવેશે છે.

• • •

હકીકતમાં અંતઃકરણના ચાર ભાગ કલ્પેલા છેઃ (૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત (૪) અહંકાર. આ ચારે પર વિવેક અથવા આપણી પ્રજ્ઞા છે.

• • •

કર્મ વૃત્તિઓનું પરિણામ છે અને વૃત્તિ એ વિચારોમાં ઉત્પન્ન થતી એક શક્તિ છે. વૃત્તિનું ઉદ્‌ગમસ્થાન મન છે. જેથી મનને કર્મ સાથે પૂરો સંબંધ છે.

• • •

કર્મ આપણા સુખ અને દુઃખના હેતુરૂપ છે. વૃત્તિ વિચારોના તરંગ છે. વિષયો સાથે ઈન્દ્રિયોના સંગને કારણે મનમાં ઉત્પન્ન થાય છે.

• • •

મનમાં વિચાર તરંગના સ્વરૂપમાં ઉદ્‌ભવે છે. તેથી કર્મનું કારણ આપણું મન છે તે સ્પષ્ટ છે. કર્મ એટલે મનનું ગતિમય પ્રવાહી સ્વરૂપ ! 'ધ્યાન એટલે મનની અનુપસ્થિતિ'. મનનો સ્વભાવ જાણ્યા વિના આપણે કંઈ કરીશું તે ક્રિયા જ હશે-

• • •

મનને સમજવું જ પૂરતું છે. તેને સમજી લેતાં જ વિકારો કે સંસ્કારોથી મન મુક્ત થઈ જશે મનની સમજથી વિકારો ખરી પડશે, સંસ્કારો તૂટી પડશે.

• • •

સત્ય એ જ છે જે કંઈ નથી : જે કંઈ નથી એ જ 'તે' છે. એ જ સત્ય છે. શબ્દો બહુ જ ગોટાળાભર્યા લાગે છે. પણ મનન, ધ્યાન દ્વારા તેને ઉકેલો તો સમજાઈ જશે.

• • •

અહીં જગતમાં બીજું કોઈ કંઈ નથી. બંધ દ્વાર ઉઘાડી નાખો. અંદરથી બહાર આવો અને મટી જાવ, સમાપ્ત થઈ જાઓ.

• • •

ઈમાન એક જ હોય છે. નૈતિકતા એક જ હોય, નીતિનિયમ અનેક હોય છે. સંસ્કૃતિ આગળ આગળ કદમ ભરતી હોય છે.

• • •

***બુદ્ધિમાન માણસ પાસે ઉત્તર કદી તૈયાર હોતા નથી. તે પ્રશ્નોનો સાક્ષાત્ સામનો કરે છે.***

ધર્મ નૈતિકતા ઉપર રહે છે. ધર્મહીનને નૈતિકતા સમજાતી નથી. ધર્મ ચીલાચાલુ નથી. ચીલાચાલુ અણસમજ કે દંભ જ હોય છે.

• • •

ફળથી ઝાડ ઓળખાય છે અને ઝાડના ગુણધર્મથી ફળ નીપજે છે.

• • •

ન પકડવા જેવું છે - ન છોડવા જેવું છે. સમસ્યા જ હોય તો જગતમાં બધી જ વસ્તુ સમસ્યા જ છે - જીવન વ્યર્થ છે. જીવન અસાર છે તેવું સમજાય તો આપણને બીમારી શરૂ થઈ ગઈ છે.

• • •

જે છૂટવા યોગ્ય હશે તે છૂટી જશે. જે પકડવાયોગ્ય હશે તે પકડાઈ જશે. તમે જીવનના પથ પર સરળતાથી જાઓ.

• • •

મંદિરમાં સમર્પણ, સેવા, પ્રેમ, કરુણા અને સત્ય પ્રીતિના વિચારો સમાયેલા હોય છે, જેને આપણે મંદિર કહીએ છીએ.

• • •

ટૂંકમાં સંસ્કાર, જાતિ, સ્વભાવ બદલવાના છે. વાંદરા, રીંછ, ઘોડા, હાથી, કૂતરાના સ્વભાવ બદલવા થોડા સહેલા છે, પણ કહેવાતા બૌદ્ધિક માણસોને બદલવા, જાગૃત કરવા, સમજાવવાનું કામ અશક્ય નહીં તો પણ અઘરું જરૂર છે.

• • •

મુક્તિ અને બંધન બેઉનો વિચાર યોગી કરે છે.

• • •

બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ત્રણે એક જ અંતઃકરણનાં સ્વરૂપો છે અને એ ત્રણેની ઉત્પત્તિ મનમાંથી જ થયેલી છે.

• • •

અંતઃકરણ પ્રકૃતિમાંથી નાના પ્રકારની શક્તિઓ ગ્રહણ કરીને પ્રથમ સંકલ્પ વિકલ્પરૂપે, વિચારરૂપે, એ મનને પ્રગટ કરે છે.

• • •

જ્ઞાન શક્તિસ્વરૂપ છે. કોઈ પણ વસ્તુ વિષે જ્ઞાન થયા પછી જ આપણે તેના પર

***આ દુનિયા દુર્જનોની દુષ્ટતાને લીધે નથી પીડાતી એટલી સજ્જનોની નિષ્ક્રિયતાને લીધે પીડાય છે.***

કાબૂ મેળવી શકીએ છીએ.

• • •

જ્યાં બુદ્ધિ પ્રવેશ કરી શકતી નથી ત્યાં અંતઃકરણ જઈ શકે છે. એ પ્રદેશ તે જ્ઞાનાતીત અથવા પૂર્ણ ચૈતન્યનો પ્રદેશ કહેવાય છે. અંતઃકરણની પૂર્ણ એકાગ્ર અને જ્ઞાનાતીત અવસ્થા જેને સમાધિ કહે છે તે સિદ્ધ થાય છે ત્યારે અંતઃકરણ બુદ્ધિના પ્રદેશથી બહુ જ આગળ નીકળી ગયેલું હોય છે.

• • •

મનને ઊંચામાં ઊંચા આંદોલનવાળી સ્થિતિમાં લઈ જવાની ક્રિયાને યોગશાસ્ત્ર એક જ શબ્દમાં સમાધિ કહે છે.

• • •

આપણી હિન્દુ સંસ્કૃતિ મુજબ શિક્ષા અને શિક્ષણ બન્ને મળવાં જોઈએ. છતાં શિક્ષા પ્રત્યે દુર્લક્ષ સેવાય છે અને ફક્ત શિક્ષણને જ પ્રાધાન્ય અપાય છે. શિક્ષા આપવાનું કામ માતૃપક્ષે છે, જે 'માં'માંથી અંદરથી ઉપલબ્ધ થયેલું છે અને શિક્ષણ પિતૃપક્ષે છે, જે બહારથી પ્રદાન કરવામાં આવે છે.

• • •

આપણા વૈષ્ણવ સંપ્રદાયનો મહામંત્ર શ્રીકૃષ્ણ શરણમ્ મમ એ બોલવો એક વાત છે અને અર્થપૂર્ણ બોલવો એ બીજી વાત છે. આ બોલવાથી કોઈ કોઈને શરણમાં લેતું નથી, પણ આપણા જીવનમાં આ મંત્રનો અર્થ સાકાર થયા પછી તેની શક્તિનું પ્રાગટ્ય કોઈ અલૌકિક જ અનુભવાય છે અને ત્યાર પછી જ શરણાગતનો સ્વીકાર થઈ શકે છે. નાસ્તિક પણ ભગવાનમાં માનતા હોય છે. પણ પોતાનામાં ભગવાન કરતાં વધારે આવડત છે તેમ સમજતા હોય છે - બુદ્ધિનો વિપર્યાસ છે એનું નામ રાક્ષસી બુદ્ધિ.

• • •

માણસ એટલે અન્ય લોકોનાં આદર અને પ્રશંસા ઝંખનારો દ્રવ, જે પોતાની જાતને મહાન જ સમજતો હોય છે, પૈસો હોય એટલે સર્વગુણસંપન્ન થઈ ગયેલો માની લે છે.

• • •

એવી જ રીતે - સંસ્કૃતિ સંસ્કાર પરાપર્વથી ઘરમાં ચાલી રહેલી માન્યતા રીતરિવાજ

***એક વાત, જગત સત્ય છે. મનુષ્ય જે કંઈ કરે છે - કરી શકે છે તેમાં માત્ર તેની બુદ્ધિ, શક્તિ અને સામર્થ્ય નથી હોતાં. ઈશ્વરનો કે કોઈ પરમ તત્ત્વનો તેમાં છૂપો હાથ હોય છે. તેના વિના મનુષ્ય કંઈ કરી શકતો નથી.***

આ બધું બદલાવવા એટલે ઉપરથી ભગવાનને ઉતારવા બરાબર હોય છે.

• • •

પારકી પંચાત-બીજા વિશે વિચારો - જેમાં કંઈ જ લાલસા ન હોવા છતાં કુતૂહલ પણ કેટલી દોષિત બની જાય છે. મુસીબતો ખડી કરી દે છે. દોષી બની જાય છે.

• • •

ખરેખર પ્રભુનો આભાર માનીએ તેટલો ઓછો છે, કારણ કે જીવમાત્રને મૃત્યુની બક્ષિસ ઉદાર દિલે આપી દીધી છે.

• • •

સંજોગોની સામે ઊભા રહેવું તે વિકાસ છે. સંજોગોમાં છુપાઈ જવું તે માનવની પીછેહઠ છે.

• • •

વર્તન પરથી વિકાસ સમજાય છે તેમ જ હઠાગ્રહથી માનવીની અર્ચના ખૂટી પડે છે.

• • •

સંધ્યા અને પ્રભાતનું મિલન ક્યારેય થયું નથી, થતું નથી અને થશે નહીં. વિશ્વાસ એટલે મન અને બુદ્ધિથી કરેલો નિર્ણય અને શ્રદ્ધા એટલે ઈશ્વર મિલનની હૃદયની ખાત્રી પરમેશ્વરના અસ્તિત્વ અને પ્રભુતાની ખાત્રી બુદ્ધિથી થયેલી ન હોય તો પરમ શ્રદ્ધા પ્રાપ્ત થાય નહિ ખાત્રી થયા પછી ધીમે ધીમે તેની લગની લાગે અને પછી તેનાથી છૂટું પડી શકાય નહીં ત્યારે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે આ બન્ને સાધનોથી ઈશ્વરપ્રાપ્તિની તીવ્ર ઉત્કંઠા ઉત્પન્ન થાય છે.

• • •

શિક્ષણ અને સંસ્કારમાં ફરક છે. શિક્ષણ આપી શકાય છે. સંસ્કાર સ્વયં શીખવા પડે છે. શિક્ષણ શીખવે સારા થવું. સંસ્કારથી સમજાય છે કે ખરાબ ન થવું. સંસ્કારની ભૂમિકા આચાર છે. પુસ્તકોમાં વાંચીને પાણીમાં તરતા નથી શીખાતું. જાતે પ્રેક્ટિકલ ઊતરવું પડે છે.

• • •

મનની સંપૂર્ણ મુક્તિ ! એ આપણા માટે નથી. આપણે આ જ સંસારમાં જીવવું છે. પ્રવૃત્તિ બાહ્ય છે. નિવૃત્તિ આંતરિક છે. બાહ્ય વૃત્તિ નર છે અને આંતરિક વૃત્તિ વાનર છે.

***કોઈ અદૃશ્ય તત્ત્વ આપણી પાસે આ સંસારનો ખેલ જેમ કઠપૂતળીવાળો તેના પૂતળાને નચાવે છે.***

સમય હરેક પળે સરકતો જ હોય છે. ફૂલ રાત્રે હોય તેવું સવારે હોતું નથી. તો હરેક જીવ પળે-પળે બદલાતો જ રહેતો હોય છે. શું આપને તત્ત્વવેત્તા કહું, આધ્યાત્મિક કહું, કે ભક્ત કહું....?

• • •

ખરેખર ઉંમરની છાયામાંથી કોઈ બાકાત રહી શકતો નથી. ઊંઘતા માણસને જગાડવો સહેલો હોય છે, પણ જાગતા માણસને જગાડવો કઠિન છે. તેને બેઠો કરવા તો પ્રભુની કૃપા દૃષ્ટિ જ જોઈએ છે.

• • •

નાની ઉંમરના હોઈએ છીએ ત્યારે - કાકા - બાપા - દાદાનો ઘણો જ સહારો આપણને હોય છે. ઉંમર પ્રમાણે તે સહારો દિનપ્રતિદિન ઓછો થતો રહે છે. આ સંજોગોમાં કાં તો બધી વસ્તુ ભગવાન પર છોડીએ છીએ, અગર કાં તો આપણે કોઈ વાત્સલ્યયુક્ત પુત્રપુત્રાદિ સમૂહ પર છોડીએ છીએ.

• • •

ભવિષ્યને વર્તમાન દ્વારા ખરીદી શકાય છે. બદલાવી શકાય છે. ઈચ્છિત બનાવી શકાય છે.

• • •

જીવનનું અંતિમ ચરણ એટલે 'મૃત્યુ'. મૃત્યુ સદા માંગલ્યમય જ હોય છે. પણ નિજી સ્વાર્થ જિજ્ઞાસા આગળ આપણને સહુને મૃત્યુ દુઃખમય જ લાગે છે.

• • •

'દયા' અપરાધીને શિક્ષા ન આપે તો દયાનો નાશ થઈ જાય છે. ઈશ્વર એકસાથે દયાળુ અને ન્યાયકારી કેવી રીતે થઈ શકે....? કારણ કે બન્ને ગુણો પરસ્પરવિરોધી છે. ન્યાયનો અર્થ એ છે કે કર્મો અનુસાર સુખ-દુખ પહોંચાડવું અને દયાનો અર્થ એ છે કે અપરાધીને સજા કર્યા વિના છોડી દેવો.

• • •

બધાના મનમાં સુખી થવાની અને દુઃખમાંથી છૂટવાથી જે ઇચ્છા અને ક્રિયા થાય છે તે જ દયા છે. અને બંધન છેદન વગેરે યથાયોગ્ય સજા કરવી એ જ ન્યાય છે.

• • •

***આપણે તો ઈશ્વરના હાથમાંની પેન્સિલ જેવા છીએ. લખવાનું કામ તો તેઓ કરે છે.***

સ્નેહથી નીતરતા,

પ્રેમથી સભર ભાવથી

ભરપૂર જગદીશના

જગતમાં આ જીવ આવેલ

છે. તેમાં મારું (કર્તૃત્વ)

શું....? કે જે હું આપવા

જેટલું ઔદાર્ય દાખવી

શકું? તેમ જ લેવા જેટલો

અધિકાર સેવી શકું?

બધાં કર્મોનું યથાયોગ્ય ફળ આપવું એ જ ઈશ્વરનું કામ છે, માફી આપવી એ નથી.

• • •

ઈશ્વરમાં ઈચ્છાની સંભાવના નથી, છતાં કરુણાનિધિ પણ છે.

• • •

પોતાનાં કર્તવ્ય-કર્મોમાં જીવ સ્વતંત્ર છે અને ઈશ્વરની વ્યવસ્થામાં જીવ પરતંત્ર છે.

• • •

ચામડી પરથી કવચકુંડળ ઉતારી દેવાં સહેલું છે પણ માન્યતાનાં, પ્રતિષ્ઠાનાં, પ્રણાલિકાનાં ભ્રમપૂર્વક કવચકુંડળ ઉતરડવા દુષ્કર, અતિ દુષ્કર છે.

• • •

બાલક-કુમાર યૌવન વૃદ્ધત્વ ખીલેલું હોવું જોઈએ. આવી પડેલું દુ:ખ સહજતાથી સ્વીકારી લેવું જોઈએ તેમ જ (તથા) ઉઠાવેલું ઉપાડેલું દુ:ખ એ તપ કહેવાય.

• • •

ફક્ત જમવાનું જરૂરી છે, પણ ફક્ત સ્વાદ માટે જ જમવું એ યોગ્ય જણાતું નથી. તેમ સંસારમાં સ્નેહ અનિવાર્ય છે, પણ વાસના જ તેનો મુખ્ય ઉદ્દેશ હોવો એ માનવ્યતા નથી.

• • •

શંકા અને ભય એ બે માનવપ્રગતિના ભયંકર દુશ્મનો છે.

• • •

યુગ યુગનાં, યુગ યુગ સુધીનાં સંભારણાં સ્પર્શી જાય તો પ્રભુ લે ઓવારણાં. જીવનને સ્પર્શી જાય તો પરમેશ્વર સુધીનો રસ્તો ખૂટી જવાની સંભાવના.

• • •

જન્મથી મૃત્યુ પર્યંતનો સમય (રસ્તો) આ જીવન છે. આ પસાર આપણે કેવી રીતે કર્યો - પૂરો થયો, આ જ જીવનનું મૂલ્યાંકન છે. આવ્યા છીએ એટલે જવાનું નિશ્ચિત છે જ. પછી બેઠા રહીને પૂરું કરીએ કે કામ કરતાં કરતાં પૂરું કરીએ એ આપણા હાથની વાત છે.

• • •

ભગવાને આપણને મન આપ્યું. બુદ્ધિ આપી. હાથ, પગ, મુખ, આંખ વગેરે

આપ્યા તેનો આપણે શામાં ઉપયોગ કરવો તે આપણા હાથમાં સોંપ્યું.

• • •

મા-બાપ છોકરાને પૈસા આપી બજારમાં, બહારગામ મોકલે અને પાછાં આવે એટલે હિસાબ જરૂર પૂછે, આપેલું ધન કયાં ક્યાં વાપર્યું તો તેનો હિસાબ આપણે આપવો જોઈએ. તે જ પ્રમાણે ભગવાને આપેલી લાખો રૂપિયાની ઈન્દ્રિયોનો આપણે શું શું ઉપયોગ કર્યો.....? જો યોગ્ય ઉપયોગ કર્યો હશે તો ભગવાનને સંતોષ થશે અને વધારે સારી રીતે ઉપયોગ કર્યો હશે તો એથી વધારે ભગવાન ખુશ ખુશ થઈને બીજા (બર્થમાં) જન્મમાં વધારે પ્રભાવશાળી બુદ્ધિ આપશે અને ગેરઉપયોગ, યોગ્ય ઉપયોગ નહીં કર્યો હશે તો શક્ય છે કે બીજા જન્મમાં આટલી બુદ્ધિ, ચપળતા મળશે કે કેમ....? તે આપણે જ જોવાનું રહે છે. આને ભાગ્યનું બંધારણ કહેવાય છે, જેનું સર્જન પણ ભગવાને આપણી વિવેકબુદ્ધિ પર છોડેલું છે.

• • •

મહાભારતના યુદ્ધ વખતે કૃષ્ણે ઘંટનાદ પછીના પડઘા જેવા ઘેરા અવાજે કહ્યું, દુર્યોધન ! ધર્મ અતિ સૂક્ષ્મ તત્ત્વ છે. મહા અધર્મને રોકવા માટે ક્યારેક દેખીતા અધર્મને આવકારવો પડે છે. જીવનની આ ગૂઢતાને જે પામી શકે છે એ ધર્મને પાર પામી જાય છે.

• • •

વિશ્વવ્યાપી એકતા સ્થાપવાનો ઉદ્દેશ બધા જ ધર્મમાં સમાન છે. ધાર્મિક ભિન્નતા એ કંઈ શત્રુતાનું કારણ બની શકે નહીં.

• • •

વહેવું હોય તો વ્યવસ્થિત વહો. નહીંતર ક્યારેક વાતનું વતેસર થઈ જશે. વરસવું હોય તો વરસો પણ મન મૂકીને વરસો. વેઠની પ્રથા હવે સરકારે પણ બંધ કરી છે. બાકી તો જગત સ્વતંત્ર છે તો આપ સ્વતંત્ર પણ છો...

• • •

ચિત્તમાંથી બધાં જ કર્મ ભગવાનને અર્પિત કરવાથી સંસારમાંથી નિત્યવિયોગ થઈ જાય છે અને ભગવાન સાથે પરાયણ હોવાથી ભગવાન સાથે નિત્યયોગ થઈ જાય છે. આ નિત્યયોગમાં 'પ્રેમ'માં યોગ, નિત્યયોગમાં વિયોગ, વિયોગમાં

***હે પ્રભુ ! તને પામવાની શક્તિ, ઓળખવાની બુદ્ધિ, સમજવાનું મન અને તારા સંબંધનું જ્ઞાન પણ અમને તું જ આપજે.***

નિત્યયોગ અને વિયોગ એ ચાર અવસ્થાના પ્રકાર સમજવા જોઈએ.

• • •

જેવી રીતે રાધા અને કૃષ્ણનું પરસ્પર મિલન હોય છે તે નિત્ય યોગમાં યોગ છે. મિલન થતાં શ્રીજીમાં એવો ભાવ આવી જાય છે કે પ્રિય તમે ક્યાં ગયા હતા? આ નિત્યયોગમાં વિયોગ છે.

• • •

શ્યામસુંદર સામે નથી છતાં મનથી એના પર ચિન્તન થઈ રહેલું છે અને એ મનથી જાણે પ્રત્યક્ષ મળતા રહ્યા હોય તેમ તેને લાગે છે. તો એ વિયોગમાં નિત્યયોગ છે.

• • •

શ્યામસુંદર થોડો સમય મળે નહીં, સામે આવે નહીં ત્યારે મનમાં ને મનમાં એવો ભાવ થાય કે ઘણો સમય થઈ ગયો, શ્યામસુંદર મળ્યા નહીં.

• • •

કંઈ લાખો ચાલ્યા ગયા, નજર પણ પડતી નથી, આપણા ઐશ્વર્યનું અભિમાન ન કરો સમજુ માનવ ! અહીં તો સિકંદર શાહ જેવાની કબર પણ જડતી નથી.

• • •

ભૂતકાળને ભૂલી ભવિષ્યને વર્તમાન દ્વારા પલટાવી શકાય છે. બદલાવી શકાય છે. ઈચ્છિત બનાવી શકાય છે. જો મન માને, હૃદય ઈચ્છે. બંધનથી મુક્તિ પમાય તો જ સ્વતંત્રતા હાંસલ થઈ શકે છે.

• • •

અક્ષરો ગમ્યા, શબ્દો ગમ્યા, વાક્યરચના સમજાણી, મળેલામાં મોહિત થઈ ગયા, પરંતુ કરવાની ઈચ્છા ન થઈ શકી. મનમાં તનાવ થયો. જોઈતું પરોક્ષ થયું છતાં સમાજના સંબંધો ડરાવી ગયા. લાચારી છૂપી રીતે પ્રવેશી ગઈ અને નીતિમત્તાની દીવાલ પાછળથી છુપાયેલું પાંગળું મન અશક્તિના દેખાવો કરવા ભાગી ગયું.....?

• • •

વિધિની વક્રતા છે, હાથમાં છે, હાથ સુધી આવી ગયેલું છે, છતાં પ્રવેશ પામી શકતું નથી. કુદરતની કરામત ન્યારી છે. તેને સમજો, જાણો, પિછાણો. બધું

***અમારા હૃદયમાં, મનમાં અને બુદ્ધિમાં ઉભરાયેલાં વિપરીત જ્ઞાનનો ક્ષય કરજે. આ માનવમંદિરમાં પ્રેમના અંકુરોનું બીજારોપણ પણ તું જ કરજે જેથી સુસંસ્કૃત માનવ બનવાના મારા પ્રયત્નમાં હું સફળ થાઉં.***

અહીંનું અહીં જ છે. શક્ય હોય તો પૂરા વિશ્વાસથી ઉપાડી લો.

• • •

વિદ્વાન છો, જ્ઞાની છો, પણ જ્ઞાન ચિત્તની આરપાર વીંધીને બહાર મનની પેલે પાર નીકળવું આવશ્યક છે.

• • •

વિશ્વાસ એટલે મન અને બુદ્ધિથી કરેલો નિર્ણય, શ્રદ્ધા એટલે ઈશ્વર મિલનની હૃદયમાં ખાત્રી ! પરમેશ્વરના અસ્તિત્વ અને પ્રભુતાની ખાત્રી ધીમે ધીમે તેની લગની લાગે અને પછી તેનાથી છૂટા પડી શકાય નહીં ત્યારે ખરી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. આ બન્ને સાધનોથી ઈશ્વરપ્રાપ્તિની તીવ્ર ઉત્કંઠા ઉત્પન્ન થાય, ત્યાર વિશ્વાસ બેસે છે, શ્રદ્ધા આવે છે, હિંમત આવી જાય છે. થોડી અંદર દૃષ્ટિ નાખો - એકલતા યોગ્ય નથી જ - માટે જ કુદરતે બેનું સર્જન કરેલ છે અને જુએ છે કોણ કોને માટે છે.....?

• • •

ખરેખર તમારા પ્રત્યે કરુણા ઉદ્‌ભવે છે. ચામડી પરથી કવચ, કુંડળ ઉતારી દેવાં સહેલું છે, પણ માન્યતા, પ્રતિષ્ઠા પ્રણાલિકાઓનો ભ્રમ કાઢવો એ કવચકુંડળ ઉતરડવા કરતાં દુષ્કર છે, અતિ દુષ્કર છે. જેને માટે દૃઢ મનોબળ જોઈએ - અને સામાજિક વ્યવહારિકતાનું છેદન કરવું પડે..... આ કામ ‘સ્ત્રીથી થઈ શકે....’ કરી શકે.....? સ્ત્રી અબળા મટી સબળા બને તો જ શક્ય છે. શું સ્ત્રી સબળા નહીં બની શકતી હોય.....? બાહ્ય નીતિ એટલે વ્યક્તિ પર લાદવામાં આવેલી નીતિ અને આંતરિક નીતિમત્તા એટલે શુદ્ધ થયેલા હૃદયમાં આંતરસ્ફુરણા.

• • •

ધર્મ અને અધર્મ તો સહુ સમજે છે, પણ અયોગ ધર્મ અને યોગ ધર્મ સમજવો મુશ્કેલ છે. ધર્મ અતિ સૂક્ષ્મ છે. મહા અધર્મને રોકવા માટે ક્યારેક દેખીતી રીતે અધર્મને આવકારવો પડે છે. જીવનની આ ગૂઢતા જે પામી શકે છે એ ધર્મનો પાર પામી જાય છે. ખરેખર તો ધર્મ જીવન જીવવાની કલા છે. આ ચર્ચાનો વિષય કે બુદ્ધિ વિભાસ કે મનોરંજન વસ્તુ નથી.

• • •

મર્યાદિત સ્વતંત્રતા - દુનિયાની શેહશરમમાં રહીને કે દબાઈ - ધરબાઈને

***આજના સુપ્રભાતે આપ સહુ સ્વજનોને યાદ કરીને અમે આનંદ અનુભવીએ છીએ. જેના અસ્તિત્વથી આપણા સહુનાં અસ્તિત્વ ટકી રહ્યાં છે એ જગદીશનો ત્રિકાળ આભાર માનીએ.***

ચીલાચાલુ - જ્ઞાતિ - નાતિ - જાતિના ભેદભરમમાં જીવન જીવવા કરતાં મૈત્રીપૂર્ણ મસ્તીથી - સ્વતંત્રતાથી જીવનપ્રેરિત જીવવામાં આનંદ છે - જે સમજ પ્રવચનોથી કે પારાયણો સાંભળવાથી સંભવિત નથી. બાકી નિર્ણય લેવાનું કામ આપણું છે, શક્તિ ભગવાનની છે.

• • •

જીવન જીવવું છે સહજપણે. અનાયસ - કોઈકના શ્વાસને મારે મારા શ્વાસમાં એટલે ઊંડે ઉતારવો છે કે પછી મારા- તારાનો ભેદ ન રહે. જાહેરખબરનાં પાટિયાં લગાડ્યા વિના જીવવું છે અને જિંદગીની પ્રતીતિ, અનુભૂતિ પામવી છે.

• • •

તરસ એક બાજુ છે, પાણી બીજી બાજુ છે. ભૂખ એક બાજુ છે, ભાખરી બીજી બાજુ છે. આપણે તરસ અને જલનો, ભૂખ અને ભાખરીનો સંબંધ જોડી આપવાનો છે. આપણે આપણી ભીતર સ્વસ્થ રહી આપણી બહાર નીકળવાનું છે અને બીજા સાથે જોડાઈને આપણી સાથેનો નાતો નિભાવવાનો છે. આપણે કેવળ આપણા પૂરતા જ હોઈએ તો સ્વાર્થી છીએ. 'જે પીડ પરાઈ જાણે રે' એ વૈષ્ણવજન કહેવાય. આપણે વિષ્ણુ ન થઈ શકીએ પણ વૈષ્ણવ તો થઈ શકીએ.

• • •

કોઈ પણ વસ્તુ અગર વ્યક્તિનો સિક્કો બુદ્ધિમાં બેસવો ન જોઈએ, બેસે નહીં. આ મુક્ત અવસ્થા છે. વ્યવહારમાં રહીને પણ આવું જીવન બનાવવું તે ભક્તિ છે.

• • •

સ્થિર મતિ મહત્ત્વની વાત છે. ભગવાન દૂધના દાઝેલા છે. જેથી છેલ્લે - છેલ્લે પણ સૂચના આપે છે, કારણ કે મોટા ભાગના લોકોને ધન-ધાન્ય- બુદ્ધિ વગેરે આપેલાં, પણ તેનો ઉપયોગ સ્થિર મતિમાં કર્યો નહીં.

• • •

જે કોઈ મને પ્રેમભક્તિ વડે પત્ર, પુષ્પ, ફળ કે પાણી જે કંઈ પણ આપે છે તે શુદ્ધ બુદ્ધિ નિષ્કામ પ્રેમી ભક્તના ભાવપૂર્વક અર્પણ કરેલ તે હું પ્રેમપૂર્વક અંગીકાર કરું છું.

• • •

ભગવાન! હું તો આપની સાધારણ ઝાંખી કરી શકું છું, પણ આપ તો આ

***જ્યારે જીવનમાં પ્રીતિ આવે છે ત્યારે બુદ્ધિ વિદાય થઈ જાય છે.***

જગતના અગણિત જીવોમાં મારા જેવા વૃકોદરને કેવી રીતે જાણી શકો!

• • •

માનની અપેક્ષા રાખવી એટલે તેના તાબામાં જવું. માન પારકા પાસે મગાય. ઘરમાં પોતીકા પાસે માન માગવાની જરૂર રહેતી નથી. કોઈ પારકો ન લાગવો જોઈએ, પણ મારો લાગવો જોઈએ.

• • •

'તું'માં એકાત્મતાનો ભાવ ભરેલો છે. માલિકી - પઝેશન - મારું - માલિકી હક્ક આ વાત વેદાંતીને નડે છે.

• • •

શક્તિની કમજોરી છતાં સન્માન, માનની અભિલાષા રાખવી યોગ્ય નથી. આ દંભ છે. મા - બાપ - ગુરુ આપણને સારો કહેશે નહીં અને આપણા દોષો કહેશે, બતાવશે.

• • •

સાસુ - સસરા ગમશે, કારણ કે તમને માનપાન આપશે, ગુણો ગાશે. ભલે તે ગુણો આપણામાં ન હોય - તે પણ દંભ છે.

• • •

જિંદગી એટલે શું....? જન્મની અને મૃત્યુની વચ્ચે જે છે તે જિંદગી'. આ કાળમાં તું કેવી રીતે જીવ્યો તે 'જિંદગી'.

• • •

હું જ છું અને જગત મારા માટે છે. તેને માટે અહિંસા નથી - પણ જગત સર્વનું છે તેમ લાગે તો તેણે અહિંસા સ્વીકારવી જોઈએ.

• • •

જે છોડી શકતો નથી તે મેળવી શકતો નથી. જે પકડી રાખે છે તે પામી શકતો નથી.

• • •

જેણે સમજીને જનોઈ ધારણ કરી છે તે ત્રિકાળ સંધ્યા કરે નહીં તો પાપ લાગે છે. પણ ત્રિકાળ સંધ્યા કરે તો પુણ્ય મળતું નથી.

• • •

***આ** દેહ દફન થાય, શરીરને જલાવી દે છતાં મન મરે નહીં, મન તો એક જ કહે. મારું, મારું છોડે નહીં, 'હું-હું' છોડે નહીં, જો મન જાય મહાદેવ પાસે તો ભ્રમ રહે નહીં, પછી મારું જાય ત્યાં તુંહી તુંહી વાણી બજી રહે.*

જે લોકો પોતાની શક્તિ અનુસાર દીન, હીન, દર્દી, દુઃખીની સેવા કરે તો પુણ્ય મળતું નથી, પણ ન કરે તો પાપ જરૂર લાગે છે.

● ● ●

જગત માની લીધેલું છે. સંબંધ માનવાથી સર્જાય છે. છતાં એકની ઉપર એક નિર્ભર છે. જે નિર્ભરતામાંથી મુક્તિ મેળવે છે તે ખરો મુક્ત આત્મા છે.

● ● ●

બિંબ બદલાતું નથી - પ્રતિબિંબ હરેક પળે બદલાતું જતું હોય છે. દાખલા તરીકે કાચ બિંબ છે - આપણે પ્રતિબિંબ છીએ.

● ● ●

ખરેખર દર્પણ આપણે છીએ, પ્રતિબિંબને હરાવશો એટલે દર્પણમાંઆપો આપ દર્શન થશે.

● ● ●

અહિંસાનો બીજો શબ્દ પ્રેમ. અને પ્રેમ શા માટે....? મસલ પાવર - મની પાવર - સત્તા પાવર નહીં - પ્રેમ પાવર.

● ● ●

સત્તા - માણસ ન ફેરવી શકે, વિચારો ન બદલી શકે. માન્યતાઓ ન બદલી શકે.

ઊઠો, જાગો, હૃદયને હલબલાવી હબીબને જગાવો. કરવા જેવું એક જ છે જગમાં જગદીશ્વરને જગાવવાનું. જગતમાં કંઈ પણ નિર્માણ થતું હોય, અગર કરવું હોય તો ચીજોની જરૂરત પડે છે. અભ્યાસ કરવો હોય, સંશોધન કરવું હોય કે પછી સંસાર-વહેવાર ચલાવવો હોય તો બીજો જોઈએ જ. જન્મમૃત્યુમાં પણ બીજો જોઈએ જ. એક જ કાર્યમાં બીજાની જરૂરત પડતી નથી. જ્યાં પ્રભુ સમજવો હોય, પ્રભુનું થવું હોય કે પ્રભુ થવું હોય.

● ● ●

અહંકારનું વિલોપન જ્ઞાનમાં થવું જોઈએ, ભક્તિમાં થવું જોઈએ, પ્રભુકાર્યમાં થવું જોઈએ, તેમ જ માતા- પિતા - ગુરુ પાસે જતા અહંકારરહિત થઈને જવું જોઈએ.

***આ દેહના તંબૂરના***
***તાર બધાય બંધાય,***
***સુવ્યવસ્થિત થાય ત્યારે***
***મનમાં એક જ સૂર સધાય,***
***તુંહી તુંહી તું.***

જીવન છોડીને જવાનું ગીતામાં કંઈ કહ્યું નથી, પણ જીવન સુંદર કેમ જિવાય તેને માટે કહે છે.

● ● ●

માણસ પરાધીન-અશક્ત છે. છતાં જબરદસ્ત ઈચ્છા ધરાવતો હોય છે. ભગવાને જીવન જીવવા માટે ૯૦ ટકા માગ્યા વગર આપણને આપી દીધું છે. છતાં માગશો તો ભગવાન આપશે જ તેની ખાત્રી નથી. ત્યાં (અહીં) યોગ્યતા, સમજ, વિવેક કામ કરી જતાં હોય છે. કદાચ માગવાને માટે ભગવાનની જરૂર ન લાગે. પણ રોવાને માટે હ્રદય ખોલવાને માટે તો ભગવાનની જરૂર છે. પ્રત્યેકને પોતપોતાનું દુઃખ છે જ - તમારું દુઃખ કોણ સાંભળશે.....?

● ● ●

સુખ આવતું નથી અને આવે તો ભોગવી શકતા નથી, કારણ કે આપણે નિર્ભયતાથી જીવન જીવી શકતા નથી. ઘરમાં ઉંદર હોય, બરફી ખાય અને આપણે બરફી ખાઈએ બન્નેમાં અશાંતિ છે. કોઈ જોઈ જશે.....? રડવાને માટે, ઉપભોગ માટે, આનંદિત જીવન જીવવા માટે, ભગવાનને સમજવા માટે, ભક્તિની જરૂર છે. કોઈક ભક્તિ કરે, કોઈક કરાવે અને ભક્તિ કરવાનું સહુ ધર્માત્મા કહે છે. પણ ભક્તિ લાદેલી નથી.

● ● ●

શ્વાસ ઉપર વિશ્વાસ શું રાખવાનો....?

● ● ●

આપણે સહુ બધા પાપો જ કરી રહ્યા છીએ તેમ નથી પણ ભૂલો અવશ્ય કરીએ જ છીએ.

● ● ●

ભગવાનને પ્રસન્ન કરવા હોય, ભગવાનનો પ્રેમ સંપાદન કરવો હોય તો લાઈફ સ્ટાઈલ બદલવી જોઈએ.

● ● ●

જમવું એક શાસ્ત્ર છે અને કોઠાર ભરવો બીજી વાત છે કલ્પવૃક્ષ નીચે બેસીને જમવું ત્રીજી વાત છે.

● ● ●

***'જે છે' તેને માત્ર જુઓ, શું હોવું જોઈએનો વિચાર સંઘર્ષ કરાવે છે. ઊર્જાનો વ્યય કરાવે છે. જેમ કે શાંતિ હોવી જોઈએનો વિચાર અશાંતિ - સંઘર્ષ લાવે છે અને ઊર્જાનો વ્યય કરાવે છે.***

સારું શું ? ખોટું શું ? સારું-નરસું નક્કી કરવું કઠણ છે. આનંદ સારું કરવાથી પણ થાય અને કુકર્મ કરવાથી પણ થાય.

• • •

ભૂખ લાગે છે, તરસ લાગે છે, ઊંઘ આવે છે, પણ જીવનમાં અછત ભક્તિની લાગે છે?

• • •

ભગવાનને આપણું મન ચોરવા જેવું લાગવું જોઈએ. તેને બદલવું જોઈએ, રંગ બદલવો જોઈએ. પછી જ 'મન' ભગવાનમાં ચોંટી જવા શક્ય બને છે. મન જ્યાં જ્યાં ચોંટે ત્યાંથી કંઈ ને કંઈ ઉપાડી લે છે અને જેમાં મન ચીટકે તેના ગુણો તે ઉપાડી લે છે.

• • •

આપણું જીવન જીવવાનું સાધન એ મન છે. ભક્તિ એટલે ખુશામત નથી, ઉપાસના એ મોટો અભિગમ છે

• • •

ભક્તિ ભગવાનને માટે નથી જ, પણ ખરેખર આપણા વિકાસને માટે, ભગવાનને ઓળખવા માટે, આપણામાં ઉદ્‌ભવવી જોઈએ. ચિત્ત એકાગ્રતા એ ભક્તિનું પ્રથમ સોપાન છે.

• • •

સમજીજાણી નૂતન વર્ષના પ્રથમ દિવસે આપણે સાથે મળીને થોડું અંદર ઊતરવા દેવાની કોશિશ કરીએ. જિંદગીમાં જે મહત્ત્વપૂર્ણ છે, તેનું પરિણામ નથી. મહત્ત્વપૂર્ણ તેનું હોવું જ મહત્ત્વપૂર્ણ છે, જે પોતાનામાં મહત્ત્વપૂર્ણ હશે !

• • •

જિંદગી એક કરાર છે. આ કરાર એકરાર કરીને કરેલો એક એગ્રીમેન્ટ છે. માણસ ભૂલી ગયો ! કોની સાથેનો આ કરાર કરેલો છે....? ગત જીવનનું વિસ્મરણ થાય છે તેમ ગત જન્મની વાતોની કલ્પના કરવી પણ શક્ય નથી.

• • •

ઘટનાઓ નિશ્ચિત વલણને અનુસરવા નિર્માણ થયેલી હોય છે. તેનો વિકલ્પ...? વિકલ્પ એટલે ઘણા બધા અર્થો, માત્ર આ જ નહિ પણ બીજા કંઈક પણ ....?

***આવતી કાલની ચિંતા ન કરતા, કારણ કે સાચા અર્થમાં આવતી કાલ છે જ નહીં. જેમ વીતી ગયેલી ગઈ કાલમાં પાછા જઈ શકાતું નથી, તેમ આવતી કાલમાં પણ પ્રવેશી શકાતું નથી. એ કાલ જ્યારે પણ આવે છે ત્યારે 'આજ' બનીને આવે છે.***

વિકલ્પનો વિરોધી શબ્દ 'સંકલ્પ' છે. હિન્દીનો જ્ઞાનશબ્દ કોષ 'વિકલ્પ' શબ્દ ઘણા બધા પર્યાયો આપે છે. વિભિન્નતા, ઉપાય, ભેદયુક્ત જ્ઞાન, અનિશ્ચિતતા, સંદેહ, ભૂલ, અજ્ઞાન વક્તવ્ય, કથન, ભ્રાંત ધારણા, ગણના, ચિંતન, સંબંધ, અવતાર કલ્પ, વૈચિત્ર્ય, એક અર્થાલંકાર કેટલામાંથી એકનું ગ્રહણ.... બસ વગેરે.... શબ્દની આ જ મજા છે. એક આઝાદ શબ્દ છે. જેને બાંધી શકાતો નથી અને બંધાય છે તો અનર્થકારી નહીં, પણ બહુ અર્થકારી બની જાય છે. દરેક સંકલ્પની પાછળ પાયામાં વિકલ્પ પસંદ કરવાનો અંકુર રહેલો છે. દુનિયા જે નથી કરતી. સામાન્ય રીતે સમાજમાં જે નથી થતું. અશાંત માણસ છે. જેને સ્વીકારતો નથી એ વિકલ્પ છે. 'વૃજીવિકલ્પ' છે.

• • •

કાળ નિશ્ચિત છે. તેમાં ફેરફાર અશક્ય છે. ગતિ અવરોધી શકાતી નથી. સમય બદલાતો રહે છે. કોઈની રાહ જોતો નથી.

• • •

નિર્ણય મક્કમ હોવો જોઈએ, નિશ્ચય પાકો હોવો જોઈએ. દૃષ્ટિ જીવંત છે. ફક્ત મુખથી જ વાત થાય છે તેમ હોતું નથી. પણ મુખથી જે વાતો થઈ શકતી નથી તે હૃદયથી થાય છે. દૃષ્ટિથી જીવંત પ્રસારણ થાય છે. સામાની ઈચ્છા સામાની વૃત્તિ દૃષ્ટિમાં નિર્માણ થયેલી હોય છે. જોવાની સમજવાની શક્તિ આપણામાં હોય છે.

• • •

આપણે કુદરતના ઈન્સ્ટ્રુમેન્ટ જરૂર છીએ. કુદરત શક્તિ આપે છે. નિર્ણય અને ગતિ આપણને સોંપેલી છે. યાને ફીલિંગ આપણને આપી છે. સાથે પરિણામ માટે તૈયાર રહો. આ કુદરતની દમદાટી નથી પણ કુદરતની વાસ્તવિક વાત છે.

• • •

સંતોષ નિર્ગુણાત્મક, પ્રેમયુક્ત, સ્વતંત્રતાથી સભર હોવો જોઈએ, સાથે અકર્મણ્યતાથી ઘેરાયેલો ન જ હોવો જોઈએ. તેનાથી પ્રત્યેક મનુષ્યે સજાગ રહેવું જોઈએ.

• • •

જીવન જીવવા માટે દરેકના જીવનમાં કંઈક ને કંઈક અસંતોષ હોય જ છે. બાકી,

***શરીર અને આત્મા બન્ને અલગ અલગ છે અને બન્નેની વચ્ચે મન (અહંકાર) આડો ઊભો છે. શરીર અલગ છે. આત્મા અલગ છે. બન્ને મળીને ચાલે છે. મન ચાતુર્ય બતાવી શરીરને સમજાવે છે કે આ 'તું' છે.***

વસ્તુને માટે સંતોષ, કાળને માટે સંતોષ સભાનતાપૂર્વક હોવો જરૂરી છે. જીવન માટે અસંતોષ પ્રગતિશીલ મનુષ્યમાં હોવો જોઈએ જ, નહીંતર જીવન આળસને આધીન ખુદાબક્ષ જેવું બની જવાનો પૂરોપૂરો સંભવ છે.

● ● ●

હવે આપણી સામે એક જ સત્ય રહેલું છે, આવતી કાલ એ જ આજ છે. બાકી બહુ સારા થવું એ પોતાના માટે ખરાબ થવા જેવું છે.

● ● ●

સ્વપ્નો જોઈને નિદ્રાને જીતવાનો પ્રયાસ ન કરો. સ્નેહ, પ્રેમ, પાણી, લોહી અને પૈસા વહેતા રહેવા જોઈએ.

● ● ●

ઊંઘ આવે છે, તરસ લાગે છે, તેવી જ રીતે ભૂખ પણ લાગે છે, પ્રેમ ઊભરાય છે, વહાલ ભરાય છે, વહાલ ભરાય છે અને કામ જાગે છે, ઊઠે છે, ઉદ્ભવે છે, ફક્ત સંયમ કેળવાય છે. કામ અને રામ કુદરતની વિભૂતિ છે, જે પ્રત્યેકમાં પડેલી છે. જગતની આ વાસ્તવિકતા છે.

● ● ●

મતભેદ, દૃષ્ટિભેદ, આ માનવસહજ સ્વભાવ છે. મતભેદથી કટુતા આવે, દૃષ્ટિભેદ સમજી શકાય, પણ મનભેદથી અધોગતિ આવે છે. પ્રેમ અને વાત્સલ્યના મિશ્રણથી મમતા આવે છે. આત્મીયતાથી પ્રસન્નતા ઉદ્ભવે છે. પ્રેફરન્સ - પ્રોફિટ - પાવર - પ્રેસ્ટીજ, ચારે 'પી'નું વિસર્જન થવું - એટલે સંપૂર્ણ સમર્પણ - સમર્પિતતા શક્ય બને છે.

● ● ●

જગતભરના લોકો દુનિયાઆખીના કહેવાતા ધાર્મિક મનુષ્યો ભગવાનનાં મંદિરોમાં જાય છે. રસ્તા પરથી પસાર થતા, શુકન અપશુકનના નિવારણ અર્થે, ડર ભીતિથી ફર્જ સમજી વિદ્યા-વિનય, આયુષ્ય, કીર્તિ, માંદગી, ધન, દોલત, દૈવત, દીકરી-દીકરા કે કન્યા માટેની અપેક્ષા માટે જ જતા હોય છે. ભગવાન પણ કોણ - કોણ - કેવા - કેવા શા માટે શું કામ આવે છે તેની ઝાંખી કરી જ લેતા હોય છે અને વિચારમાં પડી જતા હશે કે આમાં મારો કોણ...? અહીં મહાભારતની યાદ આવી જાય છે. કર્ણ અને અર્જુન બન્ને અંતે તો

***જ્યારે પ્રત્યેક જીવમાં, પ્રત્યેક મનુષ્યમાં અને સકળ સૃષ્ટિમાં, તેનાં જ દર્શન પ્રાપ્ત થાય, પ્રત્યેક ચીજ 'હું' છું અને હું પ્રભુનો છું ત્યારે તે પ્રભુ સમીપ પહોંચી જાય છે.***

ભાઈઓ જ ! ભગવાન પાસે આવે છે. એકે નારાયણી સેના માગી, બીજાએ સ્વયં ભગવાનને માગ્યા.... પ્રભુ મારા સારથી બનો !

• • •

સંસ્કૃતિનું રક્ષણ કરવું જ પૂરતું નથી, સંસ્કૃતિનું પ્રસારણ કરવું જોઈએ. આને માટે મસલની શક્તિ કે વિત્ત શક્તિનો આશરો લેવો તે અતિશયોક્તિ કહેવાય, પણ વિચારશક્તિનો ઉપયોગ કરવો જોઈએ, અતિ પ્રેમથી અને ગીતાનું અલૌકિક માધ્યમ લઈને જ્ઞાન અને બુદ્ધિગમ્ય વિચારોથી સમજાવવી જોઈએ. હૃદય ભરાઈ જાય અને મન- બુદ્ધિનો એકરાર થઈ જવો જોઈએ.

• • •

અહિંસા જીવનદર્શન છે. અહિંસાની બેઠકમાં ધર્મબુદ્ધિ આવવી જોઈએ. ધર્મબુદ્ધિ આવી એટલે વિચારશક્તિ ચાલવા લાગવી જોઈએ. ઈસાવાસ્ય વૃત્તિ અને ધર્મબુદ્ધિનો સંયોગ સધાવો જોઈએ.

• • •

અહિંસા જીવન દર્શન છે. અહિંસાની બેઠકમાં ધર્મ બુદ્ધિ આવવી જોઈએ. ધર્મ બુદ્ધિ આવી એટલે વિચાર શક્તિ ચાલવા લાગવી જોઈએ, ઈસાવાસ્ય વૃત્તિ અને ધર્મ બુદ્ધિનો સંયોગ સધાવા જોઈએ.

• • •

સંપર્ક કરવો, થવો આ માનવ સ્વભાવ છે. પ્રેમ તેની પરિભાષા છે. સંઘર્ષનો સ્વભાવ પ્રેમ નથી. ઝઘડવું એ સ્વભાવ નથી. 'સંઘર્ષને ટાળવા સંપર્ક આવશ્યક છે.'

• • •

'હું' કેન્દ્રમાં રાખી વિશ્વનો વિચાર કરું છું. વિશ્વને કેન્દ્રમાં રાખીને 'હું' વિચાર કરું છું ...? આત્મઅવલોકન કરો, મનન કરો, અભ્યાસ કરો અને નક્કી સંશોધન કરો.

• • •

જીવનમાં સત્ય અને સંસ્કૃતિથી સંબંધ, સગપણથી મનુષ્ય જોડાયેલો છે. તેમાં અગ્રસ્થાન કોને આપવું આ મુખ્ય પ્રશ્ન ધ્યાનમાં આવે છે અને આની ઉપરથી જ મનુષ્યનું ડેવેલપમેન્ટ નક્કી થાય છે. (૧) સત્ય (૨) સંસ્કૃતિ (૩) સંબંધ સગપણ મિશ્ર આવવું જોઈએ. પણ મોટા ભાગના લોકો સંબંધને અગ્રતા આપતા

***મહાવીરની નગ્નતાથી પણ જે લોકોને ચિંતા નહોતી થઈ એમને પણ મીરાંના નર્તનથી વધુ ચિંતા થઈ તેઓ હેરતમાં પડી ગયા એટલે રાણાએ વિષનો પ્યાલો મોકલ્યો.***

જોવામાં આવે છે. સંસ્કૃતિની સંગીનતા સમજતા નથી અને સત્યની કિંમત આંકી શકતા નથી, અનુભવી શકતા નથી, તેની કિંમત ચૂકવવી પડે છે તે જાણતા નથી.

● ● ●

ખુશામત અને પ્રશંસા વચ્ચે બહુ બારીક તફાવત હોય છે. ખુશામત કેમ કરવી તે ઘણા લોકો જાણતા હોય છે, પરંતુ પ્રશંસા કરવાનો ખરો કસબ બહુ ઓછા જાણે છે. માણસ ! ભગવાન પાસે જાય છે. ધન માગવા કે ભગવાન માગવા ....?

● ● ●

ક્રાંતિ એક કદમ આગળ લઈ જાય તે ક્રાંતિ ક્રાંતિ સમજપૂર્વકની હોવી જોઈએ. સ્વને સમજવો જોઈએ. વ્યક્તિ ખરીદી શકાય છે. સત્ત્વહીન સમાજ સ્વતંત્રતાનો ઉપયોગ કરી શકતો નથી. આઝાદીનો ગર્વ હોવો જોઈએ. અભિમાન હોવું જોઈએ કે ભારતીય છું. એક્સિડન્ટલી અહીં જન્મ થયો એથી ભારત મારી ભૂમિ છે...? કે ભારત કંઈક છે તેની સમજ નિર્માણ થયેલી છે...?

● ● ●

પ્રાથમિક જરૂરિયાતો સંતોષાયા પછી કળાઓ અને આધ્યાત્મિકતા તરફ વળ્યા સિવાય માનવજાતને છૂટકો નથી.

● ● ●

ઈન્સાનિયતનું ગૌરવ ક્રાન્તિમાં દેખાય, નીચેવાળાને પ્રોગ્રેસિવ રીતે ઉપર જવાની અભિલાષા અને ઉપરવાળાને નીચેની વ્યક્તિને ઉપર લાવવાની અભિલાષા હોવી જોઈએ.

● ● ●

સમાજપરિવર્તન માટે વ્યક્તિ પરિવર્તન થવું જોઈએ. વ્યક્તિપરિવર્તન થાય એટલે સમાજપરિવર્તન થાય. ઉપરવાળા જેવું થવું એ એક માણસની અભિલાષા છે. સાથે નીચેવાળાને ઉપર લાવવાનું કાર્ય માણસની ક્રાંતિ છે. મોટરમાલિક પીકનીક ઉપર જતા હતા. સગાંસંબંધી આવતાં ગયાં તેમ ગાડીમાં જગ્યા કરી આપતા હતા. આ ઓળખીતા છે, આ કામના છે. મોટર ભરાઈ ગઈ છતાં એક માણસ રહી જતો હતો, છેવટે ડ્રાઈવરને નીચે ઉતારી અને પેલા ભાઈને ગાડીમાં

***જે મન્સૂર માટે થયું,***
***જે જિસસ માટે થયું***
***એ જ સોક્રેટિસ માટે હતું.***
***એ જ મીરાં માટે પણ***
***ઉદ્‌ભવ્યું. જેણે ચીર***
***દ્રોપદીને માટે પૂર્યાં હતાં***
***તેઓ મીરાંનો વિષપ્યાલો***
***પોતે ગટગટાવી ગયા.***

લઈ લીધા. ડ્રાઈવર વગર હિન્દુસ્તાનની ગાડી ચાલીસ - ચાલીસ વર્ષથી ચાલી જ નહીં !

• • •

ડોક્ટર ! એન્જિનીયર ! પોલીસ ! સી. એ. ! આદમ - અને ઈવને જન્મ આપી જિવાડવાનો દાવો ડોકટરે કર્યો ! ઝૂંપડી બાંધી આપી ત્યારે તેમાં રહીને જીવ બચાવવાનો દાવો એન્જિનીયરે કર્યો, જંગલમાં રક્ષણ માટે પોલીસ હતી તેથી જ થયું અને સી. એ.એ ઝૂંપડીનો પ્લાન, આઈડિયા આપ્યો એટલે જ થયું ...?

• • •

પ્રશંસા એ અજ્ઞાનની જનની છે. મુંબઈમાં સ્ત્રીની વય અને પુરુષના બેન્ક બેલેન્સને મહત્ત્વ આપવામાં આવે છે. પતિ જ્યારે કોઈ પણ કારણ કે પ્રસંગ વિના ફૂલની વેણી ઘરે લઈ આવે છે ત્યારે અવશ્ય કોઈ કારણ હોય છે.

• • •

વસ્તુઓ વિષે તમે સર્વાંશે સંવેદનશીલ છો...? વિચારયુક્ત સંશોધનમાં સ્વતંત્ર હોવું - તમારું મન ખૂબ જ સક્રિય હોવું, ખૂબ જ જાગ્રત હોવું, સ્પષ્ટ હોવું જોઈએ. ત્યારે તમે સંપૂર્ણ અખંડિત વ્યક્તિ બનો છો. ડરપોક, બીકણ વ્યક્તિ કે જે શું કરવું એ જાણતી નથી તે આંતરિક રીતે એક વસ્તુ ઈચ્છે છે. બાહ્ય રીતે કોઈ અલગ જ વસ્તુ બંધબેસતી થાય છે. બુદ્ધિ આગ્રહ રાખે છે કે તમે રૂઢિથી છૂટો અને તમારી જાતે જીવો, પણ તમે સગાંસંબંધી, સ્નેહી, સમાજ, શું કહે ....? તેને જ આધીન થયા હો છો ! રીતરિવાજથી ઘેરાયેલા હો છો તે શું બંધન નથી ....?

• • •

એજ્યુકેટેડ છો - ડિગ્રીધારક છો. સોશ્યલ છો. યુવાન પણ છો. પરંતુ હું માનતો નથી કે તમે એટલા નાના હો કે આ બધા વિષે જાગૃત ન હો! જરૂરિયાતથી વધારાની સત્તા - સંપત્તિ - અહંકાર બુદ્ધિનો નાશ કરે છે. હકીકતમાં તો જ્યાં સ્વાતંત્ર્ય હોય, મુક્ત મન હોય, સાગર જેવું દિલ હોય ત્યાં જ બુદ્ધિ જન્મ લે છે. બાકી બધા પડછાયા છે. માત્ર સામાજિક અશોચનીય આશાકારી ન બનો. તમારા સુષુપ્ત પ્રશ્નોનો, સ્થિતિનો, પરિસ્થિતિનો ઉકેલ અજ્ઞાત મનને સાથે લઈ જાગ્રત મનનો ઉપયોગ કરો. સંપૂર્ણ મનને પ્રસરવા દો. મૃત્યુ નિશ્ચિત છે. જીવન

***મોહની શોધ કરો જે વસ્તુઓ વિના તમે રહી ન શકો, તેના વિના રહેવાની ધીરે ધીરે અંદરથી ચેષ્ટા શરૂ કરો, પણ એક એવી સ્થિતિ સર્જાજો કે જો એ બધી ખોવાઈ જાય તો પણ તમારી અંદર કોઈ કંપન જાગે.***

અનુભવની ખાણ છે. તેજસ્વી મંથન કરો !

● ● ●

યાદદાસ્ત કરતાં સમજ મહત્ત્વની છે. બન્ને વચ્ચેનો તફાવત ધ્યાનમાં લો. સમજમાં 'ક્ષમા' પ્રત્યક્ષ હોય છે. જેને તમે પ્રગાઢ રીતે અનુભવી શકો તેવી વસ્તુ છે.... 'સમજ'. એ સ્મૃતિ માટેનો કાચો માલ નથી. તે તો છે સાતત્યમય પ્રવૃત્તિ, એક ચાલુ ખોજ, ધ્યાનથી વાંચવું, ધ્યાનથી સાંભળવું અને બુદ્ધિથી તત્ક્ષણ સમજવું ખૂબ જરૂરી છે.

● ● ●

સરખામણી ઈર્ષા ઉત્પન્ન કરે છે. આ ઈર્ષા ઉપર જ સંઘર્ષ, સંઘરાઓ, સમાજ નિર્માણ થાય છે. સરખામણી કદી સમજ ઉત્પન્ન નથી કરતી. સમજમાં પ્રેમ છે. સંલગ્નતા છે, મૈત્રી છે. સરખામણી એટલે માત્ર રેતાળ ભાવહીન બુદ્ધિવાદ ! બુદ્ધિવાદ તો અનુકરણની, અનુસરણની માનસિક પ્રક્રિયા છે. તોલમાપનું સાધન છે. ત્રાજવું છે. આપણે તો બુદ્ધિથી પર વિચારવાનું છે.

● ● ●

જીવન એટલે દુ:ખ, મૃત્યુ, પ્રેમ, ધિક્કાર, ક્રૂરતા, રોગ અને ભૂખમરો. તમારે આ બધી વસ્તુઓ વિશે કાળજીપૂર્વક વિચારવાનું શરૂ કરવાનું છે. બુદ્ધિને જાગ્રત કરવાની છે. મહત્ત્વાકાંક્ષી માણસ સૌથી વધારે બીકણ હશે અને મહાત્ત્વાકાંક્ષાશૂન્ય માણસ બુદ્ધિહીન હોય છે. પ્રેમમાં મહત્ત્વાકાંક્ષાને સ્થાન નથી. પ્રવેશ નથી.

● ● ●

મન એટલે સમયનું પરિણામ. તે કંઈ પણ સર્જી શકે - કોઈ પણ ભ્રમ - શ્રદ્ધાવિચારો સર્જવાની તેની શક્તિ છે. તરંગો, કલ્પનાઓમાં તે પોતાનો પ્રક્ષેપ કરી શકે છે. બાકી, મનન કરી શકાય એવી વ્યક્તિ ઈશ્વર છે.

● ● ●

ઈશ્વર સમજવા તમારે તમારા પોતાના મનને સમજવું જોઈએ અને પછી બુદ્ધિની એરણ ઉપર ઘડવું જોઈએ. ત્યાર પછી આગળ - આગળ બુદ્ધિના પડદાને ભેદીને બુદ્ધિથી પર જવું જોઈએ - ક્યારે જાય તેની ચિંતારહિત મન થયેલું હોવું જોઈએ - નિશ્ચિત મન થવું જોઈએ. સ્થિર હોવું - બનવું જોઈએ, સમજણ આવવી જોઈએ, એટલે તત્ક્ષણ વસ્તુ ગ્રાહ્ય થાય. તેને સમાધાનીથી

***આત્માને કંઈ પણ વાસના નથી. બધી વાસના શરીરની છે. આત્મા વાસનારહિત છે. એટલા માટે ન તે ચાલી શકે છે, ન ચાલે છે. તમારું શરીર જ ચાલી રહ્યું છે.***

કુશળતાથી ચીટકવું જોઈએ, ચીટકી જવું જોઈએ.

• • •

ઉધાર લેવું નહીં ! ઉછીનું લાવવું નહીં ! 'ભાગ્ય તો કર્મ ફળ છે.'

• • •

અજ્ઞાનીઓ પર કુદરતના આશીર્વાદ છે. (કવચિત) વધુ સમજ, વધુ તકલીફ ભાસે છે.

• • •

જે માણસને તમારી કદર ન હોય તેની સામે કદી જ આજીજી ન કરો. કદર વગરના અબુધ લોકો ભલે સમૃદ્ધ હોય, પણ તમારી પ્રામાણિકતા અને સોના જેવા તમારા હૃદય સામે તેની કોઈ કિંમત નથી. ખોટી હાટડી પાસે તમે અણમોલ હીરા લઈને જશો તો માત્ર છેતરાશો જ નહીં, પણ તમારા ગૌરવનું પણ ખંડન થશે. જ્યાં આત્મસન્માન અને ગૌરવ જળવાય ત્યાં જ તમારા દિલની વાત કરજો. દિલની વાત જ્યાં ત્યાં ફેંકી નહીં દેતા.

• • •

સૌજન્ય કમજોરીનું લક્ષણ નથી અને સહૃદયતાની હંમેશ સાબિતી આપી શકાતી નથી. સહકારના સમૃદ્ધ તટ પર ઊભા રહીને હાથ મિલાવીએ, જ્યાં સલામતી સ્થિર છે. આપણે ક્યારેય એકબીજાથી ગભરાઈને વાટાઘાટો નહીં કરીએ. પણ આપણે ક્યારેય વાટાઘાટો કરતાં ગભરાઈશું નહીં. આદર્શવાદ એટલે પલાયનવાદઃ આપણે આમ કરવું જોઈએ એ ભવિષ્યકાળની વાતો થઈ. વર્તમાન શું છે.....? તે પહેલાં જાણવું જોઈએ. હકીકત તો વર્તમાનકાળમાં જ બદલી શકાય. ભવિષ્યમાં કરીશ તે ભાગી જવાનું લક્ષણ છે.

• • •

પ્રેમ વગરનું જ્ઞાન આપણો નાશ નોતરે છે. રૂઢિની, વિદ્યાલયોની પીઠિકા પર આધારિત ચોપડીયુગમાં લખાયેલી માહિતીથી આપણે પદવી પ્રાપ્ત કરેલી હોય છે અને એથી આપણે આપણને જ્ઞાનવાન સમજીએ છીએ.

• • •

આપણે જે છીએ તે આપણે થવા માગતા નથી. આપણે બીજા થવા માગીએ છીએ. ઈશ્વરનો (કુદરતનો) સીધો અનુભવ જ મહત્ત્વનો છે અને તેના માટે

***આપણે મરીશું તો જ નવાનો જન્મ થશે. આપણી રાખ ઉપર જ નવા જીવનની શરૂઆત થશે.***

પ્રેમ જોઈએ. સાચું વાત્સલ્ય અને સહાનુભૂતિ કૃત્રિમ રીતે લાવી શકાતાં નથી. હેતુરહિત જગતમાં ઊછરવું ખૂબ જ અઘરું છે. તપાસ કરીને શોધવા પ્રયત્ન કરીએ. સમસ્યા સમજવાને બદલે ઉત્તર શોધવામાં જ આપણે મશગૂલ હોઈએ છીએ. ખરેખર તો સમસ્યામાં જ જવાબ હોય છે. જવાબ સમસ્યાથી જુદો નથી હોતો.

● ● ●

જ્યારે પિતા પોતાના બાળકને ચાહતા હોય ત્યારે તેઓ એક બાળકને બીજા સાથે સરખાવતા નથી. પરંતુ તમે તમારી જાતને કોઈ વધારે સારા, વધારે ઉદાર, વધારે સાધનસંપન્ન સાથે સરખાવો છો. સરખામણી પ્રેમનો શૂન્યાવકાશ સર્જે છે. સરખામણી પરિગ્રહયુક્ત બની જાય છે.

● ● ●

તમે તમારું મન જોઈ લો. તે પોતાના પર જ કાબૂ રાખવા પ્રયત્ન કરી રહ્યું હોય છે. કબજો રાખવા -દબાવવા પ્રયત્નશીલ હોય છે. કોઈ ને કોઈ પ્રકારની તૃપ્તિ જ શોધતું હોય છે. તે મનને આપણે જાગૃત મન કહીએ છીએ. પણ શું તે જાગૃત છે...? ખરેખર જાગૃત મન એટલે શાંત મન. પતંગિયાની જેમ દરેક જગાએ પીછો કરતું મન જાગૃત નહીં પણ અશાંત છે અને અશાંત મન તદ્દન નવી તાજી વસ્તુ પામી શકતું નથી. જિંદગીની સુગંધ અને પ્રેમનો વિધ્વંશ કરે છે. તેમ જે છો તેની સમજણ તમારામાં મહાન શાંતિ સંતોષ, ઊંડી આંતરદૃષ્ટિ અને ઉમદા પ્રેમ લાવશે.

● ● ●

જાગૃતિ એટલે તમે શું વિચારી રહ્યા છો - અને શા માટે ....? તે શોધો. જાગૃતિ મારફત તેનું હાર્દ મળશે. સમજ જાગૃત થશે અને સત્ય લાધવામાં ઉપયોગી થશે. પોતે જ નિર્મિત કરેલા સંકુલ પ્રશ્નોની સમજ આવે ત્યારે પ્રેમ દેખા દે છે. તમે ઈચ્છતા હો કે આમ જ બને અને આ મળે જ. તે પ્રમાણે ન થાય એટલે તમે દુઃખી.

● ● ●

સ્મૃતિને આનંદ નથી તે તો ચાલી ગયું છે. એક વખત આનંદ ઉત્પન્ન કર્યો હતો - તેની કલ્પનામૂર્તિ છે. સૌન્દર્યના જવાબમાં તરત જ આનંદ ઉત્પન્ન થાય છે.

***હૃદયનો કોઈ છેડો નથી આપણે જેટલો પ્રેમ કરીએ એટલું જ હૃદય વિશાળતા પામે છે.***

પરંતુ સ્મૃતિ વિઘ્નરૂપ થાય છે. આનંદનો વિનાશ કરે છે. સ્મૃતિનો સંગ્રહ કરવાને બદલે સૌંદર્યની સતત કલાત્મક સૂઝ રાખવામાં આવે ત્યાં જ અવિનાશી આનંદની શક્યતા છે - વધારે માગણી કરવી એટલે સ્મૃતિનો સંગ્રહ કરવો.

• • •

ભાઈચારાની ભાવના એટલે 'પ્રેમ' એ સમયમાં મપાય એવી બાબત નથી. શું મહત્ત્વનું છે...? હું શું છું એ જોવું કે હું થઈશ ....? તેની અટકળ બાંધવી. ખરેખર તો પહેલાં હું શું છું. તે જોવું અતિ આવશ્યક છે. મહત્ત્વનું છે. જીવનનું પહેલું સોપાન છે.

• • •

આર્થિક -સામાજિક -માનસિક -રાજકીય ક્ષેત્ર સાથે દફતરમાં -ઓફિસમાં ધર્મ ન જોઈએ. આ રાજકીય ક્રાંતિ હોય તો લાંચ લેવાની શું કરવા મનાઈ હોવી જોઈએ....?

• • •

માનવ માનવ પાસે લઈ જાય - ઈન્સાન ઈન્સાન પાસે લઈ જાય તેમ ધર્મ મને ભગવાન પાસે લઈ જાય, રાજકીય પાર્ટી, વિજ્ઞાનિકો, પોલિટિકલ પાર્ટીઓ, રાજ્યવ્યવસ્થા -સોશ્યલિસ્ટ પાર્ટીઓ - મને રોટીરોજી -મકાન આપશે પણ આટલાથી જ મારું જીવન સંપૂર્ણ બનશે ....? આનંદ, પ્રેમ વાત્સલ્ય અને કરુણા મને કોણ અને કેટલી આપશે....? જીવનમાં શું આની આવશ્યક્તા નથી....?

• • •

શ્રદ્ધા અને ભક્તિ, પ્રેમ અને આનંદ, સ્નેહ -સમર્પણ તે ભક્તિ આપશે, મૈત્રી આપશે, સંબંધ સખ્યભાવ રાખશે. અપૂર્વ મિલન સર્જાતું હોય.

• • •

મૈત્રી - પ્રમોદ અને કરુણા - ક્ષમા, સરળતા અને મૃદુતા પ્રેમ - પવિત્રતા અને પરમાર્થનો મંગલમય સંદેશ ભક્તિ - મૈત્રી - અને શુદ્ધિની ત્રિવેણીસ્નેહના સરવાળા ગુણોના ગુણાકાર, ભૂલોના ભાગાકાર - બદીઓની બાદબાકી કરી, જીવનના ચોપડાના હિતાબકિતાબ ચૂકતે કરવા.

• • •

ના ધરા સુધી ના ગગન સુધી,

***શક્ય હોય તો વાંચશો, સમજશો અને યોગ્ય જણાય તે વ્યવહારમાં મૂકશો.***

ના ઉન્નતિ કે પતન સુધી અહીં,
તો આપણે જવું છે ફક્ત એકમેકના મન સુધી,
અરસપરસના હૃદય સુધી.
આપણી મિત્રતા આત્મના સ્નેહથી સાંકળવાની છે.
કોઈ દૈહિક સ્વાર્થ કે મોહની આ મિત્રતામાં જગ્યા જ નથી.

• • •

ઘડિયાળના કાંટા કોઈની રાહ જોયા વગર સતત આગળ ને આગળ વધતા જ રહે છે. સમય એટલી સૂક્ષ્મ ચીજ છે જે આપણા હાથથી પકડી નથી શકાતી.

• • •

જે શ્રવણ કરે તે - સાંભળે તે માણસ સાંભળ્યા પછી જે વિવેકદૃષ્ટિ ખોલે તે એ જ માનવ. વિવેક જાગ્યા બાદ કર્તવ્યોને આચરણમાં મૂકે તે મહાત્મા. રોજ દિવસ ઊગે છે અને આથમે છે. આપણા જીવનનું ચક્ર પણ એની સાથે સાથે ફર્યા કરે છે. જીવનની એક-એક ક્ષણ અમૂલ્ય છે.

• • •

અગતિક્તાથી સ્વીકારેલ ભ્રાંત ઈશ્વરવાદ. જે થાય છે તે તેની ઇચ્છાથી થાય છે. મારી ગતિ તેને હાથ છે. મારી અવગતિ પણ તે કરે છે અને મારી ઉન્નતિ પણ તે કરે છે. આ વિચારો ભ્રાંતવાદમાંથી ઉદ્‌ભવ્યા છે.

• • •

હું પ્રભુને મળવા જાઉં એ મરણ. પ્રભુ મને મળવા આવે એ જીવન. ‘યોગ’ જોડાઈ જવું, કુશળતાથી જોડાઈ જવું :- હું મારી કૃતિનો જવાબદાર છું. હું કોઈના હાથનું રમકડું નથી. મારી પ્રગતિ હું કરી શકું છું. યોગ એટલે આત્મા -પરમાત્માનું મિલન. યોગશાસ્ત્ર એટલે જોડાઈ જવું કુશળતાથી જોડાઈ જવું, આત્મા- પરમાત્માના આલિંગનમાં બન્નેને આનંદ મળે છે તેને આલિંગન કહેવાય છે. બાકી ડર-ભીરુતા-બીક-માલિકીપણું સંભવે છે. સખ્યતા વગર સભ્યતા સભર થતી નથી.

• • •

પ્રસાદ, પ્રભુને સાદ પાડવો. પ્રસાદ એટલે પ્રસન્નતા, આ વૈદિક તત્ત્વજ્ઞાનનું સોપાન છે.

***જેવું કરવું હોય તેવું કર, જેવું થવું હોય તેવો તું થઈ શકે છે. આ ભગવાને મનુષ્યને આપેલી સ્વતંત્રતા છે.***

દિલ દિલની વાતો દિલસોજીથી જ સમજાય. થાકેલા પગની કાંકર અને પથમાં પથરાયેલા કંટકો ચૂપકી ભરેલાં દિલો જ જાણી શકે છે.

● ● ●

અતૂટ મૈત્રી, માનવમૈત્રી, વિશ્વમૈત્રી, જીવ માત્ર મૈત્રી દુનિયામાં જે એકને પણ પોતાનો દુશ્મન બનાવે છે એ પોતાની જાતે પોતાનો વધુ ને વધુ દુશ્મન બને છે.

● ● ●

ક્રોધ-માન-માયા-લોભ-મોહ-કામ-અહંકાર સ્વાર્થને જોઈ લેવા, તપાસી લેવા, બરાબર ઓળખી લેવા, આંતરશત્રુઓ સાથે લડી લેવાનું અને બહારના શત્રુઓને, મૈત્રીથી, પ્રેમથી, પરાજય આપી દુશ્મનને દિલમાં વસાવી લેવા અને દુશ્મનના દિલમાં વસી જવું એ કૌશલ્ય છે. યાદ રાખજા કે ક્રોધમાં ગુમાવવાનું પુષ્કળ છે, મેળવવાનું કંઈ નથી. ક્રોધ કરવો એ કાયરતા છે. પ્રેમ કરવો એ મૈત્રી છે. હૃદયમાં જ્યારે મૃદુતા અને મધુરતાનું મિલન થાય ત્યારે જીવનમાં સાચા આનંદનો મેળો ભરાય છે. પ્રેમની ઝોળી છલકી જાય છે. દલીલથી કદાચ આપણે વાત સમજાવી શકીએ, પણ એનો સ્વીકાર તો શ્રદ્ધાથી અને પ્રેમથી જ કરાવી શકાય. તમારી લીટીને મોટી કરવા બીજાની નાની પણ લીટીને ભૂંસી ન નાખો. પણ તમારા યોગ્ય પ્રયત્નો દ્વારા તમારી લીટી તમે મોટી કરો.

● ● ●

આખી દુનિયાની ચિંતા કરનારા આપણે અને આખા જગતને જોનારા આપણે ફક્ત આપણી પોતાની જ જાતનું નિરીક્ષણ કરવાનું ભૂલી ગયા. સંસાર એક મુસાફરખાનું છે. એ કોઈની માલિકીની વસ્તુ નથી. એમાં તો એક આવે ને બીજો જાય એમ સતત અવરજવર ચાલુ જ હોય. એનું જ નામ સંસાર.

● ● ●

ઉઠમણું :- મૃત્યુ પામનાર માનવનો અંતિમ આદેશ છે, ઊઠ, નહિતર ઊભો થા, જાગી જા અને સીધેસીધો ચાલવા લાગ. પાછળ જોવા થોભ નહિ, નહીંતર આ સંસાર ચાલ્યો જાય છે. તારી રાહ જોશે નહીં.

● ● ●

જગતનું દર્શન ભલે આંખો ખુલ્લી રાખીને કરવું પડતું હશે, પણ જાતનું દર્શન તો આંખો બંધ રાખીને જ થઈ શકશે.

***રસ્તો ખબર નથી***
***તોય શું ....?***
***મંઝિલ નજર નથી***
***તોય શું ....?***
***ડગમગી જાય જો***
***કદમ તો ....?***
***ડગમગતાં કદમ પણ***
***ચાલતા ઉપાડજો કદમ.***

ફૂલ ખીલે તો ફોરમ મળે, હોઠ ગૂંજે તો હૈયે ગીત રેલાય, મુખ ખૂલે તો માધુર્ય ભરાય.

• • •

અભિમાન મોટા ભાગે આઠ પ્રકારનાં હોય છે. સત્તાનું - સંપત્તિનું - બળનું - રૂપનું કુળનું સ્વીકાર કરતાં મને જરાય અભિમાન જ નથી એવો દાવો કરવા જેવું ભયાનક બીજું એકેય નથી.

• • •

જીવનના સરવાળા - બાદબાકીમાં મૃત્યુ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ સત્ય જે બરાબર સમજી લે તેને ગમે ત્યારે, ગમે તેવા સંજોગોમાં મૃત્યુનો ભય લાગતો નથી. એવા માણસો હસતા મોંએ મૃત્યુને ભેટી શકે છે. સાચી વાત એ છે કે મૃત્યુ વિના જીવનની મજા નથી. જૂની પેઢી જાય અને નવી પેઢી આવે તો જ કુદરતનો ક્રમ જળવાઈ રહે. મૃત્યુ છે એટલે જન્મ છે અને જન્મ છે એટલે વિકાસ છે. કાળના કેલેન્ડરમાં જો બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થાની તારીખો નોંધાતી ન હોત તો માનવીના અસ્તિત્વની કોઈ કિંમત ન હોત.

• • •

જેનો જન્મ થાય છે તેનું મૃત્યુ અનિવાર્ય છે. કુદરતનો અપવાદ વગરનો આ કાયદો છે એ જાણવા છતાં પણ મોતથી ડરવું એ મૂર્ખાઈ છે. સવારે દિવસ ઊગે છે ત્યારે આપણને ખાતરી જ હોય છે કે સાંજ આથમી જવાની છે.

• • •

જીવનને એક એવું પરબ બનાવવું જોઈએ કે જ્યાંથી જિંદગીની મંઝિલ તરફ જતા અનેક મુસાફરો પ્રેરણાની તરસ છિપાવી શકે. ઈશ્વરે (કુદરતે) જીવનમાં જાગૃતિનાં થોડાં ઘણાં વર્ષો બક્ષ્યાં છે તેમાં શક્ય એટલો પ્રેમ, મૈત્રી, આનંદ અને સંતોષ મેળવી લો. આ જ જીવનનું ખરું મૂલ્ય છે. જીવનની ખરી મજા માણી લો, ઉપયોગ કરી લો. નહીંતર રોળાઈ તો જવાનો જ છે. ફેરો ફોગટ જશે.

• • •

સુખ અને દુઃખ, સવાર અને સાંજ છે. જન્મમરણ પરમાત્માના પ્રેમનો જોગ - વિજોગ છે. અલ્લાહના માર્ગ પર હાથ- પગથી નહિ, દિલથી ચાલવાનું હોય

***જેનું મન ખાલી છે,***
***શોધતું નથી, માગતું નથી,***
***પૂછતું નથી તેવા મન પાસે***
***સત્ય આવે છે.***

છે. અલ્લાહ સાથેની પ્રીતિ એટલે આત્મવિસ્મૃતિ.

● ● ●

એક સંતે રાબિયાને પૂછ્યું કે તમે લગ્ન શા માટે કર્યાં નથી. તો રાબિયાએ કહ્યું. ''એ સવાલ તો 'હું' જેની મિલ્કત છું તેમને જ કેમ પૂછતા નથી.''

● ● ●

એક સંતે એક વાર સમસ્યા ઉપસ્થિત કરી. તો રાબિયાએ તેમને મીણબત્તી અને સોય મોકલાવી. સંતે અર્થ પૂછ્યો, મીણબત્તી પોતે સળગીને અન્ય માટે પ્રકાશ પાથરે છે. અને સોય પોતે નગ્ન ઉઘાડી રહે છે પરંતુ અન્યને સીવીને કપડાં પહેરાવે છે. તેમની નગ્નતા ઢાંકે છે.

● ● ●

અક્કલ એટલે કે જ્યાં હોવી જોઈએ ત્યાં એ હોતી નથી અને જ્યાં એની આવશ્યકતા નથી હોતી ત્યાં એ ભરપૂર હોય છે.

● ● ●

અભિનંદન એટલે ઈચ્છા નહીં હોય તો પણ અભિનય સાથે બોલવો પડતો શબ્દ છે.

● ● ●

મનબુદ્ધિની પ્રગતિ ઉન્નતિ -વિચારોમાંથી આવે છે. માનવશક્તિ જાગૃત થવી જોઈએ. કરુણા- પૂર્ણા -પરિપૂર્ણાને શિકાર બનાવો છો...? વિત્ત-કીર્તિ -વિષય-આત્માને મારી-વૃત્તિને વિકાસમાંથી હણી- એટલો વિકાસ અટકાવ્યો, મનને હણીને ઈન્દ્રિયોને ગમતું કર્યું...?

● ● ●

સેન્સ ઓફ એપ્રિએશન-કદર કરો - જગત સારું જ છે. હા-હા-હામાંથી હું-હું-હું થઈ જઈએ છીએ. 'હું'નો રંગ કાઢો, અહંમનો રંગ કાઢો. વાસના લોલુપતા નિર્માણ કરે છે. લોલુપતા -ભયભીતતા- શંકાશીલવૃત્તિ ત્રણે પિશાચો છે. નીતિ-પ્રીતિ પણ ભીતિથી આવવા પૂરો સંભવ છે. આ ત્રણે પ્રેમથી આવવા જોઈએ.

● ● ●

ઈન્દ્રિયો અને વિષયોનો સંયોગ થાય તેમાંથી વાસના ઉત્પન્ન થાય અને લોલુપતા નિર્માણ થાય માટે વાસુદેવની વાસના રાખવી, જેથી લોલુપતા નિર્માણ નહીં થાય.

***અંદરથી શાંત થવામાં આવે તો સત્યદર્શન થઈ શકે, પ્રયત્નો વડે કરવામાં આવેલું શાંત મન મૃત છે. તે સત્યને પામી ન શકે. પણ સમજણ વડે શાંત થયેલું મન સત્ય દર્શન કરી શકે.***

જ્ઞાનથી વિષયોને સંભાળી શકાય છે. વિચારોથી સંબંધ બંધાય છે. અહંનો રંગ જ્યાં સુધી ભક્તિનો-બ્રહ્મનો રંગ ચડે નહિ-લાગે નહીં.

● ● ●

જિંદગીમાં સુખ ભાગ્યે જ ગેરહાજર હોય છે. આપણને એની હાજરીની બરાબર નોંધ લેતાં નથી આવડતું.

● ● ●

પ્રેમ અને મૈત્રી માપી શકાતી નથી. આજકાલ બન્નેમાં ઘણી ભેળસેળ થાય છે.

● ● ●

સ્વમાં બે વસ્તુઓ હોય છે. નયનાકર્ષક અને ચિત્તાકર્ષક, આ ભેદ સમજવો, જાણવો મુશ્કેલ હોય છે. પ્રત્યેક સામાન્ય વ્યક્તિના જીવનમાં પણ કોઈક અસામાન્ય કથા પડેલી હોય છે.

● ● ●

કમજોરી અને કાયરતામાં ફરક છે.

● ● ●

કેટલાક સંસ્કાર એવા દૃઢ હોય છે કે તે બળજબરી કરવાથી નષ્ટ થતા નથી. હૃદયનું પરિવર્તન થવું અનિવાર્ય છે. એની વૃત્તિઓનું પરિમાર્જિત થવું જોઈએ. જ્યાં સુધી વ્યક્તિને પોતાના દોષો અને પોતાની દુર્બળતાઓ પ્રત્યે તિરસ્કાર નથી થતો ત્યાં સુધી તે તેમાંથી બહાર નીકળી નથી શકતો.

● ● ●

સફરે ઊપડવું છે ને પેટ્રોલ પુરાવવાનો વખત નથી. પરીક્ષા આપવા જવું છે, પણ પેનમાં શાહી પૂરવાની ફુરસદ નથી, આત્મશક્તિ મેળવવી છે, પણ ધ્યાનયોગનો સમય નથી. આ કેવી ઉતાવળ....!

● ● ●

કોઈ વ્યક્તિ ઉદાસ રહેવા ચાહતી નથી. છતાં ઉદાસ બની જાય છે. તેમ ક્યારેક મોલ અણમોલ પણ બની જાય છે. ક્યારેક મને લાગે છે કે હું કોઈને ઓળખી શકતો નથી. ક્યારેક એમ પણ લાગે છે કે મને કોઈ ઓળખી શકતું નથી. ખેર, આમ જ ચાલ્યા કરવાનું હશે? માણસ એક નાનકડી સોય કે રૂમાલ શોધે. ઘરનો ખૂણે ખૂણો ફેંદી વળે છે. તેમ સૂર્યના તાપમાં દીવો લઈને શોધવા નીકળ્યો છું.

***વિજ્ઞાન પદાર્થને બદલે છે. ધર્મ માનવને બદલે છે, જે માનવીને ઇન્સાન બનાવે. માનવીને સ્વયંનો સ્વભાવ સમજવાની પ્રક્રિયા બતાવે તે જ સત્ય છે. તે જ ધર્મ છે.***

નામની તકતી સુવર્ણ અક્ષરે કંડારીને નામ અમર કરવાની ભાવના તો ઘણા લોકો રાખે છે, પણ હૃદયમાં અંકિત કરવા સભર ભરેલું હૃદય અને મનની મમતા કોઈ પણ ઉપર ઠાલવી જવાની સૌંદર્યતા દાખવતા જાઓ કે જે જિંદગી પછી પણ કોઈ ભૂલી શકે નહીં.

• • •

'સુખ' અલગ છે. 'આનંદ' અલગ છે. સુખમાં શાંતિ હોય જ એવું નથી, પણ આનંદમાં શાંતિનું અસ્તિત્વ જરૂર હોય છે. સ્મશાનશાંતિ નાખી હોય છે, જે અંદરથી હૃદયમાંથી શાંતિનું નિર્માણ થાય છે. સંપૂર્ણ સંતોષયુક્ત હોય છે. અંદરથી આનંદસભર હોય છે. સહૃદય પ્રેમપૂર્વક કરુણા, આનંદ, નિર્માણ કરતી વખતે કામનારહિત નિર્મળતા આવવી જોઈએ.

• • •

કામનારહિત રહેવું હોય તો મનને એક જગ્યાએ બાંધવું જ જોઈએ અને અહીંથી જ મૂર્તિપૂજા શરૂ થાય છે. એક ક્ષણ પણ તારા વગર અંદરની ક્રિયાઓ નથી થતી અને બહાર પણ તું છો નસમાં અને શ્વાસેશ્વાસમાં. ખરેખર તું જ સર્વત્ર છે, સર્વવ્યાપ્ત તું જ છે.

• • •

ભગવાન બધાને રમાડે છે. એક પૂરી ફેંકે છે. છોકરો પૂરીમાં મશગૂલ થઈ જાય છે. 'મા' ને ભૂલી જાય છે. ખલાસ થાય, એટલે તરત માગશે, ફરી પૂરી ફેંકશે.

• • •

જીવનમાં પરિશ્રમ કરવો જોઈએ, સેવકની જરૂરત ક્યારે ઊભી થાય...? આપણામાં કંઈક અછત, કંઈક ખામી, કંઈક ન ગમતું કરવાનું હોય ત્યારે સેવક ઉપસ્થિત થાય છે. માલિક કંઈક-કંઈક કામ સોંપે છે. દૈત્ય આપણને દોડાવે છે. કંઈક જોઈએ. મત્સરરહિત, આશ્રયરહિત, મદરહિત, આસક્તિરહિત, આ શરીર મારું નથી. સંપૂર્ણ સમજ, આ અવસ્થા પુખ્ત જીવનની છે.

• • •

કર્તૃત્વનો મદ, પઝેશનનો મદ, કીર્તિનો મદ, ધનનો મદ, રૂપનો મદ, પુખ્ત જીવન બનાવવામાં બાધા નિર્માણ કરે છે. રોગનો પ્રસાર થાય છે. નિરોગ લાવવો જોઈએ છે. ઉત્સાહ :- કંઈક કરવું છે, કંઈક બનવું છે, કંઈક બનાવવું છે,

***તૂ ખુદી સે અપની હૈ બેખબર, યહી ચીઝ હૈ તેરી બેબસી, તૂં હી અપને આપસે આસના, તેરે ઇખ્તિયાર મેં ક્યા નહીં ?***

*યહ નઝર કા તેરી કસૂર હૈ, તૂ હૂઈ કે પર્દે કો દે હટા! તૂ હૈ બંદા તો મૈં ખુદા સહી, તૂ મેરે કરીબ તો આ જરા ! મુઝે દેખ, અપને પે કર નઝર, કોઈ બંદા કોઈ ખુદા નહી !*

નિરુત્સાહ ટાઈમ પસાર કરાવી જાય છે.

● ● ●

આપણે શબ્દનો ગમે તેટલો મહિમા કરીએ તો જ શબ્દ જીવતો શબ્દ બની શકે છે. અક્ષર તો કેવળ શબ્દનું હાડપિંજર છે. શબ્દના એ હાડપિંજરમાં જો પ્રાણપ્રતિષ્ઠા થાય તો જ શબ્દ મડદું બનતું બચી જાય. શબમાં પ્રાણ ફુંફાય તો જ શબ શબ્દ બની જાય છે.

● ● ●

તરસ લાગે છે, ભૂખ લાગે છે, ઈચ્છા જાગે છે, મન મોહે છે, પણ ભક્તિ લાગતી નથી. સંસ્કારમાં કંઈક થોડી અછત હોય છે. આ અછત ભગવાને રાખી છે. તે પોતાની પાસે ખેંચવાને માટે છે.

● ● ●

ભગવાન પાસે માગવાનું હોય તો શું માગવું....? સાધન માગવું કે સાધ્ય માગવું....? કર્મથી મળે, ભગવાન પાસે માગીએ મને ભગવાન પ્રેમથી મોકલે.

● ● ●

રાજા પરદેશ ગયો. ત્રણ રાણી હતી. તેને પત્ર દ્વારા પુછાવ્યું શું શું લાવું? એકે કહ્યું, સારા કપડાં અને મીઠાઈ. બીજીએ લખ્યું, હીરા- મોતી, ઘરેણાં. ત્રીજીએ રાજાની માગણી કરી વિયોગ વર્ણવ્યો. રાજા વિદેશથી આવ્યો. સહુને જે માગ્યું તે મોકલાવ્યું. ત્રીજી રાણીએ પોતાની માગણી કરેલ હતી. એટલે ખુદ રાજા પોતે આવ્યો સાથે ઘરેણાં- કપડાં મીઠાઈ લઈને આવ્યો. બધું જ મળ્યું માગતા આવડતું જોઈએઃ અક્કલ-હોશિયારીથી માગવું જોઈએ. માગતી વખતે ભગવાન આવવો જોઈએ. ભગવાન આવે તેની સાથે બધું જ આવે. લક્ષ્મીજી પણ ઓટોમેટિક આવે.

● ● ●

ભક્ત કવિની કલ્પના છે. રાત રડી છે. ‘ઝાકળ’ લવ લેટર મળે છે. મેળવી શકાય છે. પણ અવર્સ મળતી નથી જીવન ટિડિયસ લાગે છે. આટલી ભક્તિની ઉન્માદતા વધી જાય છે. વ્યાકુળતા વધી જાય છે ‘તારા વગર’.

● ● ●

‘અનુગામિની લક્ષ્મી’. હરિની જોડે લક્ષ્મી આવે. પહેલાં હરિ આવે પછી સરળ

રીતે લક્ષ્મી પધારશે જ.

• • •

તમે જ્ઞાની, વિજ્ઞાની કે વિચક્ષણ બુદ્ધિ ધરાવતા લોકોને એક વાર નહીં અનેક વાર છેતરી શકશો, પરંતુ પોતાની જાતને તમે ક્યારેય કોઈ રીતે છેતરી શકશો નહીં.

• • •

પંડિતાઈની, ધનની, કીર્તિની, સત્તાની, સુંદરીની લાલસા મનુષ્યમાં પ્રબળ હોય છે. ગમે તે રીતે, ગમે તેવા રસ્તે, ગમે તેટલી શક્તિ ખર્ચાયા બાદ પણ કેટલાક સેનાપતિઓ, ઉદ્યોગપતિઓ દુનિયાભરની સંપત્તિ - સત્તા હાંસલ કરતા ધરાતા નથી સમય કોઈને છોડતો નથી. કરેલાં ગલત કર્મોનું ફળ ક્યારેક તો ભોગવવું જ પડે છે. ધન - સત્તાની અંબાડી પર ચીટકી રહેવાની લાલસા પણ ક્યારેક ભાગ્યના આધારે વણસંતોષાયેલી રહી જઈ શકે છે.

• • •

ભાગ્ય એ બંધ તિજોરી છે. પુરુષાર્થ તેની ચાવી છે. બધી જ મહાન ભૂલોના પાયામાં અહંકાર હોય છે. પરવશને સલાહ નહીં, સહકાર આપશો. આત્મીયતાના પ્રેમનું એક બિન્દુ અમૃતના સાગર કરતાં વધારે મીઠું હોય છે. જ્યારે મન પ્રસન્ન થઈ જાય છે ત્યારે બુદ્ધિ પણ સ્થિર થઈ જાય છે.

• • •

અહીં કોઈ સલામતી નથી હોતી, માત્ર તક હોય છે. અમારી થાળી, તમારું ફરાળ એનું નામ સહકાર. વરઘોડામાં ઘોડા આગળ અને સભામાં જોડા પાછળ.

• • •

અન્ય શહેરની કે ગામની મહિલા રસોઈ બનાવી જાણે છે. મુંબઈની મહિલા રસોઈ બનાવડાવી જાણે છે.

• • •

સ્વાધીનતા એક તોફાની સમુદ્ર છે. ભીરુઓ સરમુખત્યારશાહીને, શાંતિને પસંદ કરે છે.

• • •

કાચની બારી સ્વચ્છ અને પારદર્શક હોય ત્યારે બહારનું બધું સુંદર અને સ્વચ્છ

***જન્મ અને મૃત્યુ અને જીવનની ધારા અવિરત રીતે ચાલી રહી છે. - જેમાં તર્ક કંઈ કામ કરી શકતો નથી. જિંદગી તર્કને માનતી નથી.***

દેખાય છે. પણ એ જ કાચને ચાંદી -પારાનું આવરણ લગાડીને તેની સામે આપણે જોઈએ તો કાચ અરીસો બનતો હોય છે તેમાં આપણે જોઈએ શકીએ છીએ. પોતાના સુખ અને સગવડો જ જુએ છે. બીજા માણસને ભૂલી જાય છે.

● ● ●

હાલની સ્થિતિમાં કોઈ પણ રસ્તો ફૂલોથી પાથરેલો નથી. કઠિન પરિસ્થિતિ સામે હોય ત્યારે માત્ર વિચારો કરીને આવનારી તકલીફોથી ડરીને બેસી રહેવાય નહીં.

● ● ●

ભયની કલ્પનાથી ધ્રૂજીને બેસવાને બદલે કૂદી પડવું જોઈએ. લાઓ ત્સે જેવા વિદ્વાને પણ કહ્યું છે કે હજાર માઈલની સફર માત્ર પ્રથમ પગલાથી શરૂ થાય છે. જો પગલું જ ન ભરીએ તો ક્યાંય ન પહોંચાય. દાગ હેમરશીલ્ડે કહેલું, કદી જ કોઈ પર્વતની ઊંચાઈ ન માપી શકાય. એક વખત હાથની મુક્કી વાળીને પર્વત ચડો અને પછી ઉપરથી જુઓ તો લાગશે કે પર્વત કેટલો નાનો હતો!

● ● ●

આપણું મન બેધારી તલવાર જેવું છે. નથી છોડી શકાતું કે નથી અપનાવી શકાતું.

● ● ●

એક માતા અને એક પત્ની વચ્ચે શું ફરક છે....? એક માતાને પોતાના પુત્રને માનવી બનાવતાં પચીસ વર્ષ લાગે છે, જ્યારે એક પત્ની એને પાંચ મિનિટમાં બેવકૂફ બનાવી દે છે, પરંતુ પુત્રને જન્મ આપતાં નવ માસ જ લાગે છે.

● ● ●

દુનિયાના મહેફિલખાનામાં મહેમાન બદલાતા રહે છે. 'મારી પાસે જે કંઈ છે એ બધું મારી સાથે જ છે.'

● ● ●

પરસ્પર અવિશ્વાસ કરવાથી તો બધાનું જ બગડે છે. વિશ્વાસ કરવાથી કદાચ બચી જવાય. કઠિન સંજોગોનો સામનો કરવાને બદલે હું ચોક્કસ બચી જઈશ તેવી માન્યતા સાથે લડશો તો જીતવાની તક વધી જશે. ફિલોસોફર સાર્ત્ર તો ભારપૂર્વક કહે છે કે આ વાક્ય સાક્ષાત્ ઈશ્વર બોલે છે. પોતાના સાથીદારમાં અવિશ્વાસ કરવાથી ઘણું ગુમાવીએ છીએ. એના કરતાં સાથીદારમાં વિશ્વાસ

***પરમાત્માએ દુનિયા બનાવી. જ્યાં સુધી માણસ બનાવ્યો ન હતો ત્યાં સુધી પરમાત્મા દરેક ચીજ બનાવતો જ ગયો. છેવટે તેણે માણસ બનાવ્યો. પછી બનાવવાનું જ બંધ કરી દીધું,***

ન્યાયથી નેતા,
વિનયથી શિષ્ય,
શીલથી નારી, શાંતિથી
સાધુ, જીવનથી દેહ,
સુકૃતથી આત્મા અને
ધનથી ગૃહસ્થી રહેવામાં
સુગમતા છે.

કરવાથી ટકી જવાનો માર્ગ ખુલ્લો રહે છે.

• • •

ભયથી પ્રેરાઈને થતી કોઈ પ્રવૃત્તિ માનવીને સાચી રીતે જીવવામાં ઉપયોગી થતી નથી. લાદેલા - ઠોકી બેસાડેલા સ્વનિયમ વડે નહીં પણ કેવળ સ્વજ્ઞાન વડે જ્યારે મન શાંત બને છે ત્યારે સત્યનો આવિર્ભાવ થાય છે. ફક્ત ત્યારે જ પરમ સુખનો આવિષ્કાર થાય છે.

• • •

વખત જતાં ન ગમતી બાબત અને ગમતી બાબતો કોઠે પડવા લાગે છે તેને આપણે સ્વભાવિક ગણવા લાગીએ છીએ. તેના ચતુરાઈપૂર્વક બચાવો પણ કરીએ છીએ જેમ કે લોકો જ એવા હોય તો પછી આપણને ગુસ્સો તો થાય જને....? એવું સમજીને મન મનાવતા કહેતા ફરીએ છીએ. આમ નિયંત્રણો ભ્રમ અને જાત છેતરપિંડી જ છે.

• • •

નિર્ણય લેવાનું કામ આપણું છે, શક્તિ ભગવાનની છે.

• • •

જીવન મરણ કરતાં શ્રેષ્ઠ છે. ‘સારા કર્મ કરવા માટે’ જીવનનો ધર્મભાવ વધે, વધવો જોઈએ. સાથે ગાંડપણ જવું જોઈએ, જ્ઞાન વધવું જોઈએ. ભાવ ટકાવી રાખી વધારતાં જતાં શ્રવણ થવું જોઈએ, જે શ્રવણ મને સમજાવે - ઈશ્વર કાર્ય કરે તે શ્રવણ ભોગજીવન નાશ કરે. રામનું જીવનચરિત્ર નૈતિક છે. કૃષ્ણનું જીવન ફિલોસોફીયુક્ત, ભક્તિયુક્ત, ભાવથી ભરેલું છે. કોઈ ઉપર ભાવ નહિ, કોઈ ઉપર વિશ્વાસ નહિ તે ઘરડો ઘસાઈ ગયેલો હોય છે.

• • •

શ્રવણ :- ટાઈમ પાસ કરવા, રસિકતા સંભવિત થતા શ્રવણ કરવું જુદું હોય છે અને કંઈક જાણવા કંઈક મેળવવા માટેનું શ્રવણ જુદું હોઈ શકે છે.

• • •

પ્રામાણિક થાઓ, વાસ્તવમાં ચાલુ જીવનમાં આપણે અપ્રામાણિક હોતા નથી, છતાં ઊંડા ઊતરીએ ત્યારે આપણને ખ્યાલ આવી શકે કે શરીર કોણ ચલાવે છે....? જે ચલાવે છે તેને કંઈક આપવું જોઈએ કે નહિ....? આ વાતો ન

સમજાય, ન આપો તો આ એક અપ્રામાણિકતા છે, નૈતિકતાવિહીન જીવન છે. ભાડું ન આપવાવાળા ઘૂસણખોર પણ સમજી શકાય,

● ● ●

આ મારો છોકરો....! આ મારી પત્ની, આ મારા આંબા, આ મારું ઘર, આ મારી જમીન, આ બધુ ઈશ્વરનો પ્રસાદ છે તેમ સમજમાં આવવું એ સત્ય તરફ લઈ જનારું છે. હક્ક હાંસલ કે ઠોકી બેસાડવાનો દાવો કરવો અસત્ય તરફ લઈ જવાનું દ્વાર છે.

● ● ●

દ્વેષ : દ્વેષ જાય, દ્વેષ અંતરથી કાઢો, એટલે પ્રેમ સહજ રીતે નિર્માણ થશે. દ્વેષ કાઢવો હોય તો પોતાનો દૃષ્ટિકોણ, સમજ બદલાવવી જોઈએ અને આ દૃષ્ટિકોણ બદલાય એટલે પોતાનો દ્વેષ દેખાય અને બદલાય.

● ● ●

ભગવાન ઓળખાય, સમજાય, ત્યારે ખાત્રી થાય છે કે કોઈ કોઈનું બગાડતું નથી કે બગાડી શકતું નથી અને જે આવું કરી શકતો હોય કે આવું કરી શકાતું હોય તેને ભગવાન સમજવો તે રાવણના રૂપમાં હોવો સંભવ છે.

● ● ●

વાસના, ક્રોધ, લોભ, મોહની જીવનમાં આવશ્યકતા છે, પણ તેનો ઉપયોગ, તેને વાપરતાં આવડવું જોઈએ, સાથે કંટ્રોલ કરતાં પણ આવડવું જોઈએ, સમજણ બદલવી જોઈએ.

● ● ●

અતિ સ્નેહ, અતિ પ્રેમ દુઃખદાયી છે. ક્રાઈમ કરવાવાળા, ગુનો કરવાવાળા રોગી છે અગર ખરેખર અણસમજુ છે. ભગવાનથી અણજાણ છે. એકનો બીજા સાથે સંબંધ નહિ તે 'પબ્લિક' ટોળું છે. આપણા દેશમાં ધર્મના બારામાં અજ્ઞાનતાના પ્રશ્નથી પણ વિપરીત જ્ઞાનનો પ્રશ્ન છે. લેટરીનમાં પાણી લેવું અમારી દસ પેઢીમાં કોઈએ કર્યું કે શીખવ્યું નથી. તેમ જ જલમાં દેવતા વસે છે તેને અપવિત્ર કેમ કરાય....? આવું વિપરીત ફળ પ્રવર્તે છે.

● ● ●

થોડી બુદ્ધિ ડેવલપ થાય, તો શરીર સમજાય, તેની મર્યાદા સમજાય. પછી શરીર

***લાલચની કોઈ સીમા નથી. મમતાનો કોઈ અંદાજ નથી. માયાનો કોઈ અંત નથી. લોભનો કોઈ છેડો નથી. સ્વાર્થનો કોઈ અંદાજ નથી. હક્કની કોઈ રેખા નથી.***

સત્ય સમજમાં રહેતું છે.
સત્ય આચરણમાં રહેતું છે.
સત્ય વિકારમાં રહેતું છે.
સત્ય સુલેહમાં રહેતું છે.
સત્ય સમર્થનમાં રહેતું છે.

માટે જ કેટલું નૈતિક કર્મ કરવું તેની પણ મર્યાદા સમજાઈ જાય.

● ● ●

આ શરીરની અંદર સંસ્કારિક મનની કિંમત છે. બાકી શરીર પ્રત્યે મોહ, સંપત્તિ માટેનો મોહ સમજણથી જાય, કીર્તિનો મોહ, પુત્ર, પતિ, પત્નીનો મોહ જે અવિવેક ઉત્પન્ન કરે છે તે મોહ છે, જેમાં વિવેક ચાલ્યો જાય છે.

● ● ●

જ્યારે પ્રેમમાં અવિવેક આવી જાય ત્યારે મોહ થયેલો હોય છે, આ બધાય મોહ ચાલ્યા જાય અને ઈશ્વરનો મોહ થાય. ઈશકાર્યનો મોહ નિર્માણ થાય, થઈ જાય અને ઈશ્વરના બારામાં મન નિઃશંક થાય, શંકારહિત થાય ત્યારે યોગ નિર્માણ થાય છે જેમાં અને જ્યારે સર્વસ્વ આપવાનું મન થાય, ઈચ્છા જાગે તે મોહ છે. ટૂંકમાં, આવો મોહ ઈશ્વરના બારામાં જાગવો જોઈએ, ઉત્પન્ન થવો જોઈએ.

● ● ●

રાધા ભગવાનની પ્રકૃતિ છે. ભગવાનની ધારા એટલે રાધા.

● ● ●

વ્યાવહારિક સભ્યતા અલગ અને પ્રભુની સભ્યતા અલગ હોઈ શકે છે. પગની પૂજા કરવી, કૃતિ ભક્તિ થતી હોય તો જ ‘પાદસેવન’ અર્ચનમ્ - વંદનમ્ સેવનીય.

● ● ●

અર્ચનમાં : ચિત્ત એકાગ્રતા આવશ્યકતા, આકર્ષકતા, આત્મીયતા ભગવાન તરફ આત્યંતિક ઊભી થવી જોઈએ ઘૃત ચિત્તે પશ્ચાત્તાપ આવવો જોઈએ, થવો જોઈએ.

● ● ●

ભગવાનને પ્રાયશ્ચિત્ત - પસ્તાવાનો પત્ર લખવો જોઈએ.

● ● ●

સમજાવે સમજતો નથી અને સમજે તો પણ વળતો નથી, જાનામી ધર્મમ્ જાનામી અધર્મમ્.

● ● ●

ભગવાન બે જ ભાષા જાણે છે : ભાવની અને પ્રેમની. આપણી ભાષા સ્વાર્થની, લાલચની અને વિકારોથી ભરેલી હોય છે.

‘નરદેહ દુર્લભ’............મળે તો ટકાવવો મુશ્કેલ અને ટકશે તો પરમાત્મામાં વ્યક્ત થવો કઠણ, આધ્યાત્મ સમજવો કઠણ અને સમજાઈ જાય તો જીવનમાં ઊતરવો મુશ્કેલ હોય છે.

• • •

પાદ સેવનમ્......... પગની પૂજા કરવી એટલે નમ્ર બનવું, માતાપિતા આ જગતમાં જેના માધ્યમથી આપણું નિર્માણ થયું છે. તે ‘માતૃ દેવો - પિતૃ દેવો ભવ.’

• • •

મનુષ્યજીવનની ગંભીરતા ‘ગાંભીર્ય’ આપણને જીવન તરફ ગંભીરતાથી જોતાં આવડવું જોઈએ, બીજાના જીવન તરફ ગંભીરતાથી જોતાં આવડવું જોઈએ,

• • •

વિદ્યાદાન શ્રેષ્ઠ છે. યશ આવે - અપયશ આવે - પ્રસન્નતા રહેવી જોઈએ, નમ્રતાયુક્ત જીવન, ફાયદાવિહિન નમ્રતા જોઈએ, ફાયદા માટેની નમ્રતા લાચારી છે.

• • •

અહંકારને કાબૂમાં રાખો, ભોળો અહંકાર, દાહક અહંકાર, વિત્તનો-સત્તાનો, રૂપનો, કલાનો મોહક અહંકાર, અહંકાર પ્રભુકાર્યનો, સેવકની-સાધના એ જ સમૃદ્ધિ.

• • •

ભગવાને વિચાર કરવાની શક્તિ આપી છે તે આપણા વિકાસની છે.

• • •

પંચ ધાતુ : ‘તેજ’, ‘વાયુ’, ‘અગ્નિ’, ‘પૃથ્વી’ અને ‘પાણી’ આ પાંચ તત્ત્વથી શરીરરચના સાકાર્ય છે - તેમાં ‘તોયમ્’ પાણી જ પૂજા માટે નિમિત્ત બનેલ છે.

• • •

‘બાહ્ય નીતિમત્તા એટલે વ્યક્તિ પર લાદવામાં આવેલી નીતિમત્તા અને આંતરિક નીતિમત્તા એટલે માનવીના શુદ્ધ થયેલા હૃદયમાં આંતરસ્ફુરણા થાય.’

• • •

‘ઈશ્વર એક અનુભૂતિ છે. તેને પુરવાર ન કરી શકાય.’

***ચિત્તમાં જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી ભય હોય છે. ભય અને અહંકાર એક જ શક્તિનાં નામ છે.***

'સાચા કર્મયોગીને માટે પૃથ્વી જ સ્વર્ગભૂમિ છે.'

● ● ●

સમાજ ન્યાતિ, જાતિ દેશ દુનિયા બાહ્ય નીતિમત્તા ઘડી શકે છે. આંતરિક નીતિમત્તા આંતરસ્ફુરણાથી જ પ્રાપ્ત કરી શકાય છે.

● ● ●

કૃષ્ણે ગોપીઓના વસ્ત્રોનું હરણ કર્યું અને ઉપરથી નમસ્કાર કરાવ્યા - તેમ પાંચાલીને ચીર પણ કૃષ્ણે પૂર્યા હતા.

● ● ●

રામને નમસ્કાર થાય, કૃષ્ણને ભેટાય, આનંદનો અધરવર્ડ નથી તથા માલિકનો પણ અધરવર્ડ નથી, આનંદ એકાકી છે. સુખનો અધરવર્ડ દુઃખ છે.

● ● ●

કૃષ્ણ સંગીન પણ છે અને રંગીન પણ છે. કૃષ્ણ વચન આપતા નથી, કારણ કે તેઓ ક્ષણ ક્ષણ જીવે છે. કૃષ્ણ નિર્દોષ અને પુખ્ત છે કૃષ્ણે પોતાની વેદનાની વાત ક્યાંય અને ક્યારેય કરી નથી. કૃષ્ણનું જીવન અસામાન્ય હતું. મૃત્યુ સામાન્ય હતું. રામ મનુષ્યમાંથી દેવ તરફ જાય છે, જ્યારે કૃષ્ણ દેવમાંથી માનવઅવતાર તરફ જતા જોવામાં આવે છે.

● ● ●

'શબ્દનો અનુભવ શક્ય નથી, પણ અનુભવના શબ્દની શક્તિ વિશેષ હોય છે.'

● ● ●

વિચારો કરતાં કૃતિ ઉપરથી જ જીનનનું મૂલ્યાંકન થાય છે. ધન-કીર્તિ કમાવા સિવાય બીજું કંઈ કર્યું જ નથી તે બધાય સિકંદર જ છે!

● ● ●

ઘણું દાન કર્યું! ઘણું તપ કર્યું! ઘણો સ્વાધ્યાય કર્યો ! ઘણી પૂજા, અર્ચના દર્શન કર્યાં! આના બારામાં અસંતોષ દિનપ્રતિદિન વધવો જોઈએ અને વહેવારમાં - વૈભવમાં સંતોષ આવવો જોઈએ.

● ● ●

પ્રાયશ્ચિત્ત જેવી કોઈ સજા નથી અને પ્રાયશ્ચિત્ત ન જાગે તો કોઈ પણ સજા સાર્થક થતી નથી.

***પ્રેમ સર્જવો એ***
***પરમાત્માનું કામ છે.***
***અનેકમાં એક થવું એ***
***ઈશ્વરની ક્રિયા છે.***
***સજ્જનોને સાથ દેવો એ***
***સર્જનહારનું કામ છે.***
***હૃદયથી હૃદય મેળવવું એ***
***હરિનું નામ છે.***

વસ્તુઓના જ્ઞાનથી જીવનની કૃતાર્થતા, શાંતિ અને સંતોષ મળતાં નથી. તેવા જ્ઞાનથી સમૃદ્ધિ આવી શકે છે, પણ જીવન ધન્ય બનતું નથી. તેનાથી પરિગ્રહ આવે છે, પણ પ્રકાશ મળતો નથી.

● ● ●

સંસારમાં સ્વાર્થ વિનાનો માનવી શોધવો મુશ્કેલ છે. સ્વાર્થ એ જીવનની અનિવાર્યતા છે, પણ નિઃસ્વાર્થ એ સુખી અને સંપન્ન જીવનનું રસાયણ છે.

● ● ●

Man is the Master of this Destiny. મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. માણસે આશાવાદી હવાઈ કિલ્લા રહિત બનવું જોઈએ.

● ● ●

જેને કંઈ ન જોઈએ તેને દુઃખ ક્યારેય ન આવે.

● ● ●

દુઃખ ઈચ્છાઓઓ અને અપેક્ષામાં રહેલું છે.

● ● ●

શાંત અને પ્રેમાળ વિચાર હજાર બોલેલા શબ્દો કરતાં વધુ અસરકારક છે.

● ● ●

ઊગતી પેઢીને તક આપો.

● ● ●

દુનિયાની શેહશરમમાં રહીને દબાવીને ચીલાચાલુ જ્ઞાતિ, નાતિ, જાતિના ભેદ, ભમરાળાં જીવન જીવવા કરતાં મસ્તીથી, સ્વતંત્રતાથી, જીવન પ્રેરણા આપે તે લે. જે સમજ પ્રવચનોથી કે પારાયણો સાંભળવાથી સંભવિત નથી તે બીજાને સમજતા સમજાય છે.

● ● ●

રોજના નિયમ પ્રમાણે હું પૂજાની સામગ્રી પાસે પહોંચી ગયો અને હૃદયમાં અતિ આનંદ સાથે મેં આગવું પૂજન કર્યું. હું સુખી છું કે દુઃખી એ વિષે મને કંઈ પૂછવું ન હતું અને આજે તેમણે અચાનક પૂછયું વત્સ! સુખી છોને!

● ● ●

એમના મુખમાંથી પહેલી વાર આ પ્રશ્ન સાંભળીને મારા આનંદનો પાર ન

***જ્યારે માણસને ભગવાનના બારામાં જાણવાની ઇચ્છા, અભિલાષા, રૂચિ અને પ્રખર જિજ્ઞાસા ઉદ્‌ભવે છે. ત્યારે તેનામાં સાધારણ રીતે ત્યાગ પ્રવેશ કરે છે.***

રહ્યો. હું સમજી ગયો કે આજે એમની કૃપા મારા ઉપર વરસવાની છે. એટલે જ તેમણે આ પ્રશ્ન પૂછયો હતો. જો નિશ્ચય કરી નાખ્યો કે આજે તો મનમાં જે છે તે કહી દેવું. તરત જ મેં એમનાં ચરણો પકડી લીધાં અને નીચું મસ્તક રાખીને મેં કહ્યું, આજે આપે મારા ઉપર મહાન કૃપા કરી છે. જ્યારે જ્યારે આપની પાસે આવું છું ત્યારે જે કહેવાનું હોય છે તે ભૂલી જાઉં છું પણ આજે તો હું હૃદય ખોલીને વાત કરવા માગું છું અને જેવું મે મારાં અનેક દુઃખોનું વર્ણન કર્યું કે મારાં ચક્ષુઓમાંથી આંસુઓની ધારા એમનાં ચરણોમાં વહેવા લાગી. મારું અંતઃકરણ મને કહી રહ્યું હતું કે મારું દુઃખ સાંભળીને એમના હૃદયમાં દયાભાવ જાગશે અને પછી આશીર્વાદ મળતાં હું જરૂર દુઃખમુક્ત બની જઈશ. વાત પૂરી કર્યા પછી હું થોડી ક્ષણો સુધી એમના જવાબની રાહ જોતો માથું નીચે રાખીને બેસી રહ્યો. પણ કંઈ જવાબ ન મળ્યો એટલે મેં એમની સમક્ષ નજર કરી અને એમનું સ્વરૂપ જોઈને મારા મુખમાંથી ચીસ નીકળી ગઈ મેં કહ્યું, આ શું? આવો ફેરફાર શા માટે? તમે પથ્થર કેમ બની ગયા? જવાબ આપો, જલદી જવાબ આપો અને મેં પથ્થરની મૂર્તિના પગમાં માથું પછાડવા માંડ્યું. આખરે એમની વાણી મેં ઘુમ્મટમાંથી સાંભળી. કોઈ ધીરગંભીર સાગર બોલી રહ્યો હોય એમ એમના શબ્દો મારે કાને અથડાયા. તેમણે કહ્યું, તું જાણે છે કે મારે શરણે આવ્યા પછી માણસ માત્ર સર્વ પ્રકારના દુઃખમાંથી મુક્ત બને છે અને આમ છતાં પણ મેં તને જ્યારે પૂછયું કે તું સુખી છોને.......? તો તેં તારાં દુઃખોનું વર્ણન કરવા માંડ્યું. રોજ મને મળવા છતાં પણ તારામાં આટલી જડ બુદ્ધિ છે એ જાણી મને એટલું બધું દુઃખ થયું કે હું પથ્થર બની ગયો. મારાં ચરણો પકડ્યા પછી પણ જે લોકો પોતાની જાતને દુઃખી માને છે અને દુઃખ દૂર કરવાની પ્રાર્થના કરે છે. એવા લોકો સમક્ષ હું સદા પથ્થર સ્વરૂપે ઊભો રહું છું.

• • •

ધર્મ અને અધર્મ તો સહુ સમજે છે, પણ અયોગ્ય ધર્મ અને યોગ્ય ધર્મ સમજવો મુશ્કેલ હોય છે. રાવણ, જરાસંઘ, દુર્યોધન આ બધા ધર્મી જ હતા પણ અયોગ્યને ધર્મ સમજતા હતા.

• • •

ગીતા જીવન ગ્રંથ છે, યોગ શાસ્ત્ર છે. માનવની જાત જ કૃતઘ્ની છે. પણ આજે

***આ** શરીરનો જન્મ થતાં જ - પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મ ઇન્દ્રિય અને એક મન ક્રમબંધ પોતપોતાનું નાટક ચાલુ કરી દે છે.*

કૃતઘ્ની ને કૃતજ્ઞીમાં કાંઈ ફરક બતાતો નથી, જેમ ભાષાંતરમાં અંતર પડી જાય છે.

● ● ●

સંપત્તિનું ચિંતન કરવાથી માણસનું મન 'જડ' બની જાય છે.

● ● ●

અને આગળ જતાં કૃતઘ્ની બનતો જાય છે. માણસાઈ ખોતો જાય છે.

● ● ●

માનવી જીવનમાં તલ્લીનતા જોઈએ સાથે એકાગ્રતા પણ જોઈએ જ.

● ● ●

ધર્મ અતિ સૂક્ષ્મ તત્ત્વ છે. મહા અધર્મને રોકવા માટે ક્યારેક દેખીતા અધર્મને આવકારવો પડે છે. જીવનની આ ગૂઢતા જે પામી શકે છે એ ધર્મનો પાર પામી જાય છે.

● ● ●

ધર્મ જીવન જીવવાની કલા છે. આ ચર્ચાનો વિષય કે બુદ્ધિ વિલાસ કે મનોરંજનની વસ્તુ નથી.

● ● ●

ચિત્તની વિશુદ્ધિથી જ દુઃખમુક્તિ છે, દુઃખનાં કારણો ચિત્તના દૂષણો છે.

● ● ●

નિયમ જ નિયામક બની જાય તો સત્ય જ નારાયણ બની જાય. ધર્મ જ ઈશ્વર બની જાય. વિધાન, નિયમ, સત્ય અને ધર્મનો, ઠોકરો મારીને એનાથી જુદો કોઈ નારાયણને પ્રસન્ન કરવાની વાત મનમાં આવે જ નહીં.

● ● ●

સત્ય : ઘટનારી, બનનારી ઘટના, બની ગયેલી ઘટના એટલું જ સત્ય મર્યાદિત નથી, પ્રામાણિકતા, મારું કોણ, મારું શું.....? કર્મ કોના માટે.....? દેહ કોનો.....? કોણે આપ્યો............? અને આ દેહનો ઉપયોગ શું કર્યો.........? અન્નદાતા કોણ.......?

● ● ●

આપણે કામ માટે રામ ઉપાસીએ છીએ કે રામ માટે કામ કરીએ છીએ........? ક્રોધ :- માનવને પશુ બનાવે છે. દ્રોણે નોકરી સ્વીકારી. શા માટે....? અર્જુન

***'મન' - દૃષ્ટિ - વાણી - શ્રવણ - પ્રાણ - અને બુદ્ધિ ને શુદ્ધિ દિનપ્રતિદિન 'શુદ્ધ' સ્વચ્છ કરવાં જોઈએ અને શક્ય તેટલા મનથી, ઇન્દ્રિયોથી વિમુખ થવી જોઈએ.***

પાસે ગુરુદક્ષિણા માગી - શું માગી.......? શા માટે માગી..........? દ્રુપદને હરાવી બંદી બનાવી પોતાની પાસે હાજર કરવા કહ્યું. દ્રુપદ ક્ષત્રીય હતા. હારજીત ક્ષત્રીય ધર્મ છે. પણ દ્રોણ.......!

● ● ●

વિકાર, ક્રોધ, લોભ, મોહ, કામ, ભાવુકતાની ક્ષણ, આવતાં પહેલાં સજાગતા આવી જવી જોઈએ.

● ● ●

દૈવી ગુણ લાવવો એટલે પહેલું કામ બુદ્ધિમાં બદલાવ કરવો, સ્વભાવ બદલવો.

● ● ●

માનવજીવનમાં બુદ્ધિથી સ્વાર્થ સધાય છે. રોટલો મેળવાય છે. પણ બુદ્ધિથી જ્ઞાનની ઉપલબ્ધિ થવી જોઈએ. ગીતા યોગ શાસ્ત્ર છે. યોગીનો અર્થ જોડાયેલ છે, ચીટકેલ છે.

● ● ●

કર્મમાં કુશળતા ખીલવી જોઈએ, કોઈના ખીસામાંથી આપણા ખીસામાં આવી જાય તે કુશળતા નથી, ચાલાકી છે, સ્વાર્થ છે. કર્મ કરતાં કરતાં ભક્તિ લાગી જવી જોઈએ.

● ● ●

વિષયમાં આવી જવું પણ વિષયી થઈ જવું ન જોઈએ. સાથે કર્મથી છૂટવા અહંકાર કાઢવો જોઈએ. હું નહિ, અમે કરેલું છે તેમ લાગવું જોઈએ.

● ● ●

'અદ્વેષ્ટા સર્વ ભૂતાનામ' ૩૬ ગુણો કેળવવા જોઈએ.
જ્ઞાન યોગ :- જ્ઞાનથી કર્મ આવે છે. અને ભક્તિ પણ આવે છે. સમજ આવે છે. સમજ વધતાં ભાવ ઉત્પન્ન થાય છે, નિર્માણ થાય છે. પ્રેમ ઉદ્ભવે છે.

● ● ●

જ્ઞાનનું પરિણામ :- વિશંકતારહિત સ્વસ્થતા અને પ્રસન્નતા આવે છે પછી 'તે' છે. તે પ્રમાણે છે, વિશ્વાસુ છે. સામીપ્ય છે. સાથે છે, જેથી નિર્ભયતા પ્રાપ્ત થાય છે. 'તેના થકી હું છું', 'તેનો હું છું,' 'તે જ તું છો.'

● ● ●

***ઇન્દ્રિયો સાથે જોડાયેલું 'મન', મન સાથે જોડાયેલી 'બુદ્ધિ', બુદ્ધિ સાથે જોડાયેલું 'ચિત્ત' અને ચિત્ત સાથે જોડાયેલો અહંકાર 'હું' નો જીવતાં જ પ્રલય કરી નાખવામાં આવે 'તો' પ્રલયથી પર શું છે તેની ઝાંકી થાય.***

પ્રથા બધી વ્યર્થ છે, થાક ઉતારવાની કથા છે. સ્નેહ વગરનું સગપણ વ્યર્થ છે, પ્રેમથી પરમેશ્વર પૂર્ણ છે.

● ● ●

છોટાએ જબાન ચલાવી, બડાએ હાથ ચલાવ્યા, કહોને પ્યારે - ક્યા ફરક હૈ દોનોં મેં ! સમજમાં સમજદારી હૈ તો નફરત ક્યું હૈ સમજમાં!

● ● ●

જિંદગી હૈ કુચ્છ દીન માનોકી (દીનોકી) કુચ્છ દીનો મેં કહા હોના,
તમન્નાએ પૂરી હોજાએ આપસકી,
આવો! પાસ બેઠે મિલકે સાથ.

● ● ●

મેરા દિલ નહિ પથ્થર,
આઈના હૈ ચાહતકા,
નિયત ધોકા હૈ તો કિસ્મત ફૂટ જાતી હૈ.

● ● ●

ક્યા કિયા દો હાથોં સે
જામ પી લિયા લાખોકા
ક્યું લગાતે હૈ પાબંદી જો
પીલાઓ તો પી લેતા
હૂં બસ મુઝે યહ મત પૂછો કિ
મુઝે ઉનકી તમન્ના ક્યોં હૈ
ખ્વાબ કુછ સોચ-સમઝકર
નહિ દેખે જાતે.

● ● ●

આજના કહેવાતા કથાકારો, પુરાણીઓ કહે છે કે શ્રી ભગવાનને એક વાતે ફુરસદ મળી ગઈ, કાંઈ કામ તો હતું નહીં તેવા સમયમાં, ફક્ત રમત રમવાના હેતુથી છેલ્લે માનવજાતમાં ‘મન’ મૂકીને સૃષ્ટિનું નિર્માણ કર્યું. તેવી જ રીતે આપશ્રીને પણ જાણે ‘‘હેતુ જ’’ ન હોય તેમ પ્રિન્ટિંગ પ્રેસનું નિર્માણ કરીને ‘મન’ વગરના માનવીઓને નેટ પ્રેક્ટિસ કરવાનું આ સાધન બનાવી આપ્યું...

***આ**ત્મના તળ ઉપર કાં તો દુઃખ હોય છે અને કાં તો આનંદ દુઃખ ગયું પછી જે શેષ રહી જાય છે તે આનંદ. તે આનંદની ખોજનું નામ છે ધર્મ. તે ખોજના વિજ્ઞાનનું નામ ધર્મ છે.*

રમત જાણે કે ન જાણે, બોલ બેટ્સ પિચ સ્ટમ્પ બગડે કે સુધરે તેવી ફિકરથી મુક્તિ બોલ નાખે જ નહીં, આઉટ કે હારજીતનો જાણે આમાં કોઈ રાહ જ નથી. પ્રશ્ન જ નથી. આ બધું જ નિર્માણ આપશ્રી મારફત ભગવાનનું જ છે. તેમ પ્રેક્ટિસ કરનારને સમજાતું હશે. એટલે ઘણું - ઘણું કામ થાય છે. પણ નિશ્ચિતતાથી - કોઈ જાતના ઘરાળ ઉલાણ વગર જ ગાડું ચાલી રહેલ છે...... કેટલી મજલ કાપશે તે તો આપણા હાથમાં જ છે.

• • •

માની લીધેલા મંગલ વિચારો અને સ્વીકારી લીધેલી માનેલી શુભ ભાવના, બંધન, જીવનમાં પરાભવ લાવે છે. મનનું ઉચ્છેદિત કરે છે. અતૃપ્ત રાખે છે. જ્યાં સુધી મનને યોગ્ય પોષણ ન સાંપડે ત્યાં સુધી શાન્તિ શક્ય નથી, દુર્લભ જ છે.

• • •

વાસ્તવિક જીવનના બગીચાનાં ફૂલોને ખબર નથી કે પોતે ઝાડ પરથી અલિપ્ત થયા પછી પોતાનું સ્થાન ક્યાં રહેવાનું છે....? ભગવાનનાં ચરણોમાં, પ્રધાનોનાં ચરણમાં ધૂળમાં કે અંતિમ વિદાયના પ્રસ્થાપનમાં ખરેખર તો અંતરના બગીચાનાં ફૂલો તો માત્ર સ્નેહભર્યા માનવીના હૃદયમાં જ પહોંચે છે, મૈત્રીની કરુણામાં જ બિરાજી શકે છે.

• • •

આત્મા, દિલ, દિમાગ, હૃદય, મન આ બધું શું છે....? આપણી ભ્રમણા છે કે વાસ્તવિક રીતે આત્મજનની જેમ મૈત્રી દૂધમાં સાકર ભળે તેમ ભળીને આનંદવિભોર થઈ જવાય છે....? બિનઅનુભવી શું જાણે....? અને અનુભવી અટવાયે જાય છે.

• • •

ફિલસૂફી એટલે જે વિષય વિશે આપણે કશું જ જાણતા નથી તેની સુવ્યવસ્થિત ચર્ચા કરવાની સૂઝ.

• • •

વિજ્ઞાન એટલે તમે જે જાણતા હો તે; ફિલોસોફી એટલે આપણે જે નો (ન) જાણતા હોઈએ તે.

• • •

***જાનવર ન તો ઉદાસ હોય છે કે ન કદી હસે છે. ઉદાસ થવું, બેચેન થવું કે હસવું માણસ સિવાય બીજું કોઈ જીવ જાણતું નથી. કારણ કે તેની પાસે મન છે.***

'અર્ધનારી નટેશ્વર'.
પુરુષ અભિમાની હોય છે. સ્ત્રી સ્વાભિમાની હોય છે.
પુરુષ અભિલાષી હોય છે. સ્ત્રી સંતોષી હોય છે.
પુરુષ આગ્રહી હોય છે. સ્ત્રીી જિદ્દી હોય છે.
પુરુષ વિવિધતામાં ચંચતો હોય છે. સ્ત્રી એકતામાં રાચતી હોય છે.
પુરુષ આછકલાઈ કરતો હોય છે. સ્ત્રી સહનશીલતાથી શોભે છે.
પુરુષ ક્વચિત ઉદાર થઈ જતો હોય છે. સ્ત્રી ક્વચિત જતું કરી દેતી હો છે.
પુરુષ દિને દિને નવીનતા ઈચ્છતો હોય છે. સ્ત્રી સદા કાળ મળેલામાં જ સાંત્વન લે છે.
પુરુષ સ્વતંત્રતામાં જ માનતો હોય છે. સ્ત્રી સમર્પણમાં માનતી હોય છે.
પુરુષ હક્ક સમજતો હોય છે. સ્ત્રી જવાબદારી જ સમજતી હોય છે.
પુરુષ પાસે પ્રેમ છે. સ્ત્રી પાસે હૃદય છે. આ પ્રેમ અને હૃદયનું મિલન એટલે જ લગ્ન....?
પુરુષ પડછાયો છે. સ્ત્રી (નારી) સ્વરૂપ છે.
પુરુષ બીજ છે. સ્ત્રી રૂપિણી છે.
કૃષ્ણ પ્રેમનું પરમોચ્ચ દ્વાર છે. સ્ત્રી તેની અનુભૂતિનું પ્રતીક છે.
રાધા ભગવાનની પ્રકૃતિ છે. ભગવાનની ધારા એટલે રાધે- કૃષ્ણ.
પુરુષ જાણવાની કોશિશ કરે છે. સ્ત્રી સંતાડવાની કોશિશ કરે છે.
પુરુષ મારવાની કોશિશ કરે છે. સ્ત્રી બચાવવાની કોશિશ કરે છે.

એથી જ ભગવાને સ્ત્રીને ગર્ભ અને પુરુષને હૃદય આપ્યાં હશે....!

તેથી મિલન માટે બન્નેને અહોભાવ ઊપજે અને એકબીજાની ત્રુટી એકબીજામાંથી મેળવી તૃપ્ત થતા હશે....?

• • •

પરમાત્માની પરીક્ષા થઈ શકતી નથી, ફળ દ્વારા જ વૃક્ષની ઓળખ થાય છે.

• • •

તરવા શીખવા માટે સ્વયં પાણીમાં પડવું પડે. અગ્નિમાં હાથ નાખશો તો જળશો

***આ**ત્મા સુધી પહોંચવા માટેનું સૂત્ર છે વર્તમાનમાં જીવવું - ધ્યાનપૂર્વક કાર્ય કરવું, કારણ કે વર્તમાનની ક્ષણ જ સ્વયંમાં પ્રવેશનું દ્વાર છે.*

જ, દાહશો જ. પાણી પીશો તો તૃપ્તિ થશે જ. ઝેર ખાશો તો મરશો જ, આને માટે અનુભવ કરવાની જરૂર નથી, પરિણામ નિશ્ચિત જ છે. જેમ પંડિત અગ્નિ સાથે રમે છે, અગ્નિ શબ્દની વ્યુત્પત્તિ જાણી લે છે. વાસ્તવિક અગ્નિનો તેને પરિચય નથી.

• • •

ગમે કે ન ગમે, ગુસ્સો આવે કે તિરસ્કાર ઊપજે, છતાં હકીકતમાં કંઈ ફરક પડતો નથી. નફફટ હો કે શરમ કરો. તો પણ સરિતા પોતાનું વહેણ બદલતી નથી કે સાગર પોતાનું વલણ છોડતો નથી.

• • •

જન્મ લીધો કે મૃત્યુ નિશ્ચિત છે. વચ્ચે માર્ગમાં રડી લો કે ઉત્સવથી પસાર કરો, તેમાં કંઈ ફરક પડતો નથી,

• • •

આદમથી ઉદ્‌ભવતા અને ઈદમથી સત્કારાયેલ જીવન, રડતાં રડતાં ગુજારો કે હર્ષોલ્લાસથી પૂરું કરો, બધું સરખું જ છે, આવેલી તક અને મળેલો અવસર ઉત્સવ છે. તેને હર્ષોલ્લાસથી ધર્મના નામે વેડફવો એ નરી મૂર્ખતા જ છે.

• • •

રામ મર્યાદાને આધીન, કૃષ્ણ પુરુષોત્તમ હતા, તેણે કોઈને તરફેણ ન કરી, રાધાને એક ધારા જેમ વહાવી ગોપીઓને નિર્વસ્ત્ર કરી ગળે લગાડી, બંસીને મુખથી લગાવી, મોરપીંછને મુગટમાં સિર પર અપનાવ્યો, ભક્તજનોને રસથી બરબોળ કર્યા, જન્મ કારાગૃહમાં થયો, નાચ કાલિંદીને તીરે કર્યા, યુદ્ધ કુરૂક્ષેત્રમાં કર્યું, રાજ્ય દ્વારકામાં કર્યું, અને અંતિમ શ્વાસ એક સાધારણ માણસની જેમ વૃક્ષ નીચે લીધો.

• • •

આપણાં સપનાંને તો કીમતી ખજાનાની માફક સંભાળો, કારણ કે જો સપનાં વછૂટી જશે તો જિંદગી સાવ સુક્કી -બંજર ભૂમિ જેવી બની રહેશે. સપનું જેટલું ઉત્કટ એટલી સિદ્ધિ, સપનાને મજબૂત ઝાલી રાખો.

• • •

એક જગ્યાએ પડી રહીને ખાબોચિયા જેમ ગંધાઈ ન જાઓ, કશુંક પરિવર્તન

***જ્ઞાનીને ત્યાગનું સ્મરણ પણ નથી થતું. તેની ખબર પણ નથી રહેતી કે શું તેનાથી છૂટી ગયું તેની સ્મૃતિ અને બુદ્ધિ તો જે મેળવ્યું છે તેના આનંદમાં મગન હોય છે.***

કરો. તમે ક્યાં જાઓ છો તે મહત્ત્વનું નથી પણ કશુંક નવું જુઓ, કંઈક નવું જાણો, કંઈક નવું કરો, એક જગાએ એક જ વાતમાં રહી સડી ન જાઓ.

• • •

દુશ્મનનો દુશ્મન તે મિત્ર....!

• • •

સમાજનાં બદલાતાં મૂલ્યો અને ગળાકાપ સ્પર્ધાની જિંદગીમાં એક સહાનુભૂતિભર્યા મિત્રની વધુ ને વધુ જરૂર રહે છે.

• • •

રાત અંધારી
તેજ - તરાપે તરે
નગરી નાની !

• • •

અમને રાખો સદા તમ ચરણે
મધુમય કમલ સમા તવ શરણે

• • •

અમે પૂછતા કોણ વરસતું
નહીં વાદળ, નહીં વીજ,
તે તારો મુખચંદ્ર કરસિયો
મુજને પડી પતીજ.

• • •

આ ભૂમિ છે,
ભાર તું ઉપાડતી તો જા,
આ ભૂમિ છે,
ચિત્તમાં ચંપાતી તો જા.

• • •

એક એક અક્ષરો એકઠા કરીએ એટલે શબ્દો બને, શબ્દો જાણીતા કવિ મનહર મોદી કરે છે. વિચારોમાં પેસીને નીકળી ગયા, આ શબ્દોય લુચ્ચાના સરદાર છે !

***ધર્મ તો માર્ગ છે. માર્ગ માત્ર જાણવાથી નહીં, ચાલવાથી પૂરો થાય છે.***

*જિંદગી પ્યારનું, પ્રેમનું સુસંગીત છે. તેને હરતરહ સે નિભાવવું વહાવવું એ જિંદગીની એક તરાહના છે. તેને નઝારોં સે વહાવવું જોઈએ. ભાવ, કૃતિ-ભક્તિથી સભર કરી લેવું જોઈએ.*

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો ?
‘તે જ હું તે જ હું’ શબ્દ બોલે
શ્યામનાં ચરણમાં ઈચ્છું છું મરણ રે
અહીંયાં કોઈ નથી કૃષ્ણ તોલે.
કૃષ્ણ કીર્તન વિના નર સદા સૂતકી
હળવે હળવે હળવે હરજી
મારે મંદિર આવ્યા રે
કબીરા કબીરા કયોં કરો
જાઓ જમના કે તીર;
એક ગોપી કે પ્રેમમેં
બહ ગયે લાખ કબીર

• • •

રાણીઓનું સ્થાન અંતઃપુરમાં છે. રાધાનું સ્થાન અંતઃકરણમાં છે.

• • •

વૈશાખની બળતી બપોરે તડકાનાં ખેતરોની વચાળે કોઈક ધૂળિયા મારગ પર આવેલા એકલા એકલા વૃક્ષની શીળી છાયામાં ગેરુઆ રંગના માટલા પાસે ઊભેલી ક્ષીણ કરચલિયાળી કાયા માંજીને ચકચકતા કરેલા કળશિયામાંથી પોતાના ધ્રૂજતા હાથ વડે તરસ્યા ખોબામાં જે સાક્ષાત્ જીવનધારા વહેતી મેલે તે જીવનધારાનું નામ ‘રાધા’ છે. તે જ કૃષ્ણથી ‘ધારા’ છે.

• • •

નૈનનિ ઐસી બાનિ પરી
લુબ્ધે શ્યામસદન પંકજ કા
મોકા તજી ખરી.

• • •

આંખને એવી આદત પડી છે કે મને છોડી દે છે અને કૃષ્ણના ચરણમાં જઈને વસે છે. લોચન - મનનો ઝઘડો કેવળ કૃષ્ણ જ કરાવે છે.

• • •

કૃષ્ણ ક્યારેય અસંગત નથી, કૃષ્ણના સત્યમાં સંગતિ છે.

પ્રથા બધી વ્યર્થ છે
થાક ઉતારવાની કથા છે
સ્નેહ વગરનું સગપણ કથા છે
પ્રેમથી પરમેશ્વર પૂર્ણ છે.

• • •

સત્યવ્રતં સત્યપરં ત્રિસત્યં
સત્યસ્ય થોનર નહિંતં ય સત્યે
સત્યસ્ય સત્યં ઋતસ્ય નેત્રમ
સત્યાત્મકં ત્વાં શરણં પ્રપન્ના :

• • •

ભાગવતમાં ભગવાન વેદવ્યાસ કૃષ્ણની સ્તુતિના આ એક શ્લોકમાં નવધા સત્ય મૂકે છે. ચાર પંક્તિના આ શ્લોકમાં ક્યાંય નામ નથી આવતું, પરંતુ સત્ય શબ્દ નવ વાર આવે છે, દેવો સ્તુતિ કરતી વખતે કૃષ્ણને સત્યવ્રત -સત્યનો સંકલ્પ કરનાર છે. 'સત્યં પરં' એટલે પરમ સત્ય તરીકે જુએ છે. ત્રણે કાળ સત્ય તરીકે કૃષ્ણને જુએ છે. સત્યની યોનિ એટલે સત્યનો જ્યાં જન્મ થાય છે એ મૂળ તત્ત્વ તરીકે અને સત્ય જ્યાં અંતર્યામી રૂપે રહે છે એવા પંચ મહાભૂત વિશેષણ કૃષ્ણનાં દર્શન કરે છે. સત્યનું સત્ય પણ કૃષ્ણ છે. સત્યના નેત્ર કૃષ્ણ છે.

• • •

'કૃષ્ણ' પ્રેમનું પરમોચ્ચ દ્વાર છે 'સ્ત્રી' તેની અનુભૂતિનું પ્રતીક છે. રીઝે તો પ્રેમ દ્વારથી કૃષ્ણ દ્વારમાં પ્રવેશ કરાવે અને રૂઠે - છંછેડાય તો સર્પીણ બની યમદ્વારે લઈ જાય.

• • •

ઘટ - ઘટમાં વસી રહેલો છે શ્યામ
સમજમાં ન આવે કે ક્યાં રહેલો છે શ્યામ
જ્યાં જુઓ ત્યાં 'હું' હું જ નજરમાં આવે
કેમ સમજાય કે 'હું' નથી 'તું' જ સર્વમાં છે.

• • •

ખાતી હોય એ સ્ત્રીના ગાલ અને નહાતી હોય એ સ્ત્રીના વાળ, પ્રેમ હોય તે

***'સુરતથી કુદરતને પહેચાનો' 'બાજે તો ઝાંઝર, ન બજે તો પત્થર' સદૈવ કૃતિ-ભક્તિ કરતાં રહેવું એ ઈશ્વરની સર્વોપરી ભક્તિ છે.***

સ્ત્રીના નેણ-છુપાવી શકાતા નથી, તેવી જ રીતે ઘૃણા પણ છુપાવી છુપાતી નથી.

● ● ●

જ્ઞાન ઘટે કિયે મૂઢ કી સંગત
ધ્યાન ઘટે બિન ધીરજ લાયે
પ્રિત ઘટે પરદેસ બસે અરૂ
માન ઘટે નિત હી નિત જાયે
શોક ઘટે કિયે સાધુ કી સંગત
રાગ ઘટે કોઈ ઔષધ પાયે
'ગંગ' કહે સુનુ શાહ અકબર
પાપ ઘટે હરિ ગુન ગાયે

● ● ●

આકૃત્તિ પ્રકૃતિ માનવની મળી છે, પણ માનવનું જીવન મળ્યું છે કે ?

● ● ●

માનવજન્મ મળ્યો છે. જન્મથી મૃત્યુ પર્યંતની યાત્રામાં આપણે જ યોગ જીવનનો પ્રાપ્ત કરવાનો છે. સ્મશાનમાં ટાઢી, પૂજીએ છીએ, શા માટે....?

● ● ●

વિશ્વના વ્યવહારો બ્રહ્મની સત્તા દ્વારા જ થતા હોય છે, પરંતુ માનવ તે વાત જાણતો નથી.

● ● ●

જેને ભગવાન સમજાયા નહિ, ઓળખાયા નહિ, જેને ભગવાનનું કામ, કાર્ય સમજાયું નહિ, જેને અલૌકિક બનાવવાવાળાની ઓળખાણ, સમજ થઈ નહિ, જેને જીવનમાં પોતાનું આગમન કેમ થયું....? શા માટે થયું....? કયા હેતુ માટે થયું....? તે હેતુ સમજાયો નહિ, જેને સાથે શું લઈને આવેલ છે અને સાથે શું લઈને જઈ રહ્યો છે તેની સમજ પડી નહિ, જેને પોતાને વૃત્તિ, કૃત્તિ અને મતિ સમજાયા નહિ, તેની શક્તિનો ક્યાસ આવ્યો નહિ, જેને ભગવાની કૃતિ ભક્તિની સમજ પડી નહિ તેનું જીવન કેવું કહેવાય....? 'આ અણસમજ' વૃથા જીવન નહિ, પણ અધોગતિના નિરુપણનો પાયો છે.

● ● ●

***શક્તિ પરમાત્માની કૃપાથી મળે છે. પરમાત્માની કૃપા હૃદયની નિર્મળતામાંથી સાંપડે છે. હૃદયની નિર્મળતાનું અમોઘ સાધન શુભ વિચારો છે. શુભ વિચારો સાત્ત્વિક જીવનથી ઉદ્‌ભવે છે.***

'તું' ભારતીય સંસ્કૃતિ એ સાધના 'છે' તેમાં સાથે છે. 'તું' નથી તેમાં કંઈ નથી.

● ● ●

મનનું મૃત્યુ એ તમારું જીવન છે. મનનું જીવન એ તમારું મૃત્યુ છે.

● ● ●

'સૂરતથી કુદરતને પહેચાનો.'

● ● ●

'બજે તો ઝાંઝર, ન બજે તો પત્થર', સદૈવ ભક્તિ કરવી એ ઈશ્વરની સર્વોપરી ભક્તિ છે.

● ● ●

જ્ઞાનપૂર્વકની સમજ દ્વંદ્વમુકિતનું પ્રથમ સોપાન છે.

● ● ●

જુલમ :- કોઈની અસર એ એક પ્રકારનો જુલમ છે, આસક્તિ બીજા પ્રકારનો ઘમંડી ત્રીજા પ્રકારનો સમજાવટથી પ્રોત્સાહિત કરવા કે બીજા શબ્દોમાં સૂક્ષ્મ પ્રકાશવું એ પણ એક પ્રકારનો જુલમ છે.

● ● ●

શીખવું એટલે સમજણને ચાહવું અને શીખવું. કોઈ વસ્તુ કરવા ખાતર જ પ્રેમપૂર્વક કરવી. આવું શીખવું ત્યારે જ શક્ય છે કે જ્યારે કોઈ પ્રકારનો જુલમ ન થતો હોય. જેણે ઈચ્છાઓને દબાવી છે તેનું મન કે પોતે સ્વતંત્ર હોતા નથી. ઈચ્છાઓને સમગ્ર પ્રક્રિયા સમજવાથી જ મન સ્વતંત્ર છે.

● ● ●

પ્રેમથી સરખામણી કરી શકાય નહિ તેને વધુ ઊંચો કે વધુ નીચો એમ સરખાવી શકાતો નથી. તેના તોલમાપ હોઈ શકતા નથી. પ્રેમ તે પ્રેમ છે પછી ભલે તે ધનવાનમાં હોય કે ગરીબમાં ઈશ્વર પ્રત્યેનો પ્રેમ હવે માનવજીવ પ્રત્યેનો પ્રેમ એમ વિભક્ત-છૂટો કરી શકાતો નથી. અસંખ્ય તરફનો પ્રેમ એમ માપી પણ શકાતો નથી. જેમ પુષ્પ પોતાની સુવાસ ખુલ્લા દિલથી વહેંચે છે તેમ પ્રેમ પોતાના ખુલ્લા દિલે પહોંચે છે. પ્રેમ કોઈ ઉદ્દેશ હાંસલ કરવાનું સાધન નથી. પ્રેમ એ લાગણી વિવશતા નથી કે આધ્યાત્મિક્તા વગર ભક્તિ, તે મૃત્યુ જેટલો જ અટલ અને મજબૂત છે. પ્રેમની સાધારણ સમજ એટલે વિનમ્રતા, સજ્જનતા,

***ખરેખર તો ધર્મ જીવન જીવવાની કલા છે. આ ચર્ચાનો વિષય કે બુદ્ધિ વિલાસ કે મનોરંજનની વસ્તુ નથી.***

સમજણ, ધીરજ અને વિવેક, પ્રેમની સમજણ હોય છે ત્યારે સ્ત્રી- પુરુષોના શારીરિક આકર્ષણ અને માનવસંબંધોના ગૂંચવાડાભર્યા અને સૂક્ષ્મ પ્રશ્નોને સ્વસ્થતાપૂર્વક પહોંચી વળી શકાય છે. તેમાં ઉત્તેજના કે ધાસ્તી હોતી નથી.

• • •

સૌંદર્ય એ આ સમજણનો એક ભાગ છે. સૌંદર્ય એટલે માત્ર પ્રમાણ આકાર, રસ અને વર્તનનો જ વિષય નથી. સૌંદર્ય એ એક એવી અવસ્થા છે કે જેમાં મન સાધકના અનુરાગમાં સ્વનું કેન્દ્ર ત્યજે છે. સાદાઈનો તો અંત જ નથી. જ્યાં આત્મસંયમ હોય ત્યાં જ સાધના શક્ય છે.

• • •

તમે રીતરિવાજ, સમાજ, ગુરુ, સગાંસંબંધીથી હતાશ હશો ત્યારે તમે એક વ્યક્તિગત માનવઅભિવ્યક્તિ તરીકેનું ગૌરવ રાખી શકતા નથી. ધ્યેય હોવું જોઈએ કે બાળપણથી જ સંપૂર્ણતઃ તમે બીકથી મુક્ત થયા હો. જગદીશના જગતમાં જીવ આવે ત્યારે ભયથી મુક્ત બુદ્ધિમાન માનવ અભિવ્યક્તિ તરીકે જીવ જીવવા દે અને જિવાડે, જે સ્વયંસ્ફૂર્તિમાન જીવન સૌંદર્યયુક્ત ખીલેલું હોવું જોઈએ, આચ્છાદિત પથરાયેલું રહેવું જોઈએ.

• • •

જીવન એટલે શું....? જીવન એના આજીવિકા માટેના સંઘર્ષ સાથેનું જીવન, દુઃખો સાથેનું જીવન અને તેના અસાધારણ સૌંદર્ય સાથેનું જીવન. જગતની શાળા જ આ બધું શીખવા માટેનું સ્થળ છે. માત્ર ગણિત, ભૂગોળ, ઈતિહાસ કે વિજ્ઞાન શીખવા પૂરતું નથી. મહત્ત્વની ચીજ છે જાગૃતિ ! જે તમારામાં પહેલેથી જ પડેલી છે. તેને ઉઠાડો-જગાવો.

• • •

જ્યારે ડર ન હોય, પોતે કંઈક છે એવું દર્શાવવાની જાણે ઈચ્છા ન હોય - સ્થાન - કીર્તિ કે કિંમત સંપાદન કરવા સ્વપ્નાં ન સેવતું હોય ત્યારે મુક્ત મન જન્મ લે છે. ત્યારે તેનામાં અનુકરણનો કોઈ ભાવ જ હોતો નથી. મન સર્જનાત્મક બનવા સ્વતંત્ર થાય, વિચારવા સ્વતંત્ર થાય, ચાહવા સ્વતંત્ર થાય.

• • •

આપણી માન્યતાઓ આપણને અલગ પાડે છે. માન્યતાઓને ધર્મ સાથે કોઈ જ

***આપણી અને ઈશ્વરની વચ્ચે એક અંતરપટ છે જીવન અને મરણની વચ્ચે એક ઝાકળ પછેડી છે. મીરાંએ તો શયનખંડની ભાષામાં અપૂર્વ રીતે વાત કરી છે. 'ઘુંઘટ કા પટ ખોલ રે તોહે પિયા મિલેંગે'.***

લેવાદેવો જેવું હોતું નથી. આપણે ઈશ્વરમાં માનીએ કે અલ્લાહમાં માનીએ કે બુદ્ધમાં કોઈ બીજાને માનીએ કે ન પણ માનીએ આપણી સમજ પર આધારિત છે. માન્યતા એ ધર્મ નથી. માન્યતાનો અર્થ ધર્મ નથી.

● ● ●

યાદદાસ્ત કરતાં સમજ મહત્ત્વની છે. સમજ તત્ક્ષણ થાય છે. પ્રત્યક્ષ હોય છે. સમજ એ સ્મૃતિ માટેનો કાચો માલ નથી. તે તો છે સાતત્યમય એક ચાલુ ખોજ. હકીકતને સમજવી એ કંઈ યાદગીરીની વસ્તુ નથી આદર્શનું સ્મરણ, હકીકત શું 'છે' તે વિશે સજાગ બનવું એ જ સમજ મેળવવાની પ્રક્રિયા છે.

● ● ●

બહારના જીવન વિના અંદરનું જીવન નથી. અંદરના જીવન વિના બહારનું જીવન નથી. સ્વતંત્રતા એટલે ફાવે તે કરવા સ્વતંત્ર હોવું એવો અર્થ નથી થતો. જ્યારે શુદ્ધ બુદ્ધિ આવશે ત્યારે જ સાચી સ્વતંત્રતા આવશે અને સંબંધને સમજવાથી જ બુદ્ધિનો આવિષ્કાર થશે. સંબંધ એટલે તમારી અને મારી વચ્ચેનો, આપણી અંદરના તમામ ઘટકોનો અને 'બીજાનો' સંબંધ - આળસુ - મૂરખ - કેદમાં સપડાયેલો માણસ જ જાણવા માગે છે સ્વતંત્રતા શી ચીજ છે !

● ● ●

પ્રાપ્ત કરવાના માનસિક તનાવમાં આપણે ક્રૂર બનીએ છીએ - પ્રાપ્તિમાં નથી. જીવનની સંગ્રહવૃત્તિનો રસ્તો એટલે સતત બીક તેને સુશોભિત શબ્દોથી નવાજીએ છીએ. તે વિકાસક્રમ વૃદ્ધિ સંવર્ધનને પ્રગતિ કહીએ છીએ. મનનું માળખું જ સંગ્રહ ઈચ્છા પર બંધાયેલું છે. 'હજુ વધારે'ની ભાષામાં વિચારવું તે જ સંગ્રહખોર મનનું કાર્ય છે. તેના અસ્તિત્વનો જ પ્રકાશ છે. બાકી અંધારું જ હોય છે.

● ● ●

અંદર સમૃદ્ધ રહેવા માટે અંદરથી સંપૂર્ણ સાદા થવું જોઈએ. જીવનની સાચી સાદાઈ એટલે અંદરખાનેથી ખાલી નિર્દોષ જ્ઞાનની ગઠડી વિનાના, માન્યતા વિનાના, સિદ્ધાંતો વિનાના, આપખુદ બીક વિનાના હોવું તે છે. આંતરિક સાદાઈની આ સ્થિતિ ત્યારે જ ઉપસ્થિત થાય છે કે ક્ષણે ક્ષણે મળતો દરેક અનુભવ અને પળેપળની અનુભૂતિ સમજો, માણો.

● ● ●

***વિશેષ ચેતના કાળ નિર્ભર નથી હોતો. માત્ર સૂતેલા લોકો સિવાય કાળ પર કોઈ જ નિર્ભર નથી હોતું. જાગી ગયેલી વ્યક્તિ સમયને અનુકૂળ થાય છે.***

સૌંદર્યની વ્યાખ્યા થઈ શકતી નથી. જ્યારે મન -હૃદય અત્યંત શાન્ત હોય ત્યારે જ સમજી શકાય છે. મન એક વિચાર પ્રસ્તુત કરે છે કે શાંતિ આ છે. તેને અનુસરવા પ્રયત્ન કરે છે. ત્યાં શબ્દોની જાળમાં પકડાઈને તરંગો અને ભ્રમણાઓની જાળમાં સપડાય છે. જ્યાં પ્રેમ અને મૈત્રી હોય ત્યાં જ શાંતિ આવે છે. જ્યાં તમારામાં પ્રેમ, મૈત્રી અને સૌંદર્યની સમજ હોય ત્યારે તમે મનનો પ્રક્ષેપ માત્ર ન હોય એવી શાંતિ પ્રાપ્ત કરશો. શાંતિ જ સર્જનાત્મક છે. તમારામાં વ્યવસ્થા લાવે છે. શાંતિ શોધવાથી મળતી નથી. જ્યારે તમે સતતપણે નિરીક્ષણ કરતા હો, જ્યારે તમે કદરૂપા અને સુંદર બન્ને તરફ સંવેદનશીલ હો, ભલું અને ખરાબ બન્ને તરફ સંવેદનશીલ હો, જીવનની દરેક ફરજ પ્રત્યેક સંવેદનશીલ હો ત્યારે શાંતિ આવે છે. શાંતિ એ કોઈ મનની નાજુક પેદાશ નથી તે બેહદ રીતે મહાન છે. તે સીમા વગરના વિસ્તારવાળી છે અને તે જ્યારે સમજાય છે જ્યારે હૃદય છલકાતું હોય. નાના મોટાનો ભેદ પ્રેમ અને મૈત્રી જ દૂર કરે છે.

● ● ●

શોધખોળ, ઊંડું મંથન કરવાનો કદી પ્રયત્ન કર્યા વિના અસંખ્ય પ્રશ્નો પૂછવા આ છીછરા મનનું લક્ષણ છે. જીવનની સમગ્ર પ્રક્રિયાની સમજ એટલે મરવાના મહત્ત્વની સમજ, સાતત્યનો લોપ એટલે જ માત્ર મૃત્યુ - સત્ય જ તમને મૃત્યુની બીકમાંથી મુક્ત કરે છે. માન્યતાઓ માત્ર 'મન' ઉપર હદ બાંધવાનું કામ કરે છે. 'મન સ્વતંત્ર થતું નથી. સ્વતંત્રતા વિના સત્ય શું....?' તે જાણી શકાતું નથી. સ્વતંત્રતામાં જ સત્ય શું છે તે જાણી શકાય છે.

● ● ●

અન્યનું અનુકરણ કરીને સદાચારી થવા માગો છો. જિંદગી સતત સંઘર્ષ છે. શોક દુઃખ મહત્ત્વાકાંક્ષા ક્ષણજીવી આનંદ-સુખ જે આવે તે જાય તેથી 'મન' કંઈક ભવ્ય વસ્તુ ઇચ્છે છે. જેની એકતા સાધી શકાય કેમ કે 'મન'ની ઇચ્છા જીવનના ઉકાળામાંથી દૂર થઈને અનંતના પ્રેમ તરફ જવા કહે છે. વિશાળ સાથેની એકતા સવિકાસની પ્રક્રિયા છે. વ્યક્તિ તરીકે તમે વિકસો અને તમારું જીવન જીવો ત્યારે ક્ષણેક્ષણમાંથી સત્ય શોધી કાઢી શકો છે અને તેથી તમે સ્વતંત્ર થવા સક્ષમ છો. ચારે બાજુથી સંપૂર્ણ અને સ્વતંત્ર વિચાર કરવા મુક્ત હોવું તે પ્રથમ સોપાન છે. એટલે કોઈ માન્યતાઓથી જકડાયેલા ન હોવું એ

***'રાધા-કૃષ્ણ છે'***

***કૃષ્ણની 'ધારા' રાધા છે, સમર્પણની રચિતા છે, રાધાએ કૃષ્ણ માટે બધું છોડયું. પણ નામ પાછળ ન જોડયું, નામ આગળ જોડાઈ ગયું. જે બધું સમર્પણ કરે છે તે બધું પ્રાપ્ત કરી લે છે.***

પ્રાથમિક સ્વતંત્રતા છે. સ્વતંત્રતામાંથી જન્મેલી બુદ્ધિ દ્વારા જ વ્યક્તિ શોધી શકે છે મનની પેલે પાર કઈ વસ્તુ છે. નામ ન આપી શકાય તેવી, સીમા વગરની, શબ્દો દ્વારા માપી શકાતી નથી તેવી અને જેમાં મનથી પારનો પ્રેમ છે. તેવી વિશાળતા સીધેસીધી અનુભવવી જોઈએ. મન તેની કલ્પના કરી શકતું નથી. મન ખૂબ જ શાંત આશ્ચર્યજનક રીતે સ્વસ્થ કોઈ પણ પ્રકારની માગણી કે ઈચ્છા વગરનું, ઈચ્છારહિત છતાં ભર્યું ભર્યું સંપૂર્ણ ભરેલું થઈ જાય છે.

● ● ●

જીવન એક અસાધારણ વસ્તુ છે. તે કદી સ્થિર નથી હોતું. જે માણસ સંગ્રહ કર્યા કરે, ભેગું કર્યા કરે, જે માણસ વધારેની અભિલાષા રાખ્યા કરે તે કદી તાજગીભરી રીતે જીવનને અનુભવતો નથી. જ્યારે મન ‘વધારે’ની ચિંતામાં ભેગું કરવાની ચિંતામાં નથી હોતું  ત્યારે જ તેવા મન માટે બુદ્ધિમાન થવાની શક્યતા છે. અનુભવ મનને મુક્ત કરે છે, પરંતુ તે મનથી જ્યાં સુધી તમારું મન સંઘરાની ચિંતામાં હોય, વધારે ચિંતામાં હોય ત્યાં સુધી તમને મળતો દરેક અનુભવ તમારા અહંભાવમાં વસતા તમને મજબૂત કરે છે. સર્જનાત્મક બુદ્ધિ, સરળ મન જ સર્જનશીલ હોય છે. તેને અદૂષિત રાખવી જોઈએ. મનને માત્ર માહિતીથી જ ભરી દેવું એ કેળવણી નથી. જ્યાં સુધી આપણે ડરીએ છીએ - ત્યાં સુધી આપણે કેળવાયેલા નથી. આપણું જીવન જાણેઅજાણે બીકથી ઘડવામાં આવે છે. જન્મથી મૃત્યુ પર્યંત આપણે ડરીએ છીએ. જો આપણે માનવજાત તરીકે આપણી જાતને સમજવાનું શરૂ કરી શકીએ તો આપણે કદાચ એકબીજાને મારી નાખવાનું બંધ કરીશું. ભાવિનો વિચાર ન કરતાં તમે અત્યારે શું વિચારો છો...? શું અનુભવો છો...? એ જ મહત્ત્વનું છે. વર્તમાન એટલે કે ‘આજ’ ખૂબ જ અગત્ય ધરાવે છે અને વર્તમાન સમજવું - કરવું એ જ બુદ્ધિની શ્રેષ્ઠતા છે. ભવિષ્ય પલાયનવાદીનો વિચાર છે.

● ● ●

કલાકાર :- કલાનું કામ છે રૂપ અને રંગને, ઈચ્છાઓ, કામનાઓ અને આકાંક્ષાઓને વ્યક્ત કરવી. સંગેમરમરના માધ્યમથી પ્રેમ આશા અને હૃદયને વ્યક્ત કરવા, શબ્દોનો આધાર લઈને સ્વપ્નો અને સંસ્મરણોનાં ચિત્રો બનાવવાં. ગતિને સહારે ઉષાની પવિત્રતા, મધ્યાહ્નની તેજસ્વિતા, સંધ્યાની કોમળતા

***પુરાણ કાળના ઘરમાં ઉંબરા હતા. જેનું કોઈ કોઈ જગાએ આજે પણ પૂજન થાય છે, શા માટે.....? ફક્ત લક્ષ્મીજી અંદર આવે તે માટે....? ઉંબર આપણને બહાર જતા પૂછે છે.....? બહારથી અંદર આવતા પૂછે છે શું કરીને આવ્યા.....?***

અને રાત્રિની નીરવતાને વ્યક્ત કરવી. અદૃશ્યને દૃશ્ય અને સ્પર્શયોગ્ય બનાવવું. સંસારની સર્વસામાન્ય ચીજોને ભાવનાનાં હીરામોતીથી સજાવી દેવી. માનવહૃદયને કોમળતાથી અને પૂજાની ભાવનાથી ભરી દેવું. પ્રત્યેક મસ્તક એક કલાભવન છે અને પ્રત્યેક વ્યક્તિ ઓછેવત્તે અંશે કલાકાર છે, ભાવિક છે. ભાવનાનો આશક છે, સાત્ત્વિક પ્રેમનો પૂજારી છે. - માણસના હૃદયને સ્પર્શ કરનાર વસ્તુ આજ્ઞા નથી, જબરદસ્તી નથી, આનંદ છે - આનંદ છે. પ્રેમનો મહાસાગર છે.

• • •

લંડનના મહાન માનસચિકિત્સક ડૉ. વુલ્ફે એવું તારણ કાઢ્યું કે માણસ પોતાની માન્યતાઓ અને પોતાના અહમનું કેન્દ્ર છોડીને બીજા માટે, પરાર્થે કંઈક આત્મીયતા નિર્માણ કરતો હોય ત્યારે એને ખરું સુખ અને વાસ્તવિક આનંદ બન્ને સાંપડે છે.

• • •

વિચારો ....! આપણી અંદર શું છુપાયેલું છે....? જગતની શાશ્વત વ્યવસ્થા છે. પ્રેમ પ્રાપ્ત કરવા માટે પ્રેમથી ભરેલા હોવું આવશ્યક છે. આનંદ જ આનંદનું સ્વાગત અને સ્વીકાર કરી લે છે. વસ્તુતઃ જે જેના પ્રતિ સંવેદનશીલ હોય એનો જ સંગ્રહ અને વહેંચણી કરી શકે છે - તેમાં બહારના આડંબરની સત્તાને અવકાશ જ

નથી, ઉપદેશ નથી, આરાધના નથી, સિદ્ધાંત નથી, નિશ્ચિતને અવકાશ નથી.

• • •

શબ્દો કરતાં અભિનય ઘણો અસરકારક નીવડે છે. એક માણસના તેમને મળવાથી હૃદય ભરાઈ જાય છે. અંતઃકરણ પ્રફુલ્લિત થાય છે.

• • •

બીજાને જોતાં આવી જ આશા રાખો તો તમારે બીજાને નજર આપવી જ જોઈએ નહીં. આનંદની કિંમત કંઈ જ પડતી નથી, પણ તે ઘણું જ પેદા કરે છે. આનંદ સંસારને સુખી બનાવે છે. સુખી સંસારને આનંદિત બનાવી શકતું નથી. સહિષ્ણુતા એ માત્ર જાણવાની વસ્તુ છે. વાચ્ય વિષય નથી. ક્રિયાનો વિષય છે. આપણે વાચન કે અભ્યાસને ડિગ્રીનો વિષય બનાવીએ તેથી પરિણામ નિપજી

***સંસારમાંથી પસાર થાઓ પરંતુ સંસારનો ભાગ ન બનો. સંસારમાં જીવો પરંતુ સંસારને તમારી ભીતર સક્રિય ન થવા દો.***

શકતું નથી. સહિષ્ણુતાનું ઉદ્ભવસ્થાન હૃદય છે, અંતકરણ છે, જે સરળ અને કોમળતાથી સભર બનવું જોઈએ.

• • •

રૂપ સેક્સનું કામ કરે છે. સૌંદર્ય શાંતિનું કામ કરે છે. તપ વિજ્ઞાનનું કામ કરે છે.

• • •

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દેહના માધ્યમ દ્વારા જ વ્યક્તિનો પ્રેમ અને પરમાત્માનો પ્રેમ બન્ને પમાય છે. હાઈડ્રોજન અને ઓક્સિજનથી પાણી થાય છે. બળવાવાળું અને બાળવાવાળું મળીને બુજાવવાવાળું પાણી થાય છે. પાણી સજ્જનોનાં મન જેવું છે.

• • •

પથ્થર અહંકારી છે. તે ત્યાં જ રહેશે, પાણી નિરંહકારી છે. જ્યાં હશે ત્યાંથી ટપકી - ટપકીને નીચે આવશે. 'મન' પૃથ્વીમાં મળી જશે, ભળી જશે, એકરૂપ થઈ જશે. પોતાનું અસ્તિત્વ 'હું'ને મિટાવી દેશે.

• • •

હિંસા રૂપ લે છે ત્યારે તેનું એક રૂપ પરિગ્રહ છે. જ્યારે પરિગ્રહ પાગલ બને છે, વિક્ષિપ્ત બને છે તો તેનું એક રૂપ ચોરી છે. અકામ ત્રણેનો આધાર છે. અને પછી આવે છે 'અપ્રમાદ'.

• • •

નિર્ણય લેવાનું કામ આપણું છે - શક્તિ ભગવાનની છે.

• • •

જીવન મરણ કરતાં શ્રેષ્ઠ છે. 'સારા કર્મ કરવા માટે' જીવનનો ધર્મભાવ વધે, વધવો જોઈએ, સાથે ગાંડપણ જવું જોઈએ, જ્ઞાન વધવું જોઈએ. ભાવ ટકાવી રાખી વધારતા જતાં શ્રવણ થવું જોઈએ, જે શ્રવણ મનને સમજાવે - ઈશ્વર કાર્યરત કરે તે શ્રવણ ભોગજીવન નાશ કરે. રામનું જીવનચરિત્ર નૈતિક છે. કૃષ્ણનું જીવન ફિલોસોફીયુક્ત, ભક્તિયુક્ત, ભાવથી ભરેલું છે. કોઈ ઉપર ભાવ નહિ, કોઈ ઉપર વિશ્વાસ નહિ તે ઘરડો ઘસાઈ ગયેલો હોય છે.

• • •

***સર્વ ધર્મનું મૂળ એક જ પરમાત્મા છે. બધા પંથો તેને માટે બન્યા છે. પરંતુ પોતાની પ્રેરણાથી પંથને બનાવનાર તે એક ઈશ્વરને અનેક રૂપે રજૂ કરે છે. કેટલાય અલંકારો બનાવો પણ તે બનશે તો એક સોનામાંથી જ.***

શ્રવણ :- ટાઈમ પાસ કરવા, રસિકતા સંભવિત થતા શ્રવણ કરવું જુદું હોય છે અને કંઈક જાણવા - કંઈક મેળવવા માટેનું શ્રવણ જુદું હોઈ શકે છે.

• • •

પ્રામાણિક થાઓ વાસ્તવમાં ચાલુ જીવનમાં આપણે અપ્રામાણિક હોતા નથી. છતાં ઊંડા ઊતરીએ ત્યારે આપણને ખ્યાલ આવી શકે કે શરીર કોણ ચલાવે છે....? જે ચલાવે છે તેને કંઈક આપવું જોઈએ કે નહિ....? આ વાતો ન સમજાય, ન આપો તો આ એક અપ્રામાણિકતા છે, નૈતિકતાવિહીન જીવન છે. ભાડું ન આપવાવાળા ઘૂસણખોર પણ સમજી શકાય.

• • •

ઈચ્છા પ્રકૃતિનું નિયમન કરવું એ એક જાતના જૂઠાણાને જ નિમંત્રણ છે. જે ચોર હોય તે પોતે જ પોલીસ બને અને પોતાને પકડે એવું બને ખરું ....? નિયમન મહત્ત્વનું નથી. તમારા મનની ક્રિયાને - તમારા વર્તનની સઘળી ક્રિયાને સમજાવવી મહત્ત્વની છે. તમે પોતાને સમજો એ જરૂરી છે. બાકી સમજશીલ મનને નિયમનની જરૂર પડતી નથી. ભયગ્રસ્થ મનને નિયમની જરૂરત હોય છે. નિયમ ભયનું પરિણામ છે. ફક્ત પાંગળા વિચ્છિન્ન મનને ખીલવવું જોઈએ. મનને સમજવું એટલે પૂરેપૂરું જોવું. આખરી સત્ય જાણવા માટે આપણી જાતને કોઈ જ બચાવ, દયા, ડર, હેતુ, વિલંબ, નામકરણ વગર સતત જોતા રહેવી જોઈએ. જાતને જોવા પોતાના મનમાં જાગૃતિ, તંદ્રા, નિદ્રાવસ્થામાં ચાલતા વિચારો, જુદી જુદી વ્યક્તિઓ સાથે જુદા જુદા પ્રસંગે બોલાયેલા શબ્દો, ઘરમાં તથા બહાર થતી પ્રવૃત્તિઓ વિશેષ, વાણી-વર્તન-પ્રેમ-ગુસ્સાઓની પાછળના આપણા ઈરાદાઓનું મંથન કરવું અનિવાર્ય છે. આવું નિરીક્ષણ કરવાથી શું થાય....?

• • •

જાગૃતિ આવે ત્યારે ડર, શરમ, નાનાપણું પાકા ફળની માફક સ્વયં ખરી પડે છે. નિયંત્રણોની જરૂર પડતી નથી. તદુઉપરાંત મનને યથાયોગ્ય કરવાની શક્તિ-વૃત્તિ આપણામાં આવે છે.

• • •

તમારા દુઃખની એષણાઓ ખીલવા દો. જેમ કળી મોટી થાય છે, ખીલે છે, પૂર્ણ

***પોતાની જાતે અનુભવ મેળવ્યા વગર કોઈ પણ માણસ ખરો ધાર્મિક થઈ શકતો જ નથી.***

કળાએ વિકસે છે, કરમાય છે અને આખરે ખરી પડે છે. ન સ્મશાનમાં કે ન મંદિરમાં. કામયાબ બનતી નથી, તમે તમારા પ્રશ્નોને, મનને, ઈચ્છાઓને જાગૃત થવા દો, ખીલવા દો, ખુલ્લા થવા દો. તેમને સામાજિક રીતે રૂઢિથી નહીં. તેમનાથી ભાગો નહીં. હિંમતપૂર્વક સામે ઊભા રહો. તેમને સંપૂર્ણ સ્વતંત્રતા આપો તો તે પોતાના બધા રંગો દેખાડશે, તેમની પાછળ શું છે તે દેખાડશે. તે જરૂર ખીલશે. વર્તન વિચાર, વસ્તુનું રહસ્ય પૂર્ણ રીતે છતું કરશે, ગભરાયા વગર છતું થવા દો. ફૂલેલું, ફાલેલું ફૂલ કોઈની આવશ્યકતા ઉપર ચડાવો. નહીંતર ઉપર બતાવેલો તો અંજામ છે જ.

● ● ●

હું ઓછામાં ઓછી કેટલીક બાબતોમાં તો સારો છું જ. વિશ્વાસ - હિંમત - ખુમારી - તેજસ્વિતા - સ્વતંત્રતા -પરિસ્થિતિ - સમજણ - સાદગી - જોમ - ડિગ્રીની સાર્થકતા - સ્નેહ - ભાવના - કાર્યદક્ષતા- સૌમ્ય - વિચારધારા - સમૃદ્ધિ - વિકૃતિ - નૈતિક બંધન - પતંગતા - વિચ્છેદ અભાવ.

● ● ●

વિચાર માણસની વૃત્તિ છે. વિચાર માણસની સંસ્કૃતિ છે. વિચાર માણસનું મૂલ્ય છે. વિચાર માણસનું સ્થાન છે. વિચાર માણસની ગતિ છે. વિચાર જ માણસને ઊભો કરે છે. વિચારોથી જ માણસ ચાલે છે, દોડે છે અને પહોંચે છે. વિચારોથી જ અધઃપતન પણ આવે છે. વિચારોથી જ સમૃદ્ધિ - વિકૃતિ - નૈતિકતા પણ આવે છે.

● ● ●

ચર્ચા કરતા વ્યાખ્યાઓ વિશે સ્પષ્ટ થઈ જાઓ ! યુવા એટલે શું ....? આયુષ્ય એટલે જન્મથી મૃત્યુ સુધીનો કાળ, પણ અવસ્થા એટલે જન્મથી વર્તમાનકાળ. આયુષ્ય વિભિન્ન અવસ્થાઓમાં વિભાજિત છે. સુખ પામવાની ઈચ્છા જ એક મોટું દુઃખ છે. માનવી પોતાની પર્સનાલિટીને સુધારી નાખે તો સુખ આવી પડે છે. નકારાત્મક વિચારો કાઢીને પોઝિટિવ વિચારો કરવાથી સુખ મળે છે. જીવનમાં શિસ્ત રાખે તો સુખી થાય છે. મનનો ભય નકામો છે, કાઢી નાખો. ભય નકારાત્મક છે. સંકલ્પ હકારાત્મક છે. સંકલ્પ કરો. જીવનમાં કરેલાં સારાં કામોની યાદી કરીને વાંચ્યા કરો. શક્તિ મુજબ સપના સેવો ને તેને પૂર્ણ

***જે પળ આપણે જીવીએ છીએ તે વર્તમાન હોય છે. ભવિષ્ય તો વિચારમાં રહેલું છે. તેથી ભયનું કારણ વિચાર છે.***

કરવામાં શ્રદ્ધા રાખો. થાકી ગયો છું તેમ ન કહો, પણ થાકમાં આનંદ માનો.

● ● ●

'માતાનાં કદમોમાં જન્નત અને ખોળામાં ખુદાની રહેમત' રહેલી છે.

● ● ●

ઢૂંઢતા ફિરતા હૂં ઐ ખુદા અપને આપકો આપ હી ગોયા મુસાફિર આપ હી મંઝિલ હૂં મૈં.

● ● ●

માણસ ઈશ્વરને શોધવા બહાર ભટકે છે. જુદા જુદા મહાત્માઓ પાસે જાય છે. ખરેખર માણસે પોતાને જ જાણવો જોઈએ.

● ● ●

અપને મન મેં ડૂબ કર, પા જા સુરાગે જિન્દગી
તૂ અગર મેરા નહીં બનતા. ન બન, અપના તો બન.

● ● ●

ગીતામાં પણ આ વાત લખી છે. જેમણે પોતાને જીતી લીધો છે તે સ્વયં પોતાનો બંધુ છે. પરંતુ જે પોતાને પહેચાનતો નથી તે સ્વયં પોતાની સાથે શત્રુની જેમ વેર રાખે છે.

● ● ●

પૃથ્વી પરનું છેલ્લું આઝાદ સ્થાન છે સમુદ્ર ! વહેતા પાણીઓ પર કોઈની હકૂમત નથી. વહેતા પાણીઓએ કોઈની હકૂમત સ્વીકારી નથી, માની નથી અને ઉત્તુંગ પહાડોની ગર્દનો કોઈ ઝુકાવી શક્યું નથી. માણસ આ સ્થળ અને આ સમય, આ પર્વત અને આ સમુદ્ર પર તારો અંકુશ નથી. તું ન હતો ત્યારે આ હતા, તું નહીં હોય ત્યારે એ હશે. પ્રણામ કરી લે અને પવિત્ર થઈ જા.

● ● ●

'મારા જીવનનો એક જ ઉદ્દેશ છે : બીજાઓ મને તાક્યા કરે.' સાગર તો એ જ છે, જેની પાસે જેવું સાધન તે રીતે સાગરમાંથી પાણી લઈ જઈ શકો છો, તેમ ગમે તેટલી નદીઓ દિન-રાત સાગરમાં ઠલવાતી રહે છે. છતાં સાગરના નીરમાં કંઈ જ ફરક પડતો નથી. સહુને સમાવી લે છે. અપનાવી લે છે અને કચરાને બહાર કાંઠા ઉપર ધકેલી દે છે. તેમ નદી પણ કચરો સંગ્રહતી નથી, બન્ને કાંઠે

***હકીકતમાં અંતઃકરણના ચાર ભાગ કલ્પેલા છે:***
***(૧) મન (૨) બુદ્ધિ***
***(૩) ચિત્ત (૪) અહંકાર.***
***આ ચારે પર વિવેક અથવા આપણી પ્રજ્ઞા છે.***

ઓવાર કાઢી નાખે છે, ક્યારાનું કુબુદ્ધિનું સંગ્રહ સાથ એટલે 'માણસ'. તેમાં સાફસૂથરી રાખે તે માનવ્ય.

• • •

અર્થ અને કામ, ધર્મની રીતે અને મોક્ષ મેળવવા માટે અનુક્રમે મેળવવા જોઈએ. કેવળ જ્ઞાન સંપાદન કરવું, વિગતોને જાણી અને સુસંગત ગોઠવવી એ જ શિક્ષણ નથી. સંપૂર્ણ રીતે જીવનનો મર્મ સમજવો એ જ ખરું શિક્ષણ છે

• • •

માણસને અણુના વિભાગ કરતા આવડે પણ હૃદયમાં પ્રેમ ન હોય તો એ માણસ રાક્ષસરૂપ બની રહે છે.

• • •

સ્વતંત્રતા અને જીવન સ્વાતંત્ર્યતા માણસ જાતે જ ઉત્પન્ન કરીને, આંતરિક જાગૃતિ મેળવીને, લાવવી પડશે, સ્વયં પોતે મેળવવી પડશે અને એકાત્મ લીન થવાનું છે. 'હું' નું વિસર્જન કરવાનું છે 'તું' નિશ્ચિત પૂરું સમજવું પડશે અને 'હું'માં અને 'તું'માં અભેદ સર્જવો પડશે. 'મા'ની અનુભવસિદ્ધ અનુભૂતિ પ્રાપ્ત કરવી પડશે.

• • •

'પશુ'નો અર્થ જ થાય છે જે પાશમાં બંધાયેલું ચાલ્યું જાય છે. ખેંચાતું જાય છે, પશુનો અર્થ એટલો જે ભવિષ્ય સાથે બંધાયેલું છે, જેની લગામ ભવિષ્યના હાથમાં છે, જે ખેંચાતું જાય છે.

• • •

અજ્ઞાની માણસ એટલે અશિક્ષિત માણસ નહીં પણ જે પોતાની જાતને ઓળખતો નથી એ અજ્ઞાની છે. 'સમજ માત્ર સ્વજ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય છે' પોતાની સઘળી ક્રિયાની જાણ એ જ આ સ્વજ્ઞાન છે.

• • •

'આદર્શો એ સગવડભરી છટકબારીઓ છે.'

• • •

બીજામાં પોતાપણાનો અનુભવ કરવો, ભિન્નતા હટાવી દેવી, ભેદને દૂર કરવો અને બીજાના સુખે સુખી થવું એ જ જીવનદર્શનનું સત્ય સ્વરૂપ છે.

***કર્મ વૃત્તિઓનું પરિણામ છે અને વૃત્તિ એ વિચારોમાં ઉત્પન્ન થતી એક શક્તિ છે. વૃત્તિનું ઉદ્‌ગમસ્થાન મન છે. જેથી મનને કર્મ સાથે પૂરો સંબંધ છે.***

સૂર્યના પ્રકાશ જેવો અગર પુષ્પોની પરાગ જેવો પ્રેમને બનાવવો એટલે કે કોઈ પણ પ્રકારના ભેદ વિના સર્વને ચાહવાની શક્તિ સંપાદન કરવી એ જ પ્રેમની પરાકાષ્ટા અને એ શિખરે અથડાતાકુટાતા જવું એ જ 'જીવન' છે.

● ● ●

ક્રાઈસ્ટની તટસ્થતા, બુદ્ધની ઉપેક્ષા, મહાવીરની વીતરાગતા અને કૃષ્ણની અનાસક્તિ એમાં બધી સમાનતાઓ છે, પરંતુ પાયાનો ભેદ પણ છે. સમાનતા અંત પર છે. ચારેયના રસ્તા ઘણા ઘણા જુદા જુદા છે.

● ● ●

દુનિયા (જગત) સ્વપ્નોની છે, માન્યતાઓની છે, ધારણાની છે, માયાની છે (સામાન્ય માણસોને વહેવારની છે, વસ્તુઓની છે). વાત્સલ્ય અને મોહનું આકર્ષણ છે. શૂન્યનું પ્રતીક છે. મનોમય છે. નાટકના પાત્ર જેવી છે. સૂત્રધારની રચના છે. કેવળ લીલા છે. ભ્રાંતિની મુખ્ય ભૂમિકા છે. તેને સમજવી તે જ્ઞાન નિશ્ચિત થવું તે વિજ્ઞાન. બુદ્ધિની પેલે પાર જવું તે વિશેષ જ્ઞાન.

● ● ●

વૃક્ષમાં બીજ કે બીજમાં વૃક્ષ પહેલાં...? ભેદમાં અભેદ છે. કૂકડી પહેલાં કે ઈંડું પહેલાં...? ભેદમાં અભેદ છે. માણસ પહેલાં કે આત્મા પહેલો ....? ભેદમાં અભેદ છે. હું પહેલો કે તું પહેલો ....? ભેદમાં અભેદ છે. રવિ પહેલો કે પુરુષ પહેલો ....? ભેદમાં અભેદ છે.

● ● ●

જે સમજાવ્યું સમજાવી શકાતું નથી. કહેતા કહેવાતું નથી, માન્યું મનાતું નથી, નેતિ, નેતિ, નેતિ, ના-ના-ના બધું જ ના, બાકી રહ્યું 'શેષ' 'તે' 'હું'માં અને 'તું'માં આતમ નથી ન્યારો ન્યારો.

● ● ●

જ્ઞાન - વિજ્ઞાન - સ્વજ્ઞાન - વિશેષ જ્ઞાન.

● ● ●

ધરતી- ભૂમિ- જમીન- જગ્યા- દુનિયા- જગત- વિશ્વ- વર્લ્ડ- યુનિવર્સલ, ક્યાંથી આવ્યું ....? કોણ લાવ્યું....? કોણ લઈ જવાનું ....? કોનું છે.....? કોણ માલિક છે....? માલિકતાનો અર્થ શો છે.....? વ્યાખ્યા શું....? આકાશમાં વ્યાપકતા છે.

***સત્ય એ જ છે જે કંઈ નથી : જે કંઈ નથી એ જ 'તે' છે. એ જ સત્ય છે. શબ્દો બહુ જ ગોટાળાભર્યા લાગે છે. પણ મનન, ધ્યાન દ્વારા તેને ઉકેલો તો સમજાઈ જશે.***

અવકાશ છે. નિર્મળ છે. તેનું બીજું નામ 'અનંત' છે. ન અંત, ન પરિવર્તન છે. ચૈતન્ય વ્યાપક છે. આપણે વ્યાપક બનવું જોઈએ. આપણામાં વ્યાપકતા આવવી જોઈએ. નારદ વ્યાપક છે. બધી જગ્યાએ જાય છે. 'અંબર' પણ આકાશને કહે છે. પૃથ્વીનું ઓઢાવન છે. ભગવાનનું ઓઢાવન છે. પણ બતાતું નથી, આકાશ નિસંગતતાનું પ્રતીક છે.

• • •

ના નહીં અને હા પણ નહીં, ખાના પીના, રોના, ફરના, હરના ધ્યેયહીન જીવનહીન છે. રૂકના નહીં, જાકના નહીં એ સ્વાદવાદ છે.

• • •

જીવનમાં અલિપ્તતા ડેવલપ કરવી જોઈએ. સુખ, દુઃખ અભાવ, ન્યાય, અન્યાયથી મુક્ત થવું જોઈએ. જીવન ઈનપ્રિન્ટ થવું જોઈએ, ઈનપ્રિન્ટ રહેવું જોઈએ. સમાધાન સહુ સાથે થવું જોઈએ. માનઅપમાન -ચિંતાથી અલિપ્ત રહીને જાગૃત થવું જોઈએ.

• • •

પહાડ જેવો માણસ મૃત્યુ પામે છે ત્યારે પહાડ સૂતક પાળે છે ખરા? દરિયામાં હોડી ડૂબી જાય પછી એકાદ મોજું પણ ડૂસકું ભરે છે ખરું? અધૂરા લખાયેલા ઝૂરતા વાક્યનું અનુસંધાન ક્યાં હશે ....? કોઈ અજાણ્યા વનમાં જઈને વૃક્ષની સોડમાં ઊભેલા અટૂલા ઘરમાં મૈત્રી શોધવી છે. સળગ્યા કરી છે આંખની કીકી પાણી વહેવાનો અર્થ પૂછવાથી શું ....? આ રાત ક્યારે ખૂટશે - જિંદગીની પરસાળ ક્યારે પુરાશે. 'ઘરનાં પગથિયાં જ નથી'.

• • •

આપણને કોઈ નવો રસ્તો બતાવે તો એ માનવી મૂર્ખ છે, કંઈ સમજતો નથી એમ બતાવવામાં - માનવામાં આપણને વધારે રસ પડે છે. આમ આપણે જ જાતને કેદ કરી દઈએ છીએ. નાનકડી કોટડીમાં કહે છે કે ઊંટ ખોવાય તો ગોખલામાં શોધવું, એ જગ્યા પણ છોડવી નહીં. ખુલ્લા આકાશ તળે ઊભા રહીને અનંત શક્યતાઓનો વિચાર કરતા થઈએ તો....? આપણી જિંદગીમાં ચમત્કારિક ફેરફારો થઈ જાય. કલ્પનાના સ્વર્ગને જમીન ઉપર ઉતારી પણ શકીએ.

***જે છૂટવા યોગ્ય હશે તે છૂટી જશે. જે પકડવાયોગ્ય હશે તે પકડાઈ જશે. તમે જીવનના પથ પર સરળતાથી જાઓ.***

આના માટે પ્રશ્નના ઉકેલની અનંત શક્યતાઓની વાતને ખરા હૃદયથી આપણે સ્વીકારવી જોઈએ, અપનાવવી જોઈએ, અંતરની સંકુચિતતા છોડીને હૃદયની વિશાળતામાં આપણે પરિવર્તન લાવી શકીએ એવી શક્યતાનું નિર્માણ કરવું જોઈએ. ડર જેવું ક્યારેય લાગે તો બીજા પાટા ઉપર ગાડીને ક્યાં વાળી શકાતી નથી....? શક્યતાઓમાં માનતા થઈ જઈએ તો....? જીવન ખરું સ્વતંત્ર બની જાય. નફફટાઈ કન્ટ્રોલી થઈ જાય છે. માન્યતાઓ મરી જાય છે, જીવન જાગૃત બની જાય છે.

• • •

આપણે કંઈક વાંચીએ, જોઈએ કે સાંભળીએ કે કોઈ વસ્તુનો આપણને સ્પર્શ થાય એટલે તરત એના જેવો ક્યારે-ક્યારે અનુભવ થયો હતો એ બધું યાદ આવવા માંડે, કેટલાક ભૂતકાળના અનુભવનો ફાયદો ઉઠાવે છે, તો કેટલાક એના તરફ દુર્લક્ષ કરે છે, તો કેટલાક નફરત કરે છે, તો કેટલાક રોમાંચ કે આનંદ અનુભવે છે.

• • •

'ધ પાવર ઓફ ઓપન માઈન્ડ' આપણે જો આપણું 'મન' વિચાર કરવાની શક્તિ ખુલ્લી રાખીએ એટલે કે એક જ બીબામાં ચાલ્યા કરતી હોય છે. એને નવી શક્યતાઓ વિચારવા દઈએ તો આપણી શક્તિ ઘણી વધી જાય છે. મગજ ઘણી વાર વગર વિચારે કે ડરથી એક વિચારને વળગી પડે છે અને પછી એના પ્રમાણે જીવન ગોઠવ્યા કરે છે. આપણે પણ મોટા ભાગે બીજી શક્યતાનો વિચાર નથી કરતા. આ જ જીવનની વિષમતા છે. પીછેહઠ છે. આગળનો આયામ બંધ થઈ જાય છે. જાગૃતિ પર પડદો પડી જાય છે. આપણે વિચારોની સ્વતંત્રતા હટાવીને કેદ થઈ જઈએ છીએ. આપણો ગોલ મુકરર થઈ જાય છે. સ્વતંત્રતા ખતમ થઈ જાય છે.

• • •

માણસ ધર્મ માટે નહીં, પણ ધર્મ માણસ માટે છે.

• • •

સ્વતંત્ર જીવન, ઈન્ડિવિજ્યુઅલ લાઈફ, વિકસિત જીવન, તેજસ્વિતા યોગવિનયથી સભર, માનવ અધિકારોની ઉપલબ્ધિયુક્ત રચનાત્મક, સામાજિક, કે વ્યાવસાયિક

***મંદિરમાં સમર્પણ, સેવા, પ્રેમ, કરુણા અને સત્ય પ્રીતિના વિચારો સમાયેલા હોય છે, જેને આપણે મંદિર કહીએ છીએ.***

**બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ત્રણે એક જ અંતઃકરણનાં સ્વરૂપો છે અને એ ત્રણેની ઉત્પત્તિ મનમાંથી જ થયેલી છે.**

સાથે આધ્યાત્મિક જીવનમાં પદાર્પણ કરવા ચીલાચાલુ ઢીંગલાઢીંગલી જ બનાવીને જીવન પૂર્ણ કરવાનું હોય તો કોઈ સવાલ જ નથી. બાકી આપણી સંસ્કૃતિના બહાના નીચે પ્રકૃતિને વિકૃત રૂપ સજાવી ધર્મનું, સમાજનું, લૌકિકતાનું આવરણ અપનાવીને કરેલું કાર્ય એક જાતની ધર્માંધતા જ હોઈ શકે, પશુતા જ સંભવી શકે.

● ● ●

જીવન એ નથી કલા કે કારીગરી, જીવન તો એ બન્નેથી પર છે. જીવતા રહેવાની સાતત્યપૂર્ણ પ્રક્રિયા એ જ જીવન છે. સંયત નીતિમય વ્યવહાર અને સમયની સાચવણી એ તેનું પ્રથમ પથ છે. જીવન એ સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ દોરી જનારી કલા છે, જે કલા દ્વારા સચ્ચિદાનંદની પ્રાપ્તિ થાય છે.

● ● ●

જે વાણી માનવીને દુર્ગતિમાંથી બચાવી ન શકે અને સાહિત્ય માનવીના હૃદયને સંવેદનશીલ બનાવી ન શકે તેને સાહિત્ય કહેતાં આપણને સંકોચ થાય છે. સત્ય કઠોર હોવાથી સુંદર નથી લાગતું. આપણે કઠોરતાથી ભાગીએ છીએ માટે આપણે સત્યનો સાક્ષાત્કાર નથી કરી શક્યા.

● ● ●

ધર્મશાળામાં, મુસાફરખાનામાં, સરાઈ, મંદિર-મસ્જિદ કે ગુરુદ્વારે ક્યારે કોણ આવે ....? અને જાય ....? ક્યારે આવી ચડે છે તે નક્કી હોતું નથી તેમ જ ક્યારે વિદાય છે તે પણ નક્કી નથી.

● ● ●

આપણે પણ આ ધરતીના, જગતના મુસાફર જ છીએ. આપણું આવવું -જવું પણ નિશ્ચિત નથી જ હોતું. ગમે ત્યારે આવીએ અને ગમે તે ઘડીએ વિદાઈ થઈ જઈએ છીએ, તેમાં કોઈનો આગ્રહ ચાલતો નથી.

● ● ●

બુરા દેખન કો ચલા, બુરા ન મિલા કોઈ,
અંતર ખોલ કે દેખીઓ મુઝ સે બુરા ન કોઈ.

● ● ●

તુમ ચંદન મૈં પાની. કૈસે સમજાવું મન રાણી
મન મેં બસ ગઈ રાની કૈસે મન મનાઉં જાની

અબ કોઈ નહિ હૈ બાની એક હી બન ગઈ અનહોની
સમજકર સમજાઓ, મનનોહી એકીરી બની બનાઓ બાની

• • •

જીવન મળ્યું છે માણવા, મેળવવા, સમર્પિત કરવા, સ્નેહીઓને, સાથીઓને, મિત્રોને, ન માણ્યું, ન મેળવ્યું, ન અર્પિત કર્યું, ન અપનાવ્યું, સૃષ્ટિ અહીંની અહીં જ છે. વિચરી જશું આપણે. સહુ ન પૂછશે મૂલ્ય આપણું કોણ હતા ? ક્યાં હતા? કેમ હતા? અને ક્યાં વિચરી ગયા. અફસોસ રહી જશે, ઓરતો રહી જશે. જિંદગી અધૂરી વિચરી જશે. જગત અધુરું રહી જશે. જગદીશ અહસોસ કરતો થઈ જશે.... શું ભૂલ મારી જ થઈ ગઈ.....?

• • •

જાણ્યું જણાય નહીં, પામ્યું પમાય નહીં, મનાય નહીં, દેખાય નહીં, અંતરમાં સમાય નહીં, હૃદયમાં ભરાય નહીં, હરિ હરખાય નહીં, કોને કહું ! કેમ સમજાવું! મનનની માગ પુરાય નહીં, હૃદય છલકાય નહીં, શું આ જ જીવન કહેવાય .....?

• • •

સમજણ બધી સગવડ પ્રમાણે પથરાઈ ગઈ છે.
હૃદયના તારો તરછોડાઈ ગયા છે.
મનની મતિ કમતિ થઈ ગઈ છે.

• • •

મળ્યું છે જીવન માણવા માટે ઠુકરાવ્યાથી શું ....? અધૂરું જીવન જીવીને અજંપામાં અથડાવાથી શું ....? આફત ઉદ્વેગ અને કારુણ્ય સર્જવાથી શું .....? સૃષ્ટિ બધી મળતી - છલકતી રોળી દેવાથી શું ....? ન ખાધું કે ન ખવરાવ્યું પછી ખોટી દયાથી શું ....? સુકાયા મોલ સૃષ્ટિ તણા પછી વૃષ્ટિ થયાથી શું .....? જીવન મળ્યું, જિંદગી મળી સમયે આદર કર્યો નહીં. પછી જીવ્યાથી શું ....? વિચારો ! બધું વિચારી જવાનું છે. સાથે નથી લઈ જવાનું માટીનું એક કણ. કે મેળવ્યા પછી નથી મૂકતું ઋણ કે મેળવવા માટીનો કણ પાડો પસીનો.

• • •

મિત્રોની મહેફિલમાં કંઈ મસ્તી નથી હોતી

***મનને ઊંચામાં ઊંચા આંદોલનવાળી સ્થિતિમાં લઈ જવાની ક્રિયાને યોગશાસ્ત્ર એક જ શબ્દમાં સમાધિ કહે છે.***

પ્રેમ અને મૈત્રી કંઈ સસ્તી હોતી નથી
આપતા ને અપનાવવામાં જબરદસ્તી હોતી નથી
આપો દિલ મૈત્રી તો વ્યથાની હસ્તી હોતી નથી.

● ● ●

કુછ તો મજબુરિયાં રહી હોગી યું કોઈ બેવસ નહીં હોતા!

● ● ●

જતન કરો જાતનું જંજાળ ભરો જગતની હા - હા - હા માંથી હું - હું - હું બનતા મારું - મારું કરતાં મુરઝાઈ જશો સમય નહીં આવે સંગાથ.

● ● ●

'હું મિજલસનો માણસ છું, કોઈ પણ વસ્તુ હું એકલો માણી શકતો નથી'.

● ● ●

નહીં આવ નહીં આદર, નહીં આવકાર નહીં નયનમાં નેહ ઈસ ઘર મત જઈઓ જીસ સમજ મેં નહીં સ્નેહ સૌરભ ભાવ નહીં, નહીં ભાવના ભય બતાવે ભીરુતા સમાવે સદા સગાં - સંગાથી સ્નેહીઓને - ભલે આડા ધરે અભિમાનથી છૂપવું છૂપે નહીં. અભિમાની કર્તા ભર્યું અભિયાન, સંસ્કારોના ઓપથી રૂપ જાય જ્યાં રસાતાળ હસ્તિ અસતિ બને બસ્તિમાં, સસ્તી ત્યાં મૈત્રીની મિત્રતા કેટલી મિત્રોની મિત્રતાની કિંમત કેટલી ....?

● ● ●

બોલી તો અનમોલ હૈ, જો કોઈ જાને બોલ
હિયે તરાજુ તૌલિ કે, તબ મુખ બાહેર બોલ - કબીર

આધુનિક જમાનામાં નવી તરુણ પ્રજાની સૌથી મોટી ખામી એ છે કે તે તડફોડ બોલી નાખી છે. મોઢામાંથી પથ્થરની માફક વાક્યોને ફેંકે છે. ભક્ત કબીર કહે છે કે માણસની વાણી તો અનમોલ વસ્તુ છે. મોઢામાંથી ઉચ્ચારાતા શબ્દની કિંમત જાણવી જોઈએ. મોઢામાંથી એક વાક્ય બહાર આવે તે પહેલાં હૈયાની અંદર એક એક અક્ષરને હીરાની માફક તોળી તોળીને પછી જ ઉચ્ચારવો જોઈએ. આપણા બોલને હીરા સમાન મૂલ્યવાન ગણવા જોઈએ. પથ્થરની માફક બોલને ફેંકવા જોઈએ નહીં.

***માણસ એટલે અન્ય લોકોનાં આદર અને પ્રશંસા ઝંખનારો દ્રવ, જે પોતાની જાતને મહાન જ સમજતો હોય છે, પૈસો હોય એટલે સર્વગુણસંપન્ન થઈ ગયેલો માની લે છે.***

કહેતે હૈ સિતારેં કિ, ગગન બદલા હૈ
હંસતે હૈ ગુલ કિ, ચમન બદલા હૈ,
સ્મશાન કી ખામોશી કહેતી હૈ
હૈ લાશ વહી, સિર્ફ કફન બદલા હૈ

• • •

'હમ જાનતે હૈં ઝન્નત કી હકીકત લેકિન
દિલ કો ખુશ રખને કો ગાલિબ યે ખયાલ અચ્છા હૈ !'

• • •

લોગ અપને લિયે ઔંરો મેં વફા ઢૂંઢતે હૈ
ઈન વફા ઢૂંઢનેવાલો પે હંસી આતી હૈ .....

• • •

કબીરા કુઆ એક હૈ પનિહારી અનેક
બરતન સબ ન્યારા ભયા પાનિ સબ મેં એક
તેમ ચેતન તત્ત્વ આપણા બધામાં એક જ છે.

• • •

જીવન ઉત્સવ છે. મૃત્યુ મહોત્સવ છે.

• • •

અય સંગદિલ જવાબ દે.... દિલ સે પૂછ કે હિસાબ દે
કુછ કહ દે અપને હી લબ્ઝ સે, વર્ના લિખકે કિતાબ દે

• • •

જગતની ભૂમિ ઉપર અને આકાશના આચ્છાદાન નીચે દરેક જીવ જન્મ લે છે. જન્મ થયો એટલે મૃત્યુ નિશ્ચિત થઈ જ ચૂક્યું છે, જીવ જન્મથી મૃત્યુ સુધીની યાત્રા કરે છે, કરવી જ પડે છે. આનંદથી કે અફસોસથી પણ કરવી જ પડે છે, સુખથી કે દુઃખથી પણ યાત્રા પૂર્ણ કરવી જ પડે છે. યાત્રામાં સુખ પણ આવે છે અને દુઃખ પણ આવે છે.

• • •

વાસ્તવિક રીતે સહુ જાણે જતી વખતે જગતની નિર્જીવ વસ્તુ કંઈ જ સાથે આવી

**ખરેખર પ્રભુનો આભાર માનીએ તેટલો ઓછો છે, કારણ કે જીવમાત્રને મૃત્યુની બક્ષિસ ઉદાર દિલે આપી દીધી છે.**

શકતી નથી. હજુ સુધી કોઈ લઈ ગયું છે, એવું પણ ઈતિહાસ કહેતો નથી તે વાતો આપણે સહુ જાણીએ છીએ. પૂરી સમજણ છે. પણ આપણે કંઈ છોડતા નથી, કંઈ બાકાત રાખતા નથી.

● ● ●

બાળકો પત્તાંનો મહેલ બનાવે છે, ઢીંગલી ઢીંગલાની રમત રમે છે, રેતીમાં મહેલ બનાવે જેમાં રહેવું શક્ય નથી. રમકડાથી રમે છે, પ્લેન હોય - મોટરગાડી હોય - રેલવે હોય, છતાં તેમાં બેસાતું કે ઉડાતું નથી. આપણે જોઈએ છીએ-જાણીએ છીએ આ રમત છે, સાચું નથી, રેતીના મહેલ પડી જ જવાના છે, છતાં બાળકોની રમત છે.

● ● ●

આપણે આપણા મનથી સાચા મહેલ, મોટરો, પ્લેન, રેલવે, બનાવીએ છીએ, જેમાં રહી શકાય છે, બેસી શકાય છે, ઊડી શકાય છે. છતાં આ બધુંય ભૂલી જ જવાનું હોય છે. આપણે આ બધાયમાંથી વિદાય જ લેવાની હોય છે. જેવી રીતે આવ્યા હતા તે જ પ્રમાણે આપણે જવાનું હોય છે અને બધું જ બન્યું બનાવ્યું અહીં રહી જવાનું હોય છે. આ મોટાની રમત છે, છતાં મોટા મોટી રીતે સાચી માને છે, નાના નાની રીતે સાચી માને છે.

● ● ●

આપણે સમજીએ છીએ કે અમે બુદ્ધિશાળી છીએ, અમારામાં અક્કલ છે, હોશિયારી છે, શરીર નાશવંત છે તે પણ જાણીએ છીએ. થોડા સમય, થોડાં વર્ષો બાદ સગાંસંબંધી, લોકો આપણને ભૂલી પણ જવાના છે, છતાં આપણે આપણું નામ અંકિત કરવા, રાખવામાં જ પ્રયત્નશીલ રહેલ છીએ અને એ પણ જાણે બીજા ઉપર મહેરબાની, દયા કરતા હોઈએ તેવી ભાવનાથી.

● ● ●

આપણે નક્કી કરવાનું કે આપણે ગધેડા ઉપર બેઠા છીએ કે આપણી ઉપર ગધેડો બેઠો છે. મન આપણું માલિક છે કે આપણે મનના માલિક છીએ. તે જરા આપણે આપણી રીતે સમજી લેવાની જરૂર છે.

● ● ●

તેવી જ રીતે શરીર શું છે, તેનું કાર્ય શું છે, તેની શક્તિ કઈ છે, તેની વિશિષ્ટતા

***સંજોગોની સામે ઊભા રહેવું તે વિકાસ છે. સંજોગોમાં છુપાઈ જવું તે માનવની પીછેહઠ છે.***

શું છે તે પણ બરાબર સમજી લેવું જોઈએ.

• • •

પહેલાંના ટાઈમમાં ગામડામાં રામલીલા ભજવાતી, શહેરોમાં નાટક-સિનેમા હોય છે. જીવનમાં મનોરંજન ભરપૂર હોય છે, છતાં વાસ્તવિક રીતે જોઈએ તો ઘરે આવ્યા પછી આપણે થાકી જઈએ છીએ. ખરેખર તો થાક ઊતરી જવો જોઈએ. પણ તેમ નથી થતું.

• • •

રામલીલામાં નાટકમાં પાત્ર લેતો માણસ સંપૂર્ણ જાણતો હોય છે કે હું તો નટ છું. પાત્ર ભજવનાર ઓરિજિનલ રામ નથી.

• • •

પૃથ્વીના પટ ઉપર આપણે પણ સંસારના નાયકના એક સૂત્રધાર છીએ. આપણો પાઠ સ્ટેજ પર ભજવી બતાવીને પૃથ્વી નિયંતાને ખુશ કરવા જોઈએ. છતાં આપણે આપણા રોલમાં એટલા તદાકાર થઈ જઈએ છીએ કે આપણે ભૂલી જઈએ છીએ કે હું તો એક રોલ ભજવનાર એક્ટર છું.

• • •

આપણને સ્વપ્ન આવે છે, રાજા બની જઈએ છીએ, ભિખારી બની જઈએ છીએ, પા-અડધો કલાકમાં તો જીવનનું તમામ કાર્ય સ્વપ્નમાં દેખાય છે અને જાગૃત થઈએ છીએ ત્યારે સમજાય છે આ તો સ્વપ્ન હતું. તેવી જ રીતે જન્મથી શરૂ કરી મૃત્યુ સુધી પહોંચી જઈએ ત્યારે મૃત્યુમાં પણ જીવન સ્વપ્ન જેવું ભાસે છે.

• • •

હૈદરઅલી ટીપુ સુલતાનમાં હિન્દુ-મુસલમાનની એકતા પુરવાર કરવામાં આવી છે, સાથે ગોરા બ્રિટિશ રાજ્ય સામે નફરત દર્શાવવામાં આવે છે. જીણાસાહેબે હિન્દુ સામે નફરત અને બ્રિટિશ સામે સહાગીત રાખી હતી તેવી જ રીતે આજની સરકાર મુસ્લિમ તરફ ઔદાર્ય બતાવીને હિન્દુ સામે નફરત બતાવી રહી છે.

• • •

જીવનના ક્ષેત્રમાં ક્યાંય પણ વ્યવહાર કરીએ કે સોદો કરીએ કોઈને પણ લાભ ન થાય તેવો વ્યવહાર ન કરવો જોઈએ. બીજા સાથેના વ્યવહારમાં એટલા બધા

***શિક્ષણ અને સંસ્કારમાં ફરક છે. શિક્ષણ આપી શકાય છે. સંસ્કાર સ્વયં શીખવા પડે છે. શિક્ષણ શીખવે સારા થવું. સંસ્કારથી સમજાય છે કે ખરાબ ન થવું. સંસ્કારની ભૂમિકા આચાર છે. પુસ્તકોમાં વાંચીને પાણીમાં તરતા નથી શીખાતું. જાતે પ્રેક્ટિકલ ઊતરવું પડે છે.***

પાકા ન બનવું જોઈએ કે તેને લગીરેક પણ લાભ ન મળે. સોદાબાજી કરવામાં ખોટું નથી, પણ સોદાબાજીમાં એટલા બધા પાકા ન બનો કે આખેઆખો લાડવો તમને મળી જાય અને બીજા કોરા રહી જાય. કુદરત પણ આવું કરતી નથી અને ઈચ્છતી નથી. તમે ધંધો કરો છો તે ધંધાનો પાયો વિશ્વાસ પર રચાયો છે, પણ તે ધંધામાં સફળતા મળે તે સફળતાનો પાયો માત્ર સહકાર ઉપર જ રચાઈ શકે છે. પ્રતિસ્પર્ધીના સહકારની પણ જરૂર પડે છે. કંઈક મળી રહે તેવું પણ કરવું જોઈએ.

● ● ●

કોર્ટમાં સાક્ષી આરોપી વગેરેને ગીતા ઉપર હાથ રાખી સોગંદ લેવડાવવામાં આવે છે, પણ ગીતાનો અર્થ ગીતાના સોગંદ લેનારા શું જાણતા હોય છે? આ માટે (કેળવણી) અભ્યાસ દરમ્યાન ગીતા અર્થ સહિત શીખવવી જોઈએ એવું માનનીય ન્યાયાધીશને ન્યાયકારક નથી લાગતું ....?

● ● ●

ઘણાં વર્ષોથી સ્વાધ્યાયમાં આવતા માનવીઓએ પોતાનો અહમ્ ઓગળી નાખેલો છે. પોતાના સ્વને સમજી લીધેલો છે. સ્વાધ્યાય શું ? જીવન શું ? સંસાર શું ? હું શું ? એક કદમ આગળ પાડી શકેલા છે. તો કેટલાંક ઘણાં વર્ષોથી સ્વાધ્યાયમાં આવતા માનવીઓએ સ્વાધ્યાયમાંથી અહંકાર ઉઠાવ્યો છે. પોતાના સ્વને ઝંઝાવાત સમાન ઊંચે ઉપાડેલ છે. હું બધું જ જાણું છું, આમ જ હોય, ઘણાં વર્ષોનો મારો અનુભવ છે તેમ તેમને લાગ્યા કરે છે અને ફર્યા કરે છે.

● ● ●

ઘણાં સ્વાધ્યાયી ભાઈઓ/બહેનો વગર આમંત્રણે - પોતાનું જ છે તેમ સમજીને બીજાને ત્યાં જઈ સ્વાધ્યાય કરતાં અને કરાવતાં હોય. કોઈને ત્યાં લઈ જાય ત્યારે જ જાય છે જૂનાની કિંમત નથી અને નવાની કિંમત કરતા થઈ જાય છે. તે હું સમજું છું જાણું છું.

● ● ●

ચિત્તમાં - મન અને ઈચ્છા ઉદ્ભવે છે. જો આ ઈચ્છા વિરામ પામે તો મન અંતમાં ચિત્તમાં ફરી પાછું જાય છે. ચિત્ત સ્વચ્છ થતાં આત્મા પૂર્ણતા પ્રાપ્ત કરે છે અને કાળની ચૌદે દિશાઓ ખુલ્લી થઈ જાય છે. જ્યારે માનવીમાંથી ઈચ્છાઓ

***સમય હરેક પળે સરકતો જ હોય છે. ફૂલ રાત્રે હોય તેવું સવારે હોતું નથી. તો હરેક જીવ પળે-પળે બદલાતો જ રહેતો હોય છે. શું આપને તત્ત્વવેત્તા કહું, આધ્યાત્મિક કહું, કે ભક્ત કહું....?***

અને મન શમન થાય ત્યારે રોજી - રોટી - રહેઠાણ - પોષણ મેળવી લે છે, પણ સંસ્કાર સંભવિત નથી. માણસ બનવા માટે સંસ્કારની અતિ આવશ્યકતા હોય છે. આ સંસ્કાર માણસમાં આવે તે માટે સમાજે, સરકારે શું કર્યું? ફક્ત ભણવાથી, ડિગ્રી મેળવવાથી રોજી-રોટી રહેઠાણ મેળવી શકાય છે. સંસ્કાર માટે જેમ કોર્ટમાં અનીતિની મર્યાદા હોય છે, હકની સીમા હોય છે. બાકી નીચતાની નિશાની અચૂક હોય છે.

● ● ●

માણસને બુદ્ધિ ભગવાને આપેલી છે. આંતરમુખ થવાની તેનામાં શક્તિ છે.

● ● ●

દુ:ખના તિરસ્કારથી મુક્ત થવું, જન્મના તિરસ્કારથી મુક્ત થવું, જગતના તિરસ્કારથી મુક્ત થવું, જીવનના તિરસ્કારથી મુક્ત થવું, સ્વભાવના તિરસ્કારથી મુક્ત થવું, અપેક્ષારહિત સ્નેહ કેટલો કર્યો? મધુર મમત્વ - આવે, જીવન પ્રસાદ થાય, તૃપ્ત થાય, આશા - અભિલાષાથી મુક્ત થાય.

● ● ●

ગંભીરતા ફક્ત આત્માની એક બીમારી છે, પણ સંનિષ્ઠ હોવું એ એક અલગ ઘટના છે. ગંભીર માણસ હસી શકે નહીં, નાચી શકે નહીં, રમતિયાળ ન બની શકે. એ હંમેશાં પોતાની જાતને બાંધી રાખે છે. તમે તમારી જાતમાં ઊંડા ઊતરો એટલે જગત સમજવાની શરૂઆત થઈ જશે. દરેક ધર્મ મૂળભૂત રીતે મહાન હોય છે. પણ જો એ ધર્મને ધારણ કરવાવાળા નિર્બળ હોય તો ખૂબ કરુણ અને હાસ્યાસ્પદ સ્થિતિ સર્જાય છે. સંનિષ્ઠ વ્યક્તિ જ સમગ્રતાથી આનંદ માણી શકે છે.

● ● ●

નૃત્ય કરી શકે, હસી શકે અને હાસ્યમાં તમારું શરીર, તમારું મન, તમારો આત્મા ભળી જાય છે. તમે વિભાજિત નથી રહેતા. વિછિન્ન વ્યક્તિત્વ વિલીન થઈ જાય છે.

● ● ●

'સ્વર્ગ પામવાનું નહીં, નિર્માણ કરવાનું હોય છે' અને તેનો આધાર આપણા પર હોય છે.

● ● ●

***ખરેખર ઉંમરની છાયામાંથી કોઈ બાકાત રહી શકતો નથી. ઊંઘતા માણસને જગાડવો સહેલો હોય છે, પણ જાગતા માણસને જગાડવો કઠિન છે. તેને બેઠો કરવા તો પ્રભુની કૃપા દૃષ્ટિ જ જોઈએ છે.***

જિંદગી પ્યારનું -પ્રેમનું સુસંગીત છે. તેને હર તરહ સે નિભાવવું-વહાવવું એ જિંદગીની એક તરાહના છે. તેને નજરોથી વહાવવું જોઈએ. ભાવ-કૃતિ - ભક્તિથી સભર કરી લેવું જોઈએ (એકરાર કરી કરાર કરવા જેવું).

● ● ●

મહા સ્વપ્નનો એક સ્વપ્નકાર અહીં સ્વપ્નમાં પણ સ્વપ્ન જોઈ રહેલ છે. જાગૃતિમાં જણાય છે. દિવસ અને રાત્રિ-સૂર્ય-ચંદ્ર , જીવ -જગત અને જગદીશ.

● ● ●

જીવન સ્વપ્ન છે. જોનાર ફક્ત જગદીશ્વર છે.

● ● ●

ઊઠો જાગો અને જુઓ ! ફક્ત જગદીશ્વરને, બીજું કંઈ છે જ નહીં ! બતાવાય છે તે અંધકાર છે. સ્વપ્નો છે ! સરી જતાં પહેલાં જાગૃત થાઓ! અનંતને અનંતમાં સમાવી લો. 'હું' હટાવી 'તું' ને સમાવી લો, ભરી લો, ઓળખી લો, પોતાને નિજને સમજી લો.

● ● ●

માણસનો પુરુષાર્થ બળવાન છે. અમુક તબક્કે પુરુષાર્થ કર્યા પછી બધી વાત કિરતાર પર છોડવી જોઈએ. ધનની પાછળ પડવાથી ધન મળતું નથી. વિધિના પ્રપંચ આપણે જાણતા નથી. ક્યારે તમને ન્યાલ કરશે કે ક્યારે પાયમાલ કરશે તે તમે જાણતા નથી. વસુદેવને ઘરે કૃષ્ણ જન્મ્યા પણ ત્યારે નગારાં નંદને ઘરે વાગતાં હતાં ! પુત્રનું સુખ વસુદેવ કરતાં નંદે વધુ માણ્યું હતું.

● ● ●

માણસ ગમે તેટલો બાહોશ હોય, પણ અહંકાર અને ક્રોધ તેને બેહોશ બનાવી વિવેકભાન ભુલાવી દે છે. માત્ર સિદ્ધાંત અને નિષ્ઠાથી જ મનની બધી મુરાદો પૂરી થતી નથી.

● ● ●

નૂતન વર્ષાભિનંદન
'માનવજીવન એટલે વિશ્વ નાગરિકત્વ'.

● ● ●

આજના માંગલ્ય દિને ફરી એક વાર દૃઢ રીતે સમજી લઈએ, નિશ્ચય પાકો કરી

***ભવિષ્યને વર્તમાન દ્વારા ખરીદી શકાય છે. બદલાવી શકાય છે. ઈચ્છિત બનાવી શકાય છે.***

લઈએ. 'યુનિવર્સ ઈઝ અવર ફર્સ્ટ નેશન'.

● ● ●

જીવન જીવવા જેવું છે, ખિલવવા જેવું છે, માણવા જેવું છે, સમજવા જેવું છે, કરવા જેવું છે, વહેવરાવવા જેવું છે, 'ત્રિકાળ' સંભારીને સ્મરણ, કૃતિ ભક્તિ કરવા જેવું છે. એકરાર કરી કરાર કરવા જેવું છે. 'શરીર આપણું નથી' સમજમાં ઉતારવા જેવું છે. માની લીધેલા અધિકારો અર્પિત કરી દેવા, સાથે 'પહોંચેલાને' જીવન સમર્પિત કરી દેવા જેવું છે.

● ● ●

વિદ્યા :- એકલાપણું ન લાગવું જોઈએ, અસહાય ન લાગવું જોઈએ. આત્મવિશ્વાસ હોવો જોઈએ. દીનતા ન હોવી જોઈએ. અલગતા ન હોવી જોઈએ. આપણા માનવીના વિકારો ઓળખવા જોઈએ. માણસને પોતાનું જીવન કેમ જીવવું તેનું માર્ગદર્શન આપે તે વિદ્યા!

● ● ●

પુસ્તકમાં બતાવેલી દરેક વસ્તુ સાથે આપણે માન્યતા ન પણ ધરાવતા હોઈએ. અગર આ દિશામાં કંઈક વધારાની માન્યતા વિશેષ સમજ પણ ધરાવતા હોઈએ એ શક્ય છે. છતાં એકરાર કરતા હોઈએ કે 'યુનિવર્સ ઈઝ અવર નેશન' તો આપણી સમજ શિખર તરફ પ્રયાણ કરી રહેલી છે તેમ સમજી શકાય.

● ● ●

સીમાનું બંધન ! આઝાદીમાં પરિવર્તન કરી શકતું નથી. સૃષ્ટિના નિયમમાં પણ કોઈ ફરક (ડિફરન્સ) હોતો નથી. સમસ્ત સૃષ્ટિમાં જીવો નંગા આવે છે અને નંગા જ વિદાય થાય છે. આવનારને અટકાવી શકાતું નથી તેમ જનારને પણ રોકી શકાતું નથી.

● ● ●

ધર્મ અને જાતિવાદે માણસ માણસમાં વિભાજન સરજ્યું. ભાષાવાદ અને જ્ઞાતિવાદે દેશનું વિભાજન કર્યું. દેશનેતાઓએ અને ધર્મધુરંધરોએ જાણેઅજાણે સરહદોનું સામ્રાજય વધાર્યું. અખંડ પૃથ્વીમાં સ્વતંત્રતાના નામે માણસને ગુલામ બનાવ્યો. અહીંથી ત્યાં જવું કે ત્યાંથી અહીં આવવું, (અગર) અહીંથી કંઈ ત્યાં મોકલવું કે ત્યાંથી અહીં કંઈ લાવવું, કહેવાતી સ્વતંત્રતા ઉપર કોણે બંધન બાંધ્યુ......?

***જીવનનું અંતિમ ચરણ એટલે 'મૃત્યુ'. મૃત્યુ સદા માંગલ્યમય જ હોય છે. પણ નિજી સ્વાર્થ જિજ્ઞાસા આગળ આપણને સહુને મૃત્યુ દુઃખમય જ લાગે છે.***

સુરક્ષાને નામે સુનિયંત્રિત રીતે સુંવાળી કેદમાં સ્વતંત્ર રીતે ‘સ્વતંત્રતાને’ કેદ બનાવી રાખી દેવાઈ છે.

● ● ●

શક્તિ પરમાત્માની કૃપાથી મળે છે અને પરમાત્માની કૃપા, હૃદયની નિર્મળતામાંથી સાંપડે છે. હૃદયની નિર્મળતાનું અમોઘ સાધન શુભ વિચારો છે. સાત્ત્વિક જીવનથી શુભ વિચારો આવે છે.

● ● ●

સ્વાર્થરહિત નિઃસ્વાર્થ કામ કરવાની ટેવ રાખો. ભગવાનનું કામ એક કલાક માટે પણ કરવાની ટેવ પાડો. બીજાં કામોમાં સ્વાર્થનો સંગાથ ઉદ્ભવી જ જાય છે.

● ● ●

કુવિચારો કાઢી નાખવા, શૂદ્ર વાતો કરવી નહીં તેમ જ શૂદ્ર વિચારોથી વંચિત રહેવું. ઉન્મત્ત થવું નહીં. સુવિચારોનું ચિંતન કરવું. તું કોઈનો છે તે ભૂલવું નહીં.

● ● ●

તું કંઈ નથી, તું જ બધું છે આ બન્ને વિચારધારા યોગ્ય નથી. ગીતાનું મૂલ્ય આર્થિક નથી. વિનાયાસ-અનાયાસ જીવન જીવવાનો પ્રયાસ કરવો. પ્રયત્નશીલ રહેવું, સહયોગાત્મક સંપર્ક કરો. જીવવા માટે પણ સંઘર્ષ કરવો જોઈએ છે. યોગ્ય-અયોગ્ય, નીતિ-અનીતિ બન્ને બદલાતી હોય છે. વિવિધ ભાવનો પણ સંઘર્ષ થતો હોય છે. વિવિધ વાસનાનો પણ સંઘર્ષ કાપી શકાતો નથી. તમે છોડી શકતા નથી અને બીજાને ફેંકી શકતા નથી.

● ● ●

નિષ્ફળ વિચાર લઘુતાગ્રંથિનો ભાવ પેદા કરે છે. સફળ વિચાર એક બીજા પ્રકારની બીમારી પેદા કરે છે. ગુરુતાગ્રંથિ ‘કોઈ ઊતરતું નથી, કોઈ ચઢિયાતું નથી’.

● ● ●

સરળતા હોય, સજ્જનતા હોય, સમજદારી હોય, નૈતિકતા હોય, નિષ્ઠા હોય, હિંમત હોય, બહાદુરી હોય, કર્તવ્યની ભાવના હોય, કંઈક કરી છૂટવાની તમન્ના હોય, તો આગળ વધો. બાકી પોતાની જ માન્યતા પર મજબૂર હો તો ત્યાં જ રહો. આગળ આવવાની જરૂર નથી. કુદરત કુદરતનું કામ કરી જ લે છે.

***બધાના મનમાં સુખી થવાની અને દુઃખમાંથી છૂટવાથી જે ઇચ્છા અને ક્રિયા થાય છે તે જ દયા છે. અને બંધન છેદન વગેરે યથાયોગ્ય સજા કરવી એ જ ન્યાય છે.***

નિમિત્ત બનવું માનવનું કર્તવ્ય છે.

• • •

આપણો દેશ મહાન છે, મહાન છે, મહાન છે એમ મહાનતાના નારા લગાવવાથી મહાનતા સિદ્ધ નથી થતી. મહાનતા કૃતિયુક્ત ન થાય ત્યાં સુધી તેની કિંમત અંકિત થતી નથી. તેનું અવલંબન બુદ્ધિયુક્ત જાગૃત પ્રયાસ પર જ આધારિત છે.

• • •

ગુલામ ફક્ત રિક્ષાચાલક કે કારખાનાનો મજૂર કે પાટીવાળો જ નથી. ડૉક્ટર, વકીલ, આર્કિટેક્ટ, સી.એ., એન્જિનિયર કે સોલિસિટર બધા જ એક રીતે વેપારી છે, દાસ છે (ગુલામ છે). કોઈ પૈસાના જોરે પોતાની કદમબોસી કરાવે છે, તો કોઈ સત્તાના જોરે. માનવ્ય જ ખતમ થયેલું હોય છે. જ્યાં વૃત્તિ જ ગુલામી ભરેલી હોય ત્યાં સ્વતંત્રતા કે સ્વાયત્તતાનો અનુભવ કેમ થઈ શકે ....?

• • •

મનની કંગાલિયત અને હૃદયની દરિદ્રતા કાઢી નાખવી. એ પણ એક તપ છે. આ શરીરની અંદર દોડી રહેલા રક્તને બનાવવાવાળો એક જ છે. સરિતા સાગરમાં ઠલવાતી જતી હોય છે, તેમ જન્મ પામતાં જ પ્રતિપળે આપણે મૃત્યુ તરફ જ દોટ ભરતા હોઈએ છીએ. સરિતા સાગર સુધી પહોંચતાં માર્ગને નવપલ્લવિત બનાવતી જાય છે. તેમ આપણે જન્મથી મૃત્યુ સુધીના માર્ગને નવપલ્લવિત બનાવવો જવાનો. આજના શુભ દિનથી નિશ્ચય કરીએ.

• • •

ભગવાન જીવજંતુ -પ્રાણી માત્રમાં સમદૃષ્ટિ રાખીને બેઠેલો છે. જે આપણી નસેનસમાં છે તેમનું મહત્ત્વ સમજી-જોઈ શકીએ છીએ તો આપણે પણ આપણી દૃષ્ટિ સમદૃષ્ટિપૂર્વક એકાત્મક બનાવીએ, જેથી પ્રભુ સમજવા, જાણવા સહેલા અને સરળ થાય.

• • •

‘કામ’ ઈશ્વરની કૃતિ છે. ‘ક્રોધ’ હેવાનિયત છે. ‘મોહ’ અંધકાર છે. ‘લોભ’ લાલચનું પ્રતીક છે.

‘રજસ’, ‘‘તમસ’ ને ઊલટાવી સજ્જન ‘સત્ય’ને ઉપર લે છે.

***ચામડી પરથી કવચકુંડળ ઉતારી દેવાં સહેલું છે પણ માન્યતાનાં, પ્રતિષ્ઠાનાં, પ્રણાલિકાનાં ભ્રમપૂર્વક કવચકુંડળ ઉતરડવા દુષ્કર, અતિ દુષ્કર છે.***

પહેલાંના વખતમાં બાળકો ઢીંગલા-ઢીંગલીની તથા માટીનાં વાસણો બનાવેલાં હોય તેનાથી રમત રમતાં હતાં. ગામમાં રામલીલા થતી હોય તેમ જ નવરાત્રીના દિવસોમાં વેશ ભજવાતા હતા. પ્રથમ ગણપતિ, બ્રાહ્મણ અને હરાયાનો ખેલ દરરોજ મુકરર જ રહેતો. સુધારો થતો ગયો તેમ નાટક કંપનીની શરૂઆત થતી ગઈ. તેમાં પણ અનેક જાતના વેશ ભજવાતા હોય છે. જોનાર અને નાટક ભજવનાર ચોક્કસ (પરફેક્ટ) જાણતા હોય છે, હું આ નથી ! ઓરિજિનલ આ નથી ! એ જ પ્રમાણે વિકસિત થતા ફિલ્મમેકરોનો ટાઈમ આવ્યો, તેમાં પણ સંસાર વહેવાર, રાજદ્વાર, સાધુસંન્યાસીનાં પાત્રો કલાકારો લેતા હોય છે. તેમને પણ ખાત્રી હોય છે. કે અમે આ નથી ! અમે વાસ્તવિક રૂપમાં અમે ફલાણા-ફલાણા જ છીએ તેનો તેમને ખ્યાલ હોય છે. તેવી જ રીતે આ પૃથ્વીના સ્ટેજ ઉપર આપણે પણ કોઈ અનન્ય કલાકાર જ છીએ. આપણો સૂત્રધાર કોણ છે.....?

● ● ●

માટીનો આપણો ઘડો ફૂટી જાય છે. મોટા થઈએ ત્યારે ખબર પડે છે કે આ વસ્તુ વાસ્તવિક ન હતી, રમત જ હતી. તેવી રીતે રામલીલા, નાટક કે પિક્ચરમાંથી આપણે આપણો રોલ અદા કરીને સ્ટેજ ઉપરથી બહાર આવીએ છીએ ત્યારે આપણને ખબર હોય જ છે કે હું રામ નથી, સીતા નથી !

● ● ●

બચપણથી રામલીલા, નાટક, ફિલ્મની વાત આપણને સરળતાથી જોનારને અને ભજવનાર બન્નેને ખબર હોય છે. આ 'હું' નથી. તે 'તે' નથી.

તેવી જ રીતે કુદરતના આપણે પણ ફક્ત કલાકાર જ છીએ અને આપણે પણ પૃથ્વીના સ્ટેજ ઉપરથી બહાર આવવું જ જોઈએ છે. અને સમજવું જોઈએ, 'હું' આ નથી. આપણે વાસ્તવિક જીવનમાં આપણી સાથેના કલાકારમાં એટલું 'દાત્મ્ય' (ઐકયતા) સધાઈ ગયેલું હોય છે કે આ નટ છે, આપણો કર્તા, આપણો સૂત્રધાર કોઈ છે એ પણ આપણે વીસરી ગયા હોઈએ છીએ.

● ● ●

એક સૂત્રધારના (જગતનિયંતા) સાંનિધ્યમાં આપણે આપણી ફક્ત કલા જ

***ફક્ત જમવાનું જરૂરી છે, પણ ફક્ત સ્વાદ માટે જ જમવું એ યોગ્ય જણાતું નથી. તેમ સંસારમાં સ્નેહ અનિવાર્ય છે, પણ વાસના જ તેનો મુખ્ય ઉદ્દેશ હોવો એ માનવ્યતા નથી.***

અદા કરી રહ્યા છીએ એટલું જ આપણને હરઘડીએ યાદ રહે તો જગતમાં દુઃખની કોઈ જગ્યા જ નથી.

● ● ●

પ્રતિષ્ઠા એક બહુ જ ભ્રામક શબ્દ છે. ચારિત્ર્ય અને પ્રતિષ્ઠા બન્ને અલગ ચીજ છે. જગતના દુન્યવી લોકો આપણા માટે જ માનતા હોય તેનું નામ પ્રતિષ્ઠા છે. પણ ઈશ્વર આપણા માટે જે સાચું જાણતા હોય તે તમારું ચારિત્ર્ય છે.

● ● ●

દેવું, લેવું, આપવું, અપનાવવું, સમપિત કરવું, પામવું, પહેચાનવું, પહોંચાડવું, પચાવવું, પીરસવું એ જીવનની સૌરભ છે. બાકીનું રૂઢિગત માન્યતાઓનું બંધન છે. જગતનો ઉપહાસ છે.

● ● ●

આજની નારી, ‘સ્ત્રી’ સ્વાતંત્ર્યતાની માગ કરે છે. પણ તેને ખબર છે.....? બંગડી (કંગન) બેડીની સુપુત્રી છે, ઝાંઝર પગની બેડીની નિશાની છે.

● ● ●

દંભનું ઉદ્‌ઘાટન ધાર્મિક મઠોમાં થયેલું છે અને નિખાલસતાની શરૂઆત માત્ર વેશ્યાલયમાં થઈ છે. આ એક કટુ સત્ય છે.

● ● ●

‘તુમ બુઢ્ઢે જરૂર હો, લેકિન બુઝુર્ગ નહીં હો.’

● ● ●

વિચાર શૂન્ય એટલે વિચારહીન નહીં, પણ નિર્વિચાર.

● ● ●

યુવાની ચેતનાનો વિષય છે. એના રિફલેકશન ત્વરિત હોય છે. મનુષ્યની, યુવાનીની, ઝિંદાદિલીની જીવનદૃષ્ટિની એ અંતિમ પરીક્ષા છે.

● ● ●

‘કસાઈ જરૂર હોય છે, પણ જલ્લાદ નથી હોતા’.

● ● ●

રડી લો, આ જ સંબંધોને વીટળાઈ અહીં, પછીથી કોઈને કોઈની કબર મળે ન મળે.

● ● ●

***ભગવાને આપણને મન આપ્યું. બુદ્ધિ આપી. હાથ, પગ, મુખ, આંખ વગેરે આપ્યા તેનો આપણે શામાં ઉપયોગ કરવો તે આપણા હાથમાં સોંપ્યું.***

ધન બહુ બહુ તો સાધન છે. સગવડો આપે, સુખના આભાસો આપે, બાહ્ય વૈભવ આપે, સાથે આંતરિક દારિદ્રતા પણ આપે.

● ● ●

આચાર વિના કેવળ વિચારોથી ભરેલું મન એ વખાર છે, અગાશી નહીં. અગાશી માણસને આકાશના સંપર્કમાં મૂકે.

● ● ●

કુદરતનું ક્રમચક્ર અવિરત ગતિથી ચાલ્યા કરે છે. તેમાં સંજોગો-સમય, સ્નેહ, સંગાથ, યોગ, વિયોગ, નિશ્ચિત પ્રમાણે થતાં જ રહેલાં છે. જે તોડ્યા તૂટતા નથી અને બાંધ્યા બંધાતા નથી. આ સમજમાંથી જીવનમાં નિશ્ચયતા અનુભવાય ત્યારે જીવન બંધન તૂટવા લાગે છે. માયાના પડદા હટવા લાગે છે. ઈશ્વર સન્મુખ નજીક અને નજીક ગતિ થતી રહેલી હોય છે. જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી !

● ● ●

જીવન એક રણ છે. જે વ્યક્તિ બેફિકર બનીને રણમાં ઘૂમે છે. યુદ્ધ લડે છે. તેનું જીવન યથાર્થ છે. સફળ છે. મનુષ્યજીવનનું લક્ષ છે, પરમ સુખની પ્રાપ્તિ છે. પરમ સુખની પ્રાપ્તિ પરમાત્માને ઓળખ્યા વિના થતી નથી.

● ● ●

માણસે બનાવેલી જગતની અજાયબી ઘણી છે, પણ કુદરતને માનતી, અલ્લાહને માનતી, ભગવાનને માનતી માનવજાતે વિચાર કરવાનો છે કે ભગવાને કરેલી અજાયબી 'માનવ' જાણી શકે છે....? જોઈ શકે છે? જગતભરમાં લાખો -કરોડો માણસ જન્મ પામતા જાય છે. મૃત્યુ પામતા જાય છે, છતાં કોઈના ચહેરા-મહોરા-સ્વભાવ એકબીજાને સરખા મળેલા છે....? ચહેરા સરખા નથી, વિચારો સરખા નથી, માન્યતાઓ સરખી નથી, સમજણ સરખી નથી છતાં માણસજાત સરખી!

● ● ●

નામીઓની નનામી નીકળી ગઈ
કંઈક ગયા અને કંઈક આવી ગયા
પૂછો સહુને કે શું-શું કરી ગયા?

***મહાભારતના યુદ્ધ વખતે કૃષ્ણે ઘંટનાદ પછીના પડઘા જેવા ઘેરા અવાજે કહ્યું, દુર્યોધન ! ધર્મ અતિ સૂક્ષ્મ તત્ત્વ છે. મહા અધર્મને રોકવા માટે ક્યારેક દેખીતા અધર્મને આવકારવો પડે છે. જીવનની આ ગૂઢતાને જે પામી શકે છે એ ધર્મને પાર પામી જાય છે.***

કાળના પેટાળમાં સહુ વિલીન થઈ ગયા
કહે છે કે બચી ગયો એક 'અનામી'.

• • •

આ ધરતીમાતાના પટ પર આવી
પગ પછાડતાં સહુ કહી ગયા મારું મારું
નથી કોઈનું કંઈ અહીં તો બધું 'અનામી છે'.

• • •

સહુ ટુકડેટુકડા કરવામાં મસ્ત થઈ ગયા
કોઈ એક ટુકડો પણ સાથે ન લઈ શક્યા
પછી નામી શાનો ? બાકી 'અનામી જ' રહી ગયો.

• • •

ઈચ્છા થાય પણ, કન્ટ્રોલરહિત ઈચ્છા થાય એટલે તૃષ્ણાનું રૂપ આવી જાય.

• • •

પૈસો એટલે સરપ્લસ 'મની' જરૂરિયાતો પૂરી થાય પછી વધે અને તે ભેગું કરલું નાણું એટલે 'કેપિટલિસ્ટ'.

• • •

સમાજવાદ એક તૃષ્ણા છે. કલેક્ટરને એક જ છોકરો છે. તેનું કામ શું ....? પટાવાળાને સાત છોકરા છે તેનું કામ શું .....?

• • •

માનવશ્રમ અમૂલ્ય છે. કારણ કે શ્રમમાં રામનો પણ ફાળો છે.

• • •

માનવ વિકાસ કરવો જ હોય, મહાન થવાનો રસ્તો કરવો જ હોય તો 'તૃષ્ણા'ને તોડવી જોઈશે.

• • •

જીવમાત્રના ચહેરા-મહોરા રંગ-અંગ-ઉપાંગોનું ફલિત, વિચાર વિનિમય, કામના, મહેચ્છા, ઈચ્છા, વાસના, અપેક્ષાને આધીન હોય છે તેમ જ તેનું વર્તન ચહેરો-મહેરો- કપડાં -ખાન-પાન સ્વભાવ તેની વૃત્તિની ચાડી ખાય છે. છતાં પરિવર્તન સંસારનો નિયમ છે.

***કંઈ લાખો ચાલ્યા ગયા,***
***નજર પણ પડતી નથી,***
***આપણા ઐશ્વર્યનું***
***અભિમાન ન કરો સમજુ***
***માનવ ! અહીં તો સિકંદર***
***શાહ જેવાની કબર પણ***
***જડતી નથી.***

બજારમાં જઈને શાકભાજી ખરીદતા આપણે તે વળી બરાબર તપાસીએ છીએ. ‘‘કેરી’’ ખરીદતી વખતે તો રંગ - જાત - જોઈ સૂંઘીને પસંદ કરીએ છીએ, પણ પૈસા ઘરે લાવતી વખતે આવો કોઈ વિચાર નથી કરતા.

● ● ●

જીવનમાં દર વર્ષે નવું આવે છે, તેમ  દર વર્ષે જન્મદિન પણ આવે છે. આપણને યાદ કરાવે છે કે આપણે એક વર્ષ મોટા થયા, પણ વાસ્તવમાં આપણે દરેક વર્ષે અને દરેક જન્મદિને એક એક વર્ષ નાના થતા જઈએ છીએ. પ્રભુ પાસે પ્રતિ-દિને પ્રતિ-પળે જાણે-અજાણે જતા અમૂલ્ય સંપત્તિ વેડફી રહ્યા છીએ.

● ● ●

પ્રભુએ આપણને આપેલી અમૂલ્ય સંપત્તિ હૃદય, મન, શરીરના દરેક અવયવો નાક, કાન, મોઢું, જીભ, આંખોનો આપણે શું ઉપયોગ કર્યો ....? આપણે આપણા માટે તો આ બધી વસ્તુનો ઉપયોગ કર્યો જ છે, પણ જેણે આપેલ છે તેને માટે આપણે કંઈ ઉપયોગ કર્યો ....? બાકી રહેલા જન્મદિને અને નવા વર્ષથી થોડા પણ હિસાબ રાખતા થઈશું તો તેજસ્વિતાથી જવાબ આપવા આપણે તૈયાર થઈશું.

● ● ●

એ જ નવા વર્ષની પ્રાર્થના કે પ્રભુ વાસ્તવિક હિસાબ, ત્રિકાળ સંધ્યા દ્વારા અમારી પાસે કરાવવાનું અમને સામર્થ્ય આપ ! ઉત્કંઠા આપ ! તારા પ્રત્યે ભાવ અને પ્રેમ આપ,  એ જ અભ્યર્થના .............

● ● ●

મોરનાં ઈંડાંમાં કોણે રે ભર્યો રંગ
ઓ સૃષ્ટિના સર્જનહાર તારી કળા ન કળાય
નિષનિમીષમાં કંઈ કરે તું અપરંપાર

● ● ●

કીડીનાં આંતર કેમ ઘડિયાં, ઓ સૃષ્ટિના સર્જનહાર
તેમાં પહોંચે નહિ વિચાર એવો તું સૃષ્ટિનો સર્જનહાર
દોષ ન લેતા રોખ ન લેતા, સઘળું કરતો તૈયાર,
આપી જતો યશ કિરતાર
ઓ સૃષ્ટિના એમાં પહોં નહીં કરતા-ફરતા વિચાર

***‘જે પીડ પરાઈ જાણે રે’ એ વૈષ્ણવજન કહેવાય. આપણે વિષ્ણુ ન થઈ શકીએ પણ વૈષ્ણવ તો થઈ શકીએ.***

છતાં હું માનવા હું હું યાદ ન કરતો કિરતાર.

• • •

હું ! હું ! મારું ! મારું ! નો પાર ન પમાય
ઓ સૃષ્ટિના સર્જનહાર
તારી કળા ન કળાય,
નિષનિમિષમાં કંઈ કરે તું અપરંપાર,

• • •

'યા રબ તું સબ પર ઈતના શુકર કર
જો ગુજરી હૈ મુઝ પર ના ગુજરે કિસી પર'.

• • •

સૃષ્ટિમાં આવ્યા ક્યાંથી ......? આ બુદ્ધિ લાવ્યા ક્યાંથી ......? આ જ મા-બાપ મેળવ્યા ક્યાંથી. આ જ શિક્ષણ કેમ પ્રાપ્ત કર્યું ....?

• • •

અપની આઝાદી કો હમ હરગિઝ મીટા સકતે નહિ
સર કટા સકતે હૈં લેકિન સર ઝુકા સકતે નહિ

• • •

કહતે હૈ બહોત કિ, મર જાએંગે હમ,
મરકે ભી ચેન ન પાયા તો જાએંગે કહાં .......?

• • •

બહુત ગઈ, થોડી રહી, હવે થાકે વણસે કામ;
એવું સમજી શાન, સુધારી લ્યો ધરી હામ

• • •

મેરી આંખ બંધ થી જબ તલક
વો નઝર મેં નૂરે જમાવ થા
ખુલ્લી આંખ તો ન ખબર રહી,
કિ વો ખ્વાબ થા કિ ખ્યાલ થા. - 'ઝફર'

• • •

તકદીર સે તકરાર ન કર

***જે કોઈ મને પ્રેમભક્તિ વડે પત્ર, પુષ્પ, ફળ કે પાણી જે કંઈ પણ આપે છે તે શુદ્ધ બુદ્ધિ નિષ્કામ પ્રેમી ભક્તના ભાવપૂર્વક અર્પણ કરેલ તે હું પ્રેમપૂર્વક અંગીકાર કરું છું.***

મૈં તો એક ખ્વાબ હૂં, ખ્વાબ સે પ્રેમ ન કર.

● ● ●

મહોબત અને મોત એક સિક્કાની બે બાજુ છે.

● ● ●

સબ કા માલિક એક :- પરમેશ્વર
સબ કા દાતા એક : સૂર્ય
સબકી માતા એક : પૃથ્વી
સબકા પિતા એક : આકાશ
સબકા તત્ત્વ એક : પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ.
પછી ભાગલા કોના .......?

● ● ●

ધરતીની સાથે અંબર
આકાશની સાથે તારા
આંખુને સગપણ
આંસુનાં જિંદગી એક ખોજ છે.

● ● ●

પ્રાર્થના એ પોતાની જાતને ઓળખવા માટેનો સરળ અને ટૂંકો માર્ગ છે.

● ● ●

ઘણી વાર વસ્તુ મળે એ કરતાં ન મળે એમાં મોટો ચમત્કાર સમાયેલો હોય છે.

● ● ●

'સીધી છે ચાલ મારી પલટાવું નથી પણ સૂરજ જેવો પ્રવાસી છું. દિશા બદલાઈ જાય છે.'

● ● ●

રડ્યા 'બેફામ' સૌ મારા
મરણ પર એ જ કારણથી
હતો મારો જ એ અવસર
ને મારી હાજરી નહોતી.

● ● ●

***ભગવાન! હું તો આપની સાધારણ ઝાંખી કરી શકું છું, પણ આપ તો આ જગતના અગણિત જીવોમાં મારા જેવા વૃકોદરને કેવી રીતે જાણી શકો!***

આપણી સંસ્કારગત કુટુંબભાવના ઉપર ઘણી બાજુએથી પ્રહારો થઈ રહ્યા છે. તેવા આ સમયમાં આપણા સંગઠનને માત્ર ટકાવી રાખવાનું જ નથી પરંતુ તેને આમૂલ દૃઢ કરી વિકસાવતા રહેવાનું પણ આપણું કર્તવ્ય છે. આવતી કાલની આપણી પેઢીનું તેમાં જ શ્રેય રહેલું હોઈ, સ્નેહસંસ્કારનો આ વારસો તેને આપવાની આપણી ફરજ છે. એક સંપે અને સ્નેહભાવે રહેવાનું આપણા વડીલોએ શીખવ્યું છે. તે પાઠ આપણા પુત્ર-પૌત્ર પરિવારને શીખવવાનું, તેમના જ હિતમાં, આવશ્યક છે.

• • •

'મન' વિચારનો એક ભાગ છે અથવા વિચારોનું 'મન' એક ભાગ છે તેનો નિવાસ બુદ્ધિમાં છે કે હૃદયમાં છે....? અને તરંગોનું ઉદ્‌ભવસ્થાન ક્યાં છે અને તરંગો શાથી ઉત્પન્ન થાય છે....?

• • •

પ્યાર-પ્રેમ જિંદગી હૈ,<br>
પ્યાર-પ્રેમ બંદગી હૈ,<br>
પ્યાર-પ્રેમ પ્રાર્થના હૈ.

• • •

ભલાઈ બૂરાઈની સાથે નથી જાતી<br>
રોશની અંધારાની સાથે નથી જાતી<br>
જાત કજાત નથી થતી<br>
કજાત જાત નથી થતી

• • •

જીવ, જંતુ, પશુ, પક્ષી, રોજેરોજનું લાવીને ખાય છે. સંગ્રહને વધુ અવકાશ હોતો નથી, પણ બુદ્ધિજીવી પ્રાણી 'મનુષ્ય' સંગ્રહ કરવામાં પાછું વાળીને જોતો નથી. 'ભાળ્યું કે ઉઠાવ્યું' 'રાગ્યું કે લીધું'. આ મનુષ્યને અધીરતાની, અવિશ્વાસની ટેવ પડી ગઈ છે. આ ટેવ પત્ની, છોકરા, સ્વાસ્થ્ય, આજબાજુના લોકો, વનસ્પતિ અને જાતને ભૂલી રહ્યો છે. શક્ય છે કે કોઈ વસ્તુ સાથે લઈ જવાય નહિ. મને તો શંકા થઈ છે કે આટલો પણ વિચાર-વિવેક કહેવાતા માણસમાં રહ્યો હશે કે કેમ....?

• • •

***જિંદગી એટલે શું....? જન્મની અને મૃત્યુની વચ્ચે જે છે તે જિંદગી'. આ કાળમાં તું કેવી રીતે જીવ્યો તે 'જિંદગી'.***

‘વિસામો એ માથું બદલવાની પ્રક્રિયા છે’. કર્મ ભલે સંસાર તરફ જોઈને કરો, વિસામા વખતે માથું (મન) બદલો !

• • •

આજનો માણસ કસ્તુરી મૃગ જેવો છે, કસ્તુરી નાભિમાં છે પણ શોધે બહાર, તેમ ઈશ્વર અંદર છે, (ખુદ), પણ શોધે છે બહાર મંદિર-મસ્જિદોમાં.

• • •

ઈશ્વર તારી સાથે છે. ઈશ્વર તારી પાસે છે. ઈશ્વર તારી અંદર છે. અરે, ઈશ્વર તું ખુદ છે.

• • •

ઓઈલ રિફાઈન્ડ કરવું જોઈએ. શુદ્ધ કરવું જોઈએ તેમ જ હીરાની પણ આ જ પ્રક્રિયા કરવી જોઈએ. ઉપરથી પાસા પાડવા જોઈએ. જેટલા પાસા તેટલી કિંમત. તે જ પ્રમાણે માણસે શુદ્ધ થવું જોઈએ. પોતાના પર પાસા પાડવા જોઈએ. જેને ‘તપ’ સાધના કહેવાય છે. ‘ધર્મ અલગ ચીજ છે’. માનવી ધર્મ એક જ. પોતાને
ઓળખવો જોઈએ. નિજનેનિજે સમજવો જોઈએ.

• • •

વિપરીત સંયોગો અને વિપદાઓ તો જીવનમાં આવ્યા જ કરે છે. બધા રૂઠી જાય પણ આપણી અંદરનો રામ રૂઠવો ન જોઈએ. રામ રૂઠે ત્યારે શું કરવું ......? ત્યારે આંતરપરીક્ષણ કરવું. આપણા દોષો શોધવા પછી આપણામાં પરિવર્તન લાવવું.

• • •

ક્યારેક કશુંક જાય છે ડંખી
ત્યારે કંઈક મન રહે છે ઝંખી
અંતરના આકારો ટોળે વળે છે
વિચાર પંખી ...... વિચાર પંખી

• • •

સુખ-દુઃખના સરવાળા માટે જિંદગી નથી.... અંધારામાં અજવાળા કરવા માટે. આ જીવન ઊંઘવા માટે નહીં. પણ ઊંઘી ગયેલા આપણા આત્માને જગાડવા માટે છે....!

***જે છોડી શકતો નથી તે મેળવી શકતો નથી. જે પકડી રાખે છે તે પામી શકતો નથી.***

મોત ઉસકી જિસકા જમાના અફસોસ કરે
વૈસે તો જીતે હૈ સબ મરને કે લિએ.

• • •

શમા પરવાને કો જલના સિખાતી હૈ
સાંજ સૂરજ કો ઢલના સિખાતી હૈ
ગિરનેવાલે કો કોસતે હો ક્યોં?
ઠોકરેં ઈન્સાન કો ચલના સિખાતી હૈ

• • •

સાંસ કા પિંજરા કિસી દિન ટૂટ જાએગા
હર મુસાફિર રાહ મેં હી છૂટ જાએગા
હર કિસી કો પ્યાર કર લો, પ્યાર લો સબ કા
ક્યા પતા કબ પ્યાર કા ઘટ ફૂટ જાએગા .......?

• • •

આપણા સંસ્કાર ઉછીના.....
આપણા વિચારો ઉછીના......
આપણા આચારો ઉછીના......
આપણું નર્તન ઉછીનું
આપણું વર્તન ઉછીનું
આપણું કિર્તન ઉછીનું
ન રાખ આશ, કદી કોઈ પાસ
પછી તને કોઈ કરી શકે નિરાશ ......?

• • •

જિંદગી અમૃત હૈ, મેરે મિત્ર ! ઈસે ઢોળો કમ, પીઓ જ્યાદા !

• • •

સુખ નથી કોઈના શહેરામાં .... સુખ નથી ફૂલોના શહેરામાં સુખ તો સંતાયેલું છે તમારી બે માસૂમ પાંપણના પહેરામાં

• • •

જીવન વહ્યા કરે છે જળની જેમ.

***અહંકારનું વિલોપન***
***જ્ઞાનમાં થવું જોઈએ,***
***ભક્તિમાં થવું જોઈએ,***
***પ્રભુકાર્યમાં થવું જોઈએ,***
***તેમ જ માતા- પિતા - ગુરુ***
***પાસે જતા અહંકારરહિત***
***થઈને જવું જોઈએ.***

આપણે રહીએ છીએ કમળ જેમ !

• • •

ઘટનાઓ 'ઘા' ના બને ડરને દફનાવી દો!
પ્રસંગો 'પીડા'ના કરે ભયને ભગાડી દો !
સંજોગો 'સતાવી' ના જાય

• • •

ડરને દફનાવી દો !
ભયને ભગાડી દો !
એક ચહેરા પે કઈ
ચહેરા લગા લેતે હૈ લોગ

• • •

'સરિતા તટે બળતી ચિતા, લોકો બેઠા રેતમાં,
કંઈક આવ્યા દ્વેષમાં ને કંઈક આવ્યા હેત વહેવારમાં
મરનારનો સહુ હિસાબ કરતા, પુણ્યનો ને પાપનો
મૃતક બોલ્યું : 'આજ મારો, કાલ વારો આપનો'

• • •

ઝાંઝવામાં કંઈ સલિલ નથી હોતું,
સમણાનું ગામ કંઈ મંઝિલ નથી હોતું,
રૂપની ધૂપ પર એતબાર ન કર દોસ્ત
રૂપની પાસે કોઈ દિલ નથી હોતું.

• • •

'ઉંમરનો રસ્તો યે હમવાર નથી હોતો
આપણો પડછાયો યે મદદગાર નથી હોતો
દોસ્ત ! મજબૂરીઓની વાત જવા દે બાકી
જન્મથી માનવી ગુનેગાર નથી હોતો!'

• • •

ઓ શિખામણ આપનારા એટલો ઉપકાર કર,
ઈશ્વરી ઈન્સાફ પર મૂંગો રહી એતબાર કર,

***સુખ આવતું નથી અને આવે તો ભોગવી શકતા નથી, કારણ કે આપણે નિર્ભયતાથી જીવન જીવી શકતા નથી.***

વક્રદ્રષ્ટા રાહ જે લીધો અમે, સીધો જ છે
ખોડ તારી આંખમાં છે. જા પ્રથમ ઉપચાર કર !

● ● ●

હાય.... નહિ પણ હોય! બોલો શું ગમશે ?
હાયમાં છે લ્હાય ! હોયમાં એન્જોય !

● ● ●

ફૂલ કહે, કેટલું સુંદર છે આ મારું વદન
તે છતાં દુનિયા કરે છે શાને આટલું દમન?
દિવ્યભાષી બુલબુલે દીધો તુરત એનો જવાબ
'એક દિનના સ્મિતનો બદલો છે વર્ષોનું રૂદન'

● ● ●

હું જાણું છું :- આસક્તિમાં અધિકારની વસૂલાત છે. અનાસક્તિમાં આનંદની અમીરાત છે. આસક્તિ ખરડે છે. આસક્તિ કરડે છે. આસક્તિ તરડે છે. તરો પણ તણાઈ ના જાઓ.

● ● ●

'ભૂમિથી, નભથી, નરકથી, વર્ગથી એ દૂર હોય ક્યારે માનવી, પણ મા તેથી મજબૂર માટી છે બધું જ આ મૃત્યુની રાજધાનીમાં એક શાશ્વત ને ભીતરી સ્નેહનું સિન્દૂર'

● ● ●

લગા સકો તો બાગ લગાના, આગ જલાના મત સીખો
જલા સકો તો દીપ જલાના, દિલ જલાના મત સીખો
બિછા સકો તો ફૂલ બિછાના, શૂલ બિછાના મત સીખો
પિલા સકો તો પ્યાર પિલાના, ઝહર પિલાના મત સીખો

● ● ●

'હુસ્ન બેતાબ હૈ જલ્વા દિખાને લિએ
કોઈ તો આમાદા બનો, પર્દા ઉઠાને કે લિએ!'

● ● ●

'ન સાથી હૈ ન મંઝિલ કા પતા હૈ

***ભક્તિ ભગવાનને માટે નથી જ, પણ ખરેખર આપણા વિકાસને માટે, ભગવાનને ઓળખવા માટે, આપણામાં ઉદ્‌ભવવી જોઈએ. ચિત્ત એકાગ્રતા એ ભક્તિનું પ્રથમ સોપાન છે.***

જિંદગી બસ રાસ્તા હી રાસ્તા હૈ!'

• • •

'વિચારો નથી આવતાં એક આરે
સમાધાન શંકાનું શંકા વધારે.....!'

• • •

'ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો
પછી આ માટીની ભીની અસર મળે ન મળે
પરિચિતોને ધરાઈ ધરાઈને જોઈ લેવા દો....
આ હસતા ચહેરા..... આ મીઠી નજર મળે ન મળે'

• • •

હૃદયને જે ગમે તે રીતે પણ તકલીફ આપે છે.
ક્યારેક જગતમાં જીત પણ તકલીફ આપે છે.
કોઈ વેળા કોઈની પ્રીત પણ તકલીફ આપે છે.

• • •

જા ભલે અંધાર ઘેર્યા આભમાં
તેજ કે જ્યોતિ વિના આવીશ ના
ડૂબવું જો હોય દિલમાં ડૂબી જજે
પણ પછી મોતી વિના આવીશ ના

• • •

શ્વાસ પછી શ્વાસ હોય છે એમ જ સહુને તમારી આશ હોય છે !
ક્યાં લઈ જશે કોને ખબર ઈચ્છાઓ સૂરદાસ હોય છે!
જમાનાથી ભટકે છે રણમાં ઝાંઝવાથી દેવદાસ હોય છે!

• • •

પંખી સમજે છે કે ચમન બદલાયું છે
સિતારાઓ મલકે છે કે ગગન બદલાયું છે
પણ સ્મશાનની ખામોશી ચીસ પાડે છે કે
લાશ એની એ જ, ફક્ત કફન બદલાયું છે

• • •

**કાળ નિશ્ચિત છે. તેમાં ફેરફાર અશક્ય છે. ગતિ અવરોધી શકાતી નથી. સમય બદલાતો રહે છે. કોઈની રાહ જોતો નથી.**

આમાં મારું પોતાનું કશું જ નથી ! તણખલાં વીણી વીણીને માળો બનાવ્યો હતો વિચાર પંખીએ..... ડાયરીની ડાળીએ ! આજે એ પંખી ડાળીનો માળો મૂકીને પુસ્તકના પીંજરામાં કેદ થઈને તમારી કને આવે છે..... સાચવજો.... પંખી છે..... પંપાળજો એને, પછડાટ નહિ દેતા ! તમને ગમે તો તમારા દિલની ડાળીએ નીડર નિર્માણ કરવા દેજો..... એને, બરાબર પીંજરા સાથે બીજા કોઈને સોંપી દેજો..... જેમનું આમાં કંઈક પણ છે એ સહુ વડીલોને વંદન..... મિત્રોને મહોબ્બત...... દોસ્તોને સલામ !!!

● ● ●

'પ્રેમીને પરણવું એટલે તેનાં સપનાંને મર્યાદિત કરવાં'.

● ● ●

નવા વર્ષના પ્રથમ દિનની શરૂઆત છે. આજના દિવસે જીવનની કિતાબનું એક વધુ કોરું પૃષ્ઠ આપણને મળ્યું છે. આપણે એમાં કેવું ચિતરામણ કરીએ છીએ....? આડા અવડા લીટા કરીને કે શાહીના ડાઘાડૂઘા પાડીને, કાગળ બગાડી પણ શકીએ અને સરસ મજાનું ગીત પણ આલેખી શકીએ. રંગ અને રૂપની સૃષ્ટિ પણ ઉતારી શકીએ. એક એક પળ સોનેરી બની શકે છે. એક એક ક્ષણ સોહામણી બની શકે છે.

● ● ●

આરામથી પડી રહેવા જીવન નથી, જીવન છે કશુંક શુભ કરી છૂટવા માટે ! કંઈક પ્રશસ્ત કરી જવા માટે ! વ્યસ્ત રહો પ્રભુકાર્ય માટે ! વ્યસ્તતા તમારા દિલ-દિમાગને સ્વસ્થતા આપશે, ખાલી મન તો ભૂલનું ઘર બની જાય છે.

● ● ●

બહુ નાનાનું અમથું જીવન છે, સાવ આવડી અમથી જિંદગીમાં ઘણુ બધું કરી શકીએ, બાકી મરવાનું તો છે જ એક દિવસ કંઈક સારું કરીને મરીએ !

● ● ●

મોત ઉસકી જિસકા જમાના કરે અફસોસ
વૈસે તો જીતે હૈં સબ મરને કે લિએ.

● ● ●

સત્ય સિવાય કંઈ છે જ નહિ

***સંપર્ક કરવો, થવો આ માનવ સ્વભાવ છે. પ્રેમ તેની પરિભાષા છે. સંઘર્ષનો સ્વભાવ પ્રેમ નથી. ઝઘડવું એ સ્વભાવ નથી. 'સંઘર્ષને ટાળવા સંપર્ક આવશ્યક છે.'***

**પ્રા**થમિક જરૂરિયાતો
સંતોષાયા પછી કળાઓ
અને આધ્યાત્મિકતા તરફ
વળ્યા સિવાય માનવજાતને
છૂટકો નથી.

આપણે જે માનીએ છીએ એ
અસત્ય સિવાય કંઈ જ નથી........

● ● ●

નિત બુલંદીએ જ ઊડનારો અલૌકિક બાજ હું
ઊતર્યો નીચે જરા સંસાર દર્શન કાજ હું
પણ મળ્યો ના જાણભેદુ કોઈ મુજને એટલે
જ્યાંથી આવ્યો ત્યાં જ પાછો જઈ રહ્યો છું આજે હું.

● ● ●

મારા મૃત્યુ પર મદિરાથી મને નવડાવજો
મંત્ર પણ કેવળ સુરા-લક્ષ્મી મને સંભળાવજો
શોધવા ચાહો ક્યામતમાં અગર સહેલાઈથી
તો સુરાલયના જ આંગણામાં મને દફનાવજો

● ● ●

માનવીના જન્મનો અવસર સરસ ઊજવાય છે
તે જીવનની બાદ મૃત્યુનો દિવસ ઊજવાય છે
પણ કવિ મરતો નથી. છે માન્યતા બેફામની
'શૂન્ય'ના અમરત્વનું એથી વરસ ઊજવાય છે.

● ● ●

ગોખથી હો ઊતરા પ્યારા, ત્યાં તો પથ્થર લાગો છો.
માનવરૂપ ધરો છો ત્યારે, સાચા ઈશ્વર લાગો છો.

● ● ●

ડાહીડમરી વાત પ્રણયમાં 'શૂન્ય' બનાવટ ભાસે છે.
કાલું ઘેલું બોલો ત્યારે કેવા સુંદર લાગો છો.

● ● ●

આંખો ભરીને બેઠી છે દરબાર દર્દનો
દિલમાં કોઈની યાદનો રાજ્યાભિષેક છે.

● ● ●

હરદમ લથડતા શ્વાસ બહુ ચાલશે નહીં

આ પાંગળો પ્રવાસ બહુ ચાલશે નહીં લાગે છે
‘શૂન્ય’ મૌનની સરહદ નજીક છે.
વાણીનો આ વિલાસ બહુ ચાલશે નહીં.

● ● ●

પ્રેમ ઈર્ષાથી પર ક્યાંય હોતો નથી
શબ્દની વાત કેરું વતેસર થશે.
હોઠ સીવીને ચૂપચાપ જોતા રહો
મૌન પેદા કરે છે ‘શૂન્ય’નો વૈભવ હવે.

● ● ●

એક ઈશ્વરને માટે મમત કેટલી ......?
એક શ્રદ્ધાને માટે ધરમ કેટલા ......?

● ● ●

સત્ય :- જેના માધ્યમથી આ બધું ઉદ્‌ભવ્યું છે અને બની રહેલું છે તે જાણવું, સમજવું અને અંદર સ્થાપવું.

● ● ●

આપણે સમયના કૂવામાં જીવીએ છીએ. બધી ચીજો આવે છે, જાય છે, બધી ચીજોનું વિભાગીકરણ થયું છે, કેટલીક ભૂતકાળ બની ગઈ છે, કેટલીક ભવિષ્ય છે, અને બહુ થોડી ક્ષણો વર્તમાનની છે, જે નથી કે ચાલી જાય છે.

● ● ●

વિશેષ ચેતના કાળનિર્ભર નથી હોતી. માત્ર સૂતેલા લોકો સિવાય કાળ પર કોઈ જ નિર્ભર નથી હોતું. જાગી ગયેલી વ્યક્તિ પોતાના સમયને અનુકૂળ રાખી લે છે. હૂંફમાં સૂતેલી વ્યક્તિ પોતાના સમયને અનુકૂળ પેદા થાય છે.

● ● ●

જીવન ઉપયોગિતાવાદી નથી. જીવન ખેલ જેવું છે, લીલા જેવું છે. વ્યક્તિનો આત્મા, વ્યક્તિની ચેતનાનો અર્થ જ એ છે કે વ્યક્તિની ચેતના અંદર પરમ સ્વતંત્રતા છે અને કોઈ બાંધતું નથી. એને કોઈ બાંધી નથી શકતું. જિંદગી આપણા હાથમાં છે. એ જે રીતે જીવવા ઈચ્છે. એ રીતે જીવે છે. ન કોઈ સમાજ, ન કોઈ પરિસ્થિતિ, ન કોઈ બહારનું દબાણ એમાં કોઈ ફરક લાવી શકે નહીં.

***ઉધાર લેવું નહીં !***
***ઉછીનું લાવવું નહીં !***
***‘ભાગ્ય તો કર્મ ફળ છે.’***

• • •

જ્યાં સુધી આપણી જિંદગીમાં વિના કારણ કંઈ કરવાનો જન્મ નહિ થાય ત્યાં સુધી આપણી જિંદગીમાં ધર્મનો પણ જન્મ નહિ થાય. જે દિવસે આપણી જિંદગીમાં કંઈ અકારણ થવાનું શરૂ થાય, આપણે વિના કારણે કરીએ ‘અનકંડિશનલ’ કોઈ હેતુ ન હોય કરવાનો અને કંઈ કરવાનો આનંદ જ એકમાત્ર હેતુ સર્જાય છે.

• • •

આપણે આપણી અંદર ઘણી બધી વૃત્તિઓને અટકાવી રાખી છે, કારાગૃહમાં નાખી છે. ડર અંદર છે. ગભરામણ અંદર છે. શાયદ બહાર નીકળી જાય.... સમાજની સન્મુખ થઈ જાય એ આપણી નબળાઈ છે.

• • •

આને માટે આપણે જવાબદાર છીએ. આપણે પોતાની સાથે આ દુર્વ્યવહાર કર્યો છે આપણે આપણી સાથે જ આ અનાચાર કર્યો છે. આપણે આપણા પૂરા વ્યક્તિત્વને કદી નથી જાણ્યું.

• • •

જીવન સમસ્ત વિરોધોનો સમાગમ છે. અહીં ઋણ અને ધન વિપરીત નથી. એક જ શક્તિના ખેલ છે. શાંતિ અને અશાંતિનો વિપરીત અર્થ છે શબ્દકોશમાં. જોશું તો સુખ અને દુઃખ વિરોધી છે. પરંતુ જિંદગીમાં જોવા જઈશું તો દેખાશે સુખ-દુઃખ બની જાય છે, અશાંતિ-શાંતિ બની જાય છે, જન્મ- મૃત્યુ બની જાય છે. મૃત્યુ- જન્મ બની જાય છે.

• • •

‘પૂજા એટલે ઉપાસના’ એકલાએ જ કરવાની હોય પણ યજ્ઞ સાથે આપણે સહુએ મળીને કરવાનો હોય છે.

• • •

ચાર મહિના દેવ સૂઈ જાય છે પણ આ જ ચાર મહિનામાં પાણી - અન્ન વગેરે ઉત્પન્ન થાય છે ત્યારે દેવ કહે છે હું તો સૂતો હતો, મેં કંઈ કર્યું નથી. દાન પણ એવી રીતે દેવું કે લેનાર સુધીને પણ ખબર ન પડવી જોઈએ કે મને કોણે આપ્યું.....?

***સમસ્યા સમજવાને બદલે ઉત્તર શોધવામાં જ આપણે મશગૂલ હોઈએ છીએ. ખરેખર તો સમસ્યામાં જ જવાબ હોય છે. જવાબ સમસ્યાથી જુદો નથી હોતો.***

એકાદશીમાં ફક્ત જમવાનું જ બદલવાનું કરો, પણ એટલાથી આગળ વધીને એક દિવસ હાથ- પગ- મુખ ભગવાનના કાર્યમાં વાપરવું જોઈએ. એક દિવસની ઉત્પત્તિ અને એક દિવસ ભગવાન માટે વાપરવું જોઈએ 'સમયદાન' 'જીવનદાન' યોગમાં આવી જાય છે તે વિના અન્ય દાન શક્ય નથી.

• • •

તત્ત્વજ્ઞાનની જીવનમાં અતિ આવશ્યકતા છે. જીવન એટલે શું? જીવન તરફ જોવાની દૃષ્ટિ તત્ત્વજ્ઞાનમાંથી મળી શકે છે. જીવનમાં તત્ત્વજ્ઞાન સમજવું મુખ્ય છે.

• • •

જીવન એક રમત છે, પકડવું અને છોડવું, ફકત પકડી જ ન રાખવું જોઈએ તેમ જ એકદમ છોડી દેવું એ પણ બરાબર નથી.

• • •

ઊંઘ આપણને સમજાવે છે કે બધું જ છોડી દીધા પછી પણ મગજ છે અને જો ઊંઘમાં પણ કંઈ પકડી રાખીએ તો મજા નથી આવતી.

• • •

જેણે મને મોકલ્યો, જે લઈ આવ્યો તેને માટે છું. એણે મારો હાથ શા માટે પકડ્યો.

ભક્તિ એ કેવળ કૃતિ છે. ભક્તિ એટલે (અંદરની) સમજ થવી જોઈએ. 'તું બદલશે તો હું પણ બદલીશ'.

• • •

મન અને બુદ્ધિનું પોષણ થવું જોઈએ. બુદ્ધિ-અક્કલ અને જ્ઞાન. અલગ અલગ છે. ઓછામાં ઓછા મનના દોષો કાઢવા જોઈએ. બ્રેઈન (બુદ્ધિ) નું ઓપરેશન થાય છે પણ 'મન' ડૉક્ટર સમજી શકે છે પણ તેના હાથમાં આવતું નથી.

• • •

માનવી મનનો અદ્‌ભુત અભ્યાસ કરીને ગીતા ગવાયેલી છે.

• • •

આપેલી બુદ્ધિ, મળેલી બુદ્ધિનો દુરુપયોગ કરવાવાળા ભગવાનના વિશ્વાસઘાતી છે. કાગળો અને શિયાળ પણ બુદ્ધિશાળી છે, તેને શું પુરુષોત્તમ કહેવાય ....?

• • •

***ના** ધરા સુધી ના ગગન સુધી,*
*ના ઉન્નતિ કે પતન સુધી અહીં,*
*તો આપણે જવું છે ફક્ત*
*એકમેકના મન સુધી,*
*અરસપરસના હૃદય સુધી.*

જીવન અજ્ઞાનથી નષ્ટ થાય છે
જીવન પ્રમાદથી નષ્ટ થાય છે

• • •

માખી સારી, સુંદર સ્વચ્છ, ખરાબ, અસ્વચ્છ જગ્યાએ બેસે છે પણ અગ્નિ ઉપર બેસતી નથી. તેમ આપણું મન, ચિત્ત બધી જગાએ બેસે છે, પણ ભગવાનમાં બેસતું નથી.

• • •

જે કામની કિંમત લીધી નહિ તેની વેલ્યુ છે અને જેની વેલ્યુ લીધી તેની કિંમત હોતી નથી.

• • •

ભગવાનના લવલેટરને ન સમજતા માનવીય જીવનમાં અહંકાર આવે છે.

• • •

વિદ્યા આવે કીર્તિ આવે, પૈસો આવે, સામાજિક ગૌરવવંતું સ્થાન આવે, આ ભગવાનના લવ લેટર છે, તેને સમજવું જોઈએ, સમજાય તો પુરુષોત્તમ બને નહીંતર અહંકાર તો આવે જ, હું મોટો છું, તું નાનો છે. વસ્તુનિષ્ઠ અહંકાર (ઈગો) ઉદ્‌ભવે છે.

• • •

વિવેકી જીવન બનાવ, જગતમાં રહેવાનું પણ પ્રભુને ભૂલી નહિ જવાનું, તેના લીધે બધા ઉપર પ્રેમ કરો, કારણ કે 'તેનો તું છે'.

• • •

પ્રેમદા (જોવા), મદિરા, (પીવા) પૈસા, સત્તા આ ત્રણે વસ્તુઓ કેફી છે - તેનો મદ ઉદ્‌ભવે છે. જીવનમાં મળેલી વસ્તુઓનો દુરુપયોગ કરે છે.

• • •

નૂતન દિનનું ચિંત્વન
આત્મા, ચિત્ત દ્વારા પોતાની ઉદ્‌ભવતા બતાવે છે.

• • •

ચિત્તમાં મન અને ઈચ્છાઓ ઉદ્‌ભવે છે. જો આ ઈચ્છાઓ વિરામ પામે તો મન અંતમાં ચિત્તમાં ફરી પાછું ફરી જાય છે.

***ઘડિયાળના કાંટા કોઈની રાહ જોયા વગર સતત આગળ ને આગળ વધતા જ રહે છે. સમય એટલી સૂક્ષ્મ ચીજ છે જે આપણા હાથથી પકડી નથી શકાતી.***

ચિત્ત સ્વચ્છ થતાં આત્મામાં પૂર્ણતા પ્રાપ્ત કરે છે. જ્યારે માનવીમાંથી ઈચ્છાઓ અને મન અમન બને છે ત્યારે કાળની ચૌદે દિશાઓ ખુલ્લી થઈ જાય છે. પછી કંઈ જ બચતું નથી, ફક્ત 'તે' જ હોય છે.

● ● ●

જે 'હું'ની સાથે 'તે' સાથે નથી રહેતો - 'હું'ને હટાવો - 'તે' તો છે જ - જે હુંનો આકાશ લઈને છુપાયેલો છે - તે આકાશ આત્માથી દૂર કરવા પ્રયત્ન કરીએ, કુદરત આપણને શક્તિ આપે. એ જ અભિલાષા

● ● ●

ઘૃણાથી ભરેલું હૃદય જેટલું મલિન હોય છે, તેટલું વાસનાથી ભરેલુ હૃદય મલિન નથી હોતું. વાસના લગભગ કુદરતી છે. પ્રત્યેક હૃદયમાં થોડા ઘણા પ્રમાણમાં તે રહેવાની જ, પણ ઘૃણા કુદરતી નથી. માણસની નિમ્નતમ ભૂમિકામાંથી તે ઉદ્‌ભવે છે. પછી તે માણસ ભલેને ધર્મના ઊચા સિંહાસન ઉપર કેમ ન બેઠો હોય.

● ● ●

માત્ર પૈસો જ ભેગો કરનારા ધનાઢ્યો કરતાં અર્થશુદ્ધિની ઝીણામાં ઝીણી કાળજી રાખનાર દરિદ્ર માણસ સમાજના નૈતિક જીવન માટે વધુ મહત્ત્વનો છે. અગવડોથી મુક્તિ જ્ઞાનપૂર્વકના પુરુષાર્થને આધીન છે.

● ● ●

ગાયના હત્યારા કરતાં પણ મગજનો હત્યારો મહાપાપી છે. ગજવાં કાપનાર ભૂંડો છે. પણ શાહુકારની ગાદી ઉપર બેસીને હજારોનાં પેટ કાપનાર, હૃદય કાપનાર અને મગજ કાપનાર તો તેના કરતા વધુ ભૂંડા છે.

● ● ●

એટલું સારું છે કે આ દેવો કદી પરસ્પર લડતા નથી. મને લાગે છે કે પ્રજા નથી લડતી એટલે દેવો નથી લડતા. વિશ્વભરમાં આ નિયમ છે. જ્યાં પ્રજા લડાકુ નથી હોતી ત્યાંના ધર્મો. ઈશ્વરો કે દેવો નથી લડતા હોતા. દેવો કે ધર્મો કદી સ્વયં લડતા જ નથી હોતા. જ્યારે કોઈ ધર્મગુરુઓ તેમને લડાવે છે ત્યારે જ લડે છે. ધર્મગુરુઓ ને રાજકારણીઓ જો પ્રેમ અને ભાઈચારાનું પ્રતીક બન્યા હોત તો ધરતી ઉપર સ્વર્ગ ઊતર્યું હોત.

***મૃત્યુ પામનાર માનવનો***
***અંતિમ આદેશ છે,***
***ઊઠ, નહિતર ઊભો થા,***
***જાગી જા અને સીધેસીધો***
***ચાલવા લાગ. પાછળ જોવા***
***થોભ નહિ, નહીંતર આ***
***સંસાર ચાલ્યો જાય છે.***
***તારી રાહ જોશે નહીં.***

અતિ સંયમની વાતો કરનારા મોટા ભાગે સામાન્ય સંયમ પણ પાળી શકતા નથી હોતા.

• • •

કોઈ એકાદ દોષથી તેના પ્રત્યે સર્વાંગમાં સ્થાયી અણગમો ન કરાય. તેના ગુણો તરફ પણ ધ્યાન આપવું જોઈએ.

• • •

જીવનમાં વધુ ઉત્તમ માણસો એ હોય છે જે સંબંધીઓના નાનામોટા દોષોને પ્રેમથી સહન કરી શકતા હોય છે. જે લોકો પોતાની રુચિ પ્રમાણે બધા સંબંધીઓને જીવવાની ફરજ પાડતા હોય છે. તેઓ ખરેખર તો અવિવેકી ત્રાસદાયક છે.

• • •

થાક જ જીવનની મોટી અડચણ છે. જે થાકતો નથી તેને માટે જીવન રમત છે, ખેલ છે. પણ જે સતત થાકેલો ને થાકેલો જ રહે છે તેને માટે જીવન કબર છે, મૃત્યુ છે.

• • •

હિંસકોને હિંસકો દ્વારા જ નાથી શકાય. જીવન એક એવી વહેતી નદી છે કે તેના ચરણને સતત વહેવા દેવું હોય તો નાનામોટા વળાંકો લેવા જ પડે છે.

• • •

તપ શબ્દનો અર્થ એ કે ઈન્દ્રિયોની માલિકી છે. તેને દૂર થવાની આજ્ઞા આપવાનું સામર્થ્ય.

• • •

પેટ કહે ભૂખ લાગી છે. તમે કહો કે ભલે ભૂખ લાગી હોય, પરંતુ આજે હું ભોજન કરવા માગતો નથી. એટલું કહેતાં જ તમે પેટથી અલગ થઈ જાઓ છો. મન કહે છે, ઠીક આજે ભોજનનું ચિંતન કરીશું. તમે કહો છો કે નહિ. ભોજન જ કરવું નથી. પછી એનું ચિંતન શા માટે કરવું.....? મનને ચોખ્ખી ના પાડી દો. ચિંતન નહીં કરી શકાય આટલી સ્પષ્ટ વાત તમે મન સાથે કરી શકો. તો મન તમને પરેશાન નહીં કરી શકે. જો તમે મન પરની માલિકી સ્પષ્ટ કરશો અને મનની ચાલાકીમાં નહીં ફસાઓ તો જ તમે અનશન કે ઉપવાસ કરી શકશો.

*ફૂલ ખીલે તો ફોરમ મળે, હોઠ ગૂંજે તો હૈયે ગીત રેલાય, મુખ ખૂલે તો માધુર્ય ભરાય.*

કોઈ પણ પોતાની માલિકી સહેલાઈથી છોડતું નથી. કોઈને માલકિયત સોંપવી સહેલી છે, પરંતુ તે પાછી લેવી ઘણી મુશ્કેલ છે. આ મુશ્કેલી જ તપશ્ચર્યા બને છે.

• • •

પોતાની જાતને છેતરવાનું સહેલું છે. જે માણસ ભૂખ્યો રહી શકતો નથી તે કહેશે કે ઉપવાસથી શું વળવાનું છે......? ભૂખે મરવાથી શું ફાયદો.....?

• • •

તમે પેટને તમારી સાથે રાજી કરો. તમે પેટથી રાજી ન થશો. બરાબર સમજો કે પેટ તમારા માટે છે, તમે પેટ માટે નથી. પરંતુ બહુ ઓછા લોકો હિંમતપૂર્વક કહી શકશે કે અમે પેટ માટે નથી. આપણે સાધન છીએ અને પેટ સાધ્ય બની ગયું છે. પેટ એટલે બધી ઈન્દ્રિયો સાધ્ય બની ગઈ છે. એ ખેંચે છે અને આપણને દોડતા રાખે છે.

• • •

બધી ઈન્દ્રિયો આપણને નીચે ઉતારે છે. આપણે ઈન્દ્રિયોને ઉપર બોલાવવા નથી. અનશનનો અર્થ છે કે ઈન્દ્રિયોને ઉપર બોલાવો. આપણે નીચે ઊતરવાની જરૂર નથી.

• • •

આપણને ખબર નથી, પેટ કેટલું માગશે તે....? ખરેખર પેટ જેટલું માગે છે તે પેટ નહીં, પણ તમારી આદત માગે છે. આદત અને સ્વભાવમાં ફરક છે. રોજ જ્યારે તમને ભૂખ લાગે છે ત્યારે એવા ભ્રમમાં ન રહેશો કે ખરેખર ભૂખ લાગી છે. સ્વાભાવિક ભૂખ તો બહુ મુશ્કેલીથી લાગે છે. આદતપૂર્વક નિયમથી બંધાયેલી ભૂખ રોજ લાગે છે.

• • •

આપણો પ્રકૃતિ નિર્મિત સ્વભાવ છે, જે હંમેશાં સંતુલન જાળવે છે. પ્રકૃતિ તો જેટલી જરૂર હોય તેટલું જ માગે છે. પરંતુ આપણી આદતો છે જે અભ્યાસને કારણે નિર્માણ થઈ છે, તેને કારણે જરૂરતથી વધારે માગી શકાય છે.

• • •

દુઃખ આસક્તિનું પહેલું ચરણ છે. સુખમાં આસક્તિ આવી એટલે દુઃખ સાથે જ જોડાયેલું હોય છે.

***મીણબત્તી પોતે સળગીને અન્ય માટે પ્રકાશ પાથરે છે. અને સોય પોતે નગ્ન ઉઘાડી રહે છે પરંતુ અન્યને સીવીને કપડાં પહેરાવે છે. તેમની નગ્નતા ઢાંકે છે.***



**સ્વ. શ્રી મોરલીધર જયંતીલાલ દોશી**

જન્મ : વિ.સં.૧૯૮૬ વૈશાખ સુદ ૧૧
ગુરૂવાર તા.૮-૫-૧૯૩૦

સ્વર્ગવાસ : વિ.સં.૨૦૫૬ અષાઢ વદ ૪
ગુરૂવાર તા.૨૦-૭-૨૦૦૦

• • •

**એક મ્યાનમાં બે તલવાર 'હું' અને 'તુ' સાથે રહી શકતા નથી. આપણે બન્નેને સાથે રાખવાની કોશિશ કરીએ છીએ. 'હું' ને વિદાય આપવાની કોશિશ કરવી તે એક જાતનું તપ જ છે.**

• • •

**મનને ન ગમવા છતાં સ્વીકારવું એ તપ છે. ઉન્મત્તતા કાઢીને સ્થિરતા અને સહનશીલતા પ્રાપ્ત કરવી એ સુજીવનનું પ્રથમ સોપાન છે.**